Chap- 4


# પ્રકરણ - ૪

# મકરંદ દવેની કવિતામાં અધ્યાત્મનિરૂપણ

## ૪.૧. અધ્યાત્મવ્યક્તિત્વનાં ઘડતરપરિબળો

રાજેન્દ્ર શાહની જેમ જ ૧૯૫૧ થી ૧૯૯૨ના ગાળામાં કાવ્યસંગ્રહો આપનાર મકરંદ દવે અનુગાંધીયુગના ગણમાન્ય કવિ છે. જિંદગીમાં અને કવિતામાં એક જ ગેરુવો રંગ લઈને આવનાર સાધક કવિ મકરંદ દવેને તો અધ્યાત્મના સંસ્કાર જન્મજન્માંતરથી મળેલા છે. જોકે કોઈ પણ વ્યક્તિમાં અધ્યાત્મસંસ્કાર આ જન્મ અને ગત અનેક જન્મોના પરિપાકરૂપે જ પ્રગટતા હોય છે. બધાં એની ખોજ કરતાં હોતાં નથી, પરંતુ આ સાધકજીવ એના અણસાર શોધવા પ્રયત્ન કરે છે. જેના સમગ્ર જીવન અને કવનમાંથી એક જ રંગ ફૂટતો હોય એ કવિના અધ્યાત્મવ્યક્તિત્વઘડતરની ભૂમિકામાં મૂળ સંસ્કારો ઉપરાંત એમની અધ્યાત્મસાધનાને ઉપચિત કરે છે કુટુંબ સાહિત્ય અને વ્યક્તિઓનો કવિએ હૃદયપૂર્વક ઝીલેલો આધ્યાત્મિક ભાવ.

### કુટુંબ

સહજને કિનારે ભજનગંગાની છોળો ઉડાડતા કવિ મકરંદ વજેશંકર દવેનો જન્મ ૧૩ નવેંબર ૧૯૨૨ના રોજ બ્રાહ્મણકુટુંબમાં થયો હતો. ભક્તિના સંસ્કાર એમને જન્મથી જ માતાપિતા તરફથી મળેલા. તેમના પિતા વજેશંકર દવે ગોંડલની કન્યાશાળામાં શિક્ષક હતા. ત્યાં તેમણે ૩૫ વર્ષ શિક્ષક તરીકેની નોકરી કરી હતી. તેઓ સ્વામિનારાયણના અનન્ય ભક્ત હતા. જેમના પ્રાતઃકાલીન શ્લોકગાનના અધ્યાત્મ મધુર ભાવને ઝીલતા કવિ મોટા થયા હતા તે તેમના પિતાજી ગોંડલના સ્વામિનારાયણ મંદિરના સાથે આરતીથી શયન આરતી સુધી એકપગે ઊભા રહી ગુણાતીતાનંદ સ્વામીની પ્રસાદી તરીકે ત્યાં રહેલા એક થાંભલાને હાથ લગાડી ત્રણ કલાક સુધી માળા કરતા. એમની અનન્ય ભક્તિને કારણે એમને અનાવરણ દૃષ્ટિ મળી હતી. એમના મૃત્યુપ્રસંગે દિવ્યસત્ત્વોના આગમનથી વાતાવરણમાં સુગંધ ફેલાયેલી રહેતી. મૃત્યુવેળાએ તેમના અંતરંગ સ્નેહી સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મજીવનદાસજી સાધુને મળવાની તેમને ઇચ્છા થઈ અને ધર્મજીવનદાસજી બીજા દિવસે સવારે તેમને યાત્રાનું ભાથું બંધાવવા આવી ગયા. એમની બીમારી અંગે ધર્મજીવનદાસજીએ પૂછ્યું તો કહે ' ઘોડો બીમાર છે અસવારને શું છે ? '[૧] કવિના પિતાશ્રી મૃત્યુસમયે પણ રામકૃષ્ણ જેવી જ ધીરજ રાખીને દેહભાવને ભૂલીને પીડાને અવગણતા આનંદથી પ્રભુસ્મરણ કરતા હતા એ કવિના ચિત્તમાં ખૂબ જ ઊંડું અંકાઈ ગયેલું દૃશ્ય હતું. આ અકિંચન બ્રાહ્મણે મરતી વેળાએ કવિને જીવનમાં સાચવી રાખવા ત્રણ વસ્તુ- જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય આપ્યાં હતાં. તેમની અંતિમ યાત્રાએ જવા વખતના છેલ્લા શબ્દો હતા 'ચિદાનંદ રૂપઃ શિવોઽહમ્ શિવોઽહમ્'.[૨] આવી આત્મવાણીને છેલ્લા શ્વાસમાં ઉચ્ચારનાર કવિના પિતાજીના

---

૧. સુરેશવિશેષ, સુરેશ દલાલ. ૧૯૯૨. પૃ.૭૭- ૬૮૨.
૨. એજન.

જ્ઞાનભક્તિનાં મૂળ કેટલાં ઊંડાં હતાં તેનો સહેજ ખ્યાલ આપણને આવે છે. તેમના શાંત, સ્વસ્થ, નિર્ભય વ્યક્તિત્વનો ઘેરો પ્રભાવ કવિ પર પડેલ હતો. આમ ભક્તિ, વૈરાગ્ય અને પીડાઓ સહેવાની મોજના ગુણોને અનુકૂળ વાતાવરણમાં જ કવિ મકરંદ દવેનો ઉછેર થયો છે.

એમનાં માતા પણ સ્વામિનારાયણ ધર્મમાં શ્રદ્ધા ધરાવતાં હોવાનું જાણવા મળે છે. તેઓ ખૂબ જ ભક્તિભાવવાળાં અને પરગજુ સ્વભાવનાં હતાં. દરરોજ મંદિરે મંગળાની આરતીનાં દર્શન કરવા જતાં અને ઘરકામ કરતી વખતે પણ મન તો ભગવાનનું જ સ્મરણ કરતું રહેતું. એકવાર સ્વામિનારાયણ મહારાજ સ્વયં તેમને ત્યાં ભિક્ષા માગવા આવ્યા હોવાનો તેમને અનુભવ થયો હતો. તેમના મૃત્યુપ્રસંગે અગિયારસનો દિવસ હોઈ બાએ જવાની ઇચ્છા વ્યક્ત કરી ત્યારે ઘરનાં બધાએ બાને તેડી જવા મંદિરે જઈ પ્રાર્થના કરી. કવિના આવાં બાએ મૃત્યુ વખતે કવિને અધ્યાત્મસિદ્ધિમાં પ્રથમ નંબરે પાસ થવાના આશીર્વાદ આપ્યા હતા. બાની લાંબી માંદગીમાં કવિએ તન મન ધનથી સેવા કરી હતી.

કવિના મોટાભાઈ વસંતભાઈ તથા બહેન દયાબેન સાથે કવિનો ગોંડલમાં જ ઉછેર થયો હતો. મોટાભાઈ નોકરી અર્થે ભાવનગરમાં હતા. દયાબેન બાબુભાઈ વૈદ્ય સાથે લગ્ન થયા બાદ રાજકોટમાં સ્થિર હતાં. કવિ તેમની ૨૪ વર્ષની ઉંમરે પિતાજીના મૃત્યુબાદ પણ તેમના બા સાથે ગોંડલમાં જ રહ્યા હતા. કવિનાં બા સુંદર ભક્તિગીતો અને કીર્તનો ગાતાં. કવિના એક અંધ મામો પણ મધુર કંઠે ગાતા હતા. કવિએ નાનપણમાં જ તેમના મામો અને બા પાસેથી 'ધ્રુવાખ્યાન' સાંભળ્યું હતું. આ ભક્તિરસમાં સહભાગી થવા પાડોશીઓ, સંબંધીઓ, મિત્રો પણ આવતા. આમ ભક્તિ અને ભજનનાં સંસ્કારો ઝીલતા જ કવિ મોટા થયા છે. નાનપણમાં એમના ઘરની પાસે પથરાયેલી જૂઈની વેલ નીચે તેઓ ધ્યાન કરતા. નજીકની ઓજતને કલાકો સુધી જોયા કરતાં. આ ધ્યાનમાં કવિને પ્રકૃતિ સાથે એકતા અને પ્રેમનો અનુભવ થયો ત્યારે પોતાના હૃદયમાં ઊંડે ઊતરવાનો અને પોતાનામાંથી બહાર નીકળી જવાનો પ્રારંભિક ભૂમિકા સર્જાઈ. એમની યોગદૃષ્ટિ સહજ રીતે જ વિકસી અને કવિએ સહજ સ્થિતિને પ્રાપ્ત કરી. કુદરતના ખોળે ઊછરી વિશ્વની વિશાળ ચેતના સાથે પ્રેમના મિલનમાં યોગને જોતા કવિ અધ્યાત્મની ગળથૂથી પીને આધ્યાત્મિક વાતાવરણના સ્પંદનોને ઝીલતા રહ્યા છે. તેમના કુટુંબમાં તેમના ફોઈના દીકરાએ સંન્યાસ લીધો હતો. આમ કુટુંબ અને વાતાવરણનો કવિના આધ્યાત્મિક વ્યક્તિત્વને ઘડવામાં અનન્ય ફાળો છે.

## શિક્ષણ અને સાહિત્ય

કવિશ્રી મકરંદ દવેએ તેમનું શાળાકીય શિક્ષણ ગોંડલની શાળામાંથી મેળવ્યું હતું. એ વખતે પાઠ્યપુસ્તકોની કવિતા અને પાઠ કવિ રસપૂર્વક વાંચતા. 'રામકૃષ્ણ કથામૃત' એમને ખૂબ જ ગમતું. 'હિમાલયનો પ્રવાસ' જેવાં પુસ્તકો એમણે શાળાજીવનમાં જ વાંચ્યા હતાં. નાનપણથી ભજનોમાં એમને રસ હતો. મેટ્રિકની પરીક્ષા પાસ કર્યા પછી યુનિવર્સિટીનું શિક્ષણ તો ઇન્ટર આર્ટ્સ સુધી જ મેળવ્યું પણ આપશિક્ષણથી તેમનામાં જે વિદ્વત્તા આવી તે અન્યમાં ભાગ્યે જ જોવા મળે.

કવિનો વાંચન શોખ નશા જેવો હતો. અંગ્રેજી વાંચતા થયા પછી સૌંદર્ય અને પ્રકૃતિનો કવિ શેલી તેમનો પ્રિય કવિ હતો. કવિ 'હિસ્ટરી ઓફ ઇંગ્લીશ લિટરેચર'માંથી ચોસરથી ટેનિસન સુધીનો ભાગ પોતાના હાથે લખી ગયા હતા. હાર્ડીનાં કાવ્યોએ પણ એમના ઉપર ઊંડી છાપ પાડી હતી. લોકસમુદાયને જીવંત કરતા પ્રસંગો અને ભાવનાઓમાં રસ જાગૃત કરવામાં હાર્ડી પ્રભાવક નીવડયા હતા.[3] અંગ્રેજી કવિતાનું તો કવિને એટલું આકર્ષણ હતું કે આધુનિક કવિતાના સંપર્કમાં પણ તેઓ સતત રહ્યા છે.

એમનું વાંચનક્ષેત્ર ઘણું વિશાળ છે. એન્થ્રોપોલોજી અને માનસશાસ્ત્રમાં પણ તેમને રસ છે. રૂથ બેનેડિકટ, અબ્રાહમ માસ્લો, ડો. વિકટર ફ્રેન્કલ, માર્ટિન બ્યુબર, આર્નોલ્ડ ટોયન્બી, એરિક ફ્રોમ, કાર્લ યુંગ કવિના પ્રિય આધુનિક ઋષિઓ છે. આ ઉપરાંત જીવનપ્રસંગોના વાંચનમાંથી કવિ ઘણું પામ્યા છે. વૈદિક મંત્રદ્રષ્ટાઓ, બૌધ્ધસિધ્ધો, નાથયોગીઓ અને નિર્ગુણ- સગુણ ધારાના સંતો સુધી કવિની વાચનયાત્રા ચાલી આવે છે. કવિએ આ સહુમાં ભાષાનો ખજાનો પણ તપાસ્યો છે.[4]

એમના મિત્ર ગુણવંતના પિતા પાસેથી એમને બંગાળીનો પરિચય થયો હતો. ટાગોરને કવિએ ખૂબ જ વાંચ્યા છે. રામકૃષ્ણ મિશનના એક બંગાળી સાધુ વિભૂતિ મહારાજ એમના મિત્ર હતા. તેમની પાસેથી બાઉલગીતો, શ્યામાસંગીત અને વૈષ્ણવસંગીતનાં ઘણાં ગીતો કવિએ સાંભળ્યા હતાં. ગિરનાર જતાં વિભૂતિ મહારાજ ગોંડલ ઉતરે અને સુંદર મધુર કંઠે રામપ્રસાદનું શ્યામાસંગીત; ચંડીદાસનું વૈષ્ણવસંગીત એમ ઘણાં ગીતો સંભળાવે. જે કવિને ઊંડે સુધી સ્પર્શી ગયાં હતાં. બાઉલગીતોમાં પ્રગટતું અનંત ધૈર્ય અને પ્રેમ તેમજ કોઈ પણ સંપ્રદાયથી મુકત રહી મોકળે મને નિજાનંદની મસ્તીનું ગાન તો કવિએ હોઠોમાં જ વણી લીધું હતું.[5]

એમણે ઉર્દૂ પણ ઘણું વાંચ્યું છે. મીર્ઝા ગાલિબ, મીર, તકી મીર, વગેરેનો પરિચય કવિને તેમના મિત્ર ઘાયલે કરાવ્યો હતો. તેમનો પ્રિય ઉર્દૂ કવિ અસગર ગોંડવી જે જિગર મુરાદાબાદી અને ફાની બદાયુનીનો ગુરુ હતો. કવિના મિત્રો મનુભાઈ 'સરોદ', અમૃત ઘાયલ અને મનુભાઈ પટેલ ની દોસ્તીએ ગઝલના રૂપરંગની ઉપરાંત તેમના આંતરસત્વનો પણ પરિચય કરાવ્યો હતો.[6] આમ મકરંદ દવે પુસ્તકપ્રેમી છે, વિદ્યાવ્યાસંગી છે. રવીન્દ્રનાથ ટાગોર, શ્રી અરવિંદ, વેદ- ઉપનિષદો, પુરાણો, યોગસાધના અને કબીર - તુલસી આદિ ભકતોના સાહિત્યનું પરિશીલન તેમની આધ્યાત્મિક ભૂમિકાના નેપથ્યમાં છે. ભજનવાણીના ચાહક આ કવિ પર લોકકથાઓ, સંતકથાઓ, અંગ્રેજી - બંગાળી સાહિત્ય અને ઉર્દૂ શાયરીનો પણ અસરો જિલાઇ છે.

એમનું આ બધું ચિંતન - પરિશીલન વિવિધ સામયિકો માટે લખાતા રહેલા ચિંતન લેખોમાં પ્રગટતું રહ્યું છે. સાધનાને સમર્પિત થયા પહેલાં એમણે જે નોકરી કરી તે સાહિત્ય સંપાદન સાથે સંકળાયેલી હોઈ કવિનો સાહિત્ય રસ એ રીતે પણ સંકોરાતો રહ્યો છે. ૨૨-૨૩ વર્ષની ઉંમરે તેઓ પ્રથમ 'કુમાર' કાર્યાલયમાં નોકરી

3. એજન, પૃષ્ઠ- ૨૮૭
4. એજન, પૃષ્ઠ- ૨૮૭
5. એજન, પૃષ્ઠ- ૨૯૨
6. એજન, પૃષ્ઠ- ૨૮૭

માટે આવ્યા. બચુભાઈ સાથે કામ કરવામાં તાલીમ સારી મળી પરંતુ અનુભવ બહુ સુખદ ન નીવડ્યો. કુમાર પછી ભારતી સાહિત્ય સંઘમાં જોડાયા. ત્યાં 'ગ્રામિનવરચના'ના સંપાદનમાં મેઘાણી સાથે કામ કરવાની તક મળી.૧૯૫૧થી રાજકોટમાં હરિજન સેવા સંઘના મુખપત્ર ' સંગમ'નું સંપાદનકાર્ય સંભાળ્યું. ૧૯૫૮માં મિત્રો સાથે મળીને 'લોકઅવાજ' નામે છાપું કાઢ્યું . પણ દુનિયાના વ્યવહારબંધા માણસો સાથે ભાવનાશીલ કવિ બહુ ફાવ્યા નહીં અને ૧૯૫૯માં છ-આઠ મહિનામાં તો 'લોકઅવાજ' બંધ પડી ગયું અને કવિને હાશ થઈ. ત્યાર્થ જુદી જુદી જગ્યાએ એમને નોકરી મળી પણ એમના મસ્ત જીવને ગુલામી ફાવી નહીં.

તેઓ સાધનાપંથે આગળ વધતા રહ્યા પણ મુખ્યપ્રવૃત્તિ તેમની બાની સેવા કરવાની હતી. કવિનાં બા તા. ૨૨-૨-૬૪ના રોજ દેવલોક પામ્યા[7] પછી એમણે નંદિગ્રામ આશ્રમમાં સ્થિર મુકામ કર્યો. જગતના વ્યવહારથી બિલકુલ પર એવા આ કવિએ જીવનમાં સાધના અને સાહિત્ય સર્જન બે જ કાર્યો કર્યાં છે અને તેમના અનુભવો ચિંતનપ્રધાન લેખો, પુસ્તકો અને કાવ્યસંગ્રહોમાં સંચિત કર્યાં છે . આ સંદર્ભમાં એમની સાહિત્ય સેવા કેવી ભૂમિકા પ્રગટાવે છે તેનો પરિચય પણ મેળવી લઈએ.

મકરંદ દવે કવિતા ક્ષેત્રે 'તરણાં' (૧૯૫૧) , 'જયભેરી' (૧૯૫૨), 'ગોરજ' (૧૯૫૭) , ' સૂરજમુખી' ( ૧૯૬૧), 'સંજ્ઞા' ( ૧૯૬૪) , ' સંગતિ' (૧૯૬૮), 'અમલપિયાલી' ( ૧૯૮૦) અને 'હવાબારી' (૧૦૯૨) - આમ સાત કાવ્યસંગ્રહો આપ્યા છે. આ પૈકી 'અમલપિયાલી' સુરેશ દલાલે સંપાદિત કરેલાં કાવ્યનો સંચય છે. જેમાં મકરંદ દવેનાં ' સંગતિ' પછી લખાયેલાં કાવ્યો પણ સંગૃહિત થયેલાં છે.

ગદ્યક્ષેત્રે ' માટીનો મહેકતો સાદ ' નવલકથા ૧૯૮૧માં પ્રગટ થઈ છે જેમાં હળધર બળરામની કથા આલેખાયેલી છે. બાળસાહિત્યક્ષેત્રે ' ઝબુક વીજળી ઝબુક' બાળગીતોનો સંગ્રહ ૧૯૫૫માં પ્રગટ થયો છે. તો ' બેભાઈઓ ' ૧૯૫૮માં 'તાઈકો' ૧૯૬૮માં પ્રગટ થયેલી બાળનાટિકાઓ છે. ૧૯૫૬માં પ્રગટ થયેલ 'શેણી -વિજાનંદ અને ' પ્રેમળજ્યોત' ગીતનાટિકાઓ છે.

અધ્યાત્મચિંતનમાં કવિનું સવિશેષ પ્રદાન છે. ૧૯૬૬માં એમના સિદ્ધયોગી હરનાથ સાથેના સંસ્મરણો , વાર્તાલાપ પર આધારિત પુસ્તક 'યોગી હરનાથના સાંનિધ્યમાં' યોગીનું વ્યક્તિચિત્ર ઉપસાવે છે. તો ધર્મધ્યાન, પ્રભુસેવા અને અધ્યાત્મસાધનાનું નિરૂપણ કરતાં પ્રસંગચિત્રો 'પોડપરાઈ'માં આપણને મળે છે. એમના ચિંતનને વ્યક્ત કરતાં અન્ય પુસ્તકોમાં વિવિધ યોગસાધનાનું માર્મિક નિરૂપણ કરતું પુસ્તક 'યોગપથ'(૧૯૭૮), પ્રેમમાર્ગના રહસ્યનું દર્શન કરાવતી ભાવયાત્રા ' ભાગવતી સાધના' (૧૯૮૨) , સંતોની વાણીને અજવાળે મંત્ર ચૈતન્ય પ્રગટાવતું પુસ્તક ' સહજને કિનારે' (૧૯૮૦) , પ્રાચીન સાધના માર્ગનું અભિનવ ઉદ્ઘાટન કરતું પુસ્તક 'ચિરંતના' (૧૯૮૨), પુરાણકથાઓનું સર્વકાલીન તાત્ત્વિક અર્થઘટન પ્રગટાવતું 'ચિદાનંદા' અધ્યાત્મલેખોનો સંગ્રહ ' બ્રહ્મવીણા' (૧૯૮૯) , બ્રહ્મ , જીવ અને પ્રકૃતિ ત્રણેનું શુદ્ધ પરિજ્ઞાન આપતું પુસ્તક ' નામસાધના' (૧૯૭૫) , મનુષ્યની કામનાઓની પૂર્તિ નહીં પૂર્ણાહુતિનો માર્ગ સૂચવી સાધનામાં પ્રાણપ્રતિષ્ઠા કરાવતું પુસ્તક 'અંતર્વેદી' (૧૯૭૮ ) , રામચરણ મહારાજની અનુભવવાણીને શબ્દસ્થ કરતું 'રામનામ તારક મંત્ર' (૧૯૮૩), માર્મિક સંવેદન રજૂ કરતું 'સૂર્યનો આમંત્રણ પત્રિકા'(૧૯૮૩),

---

૭. સ્વામી અને સાંઈ, સંપાદક- હિમાંશી શેલત, ૧૯૯૩, પૃષ્ઠ-૧૯૯.

ભારતીય સંસ્કૃતિની સંમુખ યાત્રા કરાવતું 'તપોવનની વાટે' અને એકસો છ ભજનોની ઘટમાળનું સંપાદન 'સતકેરી વાણી', પ્રાચીન ભજનોના અર્થનો આસ્વાદ કરાવતું સંપાદન 'ભજનરસ' અને 'વિષ્ણુસહસ્રનામ'માં ટીકા સહિત અંતઃપ્રવેશ, 'વિશ્વચિંતનના વણજારા'(૧૯૯૫), 'આભલાં' (૧૯૯૬), 'શિવમહિમ્નસ્તોત્ર' જેવાં પુસ્તકોની દીર્ઘયાદી મળે છે. આ ઉપરથી જોઈ શકાય છે કે કવિનું ચિંતન કેટલું ગહન અને કેટલું ઉન્નત છે. આ ચિંતન એમનાં કાવ્યોમાં પણ વ્યકત થયું છે.

## વિભૂતિપ્રભાવ - સંપ્રદાય

મકરંદ દવે ઉપર આધ્યાત્મિક સાધનામાં સૌથી મોટી અસર તો તેમનાં માતા-પિતાની જ છે. કવિનો તો માત્ર સામાજિક જીવન જીવવાનો ઉદ્દેશ હતો પરંતુ રાજકોટમાં કવિ 'જયહિંદ'માં કામ કરતા હતા તે દિવસોમાં એકરાત્રે અચાનક જ આધ્યાત્મિક વિસ્ફોટ થયો અને કવિની જીવનદશા બદલાઈ ગઈ. એ રાત્રે બે વાગે કવિ એમના ઓરડામાં ગયા ત્યાં અચાનક નાભિમાંથી અવાજ આવ્યો 'હરિ બોલ હરિ બોલ'. કવિને કોઈ ધૂન ચડી ગઈ હોય એવું લાગ્યું. પાણી પીને આંટા માર્યા. થોડીવારે એ બંધ પડી ગઈ. બીજે દિવસે દિવસના ભાગમાં કંઈ ન થયું, રાત્રે જોર વધ્યું તીવ્રતા વધી, ઓશિકું દબાવ્યું. અચાનક શું થઈ ગયું તે કવિને સમજાયું નહીં. ત્રીજી રાતે 'હરિ બોલ' સાંભળ્યા પછી કવિ એકદમ ચીસ પાડી ઊઠ્યા, નસે નસ તૂટતી લાગી. સવારે જાગ્યા ત્યારે જ્વાળા ફાટ્યા પછીની શાંતિ જણાઈ. માણસ દરિયામાં ફેંકાઈ જાય એવી સ્થિતિ થઈ. રાત્રે કવિએ અવાજ સાંભળ્યો 'ગોંડલ જાવ, એક માણસ તમને મળશે તે બધું સમજાવશે' કવિએ દૈનિકની જવાબદારી છોડી જવાની ના પાડી તો અદૃશ્ય શક્તિએ એ માટે માર્ગ કરી આપ્યો. બીજે દિવસે 'જયહિંદ'ના માલિક બાબુભાઈ શાહ અને તંત્રી બાબુભાઈ વૈદ્ય વચ્ચે મતભેદ થયો. માલિકે તંત્રીને છૂટા કર્યા ત્યારે બધાએ સામુહિક રાજીનામું આપી દીધું. હવે કવિના બુદ્ધિવાદી મનની દ્વિધા વધી ગઈ. બાને વાત કરી કે ગિરનાર જાઉં તો ત્યાં કોઈક યોગી મને કંઈક સમજાવશે. કવિએ જૂનાગઢ જવાની તૈયારીઓ કરી પરંતુ બાપુજીએ મૃત્યુ પહેલા કહ્યું હતું કે હું સંતરૂપે આવીશ. તે રાતે શીતળપ્રકાશિત ચંદ્ર જેવો ગોળો જોયો. કવિનો દાહ મટી ગયો. મનને શાંતિ થઈ. બાપુજીએ જાણે ખરેખર આવીને કહ્યું, 'તારે જૂનાગઢ જવાનું નથી જૂનાગઢ અહીં આવશે'. બીજે દિવસે કવિના મિત્ર ગુણવંત પાસેથી જૂનાગઢથી નાથાભાઈ જોષી આવ્યા હોવાની વાત જાણી કવિ તેમને મળવા ગયા. એ દિવસે લોકોની ભીડના કારણે નાથાભાઈએ બીજા દિવસે તેમને આવવા જણાવ્યું. બીજા દિવસે કવિ ત્યાં ગયા ત્યારે અંદરના ઓરડામાં જઈ બારણું બંધ કરી નાથાભાઈએ જ 'હરિ બોલ' થી માંડી બધી જ વાત કહી સંભળાવી. તેમણે કહ્યું આ ભ્રમણા નથી, ભગવાનનો અનુગ્રહ છે, તેનો સ્વીકાર કરો. કવિએ આજીવિકાની ચિંતા વ્યકત કરી તો તેમણે કહ્યું અડધી રાતે બાર વાગ્યેય તને જોઈતી વસ્તુ બારણા ખખડાવીને આપી જવાનું માએ કહ્યું છે. આમ યોગક્ષેમની જવાબદારી હરિને સોંપી કવિએ ઘરની પાટ પર આસન જમાવી નામસ્મરણ કરવા માંડ્યું. આ રીતે નાથાભાઈ જોષીએ સૌ પ્રથમ કવિની આત્મજ્યોતિને પ્રગટાવી અધ્યાત્મસાધનાનું દિશાસૂચન કર્યું. કવિના જીવનમાં ત્યારપછી અનેક અલૌકિક ઘટનાઓ બની છે પરંતુ આ તેમની અધ્યાત્મવિકાસયાત્રાની વિસ્ફોટક ક્ષણ હતી. ગોંડલમાં નાથાભાઈ જોષી સાથે ગંભીર વાતો વચ્ચે હાસ્ય અને હાસ્ય શમે ત્યાં અંતર્લીન

ભાવભક્તિની ઝલક કવિએ માણી છે. બંને ઘનિષ્ઠ મિત્રો જીવ્યા છે. તેમનો કવિના અધ્યાત્મવ્યક્તિત્વઘડતરમાં ઘણો મોટો ફાળો છે. કવિને શક્તિપાતનો મોટો અનુભવ નાથાલાલ જોષીએ જ કરાવ્યો હતો અને એમની શંકા દૂર કરી એ સત્ય સમજાવ્યું હતું કે આ જગતના કેન્દ્રમાં એક શુદ્ધ, સ્વચ્છ, નિર્મળ જ્ઞાનનો પ્રકાશ છે, તેનાં આવર્તનો છે. એમનો નાથાભાઈ જોષી સાથેનો સંબંધ ભગવતી શક્તિના અંકમાં ખીલ્યો છે. નાથાભાઈને મન 'મા' એટલે સર્વસ્વ. ભગવત શક્તિ દ્વારા શક્તિપાત થઈ શકે છે તે બતાવતા નાથાભાઈએ કવિને જે અનુભવ કરાવ્યો એમાં જાગન ગીતે માને અનુભવી કવિનું જીવન ધન્ય બની ગયું. આમ નાથાભાઈ જોષી પાસેથી કવિને જ્ઞાન અને ભક્તિની પ્રથમ દીક્ષા મળી હતી.

કવિ અને તેમના મિત્રોને નાનપણથી જ રામકૃષ્ણનું ખૂબ જ આકર્ષણ હતું. વળી બીજી મોહકતાને કારણે કવિ ભલે ક્યાંય જતા નહિ પણ એમની પાસે આવનારા તો આવીને મહેફિલ જમાવતા જ, એમ આનંદની લહાણ થતી રહેતી. એમની મહેફિલમાં ભક્ત કવિ મરોદ, અમૃત ઘાયલ, ચંદુ ભારોટ અને બીજા નામી-અનામી મિત્રો શામિલ છે. સ્વામી આનંદ સાથે કવિ ૨૦ વર્ષ સુધી પત્રોના માધ્યમથી સંકળાયેલા રહ્યા છે. આ ઉપરાંત તેમના ગિરનારના પ્રવાસો દરમ્યાન ગિરનારી સાધુઓ, નારાયણદાસના જોગીઓ, સંતો અને યોગીઓનો સમાગમ એમણે સેવ્યો છે. એમને તો મનકના મરમીલા માનવીઓનો સંગ એટલો વહાલો લાગે છે કે તેઓ એક કાવ્યમાં પ્રભુ પાસે માત્ર એ જ માગે છે.

એમની નાનપણની સૃષ્ટિ તો મનમાં, લોહીમાં વણાઈ ગઈ છે. કવિનાં બા અને મામી 'ભુલાખ્યાન' ગાતા ત્યારે આસપાસનાં લાદીમા, પુરીમા, કડળીમા બધાં સાંભળવા આવતા. આસપાસ ઘણાં રંગીલા માણસો હતા. લોકસાહિત્ય અને લોકગીતોનો રંગ કવિને એમના પાસેથી લાગ્યો. એક રંગીભાઈ બવાસ ઢોલ વગાડતો, કણબીપાના પડોશમાં રાસ, ગરબા, દુહાનો ધમાલ ચાલતો આ બધું નાની વયથી કવિના કાન ઝીલતા આવ્યા હતા. જેની અસર પણ કવિ ઉપર ચિરંજીવ છે.

તેઓ ૧૯૫૧માં હરિજન સેવક સંઘ સાથે જોડાયા તે વખતે 'સંગમ' પાક્ષિકનું સંપાદન કરતા હતા. ત્યારે સ્વામી આનંદ પાસેથી લેખ મંગાવવા તેમણે સૌ પ્રથમ પત્ર લખેલો અને સ્વામી આનંદે જવાબ લખેલો કે 'લેખ નહિ મળે'. પછી તો આ પત્રવ્યવહાર ૨૦ વર્ષ ચાલ્યો. આમ પત્રોના માધ્યમથી કવિ સ્વામી આનંદ સાથે સતત સંકળાયેલા હતા. ક્યારેક એ પોતે પણ કવિને મળવા આવતા. તેમની બા સાથે વાતો કરતા. સ્વામી આનંદ પોતે જ નહોતા કરી શક્યા તે માતૃસેવામાં રત રહેતા મકરંદને એ સદ્ભાગી ગણતા. બંનેએ પરસ્પર ઘણાં ભજનો, કાવ્યો મોકલ્યાં અને પત્રો દ્વારા જ્ઞાનપ્રદ ચર્ચાઓ કરી. આમ સ્વામી આનંદના વ્યક્તિત્વનો પ્રભાવ પણ કવિ ઉપર અસંપ્રજ્ઞાત રીતે પડ્યો છે.

મકરંદમાં અધ્યાત્મનું બીજારોપણ કરનાર જેમ તેમના પિતા હતા તેમ કવિતાનો પ્રથમ પરિચય કરાવનાર પણ તેઓ જ હતા. તેમના પિતાજીના મિત્ર જૂના કવિ ફૂલાન ચકુ ગોહિ પાસેથી સંસ્કૃત છંદોનો ઓળખ તેઓ પામ્યા હતા. આમ નાનપણથી જ કવિને કવિતાનો સ્વાદ લાગી ગયેલો. નોકરી દરમ્યાન બબુભાઈ તથા મેઘાણીના સંપર્કમાં પણ એમને તાલીમ મળતી રહી. એમની ઉમાશંકર અને નિરંજન સાથેની દોસ્તી ય કવિતા કલાને ઉત્પ્રેરક રહી છે. પોતાની અંતઃપ્રેરણાથી જ કવિ કુંદનિકા કાપડિયા સાથે જોડાયા, જેઓ પણ આત્મકલ્યાણની સંગતિમાં પગલાં

મોટનાં કવિ સાથે તેમનો પ્રવૃત્તિમાં જોડાયેલાં છે. આમ આપણે જોઇ શકીએ છીએ કે કવિ મકરંદ દવેના અધ્યાત્મસંસ્કારઘડતર-વિકાસમાં તેમના માતાપિતા, મિત્રો અને સંતોનો મોટો પ્રભાવ છે.

## અધ્યાત્મવિકાસયાત્રા

મકરંદ દવેની અધ્યાત્મવિકાસયાત્રા અનેક જન્મોનું સંસ્કારભાથું સાથે લઈ અધ્યાત્મને અનુકૂળ વાતાવરણમાં ચાલતી જ રહી છે. એમનો જીવ મૂળ સાધુનો જણાય છે. ભજન-કીર્તનની છોળોને ઝીલતા બાપુજી અને બાની નિર્મળ ભક્તિના ગંગોદકમાં સ્નાન કરી કરી રળિયાત થયેલા આ ઓલિયા જીવને ભક્તિ સિવાય કશાનું વળગણ નથી, કમાણીનું કોઈ બાધન નથી. ઉપરવાળાને હાથ જીવનનો બધો વ્યવહાર સોંપી સાધનાના પંથે પ્રયાણ કરવામાં જ એમને રસ છે. એમનો ભગવાન પરનો ભરોસો ભારે છે. બાની માંદગીને કારણે તેઓ ખાસ બહાર જતા આવતા નથી. બાની સેવામાં જ સર્વ તીર્થોનું પુણ્ય મેળવતા કવિ બાની દવામાં ખર્ચ વધી જાય ત્યારે છાપાઓનું પરચૂરણ કામ કરી ખર્ચને પહોંચી વળવાનો પ્રયત્ન કરતા. એ સિવાય તો એમનો વ્યવહાર નરસિંહમહેતાની હૂંડીની જેમ કે સુદામાની મૈત્રીની જેમ વહાલો 'ભગવાન' જ કોઈને કોઈ મીત્ર-સ્વજન બની સાચી નિભાવે છે. એમની માતૃભક્તિનો ગુણ વિરલ છે. તેઓ પોતાને માવડિયા ગણાવવામાં ગૌરવ અનુભવે છે. એમની જનની અને જગતજનની જગદંબાની સેવામાં જ રચ્યાપચ્યા છે. આમ જ્ઞાન, ભક્તિ, અને વૈરાગ્યને પિતાજી પાસેથી વારસામાં મેળવનાર કવિ મકરંદ દવે રાજકોટમાં અનુભવેલ અધ્યાત્મના વિસ્ફોટની ક્ષણોનો અનુભવ કર્યા પછી તો સાધનાને જ જીવનનું લક્ષ્ય બનાવી અવિરત અધ્યાત્મમાર્ગે ચાલતા રહ્યા છે.

સામાજિક પ્રવૃત્તિઓથી લગભગ અલિપ્ત રહેવાનો, લોકો જેને નકામી પ્રવૃત્તિ કહે છે તેવી સાધના અને લેખનની પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેતા કવિ આદર્શવાદી, સ્વપ્નદૃષ્ટા કલ્પનાશીલ અને દિલદાર વ્યક્તિત્વ ધરાવે છે. તેમનામાં ભક્તિનો ભગવો રંગ અને ભજન-ભજનિકોનો સંગ છે. તત્કાલીન પરિસ્થિતિ પરત્વે ઉકળાટ, અકળામણ, આક્રોશ અને આશોસાય કંઈક કરી છૂટવાનો તલાવેલી એમનામાં ભારોભાર ભરેલી છે. તેઓ અધ્યાત્મમાર્ગના પ્રવાસી છે. રહસ્યમય કશોક શોધમાં સતત પરોવાયેલા સાધકજીવ એમની પાસે તો બસ માત્ર છે ભક્તનું આર્ત-આર્દ્ર હૃદય. પોતે લોકપણાથી દૂર છે અને લાલસાવાળી અધ્યાત્મજગતની વ્યક્તિઓના આકરા ટીકાકાર છે.

સામાજિક સંઘર્ષથી કંઈક અંશે દૂર જ રહેલા કવિ આસપાસની પરિસ્થિતિ પ્રત્યે ઉદાસીન નથી, મૌન પણ નથી. શોક સંતપ્ત, કચડાયેલી, રાંકડી પ્રજા માટે એમના જીવે થથરાટ છે. ભૂખ્યા ગરીબ આદિવાસીઓના સેવાકાર્યને લક્ષ્ય બનાવીને કવિ વલસાડ નજીક નંદિગ્રામમાં આશ્રમ બનાવે છે અને ત્યાં જ તેમની સાધનાની ધૂણી ધખાવતા આજ સુધી બેઠા છે.

આમ આપણે જોઈ શકીએ છીએ કે કવિ મકરંદ દવેના અધ્યાત્મસંસ્કાર-ઘડતર-વિકાસમાં તેમના માતાપિતા, મિત્રો, સંતો યોગીઓ અને વેદ-ઉપનિષદથી માંડી મધ્યકાલીન સંત લોકસાહિત્ય ઉપરાંત બંગાળી સાહિત્યનો મોટો પ્રભાવ છે.

# ૪.૨ સમગ્ર કવિતાનું અધ્યાત્મલક્ષી પરિશીલન

## તરણાં

'તરણાં' શ્રી મકરંદ દવેનો સૌ પ્રથમ કાવ્યસંગ્રહ ૧૯૫૧માં પ્રગટ થયો છે. 'તરણાં' એ ધરતીપ્રેમ.માનવપ્રેમ કે 'પ્રેમપદારથ'ના સૂચક છે. એમાં માટીનો સુગંધ, સૂરજનું તેજ અને ચેતનાના લીલા-સોનલ રંગો ભરેલા છે. ભારવિનાના હળવા, વાયરાની સંગ ડોલતાં , તણખો મળતા જ ભડભડ સળગી ઊઠતા આ 'તરણાં' કવિના વ્યક્તિત્વની પહેચાન છે. અહંકાર વિનાના આનંદ-મસ્તીથી ભરપૂર ,આત્મ જ્ઞાનના તેજને ઝાંખી -પામી રહેલા . પોતા-વ્યથાના એક સ્પર્શ માત્રથી પ્રજળી ઊઠતા કવિ મકરંદ દવેના 'સ્વ'ની પહેચાન છે એમના પ્રથમ કાવ્યસંગ્રહ 'તરણાં'નું શીર્ષક. સંગ્રહનાં ૧૧૦ કાવ્યોમાં કવિએ પ્રકૃતિ, શબ્દચિત્રો અને આત્મચિંતનને વિષય બનાવ્યા છે. એમને પોતાના આત્મકલ્યાણમાં જેટલો રસ છે તેટલો જ વિશ્વના માંગલ્યમાં પણ છે. જીવનના દુઃખ-વિષાદની સાથે અડીખમ રહી એમના પ્રાગટ્યમાં પૂર્ણ શ્રદ્ધા છે. કવિને ભૌતિકતા- દંભ ડંખે છે. તેમને ગમે છે સહજના કિનારે વિહરવું. જીવનનાં દુઃખ, દર્દ , વિષાદને રડવામાં તેમને રસ નથી પણ તેની પાર ઊતરી આનંદ- ઉમંગને પ્રગટાવી શકવાનો આત્મવિશ્વાસ છે અને આત્મચિંતન કરતાં કરતાં પોતાના અને જગતના કલ્યાણ માટે ક્યારેક સૂરની તો ક્યારેક શબ્દની સાધના કરતા , જિંદગીને અધિકરાઈની ફકીરીમાં જીવતા એક અલગારી આત્માનો સાક્ષાત્કાર કરાવે છે મકરંદ દવેનાં કાવ્યો . 'તરણાં'થી આરંભાયેલી એમની કાવ્યયાત્રામાં ક્રમશઃ આત્માની ઉન્નત સ્થિતિનો પરિચય આપણને મળતો જાય છે. એમના શુભસંકલ્પો જે ' તરણાં 'કાવ્યસંગ્રહના પ્રથમ જ કાવ્યમાં પ્રગટે છે તેને સફળ કરવાનો , સિદ્ધિના પરમ શિખર સુધી પહોંચવાનો એમનો આધ્યાત્મિક પ્રયાસ તપાસવાનો મારો ઉપક્રમ છે.

'તરણાં' કાવ્યસંગ્રહનું પ્રથમ કાવ્ય'સૌંદર્યનું ગાણું' કવિના વ્યક્તિત્વને, જીવનહેતુને અને કવિના જીવન પ્રત્યેના અભિગમને પૂરી રીતે પ્રગટાવી રહે છે. એમની એ હૃદયની ઇચ્છા છે કે ' સૌંદર્યનું ગાણું મુખે મારે હજો ' જીવનમાં જ્યારે આકરા ઘા પડે , બધું જ વિરૂપ બને, વેદનાઓ આવી મળે ત્યારે કવિને જીવન સૌંદર્યનો અહેસાસ કરાવી જાય છે નાનકડાં તણખલાં . કવિ કહે છે --

'ત્યારે અગોચર કોઈ ખૂણે
લીલવરણાં , ડોલતાં. હસતાં , કૂણાં
તરણાંતણું ગાણું મુખે મારે હજો ,
સૌંદર્યનું ગાણું મુખે મારે હજો .'
(તરણાં ,પૃષ્ઠ- ૧ )

તરણાંનું ગાન એ જીવનના સૌંદર્યનું ગાન છે. બધી જ વિપરીત પરિસ્થિતિમાં પણ ડોલતાં-હસતાં તરણાં જીવનની જિંદાદિલી અને જીવંતતાનું - ગતિશીલતા- ક્રિયાશીલતા - સાક્ષાત્ ચેતનાનું પ્રતીક છે. તરણાં લીલવરણાં અને કૂણાં છે ને એમની સજીવતા , હૃદયની વાત્સલ્યસભરતાનાં સૂચક છે. વ્યવહારુજીવનમાં જ્યાં લાગણી લકવાગ્રસ્ત છે. સંવેદના સુકાઈ ગઈ છે એવા માનવ જીવનમાં દિવ્યતાનો સંદેશ લઈને આવે છે આ તુચ્છ 'તરણાં' . આવી દિવ્યતા સહજ દૃષ્ટિગોચર નથી. અગોચર ખૂણામાં ક્યાંક પડેલી હોય છે કેમકે દંભી અજ્ઞાની સમાજની સભ્યતાએ એને ક્યાંય સ્થાન આપ્યું નથી. અણુમાં જ વિભુના વિરાટને પામવાની કવિની દૃષ્ટિ અહીં જોઈ શકાય છે. પ્રભુ ભવ્યતામાં ,

મહાનતામાં વિરાટરૂપમાં નહીં પણ સૂક્ષ્મરૂપે કવિને જડે છે અને એટલે જ નાનકડા ફૂલમાં ખીલવા એ શક્ય બને છે. જીવનની વિરૂપતાઓ વચ્ચે ય સૌંદર્યને શોધવાનો એમનો શુભ સંકલ્પ અહીં વ્યક્ત થાય છે.

વળી એમને સમાજનો અને દૈવનો વિપરીત અનુભવ થાય તેની પણ પરવા નથી. સ્વપ્નોના મિનારાઓ તૂટી પડે, વજ્રના પ્રહારો આવી પડે, સંહાર સજીવ ઉપહાસનો આંધી ચઢે ત્યારે કવિની પ્રાર્થના છે --

'પ્રેમે, પ્રફુલ્લિત કો સ્વરે,
આ વિશ્વના માંગલ્યનું ગાણું મુખે મારે હજો.'
(તરણાં, પૃષ્ઠ- ૧)

કોઈ સંત કે પયગંબરના શુભ સંકલ્પને પ્રગટ કરતા કવિ એમના પ્રથમ પરિચયમાં જ ઉન્નત જણાય છે. એમને પ્રેમ, આનંદ અને વિશ્વના માંગલ્યમાં શ્રદ્ધા છે. જીવનની ફનાગીરી, અલગારી ફકીર. લાધ્યું એને લૂંટાવાનો લ્હાવો પણ કવિના વ્યક્તિત્વનું અગત્યનું લક્ષણ છે. તેઓ બાળક તરીકે જન્મીને અણબોધ લોચન ખોલતા જ જેની હૂંફને પામ્યા છે, પ્રેમના ધાવણથી પોષાઈ જીવ્યા છે તે હેતાળ ભૂમિના હૈયે પોતાનું સર્વસ્વ સીંચવાની એમની ઈચ્છા છે, અને જીવનમાંથી વિદાય ની વેળાએ પણ કવિ એ જ આનંદનું ગાન ઈચ્છે છે. લીલાં- કૂણાં ઘાસની નિખાલસતા, હળવાશ, પ્રેમ અને નમ્રતા પામી રહે. પોતાની માતૃભૂમિમાં એ સીંચી રહે છે અને જીવે ત્યાં સુધી 'એના પ્રકાશિત પ્રાણનું, એના ઉલ્લાસિત ગાનનું, એના સુવાસિત દાનનું' ગાણું મુખે ગુંજારતા રહે અને જ્યારે આંખ મીંચવાનો સમય આવે ત્યારે --

'આવના જેવું હતું
જાતાં ય એવું રાખજો'
'ઉત્સવ તણું ગાણું મુખે ત્યારે હજો.'
(તરણાં, પૃષ્ઠ- ૨).

મૃત્યુને મહોત્સવ બનાવી શકે એવી ક્ષણ કવિ ઝંખે છે. મૃત્યુ કાળું - બિહામણું નહીં સૌંદર્યનું ગાન બની રહે એ એમની ઝંખના છે. પણ આવું ક્યારે શક્ય બને ? તો કવિ જાણે છે સંસારની વિરૂપતાઓથી દૂર અગોચર ખૂણામાં ડોલતાં - હસતાં લીલાં-કૂણાં તરણાંનું ગીત કવિ જીવનમાં ગાઈ શકે. જીવનસાફલ્ય અને સૌંદર્યનાં ગીતને મુખે ધરી જીવન જીવવાનો અને જીવનમુક્ત થવાનો કવિનો હૃદયપણા એમની કાવ્યયાત્રાના ઉઘાડમાં જ જોઈ શકાય છે.

'મારે' કાવ્ય પણ કવિના આવા શુભ સંકલ્પને પ્રગટ કરે છે. એમને કોઈ મહાકાય, વિરાટ વસ્તુઓની ભવ્યતામાં રસ નથી, એમને અભિભૂત કરી દે એવાં તત્ત્વોમાં રસ નથી. 'કવિનો શબ્દ તો વડલાની ઘેરી ઘેરી વનરાઈને નહીં પણ તરણાંનાં તડકે, ઊંચા આકાશની જ્યોતિઓને નહિ, પણ નાનાં કોડિયાંને, ગાયકોના ઊંચેરા ગાનને નહીં પણ પંખીના ટહુકાને જગાવવા ઝંખે છે. જ્યારે રંગની છાકમછોળ ભર્યાં ફૂલોનો મહિમા થતો હોય ત્યારે સમાજના ખૂણામાં પડેલા કવિને જ ઘાસની પત્તીઓમાં ઈશ્વરનો ઝળાંહળાં પ્રકાશ ફરકતો દેખાય છે. જે મોટું છે તે મિથ્યા છે. કવિને કોઈ સ્મારક મહેલોમાં નહીં પણ ધૂળે પડેલા પથ્થરમાં રસ છે.

'ગાન ગાતો રહું'માં કવિને લીલાપાનથી નમીને જમીને અડેલા ઘાસ પર સ્વપ્નમાં ખીલેલાં શ્વેત ફૂલોનું ગાન ગાતા રહેવું છે. એની સૌરભ ભલે ન હોય તો પણ એ સૌંદર્યના ઘાસનાં ધ્યાનમાં એમને ગાતા રહેવું છે. એમણે પ્રથમ કાવ્યમાં વ્યક્ત કરેલો શુભ સંકલ્પ શબ્દાંતરે અહીં પણ પ્રગટ કર્યો છે--

'મારા આત્મનો
પરમ સૌંદર્યના ચરણને જે અડો
જગતને એક ખૂણે અદીઠે પડો
દબદબે શુભ બનવા મથી જે રહો
એક આદર્શનો --
કળી કને એ છબી આજ ધરવા ચહું.'
(તરણાં, પૃષ્ઠ- ૪)

એમને અગોચર ખૂણે પડેલી તુચ્છ વસ્તુમાં જ રસ છે. તરણાંની જેમ ખૂણે પડેલું. ગંધહીન નાનકડું ફૂલ કવિને આકર્ષે છે. આદર્શની કળી બની આવતું આ ફૂલ કવિને 'આત્મ - ઉત્કર્ષનો ગીત-ધારે સદા વેદના'ને વહાવવાનો સંદેશ આપે છે.

અગોચર ખૂણામાં પડેલું તરણું જે જીવનનો સંદેશ લઈને આવે છે, ઈશ્વરનો સંકેત લઈને આવે છે, સૌંદર્યનું - દિવ્યતાનું ગાન લઈ આવે છે એવાં જ નાનકડાં કોડિયાં, પંખીના ટહુકા, ધૂળમાં પડેલા પથરા પણ કંઈક કવિના આત્માને ઢંઢોળી રહે છે. અજાણ્યા, અણખેડ્યા, અણજોટ્યા, અગોપનનું કવિને ભારે આકર્ષણ છે. 'દૂરદૂરેથી'માં આવા અણદીઠનો અહેસાસ વિવિધ માધ્યમો દ્વારા થાય છે. દૂરદૂરથી આવતું કોઈક ધીમું ગીત સાંભળે છે અને લહરીએ ઝૂલી ફૂલ જેવું કવિનું ચિત્ત પણ ઝૂલી ઊઠે છે. એ જ રીતે તેઓ દૂરથી આવતી અજાણી મહેક અનુભવે છે અને એમના મનનો મોર ગહેક નાખી નાચી ઊઠે છે. એમને દૂરદૂરથી આવતા ઝાંખાઝાંખા લોક દેખાય છે અને કવિ પોતાના ચોકમાં પધારવા બારણાં ખોલી સાદ પાડે છે. પરંતુ આ બધા અનુભવ ક્ષણ માત્ર હોય છે, તે સરી જતાં કવિ ઝુરાપો અનુભવે છે. આવી દૂરની પ્રીતિ એમના નસીબમાં છે જે ક્ષણિક સાક્ષાત્કાર કરાવી મુખ છુપાવી જાય છે અને એમને ઝૂરતા છોડી જાય છે.

એમને પૂર્ણ શ્રદ્ધા છે કે પરમતત્ત્વરૂપ પ્રભુની પ્રાપ્તિ હૃદયમાંથી પ્રેમગંગા વહાવવાથી થવાની છે. પ્રભુનું પ્રાગટ્ય પ્રેમ સ્વરૂપે છે. આથી જ એમને મોકળા મને લોકોને - ખાસતો સ્વજનો- મિત્રોને અને ભોળા-અબુધ દુઃખી લોકોને મળવાના ભારે અભરખો છે. પ્રેમપદારથનું પ્રાગટ્ય એ જીવનના સૌંદર્યનું પ્રાગટ્ય છે. વિશ્વના માંગલ્યનું ગાણું છે. એટલે જ કવિ દુનિયાના દંભ- ભપકાથી દૂર જામફળી નીચે કૂણા ઘાસ ઉપર, નમની મોજના મોતી તેજમાં, પંખીના બેસવાથી ડાળખીના આંદોલનને જોતા સૂરજ સાથ ફૂલ ખિલે ને પહેલાંના ઊજળા દિનનું ધીમેથી એકાદ ગીત ગાતાં ચિત્તને આવરી લેતા અજાણ્યા મિત્રને નવરાશની પળે આવવાનું નિમંત્રણ આપે છે. એ કહે છે--

'જીવનના આ વહેતા પ્રેમનું
દોરશું આછું ચિત્ર,'
(તરણાં, પૃષ્ઠ- ૮)

કવિને માટે જીવન એટલે વહેતા પ્રેમનું ઝરણું, પ્રેમને વહાવવો અને અન્યત્ર પડેલા પ્રેમને ખોળી કાઢી વહેતો કરવો, અને વહેતા પ્રેમને પામવો એ જ એમનું સૌથી મોટું અને મહત્ત્વનું જીવનકાર્ય છે.

'ગાતાં ગાતાં જાશું'માં તેઓ 'એક સનાતન સુંદર કેરા સૌ ઉદ્ગાતા થાશું' કહીને સનાતન સૌંદર્ય-પ્રેમની ગંગા વહાવીને પ્રગટ કરવાનો નિર્દેશ કરે છે. કકળતા હૈયાને પ્રેમ - પિયાલા પાવાના અને વિદાય સાંજે સલામના સૂરે સુંદરના ખોળે ધન્ય બની સમાઈ જવાના એમને કોડ છે. ગાતાં ગાતાં જીવનને જીવી જવાની એમની આદર્શ ઈચ્છાઓ પરમતત્ત્વની કલ્પનાને પણ પ્રગટ કરે છે. પ્રેમ એ જ સૌંદર્યને પ્રગટાવી શકે છે

અને સૌંદર્ય એ જ પ્રભુ છે. માટે સૌંદર્યનું ગાન કવિએ ગાવું છે અને વિરૂપતાને બદલે જ્યાં સૌંદર્ય છે ત્યાં જ વિશ્વનું માંગલ્ય છે એમ માનવું છે.

'પ્રાણની પાંખ'માં કવિના પ્રાણને અદીઠા તીરને લીધે પાંખો ફૂટી છે. નવપ્રસ્થાનના માર્ગના દીવાઓથી આંખનાં અંધારાં ટળી ગયાં છે. મૃત્યુ પણ મરી ગયું છે. આજે કોઈ કાલીમા કે પ્રાણને બંધનની સીમા નથી. કોઈ ધીમા સૂરથી ગૂઢ પિછાણથી એમને બોલાવે છે એટલે કવિ પોતાના આત્માને અભય રીતે દૂર દેખાતા અપરિચિતે ઊડવાનો આદેશ કરે છે. પરમ પ્રેમને વહાલે સૌને પ્રેમથી ખોળે લેવાનું પણ કહે છે. એમણે અદીઠના દેશ ભણી પાંખ પસારી પરિયાણ આદરી દીધું છે. 'સમત્વમ્ યોગમુચ્યતે'- દરેકમાં સમભાવ એ યોગ છે. પરમપ્રેમનું વહાણું છે એવો યોગ. સૌ પ્રેમથી હૈયે ધરવું એ કવિની સૌંદર્યયાત્રાનું પ્રથમ સોપાન છે જે કવિ આંબી ચૂક્યા છે.

એમની આજ ગમે તેવી હોય પણ તેઓ શ્રદ્ધા, આસ્થા અને આત્મવિશ્વાસના કવિ છે. એમણે સેવેલાં સંકલ્પો સિદ્ધ થશે એવી એમને પૂર્ણ શ્રદ્ધા છે. તેઓ ભવિષ્ય માટે જે ઝંખે છે તે જ સાકાર થતું ઝાંખું ઝાંખું નિહાળે છે. ખરેખર માણસ જેની કલ્પના કરે છે તેને જ પામે છે. મહાન સિદ્ધિઓ સૌ પ્રથમ કલ્પનામાં સાકાર થતી હોય છે. કવિ પણ સૌંદર્યના- વિશ્વમાંગલ્યનાં સ્વપ્નાં સજાવીને બેઠા છે આથી આવતી કાલના ગીત અને આવતી કાલની પ્રીતની કવિને ઝાંખી થાય છે. કવિએ આંખે કદી જોઈ નથી, હૃદયે પિછાણી નથી છતાં આછી ઝાંખી ક્ષિતિજ પારથી આવી અચાનક એ એમના ચિત્તને ભરી દે છે. આજે લોકો જે ગાણાં ગાય છે, માણે છે તેમાં કવિને સુખ મળતું નથી. લોકોના સંસારિક આનંદ-પ્રમોદમાં કવિને રસ નથી. એમને તો એમના પ્રાણમાં સમાયેલાં સ્વપ્નાનું આછું સ્મિત પામવું છે. એ પૃથ્વી પર સૌંદર્યનો ફાગ ફોરાવવા ઇચ્છે છે. એટલે જ કવિનું આવતી કાલનું ગીત અને પ્રીત આ છે. --

'નવ વસંતને પોંખણે જાગે,
ઝાડવે ઝાડવે કૂંપળ લાગે,
ફૂટવા ફળના ઋત સુહાગે
આવતીને તેમ કારણે જીવન,
ફાલ ધરે અગણિત.'
(તરણાં, પૃષ્ઠ- ૧૨)

'ભેટ' કાવ્યમાં કવિ પ્રેમધારાને પ્રભુની ભેટ માને છે. એમના હૈયા વચોવચ પ્રભુરૂપી પ્રેમધારા વરસી રહે છે. ફૂલોનો ગંધ, ધરતીનો રસ, એકાંત કેડી પર પ્રભુનાં ચરણની પગલીનું જ્ઞાન - અકળ ભેટોનું સાર્થક્ય ત્યારે જ છે જ્યારે હૃદયની કૃતજ્ઞતાથી પ્રભુને આપણે નમીએ. અતિથિને વિશ્રામ આપી શકીએ તો પ્રભુના પ્રેમભીના રખવાળાં આપણને ય મળે છે.

'ખરતાં પાંદના સંદેશ'માં પોતે રચેલું સર્વ અર્પી જવાનો સંદેશ તેઓ આપે છે. નવચેતનને પામવું અને તેનું વિસર્જન કરવું એ સનાતન ક્રમ છે. એમને સાદાં પણે થઈને જીવવાનો જ માત્ર ઇચ્છા છે, ભવ્ય બનવાની નથી. કવિનો વૈભવ અને સંપત્તિ સામાન્ય જનથી સાવ જુદાં છે. 'દાન'માં બપોરનો જ્યાં જોગી ભિક્ષાપાત્ર લઈને ફરે છે ત્યારે ખાલી જ રહી ગયેલા એના ભિક્ષાપાત્રને ભરી દે છે ફૂલોની વેલ વચ્ચેથી ગળાતું સરી આવતું પંખીનું એક ધીમું ગાન, જે ભિક્ષાપાત્રમાં હસી રહી તપ્તધરાને ય હસાવી રહે છે. કવિને વિશ્વની લઘુ-તુચ્છ-ધીમી વસ્તુઓમાં રસ છે. નાનકડાં ફૂલની વેલ, નાનકડાં પંખીનું ધીમું ગાન એમને સ્પર્શે છે. જ્યારે જ્યારે ફરીને ખાલી રહેલું ભિક્ષાપાત્ર નાનકડા દહૂકાથી ભરાઈ જાય છે. આ ધીમું ગાન કવિ હૃદયને એટલું પુલકિત કરે છે કે હૃદયના

વિશ્વાસ્વાદનો નમસ્તાનો જ નહિ નયન ધરાના ઉપવિલાસનો પણ અનુભવ થાય છે. તેમના હૃદયનો પ્રભાતના વિશ્વનો આનંદ પ્રખર બનાવતો રહે છે.

'નમન'માં કવિ પ્રભુના મંદિર ભણી જતાં આકાશના સંધ્યામાં પ્રભુના દર્શન કરે છે. પ્રભુ એ લોકો માટે ભલે મંદિરમાં હોય, કવિ માટે તો --

'મત્યોનો દળમેદનો મહીં તમે ઊભા પ્રભુ, જે ક્ષણે
સીંચી અમૃત પ્રેમનું, નમન ત્યાં મારા ગ્રહો છે નથી.'
(તરણાં, પૃષ્ઠ- ૩૫)

મન્દ પાનખરના દોળામાં જ પ્રભુ ઊભેલા છે. એમના અમાસિકનનો એકક્ષણ પ્રભુનું પ્રાગટ્ય છે. કવિ તો એ જ પ્રભુપ્રત્યે પ્રભુને નમી રહે છે. 'શિવદર્શન'માં કવિને શાશ્વતના શિખર પર શિવ મંદિર મળતું નથી. પરમની જ્યોતથી ઝળકતા કંગાલ હૃદયના આવકારમાં જ શિવમંદિર મળે છે. શિવમય કવિ માટે એ જ શિવમંદિર છે. 'મહામિલન'માં કવિનો પ્રુવનરૂપી પ્રરિના અશબ્દ કાલાવ્રિમાં કાલિમાને નિહાળી નિહાળી મગ્ન રહી છે; એ ચાહે છે મહામિલનમાં અમરમુક્તિનો હવા. એમને અહીં નવાં અનંત દર્શનો લાધે છે. જે જિંદગીની ગણતરીથી જુદાં છે.

કવિનો ભેકિકરાઈ અને જિંદાદિલ જિંદગીનો મિજાજ પ્રગટ કરે છે 'જિંદગી પસંદ.' કવિને મોતનો મજાક ભરી, મોજના મિજાજ ભરી, ખુશખુશાલ ખેલતી જવાંદિલ જિંદગી પસંદ છે. તાજગીની તવંગરી કવિને ગમે છે. કવિને વ્યવહારના જમાઉધારના હિસાબ-કિતાબમાં રસ નથી. એક સહજ, સરળ તાજા પોતાના મિજાજની જિંદગી એમને ગમે છે.

સાચ માટે ફના થવાની વાત કવિ 'નિરધાર'માં કરે છે. જૂઠ સામે ઝૂકી ન જવા, પ્રાણને એકલા આગે બઢવા તેઓ આદેશ કરે છે. તેઓ ઇચ્છા વ્યક્ત કરતાં લખે છે --

' સાચને પક્ષે પરાજય હો ભલે
ને છતાં પાછું હવે ફરવું નથી. '
(તરણાં, પૃષ્ઠ-૪૦)

સાચને પક્ષે રહી ઝૂઝવાનો નિર્ધાર તેઓ પ્રગટ કરે છે.

કવિ મકરંદ સોરઠી શબ્દની સોગાત લઈને આવે છે. સાથેસાથે ગઝલની રંગત લઈને પણ આવે છે. કવિ આવતી કાલના માંગલ્યમાં શ્રદ્ધા ધરાવે છે. ભગવાનનો આપણા ઉપર ઉપકાર છે કે એ કોઈક જણાં તો આપણી શ્રદ્ધાને સળગતી રાખવા સાચવે છે જ 'ખુદાના શુકર છે'માં રંગીન જાગી બળે છે. ખાખ થતાં સપન ઓગળે છે છતાં એક નાનુંબાળ માની છાતી ઉપર ખિલખિલે છે. મોતના તાંડવ વચ્ચે પણ કોઈના હોઠ હસે છે. એમને શ્રદ્ધા છે કે શિયાળાની કાતિલ ઠંડીને સહન કર્યા પછી જ ફૂલોની વસંત ખીલે છે. પછી જ જિંદગી પણ જીતે ચઢે છે. અર્થાત્ કષ્ટ વેઠયા વિના જિંદગીની જીત મળતી નથી.

'દિલની ચાહ'માં તેઓ દિલના અમુલખ પંખીનો મુક્તિના મારગનો ઝંખના હોવાનું જણાવે છે. 'વેરાનના વાસો'માં પોતાના ગૂઢ અનુભવો પ્રગટ કરતાં કહે છે કે જ્યાં ભૂતકાળ સૂતેલો છે એવા વેરાનના વાસો સાંજના સમયે ડુંગરાના અનંત પડછાયા તરે ત્યાં મૃત્યુ પામેલાની આંખો સૂચિત જાણે કે અવાજથી જાગી જશે કોઈની આંખમાં લાંબી છાયા રમતી હશે. અણજાણ્યું ગાન ટપકતું હશે, ત્વરાથી માથા ઉપરથી પંખી પાંખ ફફડાવી જશે.

'જાણે અમે મળી જતાં આજે સહુ
અસ્પષ્ટને અસ્પર્શી કૈંક અપાર્થિવ
આ સૃષ્ટિ કેરી મોહમાં.'

(તરણાં, પૃષ્ઠ-૪૬)

ભૂતકાળની પ્રચંડ સજીવતાને હાથમાં એકતારો લઈ કંઠમાં ગીતને ભરી વેદનાઓ ગાતા વેરાનના યાત્રી છે. 'નવા દેશ'માં નવા દેશના રંગ આંખોમાં ભરી દિલબરના અજબ નગરને' એનો અજબ આંખ અને અજબ જિગરને દેખવા કવિ કહે છે. 'તો હું માગું શું ?'માં એમની મનેચ્છા પ્રગટ થાય છે. એમનો આ મોંઘો મનોરથ છે --

'એક હો પટ વિસ્તર્યો સામે અફાટ અને પગે
ચાલતાં કેડી મહીં જ્યાં ફૂટતા અંકુર છે.
હાથ લાઠી, કામળી ખભે અને કંઠે કડી
ગીતની એકાદ ના બીજું કંઈ જ જરૂર છે.'

(તરણાં, પૃષ્ઠ- ૭૧)

કવિને તો બસ આવો પરિવ્રાજકનો વેશ લઈ ઘાસના અંકુર ફૂટતી કેડીએ અફાટ વિસ્તરેલા પટ ઉપર પગે ચાલવાના મનોરથ છે. જ્યાં નિત્ય બંસી સૂર છે એવા અનામી કુંજમાં પ્રેમપાગલ સાદ પાડી એકાદ ગીત ગાઈ જવાનો મનોરથ છે અને એ એક દિવસ જરૂર પૂર્ણ થશે એવી એમને શ્રદ્ધા છે. તેઓ લખે છે - એક દિવસ કોઈ હમોને આખરે બોલશે કે --

'આવ, જો જેને જપે તે હાજરાહજૂર છે.'

(તરણાં, પૃષ્ઠ-૭૧)

આમ એમને તો કંઈ જોઈતું નથી. ખભે કામળી, હાથમાં લાકડી અને કંઠમાં ગીતની કડી લઈને અનંતની કેડીએ યાત્રા કરવી છે. પણ એમનું જીવન આનંદની મસ્તીથી સભર તો છે પ્રેમના પ્રાગટ્યથી. 'આનંદ ને આનંદ'માં કવિ કહે છે કે --

'મારું સભર છે પાત્ર આ સુખથી છલોછલ અને મસ્ત ને
આનંદથી, કલ્લોલથી રંગ ભર્યું મિત્રો તણી
મહેફિલ જમાવી રોજ પડઘાઓ ગજાવી હાસ્યના
કહેતું બધાંને જિંદગીનો તરબતર દેખો મજા.'

(તરણાં, પૃષ્ઠ- ૭૧)

બાગાનો પાસે જતાં જ મોં મચકોડે એવા લોકો પર એમને હસવું આવે છે. હૃદયમાં કોઈના દર્દનાં આંસુઓ નિરંતર ઘૂઘવતાં રહ્યાં છે પણ એ વાતની બીજાઓને કંઈ જ પડી નથી. કવિ કદાચ દુઃખમાં કે કદાચ કટાક્ષમાં કહે છે--

'કહે જો બધે, કહેવા અમે દેજો બધાને કે ભલા
મકરંદ પાસે શું અરે' આનંદ અને આનંદ છે.'

(તરણાં, પૃષ્ઠ- ૭૧)

'લા-પરવા'માં કવિને દુનિયામાં મહત્તા ધરાવતી કોઈ ચીજ જોઈતી નથી. તેઓ તો બેફિકરાઈથી જણાવે છે --

'રામ મારો રૂડે હસે રંગ નહીં દૂજા
કોક દિન ઈદ અને કોક દિન રોજા.'

(તરણાં, પૃષ્ઠ-૭૩)

એમને દૂધ કે ઝેર કંઈ પણ પીવા મળે, એમનો આત્મા તો સ્થિર જ છે. 'ઝાંખો' કાવ્યમાં

એમના શાંત બાગમાં જાદુભરી સુગંધિત હવા છાઈ રહે છે ત્યારે કવિ મનની પાંખ દૂર અસીમ દેશ ઊડી જવા જાગે છે. આંખમાં આવો કોઈ સમાતું જાય છે. અને ગેબી કલા એમની સામે ખુલે છે. એવી ક્ષણાર્ધમાં દર્શનની ઝાંખી થાય છે અને પાછી વળી જાય છે. 'એકાકાર'માં આભની ટોચે ઝળૂંબેલો ચાંદ મનના તાર મેળવી હેતથી હંસના કંઠને ચૂમ્યો ત્યાં બે ય એકાકાર બની રહે છે.

'એકના તેજ અસીમમાં ઝલકે
બીજાના નાજુક નયણાં છલકે
આજ અરે તોય પરમ પુલકે
બે થઇ છે એકાકાર.'
(તરણાં, પૃષ્ઠ- ૮૩)

ચંદ્ર તેજરૂપ અનરાધાર વરસતા પ્રભુ અને હંસ કવિ-મનનું પ્રતીક છે. એમની એકાત્માનુભૂતિ અહીં પ્રગટે છે. 'મધરાતે ચાંદ'માં પણ ચંદ્રદર્શન એમને આવો જ અનુભવ આપે છે.

'અહો ! મારૂં મન જાગી અસીમને આરે
બને તેજ પાંખાળું કો' પાંથ.'
(તરણાં, પૃષ્ઠ- ૮૪)

'એકલ પગલે'માં રાતરાણીની ગંધ એમને સત્ય, શિવ, સુંદરનો અનુભવ કરાવે છે. પ્રેમ સત્ય છે. રખડું મન તો મનમાં ભેરખો આવે છે ત્યારે અંગમાં શુભ સ્મરણ, નેનમાં સુંદર વરણ અને ઉરમાં અમર પ્રેમનાં ચરણ કવિનાં આખાય જીવનને એકલ પગલે પરમ રંગમાં રંગી રહે છે. 'વનદેવતામાં' વનના દેવાલયે પ્રેમના પડઘા આજે ય સંભળાય છે. 'ઉન્નતનીરમાં' ગગનનાં ધોરે ધોરે ઝરતાં બુંદ અગનની દાહને ઠારે છે. પૃથ્વીની આગ ગગનધારાથી શમે છે. કવિના આત્માને ઊંચે ચઢવું છે માનવતાના મહાત્મ્યને પ્રગટાવવું છે. ધોરે થી પ્રેમધારે એ વરસો તરસી ધરાને ઉન્નત નિર્મળ નીર પાવું છે. 'ચંપાનો મધુરસ'માં કવિ ભુલ્યાને ભેદ બતાવવા ચંપાનો મધુરસ લાવવા કહે છે. ચંપાનો મધુરસ જીવનમાં લાવવા, જીવનને આનંદથી મઘમઘાવવાનો સંદેશ છે. 'વસંતના વાયુ'માં વસંતના વાયરા કવિમાં વણગાયા સૂર અને નવા દેશના સપનાં જગાવે છે. 'બાલાજોગી'માં કવિએ સુંદર શબ્દચિત્ર ઉપસાવ્યું છે. તેઓ પોતાનું આંગણું ઉજાળવા બાલા જોગીને બોલાવે છે. આ જોગીની સોનલ વરણી કાય, મતવાલી ચાલ છે, મુખમાં ઓમના અલખની ગુંજ છે, જે નજરથી જ દુઃખ ઓગાળી દે છે એવા નિત્ય બાલા જોગીનું તેઓ અહીં વર્ણન કરે છે.

પ્રભુરૂપ મોરલીવાળા કૃષ્ણનું સાકાર સ્વરૂપ મકરંદ દવે આરાધે છે. 'મોરલીવાળો'માં એમને શહેરનું જીવન માફક આવતું નથી. જયારે શામળા દેહ ઉપર શિતળા છંટાયેલા, ઘૂઘરિયાળા કેશ વાળા, નમણા દેહમાં દીપના દીવડુમરિયા વેશ જોવા મળે છે ત્યારે કવિને મોરલીવાળો મીત, વહાલો સાંભરે છે. ગામને ગોંદરે ગંગાજળિઓ ઢબુરેલો અને મોગરાની નાને હેલ લઈ મલપતી જતી પનિહારીને તેઓ જુએ છે ત્યારે વહાલો કવિને સાંભરે છે. તેઓ કહે છે કે ઘણ આડે ડુંગર ઢાળુ ને પાછલી રાતનો ચંદ્ર જયાં સંજમા ગોળી ભાત પાડે ત્યાં છંદ રમતા આવે છે ત્યારે કવિને મોરલીવાળો મીત સાંભરે છે. તેઓ સાંજ અને સવાર ગામ કે સીમમાં મનના મણિધર સૂરને સબડ દોડયા જાય પણ ભીતર ભાન ભૂલેલા હોય ત્યારે કવિને મોરલીવાળો સાંભરે છે. ટૂંકમાં કવિ શહેરના સેયકરાગ સાંભળે છે ત્યારે તેમનું મન બધા બંધ તોડી ખંભે ખડિઓ લઈ ઠાકનો પંથ લે છે.

'આપજો' કાવ્યમાં પ્રભુ આવીને કવિને કહે છે કે તું માગે તે આપું, હૃદયનાં સર્વ બંધનો કાપું, દેવતાના દરબારમાં ઊંચે આસને સ્થાપું, પણ કવિનું ઘેલું મન માનતું નથી. તે તો એક જ દશાને ઝંખે છે. એમને તો ઓરતા છે માત્ર પોતાના સોરઠની રૂડી ભોમના નાનકડા ગામના મમાળા માનવીની વાણી સાંભળવાના અને સુખદુઃખોની એક સાથે ઉજાણી કરવાના. કવિને સંતોનું ભારે આકર્ષણ છે. સંતવાણી સાંભળવાનું વરદાન તેઓ માગે છે. પ્રભુકૃપા હોય તો એટલું આપજો કે એવી ભોમકામાં એકાદ આયખું દેજો. આમ એમની માગણી મમાળા માનવીની વાણી સાંભળવાની અને સુખો અને દુઃખો બંનેને માણી રહેવાની સમસ્થિતિને પ્રાપ્ત કરવાની છે.

'પ્રેમનું દાન'માં કવિ કહે છે કે નવપ્રસ્થાનના પથને ઉજાળતું પ્રેમનું પરમ દાન છે. મૂક હૃદયમાં મુગ્ધ પ્રાણનું નવોદિત ગાન ઊઠે છે ત્યારે દૂર જતો અનંતનો ચેતનવંતો મારગ આંખ સામે દેખાય છે. પગલે પગલે ઉલ્લાસને મહેકાવતો પ્રેમ એ જ અનંત પથનું ભાથું છે, પરમ દાન છે. આખર મુકામ સુધી પ્રેમની પુનિત જ્યોતને વિશ્રામ લેવાનો નથી.

'ઉર્ધ્વગમને એક બની સદા
જલશે દીપ્તિમાન ''
(તરણાં, પૃષ્ઠ-૧૦૮)

આમ પ્રેમ એકાત્મની ઉન્નતદશાનું એકમાત્ર સગો છે. 'ઊંચા ઉડાણ'માં કવિ ઊંચે ગગનમાં ઊડવાનું, શિખરને શિરે જઈ દીપશિખા થઈ ચૈતન્યના અદીઠા ઉત્સવને માણવાનું, વ્હાલમાં વેરાઈ જવાનું, ઝાકળના બિંદુમાં ઝરી હવાને ભીંજવવાનું, સૂતેલને જાગત કરી દેવા કો ચંડુલનું ગાન બનવાનું અને ત્યાર પછી પાછા અવનિ પર ઊતરવાનું પ્રિયને - પોતાના આત્માને નિમંત્રણ આપે છે.

'પ્રેમનું તેડું'માં મોતને બારણે સ્નેહની જ્યોત નિહાળવાનો અને અનોખા તેજ માણવાનો કવિમિજાજ દેખાય છે. 'નિગૂઢ પ્રેમ'માં કોઈ મધરાતે અંધારમાં તેજની પાતળી રેખા બિમ્બના રૂપનું અમને દર્શન કરાવી જાય છે. કંઈ અણઉકલ્યું અહીં છે જે અનુપ સૌંદર્યમાં અડધું- પડધું બિમ્બની રૂપરેખામાં કવિને દેખાય છે.

'પૂર્ણતાની પડે ઝાંખ ત્યાં આંગળે
હાથ લેવા જતાં ધૂળ થૈને ઢળે
હાય ! દેખાય આકારે ન શોભતા
કાનમાં ફક્ત રહે શૂન્ય પડઘા.'
(તરણાં, પૃષ્ઠ- ૧૧૫)

અદીઠીના મહાકાવ્યમાં કોઈ પાછું આવતું ન લાગે છતાં ય એ અનુભવ કમનીય તીર જેવા કાળજે ભોંકાય છે, જે પીડા અને સુખ બંને આપે છે.

'અવળી વાત'માં કવિને વિધાતાની વાતો અવળી લાગે છે. આંખ જેનું તપ કરે અને હોઠ જેના જપ કરે તે વેગળું જાય છે અને જે પાસે રહ્યું છે એની જરાય વાસના હોતી નથી. 'ગાતો કર્યો' કાવ્ય કવિની આધ્યાત્મિક સિદ્ધિના સંસ્પર્શને પ્રગટ કરે છે. કવિને આનંદ -આહ્લાદ આપી જનાર તદ્રૂપ સુંદરી છે. અદીઠ મારગે આવી એ સુંદરી. તેં મને ગાતો કર્યો છે. તારા અલૌકિક તેજમાં ન્હાતો કર્યો છે. કોઈક અજાણ્યા સ્વપ્નને આરાધતા શૂન્ય મનનો ઝળહળ આછા અમીરની સૌરભે ન્હાતો કર્યો છે. એના સુહાગી સ્પર્શથી પિંડનું ગીત અને સૃષ્ટિનું સંગીત કવિ ઉરે મોકળું બન્યું છે. એણે એમનામાં એવી પ્રીત જગાડી છે કે જે અણુએ અણુમાં વ્યાપતી આનંદની સૌ કલ્પના

-સૌંદર્યના ત્યાંથી સ્ફુરે છે. કવિને જિંદગી ચાહવા જેવી લાગે છે આજે. આ બધું કવિને માટે લઇ આવી છે અદીઠ મારગે ચાલેલી એક સુંદરી.

'શ્યામળાં નેત્રે'માં અનંતનું મુસાફર કવિ મન સખીના ગહનગગન શ્યામળાં નેત્રોમાં સકળ ગાયા ત્રિલોકનું આનંદમગ્ન પળભર નિરખી રહે છે. કવિ રહસ્ય કથા કહેવા એ નેત્રોમાં પાંખને ગ્રહી લેવા પ્રિયને પ્રાર્થી રહે છે. 'મિલનમેળા'માં તેઓ જન્મમૃત્યુથી આ ધરતી પર સર્જાતા મિલનમેળા શોકભરી વિદાયમાં પરિણમે છે. આ જન્મમરણનો ક્રમ તો ચાલુ જ રહે છે. નવા નવા વેશધારી નવાનવા દેશમાં આત્મા જન્મે છે પણ સાથ પૂરવની પ્રીતના અનુસંધાને પોતાના સ્વજનોને ઓળખી જશે. 'મરણને મારતા આવશે આપણાં મિલન-મેળા'. એમની અનંતપથ યાત્રાના સાથીઓ કવિને ફરી ફરી મળશે જે મૃત્યુને મારીને પરમ મોક્ષને પામી શકશે. કવિનો આ જન્મ-મરણનો ફેરો એ અનંતના આંગણે સર્જાતી અનંતલીલા છે. એમને પ્રભુપ્રાપ્તિનું સાધન પ્રેમમાં જ જડે છે. પ્રેમના ઝરણાં કાળની કઠણશિલાને ય તોડતા આગળ વધે છે. અનંતયાત્રાના પ્રવાસી મેળા આગળને આગળ વધતાં રહેશે. જીવનલીલાના ક્રમને એટલી સહજતાથી તેઓ સ્વીકારે છે કે જીવનની સાંજે પોઢીને સૂરજ સાથે નવો અંચળો ઓઢી પાછા જાગવા જેવી આ ક્રિયા તેમને લાગે છે. મૃત્યુની જુદાઈ તો સ્વપ્ના જેવી જૂઠી છે. ફરી ફરીને જન્મવું અને પ્રિયજનોને મળવું, એ નિરંતર ક્રિયા છે. કવિને જન્મજન્માંતરના મિલનમેળામાં શ્રદ્ધા છે. એટલે તો એ કહે છે કે --

'મૃત્યુલોકમાં એક છે અમર
આપણા મિલન - મેળા.'
(તરણાં, પૃષ્ઠ- ૧૩૦)

'પ્રેમની ભાષાએ'માં મહાપ્રેમનો ક્ષણિક અભિષેક પણ જીવન ધન્ય બનાવે છે. મહાપ્રેમનું જેને વરદાન મળ્યું હોય તેને અવર આશાએ ભમવાની કોઈ જરૂર નથી. કવિ પ્રેમને પ્રભુરૂપ માને છે માટે કહે છે--

'અહો! જેને પ્રભુ બોલ્યા પ્રેમની ભાષાએ.'
(તરણાં, પૃષ્ઠ- ૧૩૧)

બંધુ સ્વામીના પગલે પગલે પોતાનો માર્ગ અંકિત થયેલો તેઓ 'માર્ગમાર્ગે' કાવ્યમાં જુએ છે. આંખની સામે, ઉજળા ધામે તેમનું ગામ કળાય છે, સ્વામીના પગલે પગલે જ કવિના પ્રયાણમાં જીવન જાગતું જાય છે. અહીં મનગમતી વાત રેલો કેડીએ ચાલવાનો એમનો ઉપક્રમ જણાય છે.

મકરંદ દવેને દોડતા- હાંફતા જગતનો વ્યવહાર ફાવતો નથી. 'એકલું શોભી જા'માં કવિ પોતાના મનને સૌ દોડે ત્યાં એકલું થોભી જવાનો આદેશ કરે છે. 'માલિકનાં બેસણાં'માં એમનો માલિક સીમાથી દૂર કયાંય અતિ લોકના ધામે નહિ પણ તેમની આંખની સામે હાજરાહજૂર બેઠેલો છે. કવિને પ્રભુનાં દર્શન પૂરવીના મહાપ્રેમદાનમાં જ થાય છે. ક્ષણ માટે આવી જતા મહેમાનો પ્રેમની ઝોળી છલકાવી જાય છે. આમ નવી નવી વ્યકિતની નવી નવી જિંદગીના નિત્ય નવા ગાનમાં માલિકનાં મનભાવતા સૂરોને કવિ સાંભળે છે. કવિને તો ઘણાની ધજાઓ 'મારો કેરા મોલના મુકામે' જ ફરકતી દેખાય છે. કોઈ અતિલોકનું ધામ નથી જયાં પ્રભુ છે. પ્રભુતો જનજનના હૈયામાં પ્રેમ બનીને પોઢેલો છે. હૃદયના પ્રેમની સુરભિરૂપે પ્રભુને તેઓ અહીં જુએ છે. 'દીપ રક્ષા'માં કવિ ઉરકોડિયે દીપ જલાવે છે તો જયોતિના અમૃત પાવા અને શકિતનું ઝરણું થાવા માને પ્રાર્થના કરે છે. પ્રાણોને ઉત્પ્રેરિત કરી દિશાઓના ગઢને

જીતવાનો પાંખો આપવા, સુખ ત્યાગી વેદના ધારી અંધકારમાંથી ઉગારી લેવા, પ્રાર્થના કરે છે. તેજનો બાગ ઊઘડે હૃદયબંધન ખુલે એવા જીવનના સૂના માર્ગે પોતે જ જલાવેલા દીપકને ખૂણામાં ડરવા ન દેવા વિનંતી કરે છે. અંધારું શેષ ન રહે તો જ જ્યોતિનું દાન સાર્થક થયાનું કવિ માને છે. 'જય હો'માં જેનું કોઈ નથી એવા નમાયાનું જીવન ધન્ય કરતી માની સ્તુતિમાં તેઓ ગાઈ રહે છે.

'મા' પ્રેમળ સ્પર્શે જાગે હૃદય!
મુગ્ધ નયને તેજ આ તરતું
મુક્ત કંઠથી ગીત આ ગરતું
તારો હો, પરમ જય!'
(તરણાં, પૃષ્ઠ- ૧૪૦)

પ્રલયપંથે પળતી દુનિયામાં આજે આશાના દીવા ઓલવાઈ ગયા છે. પ્રભુની પ્રેમ-ક્ષમાની કરુણાસભર દિવાસળી વિના એ બુઝેલી આશ ચેતવાની નથી એમ કવિ 'નહીં પ્રગટે' કાવ્યમાં નોંધે છે. 'નવા ઘાટ'માં પોતાની ક્ષુદ્ર મલિન કાયા ઉપર શીતળ કૃપા વરસાવવા પ્રભુને પ્રાર્થના કરે છે. પોતાના દોષને દૂર કરવા પોતાને તપાવવા, પ્રજાળવાની પણ પ્રભુને છૂટ આપે છે. કવિ ઇચ્છે છે--

'મારી ધૂળની કાયે તું છાઈ રહે
તારી મૂળ સનાતન જ્યોત ધરી;
અણુએ અણુમાં છલકાઈ વહે
તારું ઊજળું; એકલું પોત હરિ!'
(તરણાં, પૃષ્ઠ- ૧૪૩)

પ્રભુની કોમળતા તેઓ ઇચ્છતા નથી. એમને તો પ્રચંડ પ્રહાર જોઈએ છે જેથી જાતને જલાવીને નવા એવા રૂપે પ્રગટે કે લોકો એ તેજોમય રૂપ જોઈને પ્રભુની વીજપ્રભાની વાતો કરે. એવી જીવનજ્યોતિનું દાન દેવા કહે છે--

'મને બાળ, પ્રજાળ, ઉજાળ સુખે.'
(તરણાં, પૃષ્ઠ- ૧૪૪)

બળીને નીખરી રહેવાની કવિની તત્પરતા અહીં જોઈ શકાય છે. 'અનંતે સંગ'માં પોતાના નાનકડા ઓરડાની બારીમાંથી પ્રભુને જોવા તેઓ પ્રયત્ન કરે છે પરંતુ બારી વાસી બહાર નીકળી, રાત્રે નભના વિરાટગૃહની જ્યોતિસભાને શ્યામ રાતે બધે રેલતી પ્રભુની સ્મિતપ્રભાને જોઈ તેઓ મૂક વંદના કરતા અનંતના એક ખૂણે પ્રવેશી ધન્યભાગી બને છે, કવિ બારીમાંથી પ્રભુને પોતાનામાં બોલાવવાની ભૂલ કરવાને બદલે પોતે જ જાતે દીવો ઠારી પ્રભુની અનંત જ્યોતિમાં સરશે એવો સંકલ્પ કરે છે. અહીં કવિને ધ્યાનયોગમાં જે ચૈતન્યના સંક્રમણનો અનુભવ થતો નથી તે અનંત આકાશની નીચે થતા ચિત્તના વિસ્તારમાં થાય છે.

'આવો'માં કવિ પ્રભુને ઇજન આપે છે. પોતે નેણમાં પ્રતીક્ષાની જ્યોતિને પ્રજાળી બેઠા છે. તમરાંના ઝીણા અવાજમાં, વાયરે ઝૂલતા પાનના કંપનમાં ઉરહિંડોળે આછી પ્રભુની ફોરમને ઝીલવા આતુર છે. ચોપાસ આશાના શ્વાસે તેઓ પ્રભુના પ્રેમ-હુલાસે ઝુરે છે. મનનો મૂંગો આરતીએ વધાવે છે. તુલસી ક્યારે ઝબકી જતા દીવાની જેમ કવિ ઢળવાના સમયે થરથર ધ્રૂજતી જ્યોત હોય એ ક્ષણે આવી જવા ઇજન આપે છે.

'અંધકારની જમના'માં અંધકારની અનંતતાના આરે રમણામાં જ્વલંતરંગી જ્યોતિગણની અવિરત વહેતી પરિક્રમણાનાં તેઓને દર્શન થાય છે. અંદોહના ઓળે ઓળે છોળે વહી જતી અંધકારની જમનામાં તે આગમની વાટે ઘાટે ઘાટે નિરુપમ નમણા બંસી સ્વરને શોધી રહે છે. 'કુંદ કળીઓ' કાવ્યમાં એમને શુભ્રોજ્જ્વલ સુરભિત કુંદકળીઓમાં પોતાનું મન શ્યામમુકુંદમાં છવાયું જણાય છે. એમાં એમને કૃષ્ણપ્રેમના દર્શન થાય છે.

'હે ! કૃષ્ણ, શુચિ આ પ્રેમ તમારો
ધવલ રૂપથી ફળીઓ .'
(તરણાં, પૃષ્ઠ-૧૪૮)

'અરૂપક ફળીઓ કે શામળીઓ' ને બદલે કવિને અહીં ધવલરૂપ કૃષ્ણનાં દર્શન થાય છે.

'વળતા આજયો' માં મથુરા ચાલ્યા ગયેલા કાનને ગોપીની વિનંતી છે કે એકવાર પાછા આવીને ખબર લેજો. પ્રાણને પરાણે ધારણ કરી રાખીને પ્રભુની વાટ ગોપી જોઈ રહી છે. એક વાર શ્રાવણ પગલે આવીને જમુના કાંઠે વેણ વગાડો, હૃદયમાં એક જે રૂપ ધારેલું છે તે રૂપે દર્શન આપવા તે વિનંતી કરે છે. 'પ્રગટ કૃપા'માં કવિ મનને અધીરાઈ છોડી દેવા કહે છે કારણ કે શ્યામની સમજ અધિક છે માટે ચિંતા છોડીને અમરાઈમાં વિલસી રહેલી પ્રગટ પ્રભુની કૃપાને નિરખવા, દુઃખ, વિકલતા, દર્દ છોડીને અંતરમાં ઊંડે પોતમાં પલટાઈ રહેલી પીડાને જોવા કહે છે. તેઓ મનને કહે છે અંદર જો, સસ્મિત આત્મા ઉપર છવાઈ સંમુખ ઊભેલા શાંતિ-કાંતિરૂપ સુંદર વર કન્હાઈ ઊભેલા છે. આથી મ્લાનતા, અધીરતા છોડી જે સુખ આપનાર છે તેનો વિચાર કર. કવિને જનમ જનમથી એ કૃષ્ણની જ ઓથ અને સગાઈ છે. આમ મનને અધીરતા, દુઃખ, વિકલતા ત્યાગીને પ્રભુની પ્રગટ કૃપાને નિહાળવા કહે છે.

'મેઘ-દર્શન'માં એમને નૂતન મેઘનું દર્શન સાંઈનું સ્મરણ કરાવે છે. ગરજતા મેઘ કવિને ગુરુ ગુરુ ગરજતા લાગે છે. સ્મરણથી જાગતો વિરહ મનને મસાણના શરણે લઈ જાય છે. એમને લાગે છે ગુરુના કઠોર ઉરે કંપિત સૂર પહોંચતો નથી કે સાંઈ હુર બની પારખા કરવા માટે દૂર થયા છે.

'શ્યામની છબી'માં હૃદયદર્પણમાં અંકાયેલી શ્યામની છબી તૂટી ન જાય એ ડરથી એમનું હૃદયમુકુર તૂટતું નથી. બધું જ આગમાં હોમાઈ જાય, કાળ બધું જ લૂંટી જાય તો ય કવિ ફૂલની જેમ ઉરને સાચવવા માગે છે. કોઈ પૂછે કે તરફડીને કઠોર હૈયું કેમ ફૂટી જતું નથી ? તો કવિનો ઉત્તર છે શ્યામની મૂર્તિ નંદાશે એ ભયને લીધે હૃદય રૂપી દર્પણ તૂટી જતું નથી.

કવિ પ્રેમરૂપ પ્રભુને ચાહે છે એટલે 'વનકુંજ'માં કહે છે --

'સજની ! કુસુમ કુંજની વાટે
પ્રેમ સ્વયં માનુષ તન ધારી વિચરે જમુના ઘાટે .'
(તરણાં, પૃષ્ઠ-૧૫૧)

શ્યામરૂપ શોભા વિલસી રહી છે અને મુરલીના સૂરથી વિશ્વ છલકાઈ રહ્યું છે એમ ચંચલ કવિ-હૃદય એક પળ ટકતું નથી પણ એક ગીત મનમાં ગૂંજ્યા કરે છે.

'આનંદ પારાવાર'માં ત્રિકાલ વિશ્વ આનંદના મધુમય મકરંદથી છવાયું હોવાનું તેઓ અનુભવે છે. કવિ જ્યાં જુએ છે ત્યાં અખંડ અપાર આનંદની લહેરી નાચે છે. ગગનમાં જ્યોતિની છોળના પરમ કિલ્લોલ ઊઠે છે. તો અવનિતલની માટીમાં પ્રેમની હિલોળ પ્રગટે છે. ઋતુ ઋતુ સૃષ્ટિમાં નૂતન પ્રાણ ભરતો, ભીતર-બહાર ગંભીર ગાન રેલાવતો, આદિ મધ્ય અને અંત પૈકી આદિ અને અનંત રૂપ આનંદ અને વિશાળ મધ્ય

તો મહાનંદ રૂપ કવિ અનુભવે છે. અહીં કવિ પ્રભુને આનંદરૂપે પામે છે. 'હરિને નામ'માં હરિનામે જીવનની પળેપળે સફળ કરવાની . કાળની સર્વ કણી ઉજ્જવળ કરવાની શોખ છે. હરિના રૂપ , અનુપ ગુણ , યશ ગાતા આનંદે હરિના પંથે અભય બની વિહરવા નેઓ કહે છે. હરિ જ અમારા શ્વાસ ,પ્રાણ અને કલ્યાણ છે એ સિવાય સર્વ જુઠુ છે એમ માની 'હરિના નામે હૃદયપદ્મમાંથી મધુમકરંદ ઝરો ' એમ કવિ કહે છે. હરિ-ભજન કરવું અને પ્રેમ-પરાગને પ્રગટાવવું એ જ જીવનમુક્તિ માટેનું અનુપમ કાર્ય છે.

'પહેલે પો'રે'માં પે'લા પો'રના પંખીના બોલમાં પ્રભાતના સંકેતને સમજી ફગાતી આંખો જ્યોત શી કેડી પર ડોલતા તરણાંમાં ફૂળના દાસ્તોના આનંદ પર ગુમાનને ગાળી પગલા ભરતા ગોતા અનંત પંથે . ઋષિની ઋચાના છંદે પગલાં ઉપાડવા કવિ કહે છે.

'પ્રકાશને પંથે'માં ઝાડવાની ટગલી ડાળે રહેતા પંખીને જ્યોતિ પામવાની ઝંખના ઉરમાં જાગી , પાંખ ધ્રુજી , આંખના મોતી ઝબકમાં અને પલકારામાં માળાનો ફંદ ત્યજી મોતનો પ્યાસી પાંખ અસીમને આરે ઊડતો જાય છે. તેના વેગને કોઈ રોકી શકતું નથી. કોઈ એને પ્રેમના ઉષ્મ આલીંકે પ્રેરી રહે છે. પંખીને હૃદય આજ નવલા દીવા પ્રગટ્યા છે. પાંખ ઢળતાં તેજને છેલ્લાં નયનોથી પીવાની એની ઝંખના છે.

'સમસ્યા'માં અચલ વહેતી નદીને તટે એમની મઢી કોણે બાંધી, એ અંતરના કોયડાનો જાણભેદુ ગુરુ કવિ શોધે છે. જીવન-મૃત્યુ, તડકો- છાંયો, જાગવું-ત્યાગવું એ બધી વાતોની સમશાન-સૂના કોડિયામાં આવી. દીવો કરનાર ગેબના ભેદુ ગુરુને કવિ જગાવે છે. 'નયણાંમાં નૂર' નયણાંમાં પ્રભુના ઉજમણાં નૂર ઝબૂકે છે, જેને આત્મા ચકચૂર થઈને આરાધે છે. 'નજરૂમાં નાથી લેતા, સુરતાને સાંધી દે'તા, સંભળાવે ઊંડા ગેબી-સૂર ' એવા જેના નેણમાં નૂર ભરેલાં છે તેવા ગુરુને અબઘડી ઊભા રહી અણબોલી વાતો કહી, પ્રેમથી ઘેલાતૂર કરી જવા કવિ કહે છે અને એવા ગુરુ જીવતા રહે એમ ઇચ્છે છે. 'ભીતરના તેજ'માં તેઓ ભોંયા હૈયે ઝૂકી પડવાને બદલે, કાલ સમયે પોતાનો પ્રાણ તલખા મારવાને બદલે ભીતરના અનોખા તેજને ધારશે, અંતરના અમરત ઊંડા સારશે એવો સંકલ્પ કરે છે. 'સાચાં સિંગાસન'માં સાચના સિંહાસનને ઊની આંચ લાગતી નથી . એ અમર સિંગાસન સામે મોત મજાક બની જાય છે. પ્રલયના પૂર પણ પગે પડી જાય છે. એવાં સાચાં સિંગાસન માંડવા કવિ કહે છે. 'ગેબી ગુંજતો 'માં કવિએ જણાવ્યું છે કે --

'ભાવ રે સાદામાં ગેબી ગુંજતો . '

(તરણાં, પૃષ્ઠ- ૧૬૩)

એકતારાનો ઝણકાર અપાર ગણુંભી ગાણાં જગાવે છે. પવનમાં પડેલા દેટાના બીની બીજાતમાં અણગણી વનવન વડલાની ભાત છે. નાની મેડીની જાળિયુંની જાંડમાં આખા આભનો નિચોડ છે. કાચી માટીના ભીંતડામાં પલે પલ પ્રાણ છે, એ ગારામાં ઝળહળતો ભાણ છે. એટલે કવિએ પણ --

'ભાવ રે સાદો પ્યાલો પ્રેમનો
મારો ભર્યો ભરપૂર
એને પાતાં ને પીતાં પ્રગટિયા
હરિ હસીને હજૂર
ભાવ રે સાદામાં ગેબી ગુંજતો . '
(તરણાં ,પૃષ્ઠ-૧૬૪)

કવિને પ્રેમસ્વરૂપ પ્રભુ નાનાં-સાદાં તત્ત્વોમાં જ મળે છે. ત્યારે તો તણખાંના નાદે કવિ પ્રભુને મલકતા જુએ છે. 'વંદના'માં બ્રહ્માંડમાં વ્યાપેલા ભવ્ય, દિવ્ય, નિત્ય, નવ્ય જ્યોતિ સ્વરૂપને, મંગલ, પ્રશાંત, અમોલ પ્રેમ સ્વરૂપને, પદ્મ સમા પ્રફુલ્લ મુગ્ધ નંદિત રૂપને વંદન કરે છે. આમ કવિને મન પ્રભુનો પર્યાય તેજ, પ્રેમ અને આનંદમાં હોવાનું જણાઈ આવે છે.

આ ઉપરાંત 'તણખાં' કાવ્યસંગ્રહમાં જિંદગીની જિંદાદિલીનાં, વતન પ્રેમનાં, શૌર્યની સ્તુતિનાં, કવિતાનાં, પ્રકૃતિ-વર્ણનનાં, વ્યક્તિ-વર્ણનનાં કે અન્ય વિષયનું નિરૂપણ કરતાં કાવ્યો પણ છે, જેમાં બપોરના તાપનું આકાશી અવધૂત રૂપે વર્ણન, ખરતાં પાંદડામાં જીવન-મૃત્યુનો સંદેશ, વસંતરૂપે કૃષ્ણનું વર્ણન ઇત્યાદિમાં આત્માભિવ્યક્તિ જ સાકાર થાય છે.

'તણખાં' કાવ્યસંગ્રહ એ અનાયાસે જ ઉરે ઊગ્યું છે તેનું માના ચરણે અર્પણ છે, એ ય મારો વ્હાલપની વાદળી બની વરસી ત્યારે કવિ-ઉરમાં જે કંઈ સ્ફુર્યું તે કાવ્યરૂપે અહીં પ્રગટ્યું છે. અણદીઠા જુગાનો ધુળમાંથી પ્રગટતો અણુરૂપ પ્રભુનો અણસાર એમને સંસાર છોડી, ગુરુની શરણરજ લઈ મહાયોગના માર્ગે પ્રેરી રહે છે. દુનિયાના અવળા વ્યવહારમાં ધનલાલસા ઇત્યાદિમાં કવિનો નિર્વેદ તેમના વિરાગને પ્રગટ કરે છે. જીવનમાં સંઘર્ષોને જિંદાદિલીથી ઝીલી જઈ મંઝિલે પહોંચવાના દૃઢ સંકલ્પ સાથે કવિએ પ્રયાણ આદર્યું છે; જગમાંગલ્યના શુભસંકલ્પને સફળ કરવા તેઓ ભેખ ધરીને નીકળી તો પડ્યા છે, દુનિયાના દુઃખ-દર્દની ચિંતા પણ કરે છે અને આત્મકલ્યાણના પ્રયાસ રૂપે પ્રેમનો માર્ગ જ એમને જડે છે; દુઃખ-પીડા ઉપર ઔષધ બની આવતા પ્રેમનો શીતળ સ્પર્શ જ વિશ્વમાંગલ્યના સંકલ્પને સાકાર કરી શકે. કવિ વિરાગમાંથી પ્રભુ પ્યારના અંતરના અનુસંધાને ગેબી ગુંજને સાંભળવા યોગ-સાધનાના માર્ગને અપનાવે છે.

જયભેરી

જીવનના જયનું ગાન ગજવતી 'જયભેરી'માં કવિ અગ્નિપંથે પળતા જીવનયજ્ઞમાં કલ્યાણ માર્ગે સમર્પિત થવા હૈયામાં જોમ જગવતાં કાવ્યો લઈને આવે છે. આ સંગ્રહનાં ૧૫ કાવ્યો પૈકી પ્રથમ જ કાવ્ય 'નૃત્ય કરો મા'માં કવિ મા જગદંબાને મહાકાલી બની પ્રલયકારી નૃત્ય કરવા પ્રાર્થના કરે છે, કેમકે આગ અને આંધીનો પ્રલય જ માંગલ્યનું દ્યોતક છે. મુક્ત શક્તિના અમૃત ઝરણને જગાવવા ઝંઝાથી ઝંકૃત અનલ, અલંકૃતચરણે માને પધારવા કવિ કહે છે. ભીષણમાં જ સુંદર રૂપ બિરાજમાન હોઈ પ્રલયકારી મધુ મંગલનું અવતરણ કરાવવા માને પ્રલય નૃત્ય કરવા કહે છે.

'ચાલ રે ભાઈ, ચાલ'માં રુદ્ર મહાકાલ ઝંઝાયેલા દ્વારે પોકાર કરે છે. માટે સંશયનાં બારણાં ખોલી, પરાક્રમ અંગ ધરી અમર નેત્રે રણાંગણમાં જયનો જંગ ખેલવા આહ્વાન કરે છે. મૃત્યુના અભિસારે નિત્ય નૂતન પુરાતનને પ્રીત ધરીને જગને અભય વચને જાગૃત કરી માનવતાના લલાટે ભવ્ય તિલક કરવા આહ્વાન કરે છે. તેજ રીતે 'દોડ તું રણાંગણે'માં પણ મોત તો સર્વત્ર છે આથી ખુમારીથી રણાંગણમાં દોડી જવા જેવો શૌર્ય પ્રેરે છે. આ રણાંગણમાં દોટ મૂકતો પ્રાણ જીવનને મુક્તિની સાર્થકતા અપાવવાનો સાધના-યજ્ઞ પણ હોઈ શકે.

'જિંદગી કોને કહો છો?'માં કવિ જિંદગીની સુંદર વ્યાખ્યા કરતાં કહે છે--

'નિત્યને અંધાર જો એ ના બને
અંત સુધી સળગતો અગ્નિકણી ?'
(જયભેરી,પૃષ્ઠ-૬૫)

અંત સુધી જલતા રહેવું એ જ જીવન છે. 'આતમને અણસારે'માં કવિ હૈયામાં ચેતન લાધે ત્યારે આતમને અણસારે એકલ પંથ, એકલ પંડે, મુંઝાયા વગર, રોકાયા વગર, અંતરના જ અવાજે જીવનના જયકારે ચાલી નીકળવા હાકલ કરે છે.

'અમે મુસાફરો'માં કવિ ભારતીય સંસ્કૃતિનાં લક્ષણોને વણી લઇ આ દેશના લોકોના ગુણ લક્ષણો પ્રગટ કરે છે. એ કહે છે --

'અમે મુસાફરો મહાન ખંડના ....
અનંત વર્ષના .'
'પ્રકૃતિના ચાહકો, સંસ્કૃતિના વાહકો .'
'સૌંદર્ય, પ્રેમ, પુણ્યનાં પ્રથમ અમે ઉપાસકો .'
(જયભેરી ,પૃષ્ઠ- ૧૭-૧૮)

પવિત્ર પ્રાણપ્રિય મુલકના મુસાફરો તરીકેની ગૌરવગાથા કવિ અહીં રજૂ કરે છે.

'યાતના' અને 'આફતને આવકાર'માં યાતના અને આફતને જિંદગીને જીતી લેવા માટે આવકારે છે, તો 'આશાના ગાન'માં આશા ધરી જિંદગી જીવવા અને 'હુતાશની પલાણ'માં સુખનાં સ્વપ્નાં સમેટી તેજના બાણે પુરી પ્રીતનો હોંકારો ભણવા હાકલ કરે છે. હિંમતે હુકમો નેજો હાથ લઈ સુખને છેલ્લો સલામ કરી નીકળી પડવા કહે છે.

'ઘેરો ઘેરો અંધકાર ગાજે'માં કવિ કાળના ઘેરા અંધકારનો નિર્દેશ કરે છે. જેમાં તેજ ડૂબી ગયાં છે, ભોગના ખપ્પર ભરાય છે. દેવતાઇ નૂર આથમી ગયાં છે. ત્યારે ક્યાંક ક્યાંક એક જયોત જાગે છે. તે નમાણી પાસે એના વારસાનાં મૂલ માગે છે. એના અમર અવાજે ઊઠવા કવિ આહ્વાન કરે છે. 'યજ્ઞપુરુષને પગલે'માં યજ્ઞકુંડના હોમ શિખર પર અનભે આસન માંડીને બેઠેલા યજ્ઞપુરુષને પગલે અંધકારમાં પોકાર કરતાં જયોતિપુંજની કાળરાત્રિને ગળે અગનભેરી વાગી છે ત્યાં અભય બની આવવા કવિનું ઇજન છે. 'સ્વતંત્રતા'માં કવિ આત્માની સાચી સ્વાધીનતાનું નિરૂપણ કરે છે. તેઓ કહે છે કે સ્વતંત્રતાને સાચે સ્વરૂપે જાણી શકે છે એ માણ જ સ્વતંત્રતાના દમકતા સહવાસને માણી શકે છે. ભારતની સાચી સ્વતંત્રતાનું એમનું સ્વપ્ન જીવનના ધર્મયુદ્ધને પણ ધ્વનિત કરે છે. 'આગે બઢો'માં દાનવોને સંહારી શકે એવા દૈવતને ભરીને ભવ્યભારતના અખંડિત સ્વપ્નને સાચું કરવાની ઝંખના પ્રગટાવે છે.

'દૈવત હવે આ દાનવો સંહારનું હૈયે ભરો
ભવ્ય ભારતના અખંડિત સ્વપ્નને સાચું કરો !'
(જયભેરી,પૃષ્ઠ- ૩૭)

આમ 'જયભેરી'નાં કાવ્યો જિંદગીના જયનું ગાન ગજવતાં જિંદાદિલી અને શ્રદ્ધાના દીપ પ્રગટાવતાં, જોમ અને શૌર્યનાં પ્રેરક કાવ્યો છે.

## ગોરજ

'ગોરજ' કાવ્યસંગ્રહમાં ૧૦૫ કાવ્યોમાંથી ૫૦ જેટલાં કાવ્યો આધ્યાત્મિક સંસ્પર્શવાળાં છે. અન્ય કાવ્યોમાં પ્રકૃતિવર્ણન, વ્યક્તિચિત્રો,પ્રસંગચિત્રો

અને જીવનની જિંદાદિલી, યૌવન, દીનદુઃખીના દર્દ ઇત્યાદિ વિષયોને સ્થાન મળ્યું છે. 'ગોરજ' કાવ્યસંગ્રહનું પ્રથમ કાવ્ય 'જાગૃત થા' એમની આત્મકલ્યાણના માર્ગે ચઢેલા પ્રયત્નવિકાસની કેડીને આકારવામાં સહાયક છે. 'તરણાં'ના શુભસંકલ્પો પ્રગટ કરવા તેઓ પ્રયાસ કરે છે. પ્રેમરૂપ પ્રગટ પ્રભુને માનવીના હૈયામાં કે પ્રકૃતિના પ્રગટ રૂપમાં કાંતો કૃષ્ણના સાકાર સ્વરૂપમાં કે દૂરદૂરથી આવતા અવાજમાં તો ક્યારેક પોતાની સંમુખ જ તેઓ જુએ છે. શહેરના દમ-દમામને છોડી સહજના કિનારે પોતાની જીવનનૈયાને નાંગરી જીવનની ફકીરી ધારણ કરી અલખની ધૂણી ધખાવે છે. કવિ માલિકના બેસણાં એમની આંખ સામે જ છે એમ કહી આંખ સામે જ પ્રભુને પ્રગટ કરવા યોગક્રિયા દ્વારા સાધનાનો માર્ગ ગ્રહણ કરે છે. 'જાગૃત થા' કાવ્યમાં કવિ મહાકુંડલિનીને માતા રૂપે જાગૃત થવા પ્રાર્થના કરે છે. મૃત્યુમાંથી અમૃતમાં લઇ જતી નર્તન્તી નલિની, જ્યોતિર્મય જયિની, અજય, સુંદર, મધુમય, મંગલ, આત્મલોકની આભા અને સત્યરૂપ સમુજ્જ્વલ મૂર્ત કુંડલિની જાગૃત કરવા ઇચ્છે છે. અંતરમાં એવો અગ્નિ પ્રગટો કે બસ એક જ લગની લાગી રહે, અને રગરગની રાગિણી બની જીવનમાં ઝંકૃત થઇ રહે. કવિ આ મહાકુંડલિનીને જાગૃત થવા પ્રાર્થના કરે છે. કુંડલિની જાગૃત થાય તો જ યોગસિદ્ધ થાય ને તો જ કવિ જે ઝંખે છે તેના દર્શન પામી શકે.

'પ્રેમાળ અંક'માં કવિ પરાશક્તિરૂપે વિશ્વમાં વ્યાપેલ પરમતત્ત્વની માતારૂપે સ્તુતિ કરે છે. નાનકડા તરણામાં અને માટીના કણમાં પ્રભુને શોધતા કવિ પ્રભુના અપરિમેય રૂપને પ્રથમવાર અહીં પ્રગટ કરે છે. તેઓ કહે છે કે 'હે મા તારી આકાશવ્યાપિની અપરિમિત છટા, વિરાટ સ્વરૂપે શિર ઉપર એવી તો ઝળૂંબી રહી છે કે જાણે કે કોઇના શબ્દ સુણવા ઝૂકી હોય' ઝંઝામાં પ્રલય મચાવતી રુદ્ર મૂર્તિ અને વહાલપનો વાયુ સ્પર્શ કરતી ત્રિભુવનમાં ગૂઢ ભેદી અંધકાર ભરતી અને ભવ્ય જ્યોતિરૂપ પણ મા છે. આ વિરાટ રૂપ છતાંય નાનકડી કીકીમાં સમાયું છે. ઘોર સિંધુની વિપુલ જલની ઝકોળ પણ તું છે અને મારા કંઠની તૃષા છિપાવતી મધુરસ પણ તું છે. પૃથ્વીના અભેદી શિખરની તારી દાઢ કરાલ છે. છતાં તારું હૈયું મૃદુ કુસુમ જેવું હોઇ મધુગંધ વહે છે. હે પરામાતા, પરાશક્તિ તું સર્વવ્યાપી પરમ, તારી શક્તિ અચિંત્ય ગહન ત્રિગુણથી પાર નિત્ય પ્રકાશે છે. હે મહામાત તારી મહિમાનો કોઇ પાર પામી શકે નહીં. એવી હે માતા હું તો બધું જ ભૂલીને તારા ખોળામાં સુખેથી બસ રમું છું. કવિ મહાકુંડલિની જાગૃત કર્યા પછી જ પરાશક્તિના દર્શન પામે છે તેનું વર્ણન અહીં છે.

''રટણ'માં કવિનું વિદ્ધ કુરંગ શું મન, અસહાય બની પટકાતું આખરે પ્રભુના લોચનની સુધાથી, હળવા કોમળ હસ્તસ્પર્શથી અંતિમ શાંતિ પામશે. હવેથી નવ આયુને વરશે. ઘરના ખંડેરમાં ઢળી ગયેલ માટીના કોડિયા જેવું મન ઘનઘોર અંધકારમાં તેજને તલખે છે. દૈવી નૈનની દ્યુતિને ઝંખે છે. કવિનું મન કહે છે --

'મન મંજિર જીર્ણ મંદિર
પ્રભુને પાય પડેલ ધૂળમાં ;
સહુ છિન્ન વિછિન્ન ગુંજનો,
અકરથાં ભીતર ભારી મૂળમાં.'
(ગોરજ, પૃષ્ઠ- ૩)

ભીતરમાં ભારેલાં મૂળ કવિને દેખાતા નથી. પ્રભુના ચરણમાં છિન્ન- ભિન્ન પડેલ ગુંજનોમાંથી જ પરબ્રહ્મના મૂળને પામવાનું છે. છિન્ન-વિછિન્ન શબ્દનો સેતુ સધાય તો જ ભવના ઘુમ્મટ ભેદાશે. મનરૂપી ફૂલ બળબળતા તાપમાં પ્રભુની પ્રેમછાયાની

વાદળોને ઝંખી રહ્યું છે. મનના મધુર ઉત્સવોની રંગવર્ણો કંઈ ગાયા કરી છે પણ છતાં ય અંતરમાં વ્યથાના મોજાં ખાળ્યાં ક્યાં વેરવા - વ્યથામાંથી મુક્ત કેવી રીતે થવું તે સમજાતું નથી. ત્યારે તેઓ માત્ર જપયજ્ઞનું શરણ લે છે અને પ્રભુનું નામ રટી રહે છે.

'મન જીવન - મૃત્યુને તટે,
તવ હીં નામ રટે રટે રટે.'
(ગોરજ, પૃષ્ઠ- ૪)

'અમાસ'માં કવિ અમાસને પૂર્ણિમાની સંબોધતી તારક ફૂલથી ગૂંથેલી કહે છે. સુરગંગાની સરતી વેણી જેવી અમાસની રાત્રિ કવિને શ્યામ અંધકાર અપૂર્વ અભિસારિકા જેવી શોભતી લાગે છે. આ અંધારના ઘેરા ઘનમાં કાળની કુંજકુંજે અનંત પથમાં પળની સખીઓ અને વાંકીચૂકી લહેરખડી લહેરી વેગપૂર્વક જતાં કોઈક ફૂલ ' નથી'ના પથમાં ખરી પડે છે. પૃથ્વીનું આ ફૂલ કદીક તો પૂર્ણ કેરી પ્રેમ સ્પર્શ પામત જે અધવચ્ચે ખરી પડ્યું છે. પરંતુ ધરતીના આતુર અંગે અંગમાંથી તેનો તલસાટ છલકાય જાણે છે. સંપૂર્ણ આશ્લેષનો અધૂરપ, અમૃત - ચુંબનોની અધર પર અગાધ પિપાસા, નિઃસીમને સર્વ સમર્પવા મુક્તિના મંગલ દ્વારે ઢૂંકતી નિબદ્ધ પ્રાણોમાં મધુગંધ- ઝંખના આવે છે. આ ચિન્મય રહસ્ય અમાસની રાત્રિમાં કવિને જડે છે.

'શશીમુખે સત્ય સ્વરૂપ ગોપવ્યું,
ઢાંક્યું અને જે રવિરશ્મિની રજે,
ખોલ્યો રહસ્યોત્તમ આજ દીધું
અમાસ કેરા કમનીય કુન્તલે.'
(ગોરજ, પૃષ્ઠ- ૫)

'અગમ્ય સાથી'માં તેઓ સામાન્ય ધૂળભર્યા જીવન જીવી જનાર મિત્રને સંધ્યાસમયે સુદૂર પથ પર સરતો જુએ છે. અગમ્યના તેજને લલાટે ધરી આ સાથી અસીમ વાટે છાયે બની છવાઈ રહે છે. કવિને આકાશ- પૃથ્વી વચ્ચે પ્રચંડ વિમલ, અખંડ પ્રતિમા વિલસતી દેખાય છે. એની મધુર વાતોનો પરાગ બ્રહ્માંડમાં ક્યાંય માતો નથી. આ અનુભૂતિના સત્યાસત્ય માટે શંકા થાય છે. એ કહે છે --

'માર્ગે કને પથ પરે પગલું પડેલું
એ સત્ય કે પરમ જ્યોતિસ્વરૂપ પેલું ?'
(ગોરજ, પૃષ્ઠ- ૧૬)

એમને જ્યોતિસ્વરૂપ પગલામાં સંધ્યાની ચમકતી છલના કે માયા હોવાની આશંકા પણ જાગે છે. પરંતુ અંત ટાણે તે અનંતનો માર્ગ ચીંધી જાય છે.

મકરંદ દવે ગૂઢ દર્શનને ઝંખે છે, એની રટણા કરે છે, ધ્યાન કરે છે અને ઝાંખા-પાંખા અનુભવો પ્રાપ્ત પણ કરે છે. 'એક પ્રતિમા'માં એક અચળ પ્રતિમાને ફરતી ફરતી જુએ છે --

'પણે ધૂળભર્યાં ખૂણે તેજછાયા મહીં તરે
પ્રતિમા, પંથ પોતાને હલ્યા વિણ હરે ફરે.'
(ગોરજ, પૃષ્ઠ-૧૪)

તેઓ જે પ્રગટ જોવા ઝંખે છે તે માટીમાં જ પ્રગટ થતું કવિને જણાય છે. ધૂળભર્યા ખૂણામાં તેજ-છાયામાં તરતી આ પ્રતિમા પોતાના પંથ ઉપર હરે ફરે છે અને છતાં ય ચાલતી નથી. લાવણ્યથી નીતરતી, જીવની ઝંખનાની ઝાંખ શી નલિની, પાંખાળી પદ રેખા હાથમાં લીલકંપ, કંઠે પ્રાણમાં એંજપનો આશાબંધ, સુસ્થિર નેત્રમાં ઝંઝાનો

ઝાપટાં ધરાવતી મુગ્ધ મુખની છટા કવિથી જોવાતી નથી. આ અનામી પ્રેયસીનાં પગલાં પડતાં નથી. છતાં ઘૂઘરા-નૂપુર નિત્ય વાગે છે. બંસી હળવા સૂરે આ પ્રેયસીને બોલાવે છે અને તે વ્યાકુળ બની વને વને સાદ પાડે છે. કવિની સ્થિતિ ખૂબ જ મૂંઝવણભરેલી છે. હાથમાં પ્યાલો છે છતાં ય હોઠે માંડી શકાતો નથી. રસની સરિતા સામે છે પણ તેમાં ન્હાઈ શકાતું નથી. પ્યાસનાં ઝેર અને આશનાં અમી પીતા જવાનીના રૂપની કારમી જન્મટીપની કેદમાં કવિ પડેલા છે. તેમની ઝંખના અનસ્ત બીજની જેમ જલતી જ રહેશે. પૂર્ણિમાએ ફળીભૂત થવા કે અમાસે ઢળી જવાને બદલે બંકી બીજ બની આ પ્રતિમા અનસ્ત અહીં જલતી જ રહેશે. કવિની શાશ્વત ઝંખનાનું પ્રતીક બનીને આવે છે · 'એક પ્રતિમા'.

'ગ્રામદેવતા'માં કવિ કહે છે કે એમના ગામનું શૂર જ્યાં સૂતેલું છે તેવા સિંદૂરિયા પાણામાં ' નાથનું હૃદય કરુણાથી ચૂતું ' છે. આ પાણામાં જ કોઈ ભગતે પ્રભુનું મુખ વિલોક્યું છે, કોઈ માતાની માનતા ફળી છે. ગામનું નૂર બની જીવનને ધન્ય કરી જનારા ગ્રામદેવતા પ્રત્યે તુચ્છકારથી ન જોવા કવિ કોઈ વિદેશીને કહે છે.

'વાટ જોઉં છું ' કાવ્યમાં કવિ યોગસાધનાથી કુંડલિની જાગૃત કરી અપાર શાંતિથી નસેનસમાં પડેલી સુષુપ્ત ચેતના એકવાર વેગથી ધસમસતી બને, ધીરતમ અગાધ પ્રાણની નિશા અગ્નિજ્વાળ લાગતા દિશાદિશાને દેખતી કરી મૂકે અને ખરે ટાંકણે જ અપૂર્વ કાંતિથી પથ્થરમાં ય દેવતા પ્રગટશે એની વાટ જુએ છે. 'તૃપ્તિ'માં પ્રખ્યાતિ કે ધનસંપત્તિની લાલચ વગરનો કવિ જનજનના હૈયામાં હરરંગમાં રમતા પ્રભુની લગનીમાં ખોવાઈ ગયેલા છે. 'પ્રેમી પડછાયા'માં જીવનની એકાકી રૂપછટા સર્વ પ્રેમીઓથી ય પાર મૂક પડછાયાને અંતે એકાકાર મળે છે અને અદીઠને ઓવારે સમૂળ ખોવાને ફરી આંખોની પૂતળી આશાથી જાય છે. આમ કવિ 'મહામૌન'માં ભીષણ કાળા કામણથી પથંડ પડછાયો, રૂપછટાને આવરી લે છે. એવા પ્રેમી પડછાયાના નિરૂપણ દ્વારા અદીઠના પોતાના જીવન ઉપરના પ્રભાવનું તેઓ સૂચન કરે છે.

'મૃત -મિત્રો'માં કવિ મૃતજનોને પોતાના ખરા સોબતી કે મહોબતીમાં ગણે છે, કેમકે એમની જમાતમાં કવિના હૃદયની નોબત પળપળ વાગે છે અને એમની ઓજની ગોઠડી ચાલે છે. 'દરવેશ' કાવ્યમાં કવિ દુનિયામાં, પ્રેમ, જુદાઈ, સલામતી, અને ખુશહાલ ખુમારીનું સ્થાપન કરી દર્દની ગલીમાં મસ્તાની ધૂન મચાવી, પાગલ નાચ નચાવી જવા દરવેશને પ્રાર્થના કરે છે. વિશ્વમાંગલ્યના સંકલ્પને અહીં જુદી રીતે પગટાવ્યો છે. 'સહજ ધારા'માં કવિ જીવનની સહુ શાંત સુમધુર જીવનધારા વહે એ માટે પ્રાર્થના કરે છે. જિંદગીના સંઘર્ષોને જિંદાદિલીથી ઝીલતા, શ્રદ્ધાપૂર્વક અગમની નિર્ભીક વાણીને સાંભળતા. જીવનમાં આનંદ-દૃષ્ટિ અને નયનમાં તેજની સૃષ્ટિ ભરી પરમ પુલક પંથમાં સહજધારાના પ્રવાહો પથરાય એવી પ્રાર્થના કરે છે. 'દિન વહ્યા જાય'માં કવિના જીવનનો પરિચય મળે છે. ધનના ધોળાના સ્વપ્નમાં કવિ જગત - જીવન જોતાં દિન પસાર કરે છે. બધાં કામના કોલાહલમાં વ્યસ્ત છે ત્યારે કવિ રોજ રજાના દિવસમાં રમતા કુતૂહલમાં વ્યસ્ત છે. સ્વપ્ન પળોમાં તેઓ પોતાને જુએ છે તો શાળામાંથી ભાગી છૂટેલા બાળક રૂપે, આળસુની જેમ પડ્યો રહી કંઈ ન કમાતા માણસ રૂપે જુએ છે. દુનિયા પોતાને એ રૂપે ભલે જુએ, એમને તો ઓજનો સાદ જ લલચાવે છે, એ સપનાં જ સાચાં લાગે છે. પ્રભુને વાચા આપવા તેઓ મથે છે. એમને એવો ભાન લાગે છે કે બધાં કામ તેઓ ભૂલી ગયા છે. હવે કોઈ બાજી હાથ રહી નથી. જેને ઉજાશ ઓળખ્યો નથી એના જ રંગમાં કવિ તો રાજી છે.

'દૂરનો ડાળો'માં કોઈ દીવાના કારણે કવિની ભીંત ઉપર છાયારૂપ દૂરનો ડાળો ઝુલતો આવી છે. એની રેખાને જોઈને રંગ-સુગંધના સાજ ફગાવી ભભૂતનો ભેખ ધારણ કરી મીરાંની જેમ ગિરધારીને ગાતવા તેઓ નીકળી પડે છે. આ છાયારૂપ દૂરનો ડાળીનું વર્ણન કરતાં કહે છે--

'નૃત્ય એનું નીરવ પદે :
ગીત એનું મૂક :
અંગ તો ઝોલા ખાય રે કાંઈ
ભાવથી ઝુકાઝૂક !
અણદીઠાને દેખવા જાણે
જયાંતની કોઈ જાળી !'
(ગોરજ, પૃષ્ઠ- ૬૧)

આઘે હોવા છતાં પ્રાણથી ય પાસે ઝળુંબી રહેલો પડછાયાનો પ્રાણધારા કવિએ ગૂઢ સંકેત આપે છે. બાગમાં લીલવરણો મ્હોરેલો દીવડા આડે મળો કેવળ છાય બનો આ આખું ઘર - કવિનું ઉર - ઉજાળી જાય છે.

'અચલ ગિરિ સમ'માં કવિના પંડમાં અચલગિરિ સમ જે વસ્યો છે તે સૌનો પ્રાણે અંતરે નિર્મમ વ્હાલ વધારે છે. પણ કવિ આવો હેતહડિયું કાઢીને સામેથી ખોલવા જવા માગતા નથી. આવે તેને મન મેલીને બાથે ભીડી લેવા ચાહે છે. એક પ્રેમનું શિખર નિરંતર નભ નિહાળે છે અર્થાત્ ઉન્નત છે..

'શું હસવું ? શું રડવું ?'માં કવિના જીવનનું લક્ષ્ય અને દૈનિક જીવનનું કર્મ પ્રગટ થાય છે. કવિ શૂન્યશિખરના પવન-પગથિયે ચડવાનો પ્રયત્ન કરે છે. કવિના આતમનો અસવારી ભુલામણીમાં રોજ ભટકે છે. તેઓ તો બાંધી મૂઠીમાં જીતી બાજી હારી જવા માગે છે કેમકે આ બધો તો ખાલી ખોટો ખેલ છે. એમાં કંઈ ખોવાનું કે મેળવવાનું છે જ નહીં.

'ધૂળિયે મારગ' કવિનું ખૂબ જ પ્રચલિત કાવ્ય છે જેમાં કવિનો ફકીરી મિજાજ અને પ્રેમને પ્રભુના પર્યાય રૂપે જોવાનો અભિગમ જડી આવે છે. 'માનવી ભાળી અમથું અમથું આપણું ફોરે વ્હાલ' એ કવિના જીવનની ધ્રુવપંક્તિ છે. એ સહજના કિનારે એમણે અગમની યાત્રા આરંભી છે. પ્રેમ એ જ આનંદનું કારણ છે . પૈસા કે વૈભવમાં કવિને સુખ જડતું નથી. પૈસાથી પ્રેમ લુપ્ત થઈ જાય છે, સ્વાર્થ વધે છે. આથી કવિ અકિંચન અલગારી જીવન જ ઝંખે છે.'

'સદાય સુહાગણ'માં કાલરૂપી સુહાગણની વાત કરે છે, જે દ્વન્દ્વાત્મક તત્ત્વોને ધારી ચાલી જ જાય છે. 'ચાંદ કેશરિયો'માં કવિ ફાગણની પૂનમના ચંદ્રનું વર્ણન કરી તેમાં જ 'સુંદરવર સાંવરિયો પૂરણ પાયો'નો સંતોષ વ્યક્ત કરે છે. સુરતાની વાતમાં ગૂઢ જ્ઞાનની વાત બીજાને કહી શકાતી નથી. એતો આત્માનુભવની વાત છે. એટલે તેઓ કહે છે --

'મલકી મનમાં મૂક રહીએ -
સાહેબી મોંઘી, સુરતાની વાત કેમ કહીએ ?'
(ગોરજ, પૃષ્ઠ- ૧૦૬)

અકળ ઉકેલાય એવી પ્રીતમની પાંદડી વાતોમાં વેરી દેવાની કે બોલ્યા ન ઝિલાય એવા ઝીણેરા રંગને રેલી દેવાની કવિની તૈયારી નથી. સાનમાં આંખોથી એ સમજી કે સમજાવી શકાય છે. સુગરા સહેજમાં તે સમજી જાય છે.

'સુગંગ તે સેજમાં ભરી ભરી પોશે,
વ્હાલાના વ્હેનમાં વહીએ.'
(ગોરજ, પૃષ્ઠ-૧૦૬)

કવિ કહે છે અંગ અંગમાં વ્હાલોજી વસિયા છે, એ જીવણથી દૂર શા માટે જઈએ ? ચોકમાં એનાં ગીતો કેમ ગવાય છે એ છાના છમ્માં ગુંજી લેવાનું કવિ કહે છે.

'અમરત વરસો'માં હેતના અમરત વરસાવા કરૂણાધન (પ્રભુ)ને પ્રાર્થના કરે છે. પ્રેમથી કોરા કણકણને ભીંજવી મનની જીર્ણ ડાળીને રળિયાત કરી, આતમનો કંપ ઉઘાડવા, 'લહર લહર પર લાલપ દરસાવવા' યાચના કરે છે. નિર્મળ દૃષ્ટિ પડતાં જ સૃષ્ટિ નૌતમ બની જાય છે. એવી પળોનું સર્જન કરી, કુંઠિત હૃદય પ્રફુલ્લિત કરવા જીવનધન પ્રભુને આજીજી કરે છે. 'મધરાતે કોયલ'માં કવિના પ્રાણમાં કોયલનો ટહુકો ઝંઝાવાત જગાવે છે. ભીતર સૂતેલા સાતેય સાગર જાગી ઉઠે છે. કોયલનાં વિલાપમાં કવિ પણ રાતભર ઝંખનામાં જળી મરે છે. 'આવે ના'નો કવિ ફરિયાદ કરે છે. 'અસંભવ વરણે'માં સુધબુધ ભૂલી સુરતા અસંભવ વરણે ચાલી છે, બુદ્ધિ લાભના લેખા ગણાવે છે. મહોબત નાનકડા હેઠા પકડી રાખે છે. અંબર અભિસારે બોલાવે છે, છતાંય --

'રોમ રોમ સૌ રંદ નિછાવર
અકથ મૌનની ભાષા !
પાંપણ બાવળી પલપલ જલના
અગનીનાં આભરણે ''
(ગોરજ, પૃષ્ઠ-૧૨૭)

આમ સુધબુધ ભૂલી સુરતા અગ્નિનાં શણગાર સજવા અસંભવ વરણે ચાલી નીકળી છે. અસંભવ વરણ એટલે 'નેતિ' - 'નથી' ના માર્ગે કવિ કંઈક શોધવા ચાલી નીકળ્યા છે. તે અદીઠ સુંદરને વરવા માથું પટકી મરશે. પરંતુ અધવચ્ચ આતમનો અમૃત-મટકોય નહીં ઉતારે. અનંત જીવન-મરણ કાળ એનો પગલાં ગણતો રહી જશે. કવિનો આ મોક્ષને માર્ગે ચાલવાનો સભાન પ્રયત્ન છે.

'પ્રાણપિયાસો'માં પ્રાણ નાનકી બારી ખોલી રોજ ધારી ધારીને નિરખી રહે છે. સવાર, બપોર, સાંજ અને પાછો રાત કવિના પ્રાણની પ્યાસ નિરખી રહે છે--

'આવું, આવું, પ્રાણ પોકારે,
કાયાના ત્યાં કારમા ભારે
બેસવાનું બંધાઈ શું મારે ?
રોજ રહે છે તેજની ધરી તરવાની તૈયારી.'
(ગોરજ, પૃષ્ઠ- ૧૩૦)

કાયાના ભારને છોડીને તેજની ધરીએ તરવા કવિના પ્રાણ તત્પર છે.

'યાદ અજાણી'માં કવિના જીવને પળ પળ અજાણી યાદ આવે છે. આ યાદ ભવોભવ ભિળી આવતી ભેદભરેલી છે. એકલ સૂના માર્ગે જગ સાથે એ બાજુનો એંધાણ ય આવે છે. કવિના સૂરમાં સૂર મિલાવી જતી એ અજાણી યાદને તેઓ કહે છે --

'જતાવો જુગ જુગોથી જુગતે છાનો પ્રીત પુરાણી ''
(ગોરજ, પૃષ્ઠ- ૧૩૨)

કવિનો આ પ્રીત એ જ મૂળ સાથેનું અનુસંધાન છે. જેનો પોતે અંશ છે એના પ્રતિ એમનું આકર્ષણ સહજ છે. 'અવસાદ'માં એક સનાતન સત્ય પ્રગટાવતાં કહે છે કે સકલ મનોરથ સફળ થવાનો સુંદર વેળાએ અવસાદ મરતો નથી. કેમકે અંતરમાં જ વસીને હિ

અવહેલના કરે તો વિરહ-ઉન્માદ ઓર વધે છે. એ સનાતન રીતિ છે. પીનાં પ્યાસ વધે અને આકુલ પ્રાણને પીનાની તૃપ્તિ હોતી નથી. જેમ ચકોરી ચંદ્રને રાતભર ઝુમીને ચૂમે છે તેમ હવે તો કવિ માધવવશ બની ગયા છે.

'હરી હવે તો સુધબુધ મોરી
માધવ વશ મકરન્દા.'
(ગોરજ, પૃષ્ઠ-૧૩૩)

'સપનાં સપનાં'માં કવિના કરુણ જીવનને કનડતાં ખાલી સપનાં સાચ કરવા કવિ વિનંતી કરે છે. સાંજ પડે ને કવિનું હૈયું ખાલી ખાલી થઈ જાય છે. મનમોહનને મળવા અધીર બને છે. મધરાતે ય જાગી જાય છે કેમકે કોઈ વેણું વગાડી બોલાવે છે. રોજ રોજ આંખે નરતી રંગરૂપાળી કાયા મમાળી માયા લગાડી જાય છે. કવિ કહે છે હે મનમોહન વનમાળી હું શું કરું ? તમે ક્યારે મળશો ? મારા મૂનાં અંતર-તપનાં સપનાંને સાચ ક્યારે કરશો ? અહીં કવિને પ્રભુમિલનની આરત પ્રગટી રહે છે.

'નિકટ હરિનો દેશ'માં કવિ કહે છે નયનની નિકટ જ હરિનો દેશ છે. કવિ રોજરોજ નયનભૂમિ પર ભમે છે. કવિ શોધે છે કે 'ક્યાં કાંઠે એની વેણું વાગે ? ક્યાં ગોવાળી વેષ ?' પણ કવિને સૂરત દેખાતી નથી. છતાં ય એમનું મન મૂરતી મગન બને છે. શ્યામની કમલ જેવી કાયા કે ઘુંઘર કેશ દેખાતા નથી. પણ કવિ તો સ્પર્શ વિના ય ગાઢ આશ્લેષને પામે છે. એમની ફરિયાદ છે કે--

'હરિ' તમ નગરી મહીં અમારી આવી દશા હમેશ,
નિકટ વસી, નિરખ્યાં વિણ પીવાં અમૃત-પ્રેમ અશેષ.'
(ગોરજ, પૃષ્ઠ-૧૩૩)

અને પ્રાર્થના કરે છે--

'રજ રજમાં વ્રજ કેરી પતીતિ આપો હવે રસેશ'
નયણાં પ્રાશે એક તમોને નિરખું નિત અનિમેષ.'
(ગોરજ, પૃષ્ઠ-૧૩૬)

'નિખિલ ગગન'માં કવિ શ્રાવણી સંધ્યાએ નિખિલ ગગનમાં છાયેલ રંગ કોઈક છુપડી ગયેલી બારીમાંથી જોઈ હરખાઈ ઊઠે છે કે એમના કંઠેથી 'નિરખ નિરખ રસ પાયો' અને 'હરખ હરખ જસ ગાયો' જેવા શબ્દો સરી પડે છે.

'મોરપિચ્છ'માં માધવને મોરપિચ્છનું અવલોકન રાધાના અગાધ પ્રેમ ની યાદ અપાવી જાય છે. ત્યારે માધવ પણ મોરપિચ્છ શિર ઉપર ધારી 'રાધા રાધા' બોલતાં વનકુંજે ડોલી રહે છે. 'હરિની વાતો'માં એમની ગોવિંદભક્તિ પ્રગટ થાય છે. તેઓ મનને હરિની એક એક સુંદર સુરતિની વાતો કહેવા કહે છે. કોઈના મુખે નામ કવિ સાંભળે છે તો હૃદયમાં હરખ માતો નથી, સજાણાને ય નેહનો નાતો જાણી ગળે લગાવે છે. હવે તો કવિ ગોવિંદ ગુણ ગાવામાં જ મસ્ત છે --

'ભીના નયન, પુલક તનું ઘુમત વાર વાર મદમાતો.
મસ્ત હવે મકરંદ જાય ગોવિંદ ગાન ગુણ ગાતો.'
(ગોરજ, પૃષ્ઠ-૧૩૦)

'પરમ સગાઈ' કાવ્યમાં કવિના મને પરમ સગાઈ પ્રાપ્ત કરી છે જેનાં આનંદ જનમ જનમ ગાતા રહેવા ઈચ્છે છે. શરમ-ધરમને છોડીને પાગલ ન બની જવાય તો જ નવાઈ એવું કવિને લાગે છે. 'રૂપ વસંત'માં કવિ વસંતનું કૃષ્ણરૂપે વર્ણન કરે છે. એ જ રીતે 'વસંત-વર્ષા'માં પણ 'વ્રજરાજ આજ વરસે વસંત' એમ કહી વસંતરૂપ કૃષ્ણને પામી ધન્ય

બને છે. 'સફળ જનમ'માં કવિએ જીવન હેતુ જાણી લીધો છે. જીવન-મરણને ઘાટે કાળનો સાગર ઘૂઘવે છે પણ વ્હાલાએ કવિને અમર જહાજમાં બેસાડ્યા છે. પૂર્વનાં પુણ્ય, પ્રીત પૂરણ કાજે ફળ્યાં છે. મહારાજે મહેર કરી છે એટલે આ જ જનમ સફળ થયો છે. 'ચાલો આપણે દેશ'માં કવિ દોરંગી દુનિયાના વેશ જોઈ જોગીને પોતાને દેશ ચાલવા આદેશ કરે છે. પોતાના અલબેલા મન -જોગિયાને કહે છે --

'બજાર વીંધીને ચાલો, સાંગો સાદ કરી લો.
'સાંઈ શબદનો તુંમે ઘરોઘર આ નોતરતો નાદ.'
(ઓરિજ, પૃષ્ઠ- ૧૪૫)

ભવનું ભાડું ઉતારી, કેશ ઠંડા ઉડાવો, ભાર થાય તો ભસ્મ લગાવી સાંજ સવાર ચાલી નીકળવાનું કહે છે. આ જોગિયાનો કેડો જ્યાં ધરતી ને આકાશ મળે છે, જ્યાં તેજ - તિમિર અંત પામે છે ત્યાં છે. કાળ બિચારો અમારી પાછળ ફોગટ ફરી રહ્યો છે. જોગી તો કાળથી પાર નીકળી ગયા છે. અવધૂ રમતામાં રાત તો વીતી ગઈ. સવારનો ટકોરો ફૂટ્યો એટલે કવિ કહે છે--

'સાહિબ કે ઘર સુરતા સાંધો, હવે મગનમેં માનો.'
(ઓરિજ, પૃષ્ઠ-૧૪૫)

હવે સંસાર છોડી અવધૂતનું ગાન ગાતા સાહેબા સંગ સુરતા બાંધી આનંદસમાધિમાં તેઓ મગ્ન છે. અહીં કવિના જીવનનું લક્ષ્ય પ્રગટ થાય છે. એ જ રીતે 'પ્રીત નગરીયાં'માં કવિ મનને મનમાની પ્રીતનગરીમાં ચાલવાનું કહે છે. જગતનો વ્યવહાર માફક આવતો નથી. નફો-નુકશાન, દુશ્મન, અહેસાન બધાંથી કવિનો પંથ ન્યારો છે. કવિને તો બસ રસ છે સુરતાની સડકે માલિકના ઘરે પહોંચવામાં. માટે જ તો કહે છે.

'આમે રામઝરૂખો સોહે, ઓપી સડકે સુરતાની.
શબદ જગાવે, સોહે પાવે, માલિકને ઘર મિજબાની.'
(ઓરિજ, પૃષ્ઠ- ૧૪૬)

'રામરટણ'માં કવિને રામરટણની અમૂલખ વસ્તુ વણમાગી મળી છે. 'આવો' એમનું ખૂબ જ પ્રશંસા પામેલું આત્માભિવ્યક્તિનું ગીત છે.

'અમે રે સૂકું રૂનું પૂમડું,
તમે અત્તર રંગીલા રસદાર;
તરબોળી દ્યોને તારે તારને,
વીંધો અમને વ્હાલા, આરંપાર :
આવો, રે આવો હો જીવણ, આમના.'
(ઓરિજ, પૃષ્ઠ- ૧૪૮)

પ્રભુના રંગમાં રંગાઈ જવાની, આરપાર વીંધાઈ જવાની કવિની તીવ્ર ઝંખના અહીં સુંદર રીતે અભિવ્યક્તિ પામે છે. તેઓ પોતાને સૂના ઘરનું જાળિયું અને પ્રભુને નાતા તેજના અવતાર ગણાવે છે. મનના ભીડેલા ભોગળોના આગળા ભેદીને ઝળહળ અદીઠા અંબારથી ભરી દેવા કવિ પ્રભુને નિમંત્રે છે. પોતાની ચિત્તશુદ્ધિ માટે પ્રભુ પાસે આગના શણગાર માગે છે. ધુપસળી- બાદલ ઇંધણાં સમાન કવિના પ્રાણને ધગધગ ફૂલોના અંગારથી પ્રજાળી પરિશુદ્ધ કરવા તેઓ ઇચ્છે છે. આમ અધ્યાત્મના માર્ગે પળેલા કવિની મનીષા અહીં પ્રગટ થતી જણાય છે.

'ખરેલાં પાંદડાં'માં કવિ ખરેલાં સૂકાં પાંદડાં પાછાં મૂળને જઈ મળે છે ત્યારે અનામી અતીત બનેલાને પણ પૂર્વજોની પ્રીત પાછી મળે છે. જનમ - મરણના

કમને. સર્જન-વિસર્જનના સત્યને કવિ એટલી સહજતાથી પ્રગટાવે છે કે પાંદડાંની ઉક્તિમાં કહે છે --

'આવતાંને મલાજું આપી જશું,
અમારી જ્યાં ટાઢી થાશે રાખ જી,
કૂંપળોના દીવા ઝગશે લાખ જી,
અમે રે ખરેલાં સૂકાં પાંદડાં.'
(ગોરજ, પૃષ્ઠ-૧૫૭)

સૂકાં પાંદડાંનું ખરવું અને નવી કૂંપળોનું ફૂટવું એ જીવન-મરણનાં રહસ્યને સુંદર કાવ્યાત્મક અભિવ્યક્તિ આપે છે. 'પંખી આંધળું'માં કવિ ઊંડી વનરાઈમાં આંધળું પંખી ગુરૂ પાસે આવે છે કેમકે ગુરૂ એને ગોદમાં લઈ એનું જીવતર ઓંકાર કરે. પંખીના માધ્યમે કવિ પોતાની ઝંખનાને અહીં પ્રગટ કરે છે. 'પશમીનો પોકાર'માં કવિ ગરવાના ગેબી, મનખાના મોભીને નોધારાના આધાર બની, બૂડતી બેડીને તારવા, દલડાંના દવ ઠારવા પધારવા પોકાર કરે છે.

'અનોખાં ઇંધણાં'માં કવિ આતમરૂપી ઇંધણાંને ચેતાવવા પ્રભુને પ્રાર્થના કરે છે. અલખની ધૂણી ધખાવી જીવતરને ઉજાળી જવાના કવિના પરમલક્ષ્યનું પ્રાગટ્ય તેમનાં જુદાં જુદાં કાવ્યોમાં જુદાં જુદાં રૂપકો લઈ થતું જ રહે છે. કવિની પરમના પ્રાગટ્યનો માર્ગ કેવો છે તેની સુંદર અભિવ્યક્તિ અહીં સાંપડી છે.

'અંગારો ઓલાણા અવધૂત ઊઠિયા,
પડી રઈ પછવાડે ફરફરતી રાખ,
ચેતો રે ધૂણીમાં જીવતર જાગવ્યે.
પ્રગટે પ્રાણ શેણે મરી મરી લાખ'
અનોખાં ચેતાવો આતમ, ઇંધણાં.'
(ગોરજ, પૃષ્ઠ-૧૫૮)

આગળ ગુરુ કહે છે કે ગુરુની પ્રગરજની ચપટી ભરો, સૂની મઢીની છત્રછાયાને માણી રહો, ચેતનવંતી ચાખડી આઘી હોય, મર્મી સમર્થ મોભીડા સાઈ હોય તો પ્રસાદી પડિયલ પાંદડાં વીણો. સૂકાં ફૂલનાં સંભારણાં રાખો, કૂંપળમાં ગુરૂની કૃપા કોળી રહે અને કળીઓમાં ય એના ગુરૂ મૂલ ઊગી રહે એવા અનોખા આતમ ઇંધણાંને ચેતાવો. એવા ગુરુની સમાધિ પર ઘીના દીવા કરો. અહંગ નેજા ફરકાવો. તંબૂરતારના ઓંજળિયા તાણો, મંજીરાની ઠાકમઠોક મેળવો. અલેક પુરુષની અઘોરવાણીને શબ્દમાં સમાવી કોણે સાંભળી છે ? એટલે તો કહે છે --

' ધગતા હૈબાળે જીવતર નંઈ ઝળે,
જેના મરી ગિયા મોહ્યલા અંગાર,
પંડમાં પોઢેલા જગવો દેવતા,
પ્રાણે પ્રગટાવો અસલી અંબાર ' '
(ગોરજ, પૃષ્ઠ-૧૫૯)

આવા પંડમાં પોઢેલા દેવને જગાડી શકે, પ્રાણમાં તેજના અંબારને પ્રગટાવી શકે એવા આતમ ઇંધણાંને કવિ ચેતવવા કહે છે. નરસિંહ પણ જ્યાં લગી આત્મા ચીંત્યો નહીં ત્યાં લગી સર્વ સાધનાને સર્વ જૂઠી ગણાવે છે. અહીં કવિ મકરંદ પણ આત્માને ચીંતવી ગુરૂકૃપાથી પ્રાણમાં અસલી અંબાર ભરી દેવાની વાત કરે છે. અસલી અંબાર એ જ તેજ રૂપ બ્રહ્મ. આત્માની ચેતના પ્રગટ થાય છે ત્યારે બ્રહ્મનું તેજ તેમાં વ્યાપી રહે છે.

'સત જગનને જાણો'માં કવિ જોગીડાના સતના યજ્ઞને જાણવા કહે છે. વહાલું સર્વે હવનમાં હોમી દઈને અલખના અંગારને જલતો રાખવા કહે છે. પાતાળફોડી પ્રેમઝરો આ જોગીની તુંબડીમાં ઝીલાણો છે. પ્રેમરસથી ય ચેતન ભરિયો એના શબદનો શમિયાણો છે એવા જોગીના સતના જગનને જાણવા કવિ કહે છે. 'નરબંકા'માં અલખના ખેલણહારા નરબંકાની પ્રશસ્તિ કરે છે. આ નરબંકા પ્રલય ટાણે ગગને ચઢી રહે છે - ઝઝૂમી રહે છે.

'સાહેબની સૂરત દેખે ,
હેતભર્યાં નયણાંએ હેરે ,
ચલો ચકોર ચકોરી ફોજું , દઈ જગતમાં ડંકા '
(ગોરજ,પૃષ્ઠ-૧૬૨)

આવા નરબંકા વાવંટોળની પાંખે પલાણી , નિર્વેર નૂરના સહેલાણી નિશાણ માંડી નિશ્ચે પવનગઢ લંકાના પ્રાણ જીતે છે. અહીં કવિ પ્રાણાયામ દ્વારા યોગસાધનાથી દીપકરૂપી લંકાનું દહન કરવાનું સૂચન કરે છે. ધ્યાન દ્વારા નજરની સામે જ પૂર્ણ નિષ્કલંક નરને પ્રગટતા તે જુએ છે. ત્યાં પછી બહાર અને ભીતર એક જ અલખને રમતો . જડચેતન સર્વેમાં જ એ રમી રહેલો તે જુએ છે. આ સિદ્ધિને પામનારા ગગને ચઢેલા નરબંકાઓને દેખાય છે --

'શબદુમાં અજવાળું થાતું ,
જમનું રાજ ગયું રોળાતું ,
શૂન શિખર પર શાહ બિરાજે : સપને રહી ના શંકા '
(ગોરજ ,પૃષ્ઠ-૧૬૩)

નાદબ્રહ્મના પ્રાગટ્યથી આત્મામાં અજવાળું થાય છે,જ્ઞાનની જ્યોતિ પ્રદીપ્ત બને છે. જીવતા મોક્ષને પામનારા આ નરબંકાઓને કાળ કંઈ કરી શકતો નથી. જીવન-મૃત્યુને જીતી જનારા આ વીરલા નિઃશંકપણે હવે શૂનશિખર પર બિરાજમાન શાહને જોઈ શકે છે. યોગમાં જ્યાં સૂર્ય-ચંદ્રની યુતિ થાય છે અને સુષુમણાનો નાદ પ્રભાવ છે ત્યારે શૂનકારનો અનુભવ થાય છે. બાહ્ય જગતથી અભાન બની એ ક્ષણોમાં યોગી દર્શનને પામે છે. નરબંકાઓ આ શૂનશિખરે જ્યાં શાહ બિરાજેલ છે ત્યાં પહોંચી જાય છે. કવિનો પરમપ્રાપ્તિનો માર્ગ યોગસાધનાનો છે એ એમના અનેક કાવ્યોમાં આ રીતે પ્રગટ છે.

'હુકમનું પાનું'માં કવિ પ્રભુની લીલાને ગંજીફાની રમત ગણાવી પોતાને હુકમનું પાનું માને છે. માલિકે મારેલી મહોરથી એને કરેલા ફરમાન પ્રમાણે કવિ જીવનમાં એનો જ રંગ રાખે છે. કવિનું મન એના દર્શનનું દીવાનું બની એના ઇશારે જ ચાલે છે. જીવન રૂપે ક્યારેક પ્રગટ તો મૃત્યુરૂપે ક્યારેક છુપાઈ જતું કવિના જીવનરૂપ હુકમનું પાનું એક્કા, રાજા, રાણીને ય રોળી દે છે. હુકમની હાજરીમાં કવિ પોતે તો કંઈ ગણના નથી કેમકે તેઓ તો માત્ર પ્રભુની જ બાજીનું પાનું છે. આમ પ્રભુને શરણે પોતાના જીવનનું પૂર્ણ સમર્પણ કવિને પ્રભુ સાથે નાદ સાધવામાં પૂર્ણ સહાયક બને છે.

'ગોરજટાણે' કાવ્યસંગ્રહનું અંતિમ કાવ્ય કવિની અંતિમવિદાયનું સૂચક કાવ્ય છે. ' ગોરજ'નો અર્થ છે નમી સાંજ. કવિ કોઈ ગોવાળિયાના અપાર ગોધણ આવતાં-જતાં , સવાર-સાંજ નિહાળે છે. આ ગોવાળિયો તે ગાયોનો ગોવાળ નથી પરંતુ જગનિયંતા છે. એના કિરણોની ધેનુ છૂટે છે, એની સોનેરી રેણુ ઊડે છે, દુલાઈ પાયેલી વેણુ વાગે છે ત્યારે કવિના મનના કોઠમાંથી પણ રૂપાળી આતમધેનુ છૂટે છે. ઘડીક ગળાનો ભાર સાંકળને ભૂલી જાય છે અને નયનમાં ખુલ્લા ગોચર ઊઘડે છે. હરખથી

ઘંટડીના રણકાર જેવી ત્રુટે છે. ગળાની સાંકળ એ સંસારના શારીરિક બંધનો છે. ખુલ્લા ગોચર અનંતનો વિસ્તાર છે. કવિને શ્રદ્ધા છે કે --

'કો'ક દી એવો આવશે વારો,
પામશે એક અસીમનો ચારો,
ગોકળી તારો ગમતીલો અસવાર --'
(ગોરજ, પૃષ્ઠ-૧૯૬-૯૭)

કવિનો આતમહંસને પણ અસીમના આરે, ચેતનના અહુકાં પરિયાણે, નવા પરિયાણે સંચરવાનું સદ્‌ભાગ્ય સાંપડશે. એવા ગોરજ ટાણે સાદ પાડીને ઉદારજનો ઓથમાં લેવા કવિ માગે છે. અહીં ગોરજ ટાણું એટલે કવિનું અંતિમ નવા પરિયાણે પળવું તે છે. 'તરણાં'થી આદરેલો પ્રેમનો પ્રવાસ કવિના અંતિમ નવા પરિયાણે પળવા સુધી લંબાયેલો અહીં જોઈ શકાય છે.

સૂરજમુખી

'સૂરજમુખી'માં કુલ ૭૪ કાવ્યો છે. જેમાં વ્યક્તિચિત્રો, વસ્તુ-પ્રસંગ-વર્ણન, પ્રકૃતિ તથા અધ્યાત્મચિંતનનાં કાવ્યો મળે છે. કવિની વાણી બનીઠનીને આવે છે, જુઓ--

'વેદના ધરતી કેરી ઊંડી આરત આભની,
આજ બે જીરવી પાણે બાની મારી બનીઠની.'

ધરતીની વેદના અને આભની ઊંડી ઝંખનાનો ભાગ જે કવિએ અનુભવ્યો છે એનું જ નિરૂપણ કવિતામાં થતું રહ્યું છે. કાવ્યસંગ્રહના ઉઘાડમાં 'વંદના'માં નવસૃષ્ટિના પ્રારંભે આહ્‌લાદ રેલાવતી માતા મહાલક્ષ્મીને, સર્જનના મધ્યે અંતરજ્યોતિ પ્રગટાવતી ચિન્મયી મહા સરસ્વતીને અને અંતે સંહાર શી ઉજાળી ભીષણ ભવ્ય સર્વવિજયી માતા મહાકાળીને વંદના કરે છે.

'હે ભારત વર્ષ મહાન'માં પ્રણવમંત્રના 'ઓમ'કારથી જયપ્રકાશને પંથે જનમંગલમયી પ્રસ્થાન આદરવા કવિ કહે છે.

'બાપુ', 'આતમના ઇજનેર', 'મેઘાણીને', 'ભાઇ મહેન્દ્ર', 'અમારા માસ્તર', 'માતૃભક્ત મણિભાઇ' ઇત્યાદિ કાવ્યો વ્યક્તિવિશેષને અનુલક્ષે છે. તો 'કણ્વ', 'કૂવાકાંઠે', 'ઇસુ', 'નિત્યાનંદનો સંસાર પ્રવેશ' જેવા કાવ્યો વ્યક્તિના જીવન પ્રસંગને વર્ણવે છે.

જે પ્રેમ અને વિશ્વાસનો મુઠ્ઠી માનવી નથી પામી શકતો તે કૂતરાંએ સહજ મેળવી હોવાનું કવિ 'અમારો કૂતરો- ટોમલો' કાવ્યમાં જણાવે છે. 'સંદેશો', 'રે દરદી', 'પતિતા', 'અપરાજિતા', 'અશાંત આત્મા', 'છૂટ કાવા', 'હસતી ય આંખે હજુ', 'ઓપરેશન થિયેટરની બહાર', 'આંબ કાળી', 'એક સ્ત્રીનું ડાઇંગ ડેકલેરેશન', 'અંધાની પત્ની' ઇત્યાદિ બહુ નોંધપાત્ર કાવ્ય નથી.

અન્ય કાવ્યોમાં 'તરણાં'નું ભાવસાતત્ય જાળવતું કાવ્ય છે 'નાનકડું ગીત'. 'તરણાં'માં જોયું તેમ કવિને નાનકડી વસ્તુઓમાં જ અગમનો અણસારો મળે છે. નાનકડું ગીતમાં કવિ કહે છે --

'એક નાનકડા સૂરમાં ગૂંથું
એક નાનકડું ગીત ;
એક નાનકડા ઉરની એમાં
પાથરી દઉં પ્રીત .'
(સૂરજમુખી, પૃષ્ઠ- ૨૭)

કવિના પ્રેમથી સભર નાનકડા ગીતથી જો કોઈનું ઉર ગુંજી રહે તો એમાં જીવનની જીત - ધન્યતા અનુભવાય છે. એમના ગીતની કોઈ વિશેષતા નથી. નમણું કોઈ ફૂલ નાચે ને કોઈ તારો ચમકે ત્યાં ચમકું એવું ગીત અગમનો અણસારો આપે છે. વંટોળ-આંધીને વીંધીને પણ કવિને સૂરને તાંતણે આખી સૃષ્ટિના નાદને વીંધતા જવું છે. આ સૂર એ પ્રેમનો સૂર છે. કવિ જે પ્રેમને વહાવે છે તે પ્રભુને કોઈ જાણી રહે એ જ જીવનની ધન્ય ઘડી છે.

'કંઈ નથી'માં કવિ કહે છે ભૂલી પિછાણને ઝાંખે નજર ભૂલી પડી છે. કાળને કોતરાયું કંઈ ચમત્કાર કરે છે, જીવતરમાં કોઈની છબી પડી ગઈ છે ત્યારે 'કંઈ નથી' એમ સમજી લઈએ તે ખોટું છે. 'જમાખાતું' માં કવિ કહે છે કોઈ અનામી થાપણે તારે જમાખાતું થાય છે આથી આજે અનામી જળમાં સપનાં તરતાં મૂકીશું તો કાલે સાચ બનીને ફળશે. પ્રેમની કાચી વેલને સાધના પાણી પાઈને નિર્ભય ગાન ગાતાં જિંદગી જીવી જવી જોઈએ.

'ઝરણા'માં આપણે જોઈ શકીએ છીએ કે કવિનું મન પ્રભુ પ્રેમરૂપ-સૌંદર્યરૂપ છે. એમના હૈયાને ક્યાંય જવું નહોતું પણ ઝરણાએ હઠ કરી દૂરના શૃંગ બતાવ્યા એટલે કવિએ સફર આદરી, મધુર મિલનની ઝડી વરસાવી પછી વસમી વિદાયો આપી, આઘે ગગન બતાવ્યા અને ફરી કવિને ઘેરા સોંભરી. કવિએ એટલું માની લીધું છે કે શ્વાસ એટલો પંથ સામે પડ્યો છે. ક્યાંય પાછું ફરાશે નહીં. એટલે જ તેઓ નોંધે છે :

'-- તો ભલે ઝરણા, પ્રાણ પ્રજવાળ તું
કો' અનિર્દેશ ભણી આજ લઈ ચાલ તું
જ્યાં રહે નિતનવી તરણ મારી તૃષા
ને સદા પથાળો સૌંદર્યનો અધભરી -'
(સૂરજમુખી, પૃષ્ઠ-૩૮)

'ફોરમ'માં કવિ કહે છે ફૂલતો નિજ રંગમાં રાતું છે. ફોરમ ડાળીને રાજી રહે છે. કોઈ મસળી નાખે તો ય તાજી મહેક આપે છે.

સંગ્રહનું શીર્ષકકાવ્ય છે 'સૂરજમુખી'. પૃથ્વી અને સૂરજની પ્રેમઝંખનામાં અચાનક પૃથ્વીના પેટાળથી ભાવનો ભરતો ચઢ્યો અને અંગ અંગે સૂરજ - ઝાળથી ફૂલ પાંખડી પ્રગટી. આ ભાવૈક્યને જોઈને સૂરજ સુખી થયો અને સૂરજમુખી સૂર્ય એકીટશે ઊંચે જોઈ રહી. અહીં સૂરજમુખી આદિકાળથી તેજને ઝંખતા માનવઆત્માનું પ્રતીક છે. એની નજર સદા સૂર્ય ભણી જ રહી છે. પણ આમ સૂર્ય ભણી એકીટશે નજર કરનાર પૃથ્વીના પડને ભેદીને સુવર્ણકાંતિ પ્રગટાવનાર વિશુદ્ધ આત્મા જ હોય છે, જેના ઉરની પાંખડીઓ રહસ્યોદ્ઘાટનથી ખીલી ઊઠી છે. અગ્નિરસના ભાવૈક્યમાં જે એકરૂપતા પામે છે. આ અગ્નિ યોગમાં પ્રાણાગ્નિ હોય કે પ્રેમનો વિરહાગ્નિ હોય. જડતાનાં પડોને વીંધીને ભાવનો ભરતો ઊંચે ચઢે છે ત્યારે જ આત્મા સૂરજમુખી બની શકે છે. કવિ યોગપથના જીવનઉદ્દેશને અહીં ધ્વનિત કરે છે.

'કુમકુમ', 'દૂરનો પ્રવાસ', 'અષાઢી મેઘ', 'મધરાતે', 'પવન', 'સુવર્ણ-મધુ' ઈત્યાદિ પ્રકૃતિ વર્ણનના કાવ્યોમાં પણ કવિનો આધ્યાત્મિક મિજાજ દેખા દે છે. 'અણહદનો અવતાર', 'આનંદ વધાઈ', 'જુગલ સરકાર', 'વિષમ ગઝલ', 'જનમ જનમ ભિખારી હૈયું' ઈત્યાદિ કાવ્યો રાધાકૃષ્ણની પ્રેમભક્તિને અનુલક્ષે છે. તો 'મૃદંગ', 'ધમણ', 'સાધણ', 'વીરડો', 'ઝાંઝણી', 'ત્રિવેણીનો રાજા' ઈત્યાદિ પ્રાણને જગાવીને પ્રાણયોગ દ્વારા સુરતા જગાડી નૂરમાં નૂરને ભેળવી દેવાના યોગસાધનાના માર્ગને ચીંધે છે. બેહદનાં બારણાં ઉઘાડો, અસલી ઓળખાણને પામો, આતમના મહેલમાં મંગળ વાજાં વગાડવાની કવિની ઝંખના આ કાવ્યમાં પ્રગટે છે.

અનહદ સાથે નેહ બાંધીને કવિ શું મેળવે છે તેની વાત 'અનહદ સાથે નેહ'માં કહે છે. ગગનમાં કવિનું ઘર છે, ફૂલની જેમ ખરી પડે તેવા નહીં પણ મરી મટે એવા મોત છે. સદાય મોતના અમરત પાતી કવિની મનસા સદાય સુહાગણ છે. એટલે જ કવિને અનંતયુગમાં ય એક દહાડાનો વિરહ નથી. ચારેય ભોમ પહેલાં સૂની હતી, માથે તીખો તાપ હતો પણ હરિ મળ્યા ત્યાં આપોઆપ મેઘ અકળક ઢળ્યા. મોટ્યુંમાં મોતીડે મધરો મેહ વરસ્યો. દુઃખ-પીડાના તાપ હવે ટળી ગયા, હરિની છત્રછાયામાં સ્નેહની વર્ષામાં કવિ ભીંજાઈ રહ્યા છે. હવે કવિને કોઈ ચિંતા નથી, કોઈ ભય નથી. સતના રંગ ચોગઠાં મેલી કવિ નિત ચોપાટ રમે છે. કવિએ જનમ જનમને ઘાટ જીવણને જીતી લીધો છે. ભોળી દુનિયાને આ ભેદ સમજાતો નથી. આથી ખોટી ચિંતા ખડકે છે. કવિનો નાતો અનહદ સાથે છે એને જીવન કે મૃત્યુ નથી.

દરેક જન્મમાં ચોરાશી લાખના જન્મોને ઘાટ, હરિ સાથે જ મંગળફેરા ફરીને 'ઘડિયાં લગન' કાવ્યમાં કવિ હરિને જ પરણે છે. દરેક જન્મમાં હરિ સાથેના પોતાના સંબંધની અહીં વાત છે. જેને હરિ સાથે હેત છે તેના આવન જાવન ટળ્યાં છે. એટલે સૂતેલી મનસાને ચેતાવી સુંદરવરનું સામૈયું કરવા તેઓ કહે છે. 'વરસે દયા'માં કવિએ જાણ્યું કે વાલાની દયા વરસે છે તે દિવસથી મોતને બિછાણે પ્રાણ નિર્ભય બન્યા છે. 'તવ મુખ નિરખું'માં કવિ પળ પળ અપલક નવાં નવાં રૂપે પ્રગટતું મીઠું અને મારકણું સુંદર મુખ નિરખી રહે છે. 'શું જાણું ?'માં એમને પ્રભુ સાથે નાતો બંધાયો છે પણ મિલન વિરહનો ક્રમ ચાલ્યા કરે છે. કવિને હરિનું મુખ વ્હાલું લાગે છે. દિવસ-રાત એ જ મૂર્તિની વાત કરતાં તેઓ થાકતા નથી. કોક વાર આ રૂપ દેખાય છે, કોક વાર અલોપ થાય છે. કવિનાં નેણ જોગ-વિજોગનો ભેદ પણ ભૂલી ગયાં છે. પોતાનો વાદળિયો અવતાર ભલે વહી જતો, આખો જન્મારો પ્રભુને આંખમાં રાખવા કવિ ઇચ્છે છે. અલપ-ઝલપ દર્શન અત્યારે ભલે મળતાં હોય એમને નિરંતર સતત પ્રભુ દર્શનની ઝંખના છે. 'લાડકો નાતો'માં કવિ કહે છે કે પોતાનો પ્રભુ સાથેનો આ નાતો એવો લાડકો છે કે એમાં લાખો ભવનું લેણું છે. કવિ પ્રભુને બટકબોલાં વેણ પાડે છે. દિનરાત વઢવઢ કરે છે. વિનંતી કે કહેણ મોકલવાનું કવિને આવડતું નથી. પણ મન મૂંગું મોરલીના મધુર વ્હેણમાં તણાતું જાય છે.

આમ 'તરણાં'નું સૌંદર્ય કવિને અનંત વિરાટને આંબવાની પ્રેરણા જગાવે છે. કવિ એ માટે વિધવિધ રીતે પ્રયાસો આદરે છે. 'જયભેરી'માં જિંદગીનું જયગાન ગજવતા 'ગોરજ'ના સંધ્યાટાણે કુંડલિની જાગૃત કરવાના પ્રયત્નથી આરંભાઈ આતમધેનુને અસીમને આરે પહોંચાડવાનો ઉપક્રમ પ્રગટ કરે છે. તો 'સૂરજમુખી'માં ધરતીની વેદના અને આભની આગ ભરેલો પ્રેમની જ્વાળામાં બળી-બળી સુવર્ણકાંતિએ હૃદયપુષ્પને ખીલવવાની સુરતાને જાગૃત કરી નૂરમાં નૂર થઈ ભળી જવાની તમન્ના જોઈ શકાય છે.

## સંજ્ઞા

'સંજ્ઞા' કાવ્યસંગ્રહનાં ૩૬ કાવ્યોમાંથી લગભગ 30 કાવ્યો અધ્યાત્મપરક છે. અન્ય કાવ્યોમાં પ્રકૃતિ-વર્ણન, વ્યક્તિચિત્ર , કેટલીક અન્યભાષી કવિઓના અનુવાદ અને સામાન્ય પ્રસંગો વિષય બને છે. કવિનું પ્રથમ કાવ્ય 'ટહેલાણીનો સ્વર' એમની જિંદાદિલ જિંદગીના મિજાજને પ્રગટ કરે છે. 'સ્મરણ'માં પણ કવિ જીવનનો જ જય ઉચ્ચારે છે. ઘટમાં મંદ સુગંધ ઘુમરે, મનપંખી બંધનમાં પડેલું હોવા છતાં વને વન ઊડે, નયનમાં પ્રભુની આભા તરી રહે, ઘણા જન્મનો મોક્ષ ન મેળવવાનો પરાભવ તીવ્ર કટુ અનુભવ બને છતાં ય મનમાં મોહક ઘટે, મરણે મરણે જે સ્મરણને હરિ લીધું ન પાછું સ્મરણમાં આવતાં અમૃત સમ બની રહ્યું --આ બધી જ જીવનની સિદ્ધિના અંતે ય કવિ ઝંખે તો છે જીવનને જ .

'નયનનો જ્વાળા'માં તેઓ દ્વંદ્વાત્મક જીવનમાં મૃત્યુને ય પરાજિત કરતી જનમ જનમની ઝાંખી કરાવતો કોઇક મુરત નામવિહીન નિરાળા પંથે સ્વપ્ન જગાવતો હળાહળ લોચન - લગની લગાવતો ઘનનીલ નયનનો જ્વાળા લઇ આવે છે. 'ગાતું રહેશે ગીત'માં તેઓ નોંધે છે કે મગનભર પ્રીત પાતું કોઇક ગીત ગાતું રહેશે. કવિ એના હાસ્યને સૌના હોઠ ઉપર બિછાવવા અને સૌના નયનમાં એનું નામ બિછાવવા ચાહે છે. પોતે ભટકતા રહે પણ સૌના દિલમાં એને મુકામ આપવા ઇચ્છે છે. જ્યાં સજ્જનો -પ્રેમીઓ -મનમીત એકબીજાને મળશે ત્યારે આ ગીત કોઇ ગાતું રહેશે. અંતર-અંતરમાં આ બીન બજી રહેશે. કવિ આત્મકલ્યાણના માર્ગે સંવાદના સૂરો અહીં પ્રગટાવે છે.

'તરસ્યાને સીંચરપો દેશે
પ્રાણપિયાસી મીતઃ'
(સંજ્ઞા,પૃષ્ઠ- ૧૪)

-- એમાં જ જનમહાર્યાંની જીત છે. આ પ્રેમનું ગીત કોઇ ગાય છે જેનો મહિમા કવિ પ્રગટ કરે છે. એ જ ગીત સૂની રાતમાં કોઇક ઢોલક બજાવે છે. ઉજ્જડપાના ફળિયામાં સૂતા પ્રેમને એ જગાવે છે. એનો સાથે કંઠ કાજળ વીંધતો આલાપો રહે છે. લલનાઓ પતિને પૂછ્યા વિના દોડે છે. રાસની રમઝટ માણવા હોઠ મલકી રહે છે. કંઠ આભ છલકી રહે છે, ગામ આખું હલકી ઊઠે છે. એવા રાસમાં સૌને ફુંઆડો ભરપાર કોઇ લગાવે છે. આમ કવિને કોઇક ગીત ગાતું સંભળાય છે, તો કોઇ ઢોલ બજાવતું સંભળાય છે જેના સૂરો કવિનો નાનપણનો સ્મૃતિને સાકાર કરતા જીવનલક્ષ્યને પ્રેરી રહે છે.

'ઊંડા પાતાળનો માછલો'માં કવિનો વ્યવહાર દુનિયાથી જુદો છે. નફાતોટાના હિસાબમાં એ હાથ આવતા નથી. એ તો દૂર એકાંતના નિવાસી છે. એ કહે છે --

'ઊંડા પાતાળનો હું માછલો રે લોલ ,
આવો ચડો કો'ક દી' કિનાર ,
રંગ માલમજી લોલ ,
હવે નંઈ આવું તારા હાથમાં રે લોલ.'
(સંજ્ઞા ,પૃષ્ઠ- ૧૭)

વ્યવહારનું જેનામાં ડહાપણ છે એવા લોકોની સાથે કવિને ફાવતું નથી. એ લોકોને કવિ કહે છે પોતાની જાળ મુક્તિની ઝંખનાનો માર ઝીલી શકશે નહીં. છીલર જલે છકેલા જે ફરે. એને છેલ્લા જુહાર કહી કવિ કાયમ માટે એમનો નાતો તોડી નાખે છે.

'ઋતુકુંજે'માં તેઓ પોતાના મનને નિત નવ નવ ઋતુકુંજમાં જવા કહે છે. જ્યાં કિરણ કિરણ પર તારલ પ્રગટતા પુષ્પિતપુંજ છે. કવિ સર્જનના કાળમાં પોતાની આનંદઘન સ્થિતિનું વર્ણન કરતાં કહે છે--

'આ પૃથિવીથી જાય રણકતો
ગગનપથે અવિરામ,
વિસ્મયનો ઝરમરતો વર્ષા,
આનંદ આડો જામ :'
(સંજ્ઞા.પૃષ્ઠ- ૨૬)

વળી 'વિરાટના ઘનનીલ કુસુમ પર તારક અલિગણ ગુંજે'- માં કવિએ વિરાટ વિશ્વના નીલાકાશરૂપી પુષ્પ ઉપર તારકો રૂપી ભ્રમર ગુંજન કરે છે એ રૂપકોમાં સુંદર અભિવ્યક્તિ કરી છે. જીવનયાત્રાનો આરંભ કે અંત ક્યાં છે એ મિથ્યા વાતોને છોડીને મનને કવિ મટકે મટકે આસવ પીવાનું કહે છે. અનુરાગના રાગથી લાલ બનેલું જીવન જ જુએ છે માટે પ્રેમાસવનું પાન કરતાં નવનવા ઋતુકુંજોનું દર્શન તેઓ કરવા માગે છે.

'સિન્દૂર'માં ગગનમાં છવાયેલો સિન્દૂરિયો રંગ શ્યામ-ગૌરમુખ સંગ શોભી રહ્યો છે. કવિ સવાર-સાંજના સિન્દૂરિયા રંગમાં પિયા-મિલનની ડોલી, સેંથામાં સિંગાર જુએ છે. એમાં જ જનમને ઘોળી જવા રૂપ-અરૂપ નિહાળવા કવિ કહે છે.

'બેહદનો બારાખડો'માં અગમનો અનુભવ પ્રગટ થાય છે. એમને ગગન સાધું છતાંય ઓછું લાગે છે. દૂર દૂર દિશાઓ આવરી લેતું તોય હવે કવિની આંખમાં આખેરે આવ્યું છે. એનું રૂપ જોયું ઝિલાતું નથી. અધખોલી બારીએ બેસીને કવિ એના કિરણોની ફરકો વહોરે છે અર્થાત્ અર્ધમીંચી આંખે કવિ એ રૂપ નિહાળે છે. તેજરૂપ તત્ત્વ કવિ પરોઢના મોઘા મલકાટમાં, બપોરના તીખા ઉકળાટમાં, સાંજના સુના પમરાટમાં ને કોક વાર કાજળ શા અંધારમાં પામે છે. ચાંદની રાતે ચંદન જેવું ગોરું જણાય છે. કવિ આ ગગન સાથે ગોઠડી કરી બેહદનો બારાખડો ઘૂંટે છે ત્યારે હૈયાનો અબોલ બોલો ઊઘડે છે. કવિના શબ્દો અગાધ શૂન્યમાં વેરાય છે અને શૂન્યના શબદમાં કવિ મ્હોરી ઊઠે છે. અહીં કવિનો બેહદનો બારાખડો ઘૂંટવાની ક્રિયા અનહદના આહલેકને જગાવવા ધ્યાનયોગની મંત્રજાપ ક્રિયા છે. કવિના શબ્દો નાભિમાંથી નીકળી અગાધ શૂન્યમાં વેરાય છે. ત્યારે કેન્દ્રનું કેન્દ્ર સાથે અનુસંધાન થાય છે. જગત સાથેનો તંતુ તૂટી જાય છે. યોગની ક્ષણોમાં છવાયેલા શૂન્યમાં બ્રહ્મનો અરવ ધ્વનિ સંભળાય છે, જેને પામીને કવિ મ્હોરી ઊઠે છે, પરમ આનંદને પામી રહે છે.

'અમનતાંનો કરીએ ગુલાલ' એ કવિનું ખૂબ જ ખ્યાતિ પામેલું, કવિના વ્યક્તિત્વને પૂર્ણપણે પ્રગટાવતું કાવ્ય છે. કવિને જે ગમે છે તેને વહેંચવામાં રસ છે. આ ભાવ કવિના અન્ય ઘણાં કાવ્યોમાં પ્રગટ છે. 'ગાતું રહેશે ગીત'માં પણ કવિને સૌના હોઠે, સૌના નયનમાં, સૌના અંતરે ગીતને પહોંચાડવું છે. જગતના લોકો સ્વાર્થના વેઢા ગણે છે ત્યારે કવિને પ્રેમની ગંગા વહાવવાની ઇચ્છા છે. પોતાને જે પ્રિય છે તેને સાચવી રાખવામાં નહીં, ગુલાલની જેમ ખુશીને વહેંચવામાં કવિને રસ છે. આડા આંક દેવા એ તો ઓશિયાળાપણાની નિશાની છે. પંડમાં સમાય એવી પ્રીતિ પણ આજ પાંગળી છે. સમદરની લહેરો લાખ લાખ છે, ક્યાંય સાંકળથી બંધાયેલી નથી. એમ પ્રેમ

પણ થોડાં હોય તો ખાડા-ખાબોચિયામાં બાંધી શકાય પરંતુ ગગનભરી વરસતા વ્હાલને કેમ કરી બાંધવું ? બંધાયેલું તો ગંધાઈ ઊઠે છે. વ્હાલ પણ વહેતું જ ભલું . સર્વત્ર વહેતો પ્રેમનો ગંગા જ નિર્મળ હોય છે, વ્યક્તિવિશેષ માટે બંધાયેલું વ્હાલ તો મહાન સ્વાર્થ છે. ધન-સંપત્તિ ગાંઠે બાંધી રાખી શકાતી નથી . એ તો ચંચળ છે , સરી જાય છે. એના બદલે મુઠ્ઠીઓમાં માટીનો પાંદડો જ હશે તો તે વેરતા ફોરમનો ફાલ ઊઠશે. કવિને જિંદગીમાં તો બસ લુંટાવવામાં જ રસ છે. જે મળ્યું છે તે આંસુથી ધોઈને પાછું આપવા તેઓ કહે છે. વ્હાલને ખોઈને જ ઝાઝું જાળવી શકાય છે. જે ઝાઝું ભેગું કરે છે તે વ્હાલું કરવા જેવું જીવનમાં ચૂકે છે. પ્રાણ જેનો જાગી ગયો છે એને પછી કંઈ કહેવાનું રહેતું નથી. મટુકીમાં માધવને વેચતી ચાલતી વ્રજનારી સાથે એના ય હાથ તાલ આપવા લાગે છે, ભજનરસમાં ડૂબી પ્રભુ સાથે નાતો બંધાય છે.

'ફરી બાંધી'માં કવિ રાગ અને ત્યાગની વચ્ચે ઝોલાં ખાતા મનની સ્થિતિ-નો વિચાર રજૂ કરે છે.

'મુગતિનો મારગ ચીંધીને મુંને
ફરગતીએ ફરી બાંધી . '
(સંજ્ઞા, પૃષ્ઠ- ૩૪)

મુક્તિનો માર્ગ અને માયાના બંધન બંને પરસ્પર વિરોધી માર્ગો છે. મુક્તિના માર્ગે જવું હોય તો સંસારના બંધનોથી છેડો ફાડી લેવો પડે . સોનાની મેડીમાં પૂરી દઈને કોઈ ડેલી બંધ કરી બેઠું હતું, તે મુક્તિનો માર્ગ ચીંધાતાં રેશમી તળાઈ ત્યજી વીજળીની જેમ છૂટા છેડે એ દોડી પણ ફરી પાછી સંસારની આંધીએ એને આંતરી લીધી. સૂકી નળસરોના તીરે જઈ ઊભી ત્યાંતો કોઈએ ભીની આંખ ફેરવી લીધી. મૂંગી મોટ એને મુક્તિના માર્ગે વળાવે છે પણ ત્યાર પછીની વાટ જડતી નથી. હાથમાં છૂટો રહેલો છેડો ય ફાડીને જાય છે ત્યાં બીજો છેડો સંધાઈ જાય છે. આમ સંસારની મોહજાળમાંથી છૂટાતું જ નથી. કવિ કહે છે હવે તો બારણાં ખુલ્લાં ફટ છે. કોઈ ચોકીદાર નથી, સોનાની મેડી ખાખ થઈ ગઈ છે ત્યારે ખડકે એને રોકી રાખી છે. હવે આ ખંડેરમાં રોજ રોજ રાબડી રાંધી વ્હાલાની વાટ જુએ છે. સુખ-વૈભવને ત્યજી વ્હાલાની આરાધના એ જ હવે જીવન છે.

'હૈયાની વાત' કવિનું ખેડાયેલું ગીત છે. જેમાં કવિના વ્યક્તિત્વના પ્રાગટ્ય સાથે વ્યવહારજીવનની શીખ પણ ભળેલી છે. કોકનું ઉછી- ઉધારું લાંબું ચાલતું નથી, હૈયામાં ઊગે એવી હૈયાની વાતને ફૂલની જેમ સહજ રીતે જ ફોરમતી કરવા કવિ કહે છે. તેમના પ્રથમ કાવ્યસંગ્રહ 'તરણાં'ની અર્પણ પંક્તિમાં 'અનાયાસે ઉરે ઊગ્યું ' શબ્દો તેઓ વાપરે છે. સહજજીવનના તેઓ હિમાયતી છે. કોયલ કે મોર કોઈનો ટહુકો ઉધાર લેતા નથી. કોઈના રૂડા-રૂપાળા પદ આપણને કામ આવતા નથી. પોતાને તુંબડે તરી જવાની કળા આપણે શીખવી જોઈએ. કોઈકની લાગણીઓ ગાવામાં આપણને કંઈ જ મળતું નથી. કવિને તો પોતાનું સાર્થક જીવન જીવવામાં રસ છે. એમને લખવું છે --

' જીવતો ને જાગતો જીવનનો ખોઈ માં
કોઈનો ભભૂત ન ભરીએ -
પોતાનો વાંસળો પોતે બજાવીએ ને
રેલાવી દઈએ સૂર ,
ઝીલનારું એને ઝીલી લેશે , ભલે
પાસે જ હોય કે દૂર : '
(સંજ્ઞા, પૃષ્ઠ- ૩૭)

વાદળાઓ તો મરીને ય જીવી જાય છે ત્યારે આપણે જીવતા મરવાની શી જરૂર છે ? જિંદાદિલીથી પોતાના જીવનને પોતાની રીતે જીવવું એ જ જીવનની ધન્યતા છે.

જિંદગીનું જયગાન એ કવિનો તાર સૂર છે. 'જય જિંદગી'માં મુક્તિબંધક જિંદગીની તેઓ સ્તુતિ કરે છે. જિંદગી પરમ્પરાઓને, સ્થાપિત જ્ઞાનને વેગળા મૂકી કરવાનું એક સાહસ છે, જિંદગી દુસ્સાહસ છે જેમાં ખેલતાં, ગાતાં, બંદગી કરતાં જવાનું છે. આળપંપાળમાંથી આઝાદ થઈ અખંડ આત્મતેજ અને અણખૂટ પ્રેરકરૂપ જિંદગીનું કવિ જયગાન કરે છે.

'નીડ અને બાગ'માં વિશ્વના બાગ ઉપર કાળરૂપી તીડ પાંખ વીંઝે છે ત્યારે કંઈ અવશિષ્ટ રહેતું નથી. કાળના કીટ તે બધું જ પચે છે. એ જ કાળનો કીડો ધરણીને કોતરી ખાય છે છતાં ય વિશ્વનો બાગ તો રોજ ફૂલે - ફળે છે ત્યારે કવિને આશ્ચર્ય થાય છે કે તેનો માળી કોણ હશે અને ક્યાં એનાં મૂળ હશે.

'ચણીબોર' કવિના આત્મજ્ઞાનને પ્રગટાવતું સુંદર કાવ્ય છે.

'કાળની કાંટા-ડાળીએ લાગ્યાં.
ક્ષણનાં ચણીબોર.'
(સંજ્ઞા, પૃષ્ઠ- ૬૯)

સમયની કાંટાળી ડાળ પર ક્ષણોના બોર લાગ્યા છે. જ્ઞાનીઓ ક્ષણની કિંમત સમજતા નથી. ધ્યાની આંખો મીંચી ધ્યાન કરે છે. અભિમાની-તોફાની સમયની ડાળને વાળી, કંઇને ગાળી ઝુકાવે છે, ઝકઝોરે છે. દરેકને ક્ષણો રૂપી બોરનો સ્વાદ જુદો જુદો મળે છે. કોઈને પીળચટાં ને તૂરાં, કોઈને ખટમધુરાં, તો કોઈને પાકેલ પૂરા લાલ ટબા બોર મળે છે. વીણી વીણી બધાં હોંશે ચાખે છે. સમયના પારખાં થાકે કોર છે- 'ચાખણી થાકે કોર'. સમયનો જે જેવો ઉપયોગ કરે છે તેવું ફળ તેમને મળે છે.

'જ્ઞાની ચાલ્યા ખોજતે ખાલી,
ધ્યાની હૃદયા નાદમાં મ્હાલી,
બહી સમારે ઘરતી ભાલી
ક્ષણ પછી ક્ષણ ખરતી આવે
ખેલના આઠે પહોર.'
(સંજ્ઞા, પૃષ્ઠ- ૬૯)

ક્ષણની કિંમત ન સમજનાર જ્ઞાનીઓને કંઈ મળતું નથી, ધ્યાનીઓને ધ્યાનમાં આનંદ સમાધિ લાધે છે પણ કવિ તો આઠેય પહોર ખેલતો ક્ષણોમાં આનંદગુલાલ જ માણી રહે છે.

'દુઃખ નદીને તીરે'માં એમનો ખમીરવંતો જિંદાદિલ સ્વભાવ જણાઈ આવે છે. ઘણાં દુઃખથી ડરે છે, તો 'પીડાનું શું પૂર'' એમ કહી એમાં પડનાર દીવાના પણ કોઈક હોય છે. જે ઝંઝાવાતોને બળુકા બંદ સમારે સહેલતા જાય છે. દુઃખને દાદ આપનારા જ ઝૂઝે છે. ડર મેલી દે તે તો અખૂટ ઊર્મિ તરતા જાય છે. માટે જ સાંજ ઢળે સામે કાંઠે જ ઘર છે. જ્યાં દેવતાં નેણાં વાટ જુવે છે, ત્યાં ડર મૂકીને પહોંચી જવાનું છે.

'જડ તણી ચેતના'માં જડવસ્તુઓ ચાલતાં ચાલતાં કવિને ક્યાંક લઈ જાય છે અને એમને બધું ચેતના-ચેતનામય લાગે છે. ગરમ ચાનો વરાળે ચડી કવિ સેંકડો ચાનો પાંદડો ચૂંટતા હાથ જુએ છે. ફૂલદાનીમાં માલણ તણી મતિ જુએ છે. રેડિયોની અકબંધ જાળી ઉપર ગીતભર ચાહતો ચહેરો તરે છે. આમ એમને ખાટ ઉપર એકલા હોવા છતાં વિવિધ કોલાહલથી ઘર ગાજતું લાગે છે. એમને લાગે છે કે

જિંદગીની લહેર પર ઝૂકતો હસતો પણ આજ રીતે ક્યાંક મૂક હશે છતાં ક્યાંક ટહુકતો હશે.

'ભય નથી' માં વિજય મળશે કે નહીં તેની એમને ખબર નથી પણ ભય નથી તે તેઓ જાણે છે. સંકટોમાં પણ આ એક જ ગાણું ગાય છે. પ્રાણનું પંખી ટહુકો ઊઠે એવું જીવતરનું ટાણું મળ્યું છે એમને ઊગતા સૂરજમાં કે ઢળતી રાતમાં કશામાં રસ નથી. એમને તો--

'ભીતર મારો ભાણ ઊગે ને
ભીતર વાય છે વહાણું.'
(સંજ્ઞા, પૃષ્ઠ- ૭૫)

કવિની અંતર્મુખતા અને અધ્યાત્મના માર્ગે નિર્ભય બની આગળ વધવાનો નિશ્ચય અહીં જોઈ શકાય છે.

'ધન્ય'માં પ્રભુની સકળ લીલામાં દ્વંદ્વાત્મક અનુભવો હોવાનું તેઓ દર્શાવે છે.

'ધન્ય નાદ ડમરું, નાથ!
ધન્ય તારી વીણા.
પ્રલયમેઘની પાછળ સોહે
ઝાકળ-બિંદુ ઝીણાં.'
(સંજ્ઞા, પૃષ્ઠ- ૭૬)

પ્રલયનો નાદ ગજવતું ડમરુ અને ઝીણાં ઝાકળબિંદુનો ઝણકાર જગવતી વીણા બંને ધન્ય છે. પ્રલય પછી નવસર્જન આવે છે. હિમની ઘેરી ચાદર ચીરીને કૂણાં પાંદ ખીલે છે, ઘોર અમાસના પડછાયે શિશુ ચાંદ ટેકે છે, મૃત્યુ સાથે જીવન ખેલે છે. કાંટાળી જંજાળના માળામાં કોમળ મોંઘું મુખ મહોરે છે. દુઃખની તીણી છીણીથી જ સુખ પ્રાપ્ત થાય છે. પ્રેમ વરને પામવા કોઈ પ્રદક્ષિણા પ્રેરે છે. આમ પ્રભુની લીલામાં સૃષ્ટિ અને લય બંને ધન્ય છે.

'અગન ચંદનની' કાવ્યમાં નંદનની હવા ચાલતા કવિને ચંદનની અગન લાગે છે. નંદકુંવરની યાદ આવતાં વિરહાગ્નિ પ્રજ્વલિત થાય છે. કવિ સ્નેહના સાજનની વર્ષાના કોમલ સ્પર્શ અને અતિ સુંદર દર્શનસુખને પામી રહે છે. હૃદયમાં મન ભાવતી મૂરતને હળાહળ કોઈ સીંચે છે. મન જમુનાજલ અને ગોકુલના ચંદનવનની કુંજગલીઓ શોધે છે. માથું પટકી મરે છે. હવે મનની આરતની તો કોઈ વાત જ પૂછવા જેવી નથી. તેઓ પ્રેમાગ્નિમાં જલે છે.

'અનહદ આનંદ'માં ચમકતા ચાંદ જેવો અનહદ આનંદ પ્રગટે છે. તેને તેઓ ચકિત બનીને નિહાળે છે. ધરતી અને ગગન ભરીને મધુછંદ છલકયાં છે, તે સકલ દલને ભેદી મુદિત મકરન્દ ઘૂમે છે, ઝૂમે છે. સકલમાં પ્રચ્છન્ન આનંદની ઊર્મિ હૃદયમાં એવી ચઢે છે કે તે બધાં જ રહસ્યોને ભેદીને આનંદમસ્ત બની નાચી-ઝૂમી ઊઠે છે.

'જ્યોત જ્વાળા'માં આનંદની જ્યોતજ્વાળા કાળાં તિમિરને ભરખી જાય છે. ઊછળી આવતાં પૂર સમાં નિર્મળાં નૂર આવે છે. કવિને નવા જન્મનો અનુભવ થાય છે. આ નવજન્મની વધાઈની ક્યાંક શરણાઈ વાગે છે. સૃષ્ટિની હવેલીમાં સાતમા ઓરડાનાં તાળાં ખૂલી જાય છે. આ આનંદાનુભૂતિની અસરને તેઓ આ રીતે ઝીલે છે.--

'આજ આશ્ચર્ય, આનંદ તો માય ના,
સર્વ કહેવા જતાં કાંઈ કહેવાય ના,
ભીતરે કોઈ સિંધુ ભભુકી ઊઠયો
કોટિ કિરણે રૂપાળાં રૂપાળાં!
એક આનંદનો શ્વેત જવાળા.'
(સંજ્ઞા, પૃષ્ઠ- ૯૯)

દુઃખ કાળું હોય છે તેમ આનંદ શુભ્ર છે.

'શબ્દના ફૂલ'માં કવિ યોગની ક્ષણે જે શબ્દને પામે છે તેના વાણીરૂપી ફૂટતા ફૂલની વાત કરે છે. એમના પ્રાણની વેલ પરાગી છે, એની ઝીણી ઝબક એંધાણી છે. ઝીણી ઝબકમાં પ્રાણમાં કંઈક ફળવાનો સંકેત મળે છે એ એંધાણીએ તેઓ જાગીને જુએ છે તો ફૂલ સમાન વાણી આપોઆપ ઝરતી હોય છે. આમ ય કવિના ઉરમાં અનાયાસે જે ફૂટે તે જ તેઓ વાણીમાં પ્રગટાવે છે. આ પ્રાણરૂપી વાયરાનો વેલ તો સામે વર્ણ્યો છે. તેજ-તિમિરના એનાં પાન છે. નીચે નાગ ફૂંફાડે છે, ઉપર પંખીનાં ગાન છે પરંતુ કવિને ભજનો એવો ગારુડી મળ્યો છે જેણે કાળોનાગ નાથ્યાં છે અને અંજલિએ અંધારું પીધું છે. પૂરણ પરાગ જાગ્યા છે ત્યારે નાગના સો સો માથાં ય ફૂલ છે. પ્રાણનો નાગચૂડમાંથી છૂટી પૂર્ણ પ્રાગટ્યને કવિ પામે છે.

'ભજન કરે તે જીતે'માં કવિ જીવનમાં જે સમય મળ્યો છે તેમાં ભજન કરી જીવન જીતી જવા કહે છે.

'વણજ કરે તે હારે રે મનવા'
ભજન કરે તે જીતે.'
'ચૌદ ભુવનનો સ્વામી સાથે
ચપટી ધૂળની પીંછે--'
(સંજ્ઞા, પૃષ્ઠ- ૧૦૨)

વ્યવહારના લેખાં-જોખાંમાં જે સમય જાય છે એનું જીવન એળે જાય છે. એના બદલે પ્રભુ તો ભાવનાનો ભૂખ્યો છે એનું ભજન કરીને જીવનને જીતી લેવાનો તેઓ અહીં ઉપદેશ આપે છે.

'વાવડ'માં કવિ અદીઠ, અરૂપ ચેતનનો લખ છોળોમાં ચૌદ ભુવનમાં વ્યાપેલા વાલીડાને વાવડ કેમ કરી આપવા તે મોટી મૂંઝવણ વ્યક્ત કરે છે. અનહદની અલપઝલપ ઝબકારો છે ત્યારે એનો કેડે જઈ એનું કાંડું કેમ પકડવું એ એમને સમજાતું નથી.

'રહી આવીને--'માં તેઓ પોતાને થયેલી અનુભૂતિને પૂર્ણ પણે પ્રગટાવી શકવા અસમર્થતા વ્યક્ત કરે છે. ભજનો ઓટકો પોઠો ભવના ભેદ તેઓ ખોલી નાંખે છે. કોઈ દુનિયા તેમને ગાંડો કહે છે કોઈ ન્યારા ભેદ વાંચે છે પણ તેઓ પોતાના અનુભવની વાત તેમને પૂરી કહી શકતા નથી. તેઓ રાતના દીનપકડાઓ ખોલે છે તો ભાણ કરાળ કાળને વીંધી નાખે છે. કવિનો મૂર્છતો ગુંગી ગુંગીથી ઊભેલો જ છે. જેને આત્મનો જોઈએ છીએ એનો ઇન્દ્રજાળ છે. રહસ્યનો રમતમાં ઘડીક પ્રગટ ઘડીક છૂપા દેખાતા સર્વના બહાર ભિખારી કે ભૂપ હોય પણ ભીતરના તો રંગ એક જ અસલી છે. ગુહ્ય ચર્યાની ઉજાણી કવિ શું કરે? રત્નોની પોઠને કેમ કરી વેરે? એમના હોઠને ભીડી દેના કોઈ હેતથી આડા હાથ દઈ દે છે એટલે એમનાં વેણ અકડી આવીને વહી જાય છે.

'મહેનતાણું'માં પૂર્ણ શરણાગતિનો ચિંતા હવે પ્રભુને જ છે. વ્હાલો ભોળિયો બંધાયો છે. આથી ખોટો વલોપાત કરવાનો શો જરૂર? પ્રભુએ નિભાવી તે જાણ્યુ

છે એટલે એનો ગુણ પણ વખાણ્યા વિના શે રહેવાય ? આમ કવિ ઓછી મજૂરીનું પ્રભુ ઝાઝું મહેનતાણું આપતા હોવાનું જણાવે છે.'એંધાણ'માં પણ એમનો આવો જ ભક્તિકરાઈ પ્રગટે છે.

'મે'ર આવે તો જોવું ,<br>
નકર વઈ જાવા દઉં વાણ ,<br>
શાહી ડબોળ્યે શું વળ્યું ?<br>
મારો સાચો સારંગપાણ .'<br>
(સંજ્ઞા,પૃષ્ઠ- ૧૦૮)

જન્મ જાય , જુગ જાય , બધાંય નિશાન જાય પણ અંતરમાં બેઠેલો જાણ- સુજાણ જીવણ જતો નથી . કવિતો નેહમાં ન્યાલ બનીને મ્હાલે છે. સ્નેહનાં બાણ વાગ્યાં છે, બધી ચિંતા છોડી મુંગા મરમી અગમના એંધાણ જાણે છે.

'તમને ગમતું'માં જેવું ઊંધેરું વરદાન એવી જ વસમી વેદના હોય છે એવા ભેદના ભડાકા કવિ કરીને બતાવે એની મૂંઝવણ અનુભવે છે. ભીંજાછમ મેઘલો લ્હાય લગાડે છે. તોફાનોમાં તરતો જતો બેડલો કાંઠે ડૂબે છે બહુનામીનું બળ દૈયે છે એટલો એનો બીક છે. હવતો કવિ ઠાકર કહેવાનું છોડી તેમને જે ગમે તે ઠીક માની લે છે.

'ભીતરની ગોઠડી'માં પણ 'અહીં આવીને ' કાવ્યની જેમ જ ગેબના અનુભવને પ્રગટ કરવાની તેવી અસમર્થતા અનુભવ છે.

'કેમ તને સમજાવું , મિતવા , સાનમાં ?<br>
ઝીણીઝીણી વાત કરી દઉં કાનમાં ,<br>
ભલે થાય ભીતરની આજે ગોઠડી ,<br>
હરિ હાં , મુજને અવિનાશી સંપદ શી રીતે સાંપડી .'<br>
(સંજ્ઞા,પૃષ્ઠ- ૧૧૦)

એક દિવસ ઓચિંતો ટહુકો મધરાતે મનને વીંધી ગયો , ભીતરમાં કોઈ અમૂલ્ય બોલ બોલાયા . એ બોલમાં તેઓ ચકિત થઈ ખેંચાઈ જાય છે. અંધારી રાતમાં કોઈ ભીતરમાં 'હરિ બોલ કહે છે'. આ શું છે તેનો ખબર પડે તે પહેલાં તો સ્વરનાં પાગલ પૂર કવિને ઘેરી વળ્યાં. હવે તો ઘટનો જેમ જિંદગી તણાતી જાય છે. અનરાધાર અહોનિશ પ્રેમ વર્ષા થાય છે. વિરહમાં કવિ પીડાય છે. ઝૂરી ઝૂરીને પીળા પડેલા એમને અંતરયામી ઘેર બેઠા જ ભેટયા. પ્રગટ મળ્યા હોય એમ કહેતાં કવિને લાજ આવે છે એટલે હરખથી એ એના ગુણ ગાયા કરે છે.'જય હરિ જય હરિ' સીધું સાદું રટણ કરતાં જન્મારાની આખરી જીત થઈ ગઈ હોય એમ એમને લાગે છે. આ કાવ્ય કવિનો આધ્યાત્મિક વિસ્ફોટની ક્ષણને સાકાર કરે છે.

'હંસ ગાન'માં પરમહંસને ગળાનું કેન્સર થયેલું . નરસિંહના અંકમાં શિશુપદ ; કાળીનાગ પર ઝલતા અંતરયામી - આ બધાં ઉદાહરણોથી ભય ત્યજી પગે ઘુઘરું બાંધી અગન તરફ નિર્ભય બની નાચવાનો વિષ ઘોળેલા વરદાનને પામી પરમહંસના ગાનને ગાવાનું કહે છે . દુઃખ અને ભય જીવનમાં છે તેનાથી ડરવાને બદલે પ્રભુનું ગાન કરવું એ જ જીવનનું સાર્થકય છે.

આ ઉપરાંત 'સંજ્ઞા' કાવ્યસંગ્રહમાં ' જરાક અમથી' ,' વહુનું વાસીદું', 'સુમિત્રા',' સુખાનો માંદગી ',' હેત' ઈત્યાદિ સામાન્ય વિષયો પરનાં કાવ્યો છે. 'પ્રીતનું પરોઢ ','વડા ધણીને વિનતિ ',' માલિક પાસે માગણી',' વ્હાલીડાનો વાટે', 'ભડકા તો ભારી ',' મરું ','કોઈ મરતો નથી ',' હરિને હાથ કરી લીધા','મીઠડું લાગે',

'દુઃખને આંસુડે ',' વોજકડાકે વીજળી' ઈત્યાદિ પરભાષાનાં અનુવાદિત કાવ્યો છે. 'કેનેડા પાસે શેકહેન્ડ',' વૃદ્ધ સ્કોલર ',' ગોઝિયાનાં વેણ ' ઈત્યાદિ પ્રસંગ કાવ્યો છે. 'વિદ્વાન અને વાઘરી ',' લોલિતા ',' ત્રાસ',' ગાય માતા',' બેદના ખાનામાં',' જનતા-જનાર્દન',' ગુનેગાર',' જૂની રંગભૂમિનો કળાકાર 'ઈત્યાદિ અન્ય વિષયોનાં કાવ્યો સંગ્રહનો મોટો ભાગ રોકે છે. આમ છતાં 'સંજ્ઞા' કાવ્યસંગ્રહ કવિની અધ્યાત્મવિકાસની યાત્રાને ચરમસીમાએ પહોંચાડે છે. જિંદગીનો જિંદાદિલીનો સહેલાણી સ્વર પરમહંસના હંસગાનમાં વિરમે છે. કવિની હરિ સાથેની પાકી ગોઠડીએ એમને પ્રેમવર્ષામાં ભીંજવી દીધા છે, આનંદથી તરબોળ કરી દીધા છે. એમને હવે હરિભજન કરવા સિવાય કોઈ ચિંતા કે કામ રહ્યાં નથી. તેઓ બેહદની બારાખડી ઘૂંટતા શીખી ગયા છે. અનહદ આનંદના શબદ ફૂલ લઈ અરથે જાતાં વેરાઈ જાય પણ પોતાને ન લાધ્યાં છે તેમાં કોઈ શંકા રહેતી નથી. એમણે જે પ્રાપ્ત કર્યું છે તેની પૂર્ણ અભિવ્યક્તિ કાવ્યોમાં ભલે ન થતી હોય , જે પામ્યું છે તેનો સંકેત પૂર્ણપણે પ્રાપ્ત થાય છે. આમ 'સંજ્ઞા' કાવ્યસંગ્રહ કવિનો અધ્યાત્મવિકાસની કેડીએ છેલ્લો વિસામો બની રહે છે.

## સંગતિ

'સંગતિ','સંજ્ઞા' પછીનો અધ્યાત્મના ચરમબિંદુએ પહોંચ્યા પછીનો મકરંદ દવેનો કાવ્યસંગ્રહ છે. એમના પ્રયાસો હવે ફળીભૂત થયા છે. સમગ્ર કાવ્યસંગ્રહનાં જૂજ નબળાં કાવ્યો બાદ કરતાં પાને પાને ભીતરનો ભગવો લહેરાય છે. આનંદના શ્વેત ફૂલ ઝરે છે. ક્ષણના દીવા પ્રગટે છે. સઘળું વહાલાને સોંપીને, ડુંગર કે તળેટીમાં મુક્તિના માર્ગે સંગિની બનેલી કલ્યાણીની સંગાતમાં ચરણના એકતારો, ચાલી રહ્યા છે. એમનો આ કાવ્યસંગ્રહ એ જ કલ્યાણીને સમર્પિત છે. જેનો શબ્દનો શોધમાં, કવિના અને જીવનમાં સૌંદર્યના પ્રાગટ્યમાં અહાલો જ ફાળો છે. 'સંગતિ' કાવ્યસંગ્રહનાં ૧૦૧ કાવ્યોમાંથી ૬૫ જેટલાં કાવ્યો કવિની દિવ્ય સિદ્ધિનાં પરિચાયક છે.

પ્રારંભે 'શબ્દની શોધ'માં કવિ દુનિયાની હાંસીની પરવા કર્યા વિના શબ્દોના પારખાં કર્યા જ કરે છે. લોહ-ટુકડા અને ઈંટ -પથ્થરના ગંજમાંથી ક્યાંક ઝગમગ - ચકમક હાથ ચડી જશે ત્યારે ખખડનાં પાંદડાં ખડખડ્યા કરશે. લોકોની હાંસી પરાજિત થશે.

'ચંદના પાતાળપાણી'માં તેઓ આતમના દુકાળનું વર્ણન કરે છે. માનવીનો આત્મા લાગણીશૂન્ય બની ગયો છે. ચેતના ચીમળાઈ છે. આતમના ઘૂઘવતા ધોધ ક્યાંક ખોવાઈ ગયા છે. શેવાળ પણ ખરસટ અને સુકાભટ્ટ કિનારા પટ દૂર સુધી વિસ્તરેલો છે, એવા વખતે હૃદય નિરાશ બની ભાંગી પડે છે. તાપબળી, તરસ-વલખતી સમડીની જેમ મન ઊંચું જોતું ચિત્કાર કરતું ચકરાય છે, ક્યાં જવું સમજાતું નથી. કવિ જીર્ણશીર્ણ તૂટેલા આયખાને છોડી જગમાં વિસ્તરના છિલ્લર વારિ તરફ મુખ ફેરવવા કહે છે. પોતીકા નાના ખેતરમાં તરછોડાયેલા ઊંડા અમર કૂવાને સાફ કરી , પથ્થરની છાતી ચીરી અંધારે બેઠી ધરતીની ધોરી નસ પામીને સેજલ છલકાવા કહે છે. કટાઈ ગયેલો કોસ પાછો જોડો. તો તે કિચૂડના ગાને પંખી પાછા આવશે, ક્યારીઓમાં અપ્સરા જેવી જલની રેલ નાચી ઊઠશે. અહીં પ્રતીકાત્મકરૂપે કવિ પ્રભુની વૃષ્ટિને પામવા રામ-નિરામના સતત બંધને છોડી જગમાં વિસ્તરેલ ચૈતન્ય રૂપ પ્રેમવારિ તરફ નજર કરવા કહે છે. પોતાના જ પંડરૂપી ખેતરમાં અંધારા કૂવા જેવા મનના વિષય

તાકડા સાફ કરી અંતરનાં ઊંડાણમાંથી અંધારાં ભેદી ધરતીની ધોરીનસરૂપ સુષુમણાના તારને પકડી પ્રભુદર્શનના આનંદના મંજળ છલકાવવા કહે છે. કટાઈ ગયેલો કોસ એ વારીને બહાર ખેંચી લાવતો રટણાનો મંત્ર છે. એ સૂરની સંગાથે જ શબ્દના પંખી પાછાં આવશે. અપસરા જેવી આનંદની હેલ નાચી ઊઠશે પણ આ માટે તેઓ કહે છે --

'એકાકી, એકાંતધાર મંડાણ પરે
મથવું પડશે એકલપંડે, દિનરાત
રાતદિન જંપ વિના, જાગે નહિ જ્યાં લગ
ઝળહળ નિરમળ જળ અનગળ.'
(સંગતિ- પૃષ્ઠ- ૨)

અને પછી તો તેઓ દુષ્કાળને ય ઘટક ઘટક જળ પીવા ખોબે ધરવા કહે છે.

'ભીતરનો ભગવો' માં કવિની પ્રભુકૃપાથી અંતરનો આનંદ લહેરાતો રહે છે.

'ભીતર ભગવો લહેરે રે
મારા હરિવરની મહેરે.'
(સંગતિ, પૃષ્ઠ-૩)

ગાતાં જ અગનશુદ્ધ બનેલા અંગોથી કવિને જ્યાં જુએ ત્યાં છુપાયેલો ગેરૂ રંગ જ દેખાય છે. કાળનો કબાડી બજારમાં ઊભો છે એનાથી કોઈ ધ્રુજે છે, કોઈ રડે છે, પણ કવિને તેનો ડર નથી. કવિ એને ઓળખી ગયા છે એટલે તાળી દઈ 'દ ની ખોટકલાં ખંખેરે રે' કહે છે. જે મૃત્યુનો કાળ બની આવે છે એતો માત્ર ભ્રમણા છે. પ્રેમની અમી વર્ષા ત્યારે જ થાય છે જ્યારે હૃદય બળીને ભસ્મ થાય છે. તાપ- તપ વિના અમૃત મળતું નથી. કવિને તો ભડકામાંય લીલુંછમ દેખાય છે. આવી સ્થિતપ્રજ્ઞતા પામી કવિ જીવનમોક્ષને પામી ગયા છે. એ સ્થિતિને તેઓ જોઈ શકે છે અને બીજા પણ હરિકૃપાથી જુએ એમ ઇચ્છે છે.

'શ્વેત ફૂલ ઝરે' માં કવિ સ્વપ્નાંનાં ધોળાં ફૂલની વાત કરે છે. શ્વેત ફૂલ રહી રહી શ્યામલ ધરા પર ઝરે છે. ગગનની ડાળ પર અંગમાં અગનની ઉછાળ લઈ જે ફૂલ ખીલ્યું હતું - જે સ્વપ્ન સેવ્યું હતું - વેલ પણ નમી નમીને એ તરફ દોરી રહી હતી. એ સ્વપ્ન જેવું જ હૈયાસા તથા કરે છે. આભ સમાણું આ સ્વપ્ન ફળશે કે ધૂળમાં મળશે એ વિચારે આકુલ-વ્યાકુલ પ્રાણ નિસાસા નાખે છે. આ નિસાસા ખરી પડતાં ફૂલની જેમ ખરે છે પણ ફોરમ ફેલાવતા રહે છે. તેજલ સ્વપ્નોના સાકાર થવાની પ્રતીક્ષા કવિ કરે છે.

''કોણે તંબુ તાણિયો' માં તેઓ જણાવે છે--

'કોણે તંબુ તાણિયા આ મહોબતને મેદાન'
લાહેરા બળે ત્યાં લહેરનાં, કોઈ ઝોલમઝોલાં પાન.
નેજા ને નિશાન, આભ લગી આંબી ગિયાં.'

(સંગતિ, પૃષ્ઠ-૯)

આભ સુધી જેની ધજાઓ ફરકે છે એવા તાપ- દુઃખમાં શીતળતા બની આવતા, મહોબતના મેદાનમાં તંબુ કોણે તાણ્યા છે એમ તેઓ પૂછે છે. આ તો કોઈ જુદી જ મહોબત છે. પ્રભુ પ્રેમના આ તંબુમાં કવિને છત્રછાયા મળી ગઈ છે. કવિનું જીવન જ ધન્ય બની ગયું છે. આ સંપ્રાપ્તિનું વર્ણન કરતાં તેઓ લખે છે --

'આખરને ઓશીકડે, મુંને મળિયા અભિયલસેણ,
નખમાં રોગ નથી રિયો, સઈ, સાંભળ મારું વેણ,
મોત વહ્યું મધરેણ, હવે જ્યાં જોઉં જીવણ હસે.'

(સંગતિ, પૃષ્ઠ- ૯)

જીવતરનો અધવચ્ચે જ મરણને જીતી જનાર કવિ હવે જ્યાં જુએ ત્યાં હસતાં હૃદયમાં વસતા પ્રભુ દેખાય છે. સૃષ્ટિમાં સર્વત્ર પ્રભુના માલટ્યને નિહાળવાનો અનુભવ એમની અધ્યાત્મની પરમ સિદ્ધિને પણ પ્રગટ કરે છે.

'સપનોનું વન' પણ એમની ઘન અનુભૂતિને લઈને આવે છે. આજે સુંદર સુરભિત ઘન સપનોનું વન ગાજે છે. સપના પતંગિયા કે ફુદાં જેવાં ફોરાં નથી, ઘન સપનાં છે. સપનાનું આખું વન છે. સ્વપ્નમાં દેખાય છે ડુંગરની તપખીરી ધાર - જ્યાં સિંદૂરિયો સૂરજ ઝળકતો હોય - સ્વપ્નામાં વહે સ્મરણની ત્રિશાળી અઘોરી નદી જેને માર્ગ કરીને મંઝિલે પહોંચવું છે. સ્વપ્નમાં એકક્ષણ ચમકે છે તો એક ક્ષણ છુપાય છે. તેજ-તિમિરની લીલામાં ક્ષણની સંસૃતિ કવિ જોઈ રહે છે. આ યાત્રા તો હજાર હજાર વર્ષોથી અણથાક ચાલુ જ છે. માટીના શરીરનું વિરહ-મિલનના ઘાટે આ દર્શનની તરસનો તલસાટ તો આજે ય જુગ જૂના ધૂસર સાદ ઉપર ગુંજી રહ્યો છે. આવા આત્મકલ્યાણના સ્વપ્નમાં જ એમનું જીવન સમર્પિત છે. એક જ જીવનમાં આ સ્વપ્ન જોઈ શકાતું નથી. એટલે કવિનું પ્રીતવછોયું હૈયું પામી પામીને અનાગત કાજે ઓરાતું રહે છે. એમને જે પ્રાપ્તિ થઈ છે તે થતી જ રહે છે, તે માટે તેમનો પ્રયાસ અનેક જન્મમાં પણ ચાલુ જ રહે છે. આવા ભીતર-બહારનું, જન્મજન્માંતરનું દર્શન કરાવતા ઘનસપનાંનું એક સુંદર સુરભિત વન આજે ગાજે છે.

જગતગુરૂ શંકરાચાર્યના સૂત્ર 'બ્રહ્મસત્ય જગત મિથ્યા'નું ખંડન કરતાં સ્વામી સચ્ચિદાનંદ કહે છે - 'બ્રહ્મ સત્ય જગત સત્ય'. આવા જ ભાવને પ્રગટ કરતાં કવિ મકરંદ 'મુંને વ્હાલું'માં કહે છે--

'મુંને વ્હાલું ડુંગરનું ધામ,
એવાં મુંને વ્હાલાં તળેટીને ગામ.'

(સંગતિ, પૃષ્ઠ- ૧૨)

સંન્યાસ એ સંસારનો વિરોધ નથી. કવિને ડુંગર ઉપર પલાંઠી વાળી, હાથ જોડી બેસવામાં જેટલો રસ છે તેટલો જ ડુંગરથી હેઠા ઊતરી હરખથી ગામની ગલીઓમાં ફરવા-માં રસ છે. કેમકે શેરીઓમાં ય શ્યામ રમે છે.

'ઘેર ઘેર ઘેલો હું ભટકું વેરાગી,
મારા શેરીઓમાં રમતા શ્યામ --'

(સંગતિ, પૃષ્ઠ- ૧૬)

એઓ તો બધાંને બોલાવે છે કોઈ મોઢું બગાડે, કે કોઈ મલકી ઊઠે એનાથી એમને કોઈ ફેર પડતો નથી. બધા જ કવિની માળાના મણકા છે. અર્થાત્ એક સમાન છે. એમને પોતાની સાચી સગાઈ તો માનવી સાથે જ લાગે છે. માનવીને ચાહવાથી દેવ પણ પ્રસન્ન થાય છે.

'ડુંગરનો દેવ મારો ડોલી ઊઠે,
જ્યારે હોઠે તમારું લઉં નામ--'

(સંગતિ, પૃષ્ઠ- ૧૩)

એટલે જ તો કવિને ડુંગર અને તળેટીનું ગામ બંને વ્હાલાં છે.

'સઘળું સોંપ્યું' કાવ્યમાં કવિએ વ્હાલાને સઘળું સોંપી પોતાને માટે કંઈ જ કરવાનું રાખ્યું નથી. હવે કવિને વ્હાલો ઘણું ગામ આપે કે દાઝયા ઉપર ડામ આપે એનાથી કોઈ ફરક પડતો નથી. કેમકે હવે તો એમને હેતના ફૂલ ફુવારા ઊડે છે અને હરખ આઠો જામ રહે છે. હૈયામાં રૂડું રૂપ રમે છે અને હોઠ ઉપર મીઠું નામ રહે છે. હવે તો કવિ દિન કે દૃશ્ય, માર્ગ કે મુકામ કંઈ જાણતા નથી. જીવનની બધી લગામ એમણે વ્હાલાને હાથ સોંપી દીધી છે. સંપૂર્ણ શરણાગતિનો ભાવ અહીં પ્રગટે છે.

'ક્ષણિક દીવો'માં કવિ યોગની ક્ષણની પ્રતીક્ષાનો દીવો પ્રગટાવે છે. મનમાં થાય છે કે શૂન્યના અનંત સાગરમાં આ માટીનો પાંદડી જેવી બે આંખોનું શું મૂલ્ય? આંખ જુએ છે ને બધી ભ્રમણા છે, દર્શન મિથ્યા છે પણ એમનું મન આ માનવા તૈયાર નથી. ફરી ફરી એ દીવો ચેતવે છે. માળા ગૂંથે છે, કોઈનાં પગલાં તેજ સુગંધને પામશે, પળ બે પળ કાળા ઓળાને થામશે એની કવિને શ્રદ્ધા છે.

'બારાવટો'માં તેઓ પ્રભુને કહે છે કે પ્રભુ આવે તો એમની આંખ ઠરે છે, અને જો ન આવે તો ફરી ક્યારેય એના પ્રત્યે મુખ ન ફેરવવાનું તેઓ જણાવે છે. તેઓ પ્રભુને મજાકમાં કટાક્ષ પણ કરે છે કે યાદ બાણ બની ગઈ એવું કહો છો તે શું પ્રીત પથ્થરની છે? અને વ્હાલ શર બની વીંધે છે તો શું શાહુડો અંતરમાં વાગ્યો છે? કવિને કામમાં કે નામનામાં રસ નથી તેમણે તો કોઈ અધખીલ્યા ફૂલનો સાદો સ્નેહનો અછોડો પહેર્યો છે. એમની આશાની કુંજ લીલી છે, વિશ્વાસની કેડી તાજી છે, પણ અંતરના ચોરાઓ પ્રીતનો બારાવટો રે ઠાલે પૂર્યા છે. કવિ આ બધું બોલે છે તેનું ખોટું ન લગાડવા પાછા હાથ જોડી પ્રભુની ક્ષમા ચાહે છે.

'કાંકરીએ કોર્યાં છે'માં પણ કવિ શ્યામ સાથેનાં આવાં જ અટકચાળાનું વર્ણન કરે છે. કાંકરીએ માટ કોર્યાં છે અને મોરલીએ મન વીંધ્યાં છે. જમુનાના નીરથી છલકાતું માટ વીંધાઈ જતાં જમુનાનાં વારિ વાટમાં વહી જાય છે. ગોપીનું મન પણ સાથે વહેતું ચાલે છે. હવે સુખની નીંદર હરાઈ જાય છે. સૂરને વળાંકે વીંધાયેલું વનરાવન એને દૂર ઉતારે છે. ત્યાર પછી કવિની કલ્પના થોડી ઘન બને છે. માટીના માટની જ્યારે ચાંદાનું માટ ફોડી ઊછળતા અદકેરા ઉજાસમાં ધરને ભૂલીને અબજો અણું ઘૂમે છે, એનો રાસ રમણે ચઢે છે. તેજરૂપ બ્રહ્મને પામીને સૃષ્ટિનો કણ કણ ક્રિયાશીલ છે. અનંતની લીલાને આ રીતે સાકાર થતી કવિ જુએ છે અને એ વિશ્વ નર્તનના મહારાસની વચ્ચે - કેન્દ્રમાં જે સુંદર રાજે છે તે એમની પાસે પ્રગટ થઈ નાચે છે. કવિની ઉપલબ્ધિનો પૂર્ણ આલેખ અહીં પ્રાપ્ત થાય છે.

'વિફલતાને બારણે'માં એમને વિફલતાની અણી ઉપર જ જિંદગી પુરણકામ બનતી જણાય છે. દરેક સ્વજન ડૂબવાની અણી પર જ પ્રભુ એમનાં કાર્ય પૂર્ણ કરે છે. 'કમળ તો ચાહે'માં કવિ કમળ અને ભ્રમરની એકબીજાના મિલનની પ્યાસના નિરૂપણ દ્વારા પોતાની મનઃસ્થિતિનો ચિતાર આપે છે. પ્રભુ સાથેના સુભગ મિલનની પળોની પ્રાપ્તિની પ્રક્રિયાને કવિ રૂપકોમાં આ રીતે વ્યક્ત કરે છે.

'આકુલ ચાહ વહે ચતુરંતે,
મૂક મૃણાલ તણી મધુગંધે,
અહીં વહે કંપન, ત્યાં ગુંજન
નિકટ નિકટતમ સાદે --'
(સંગતિ, પૃષ્ઠ- ૬૨)

નિકટતા પછી ઓતપ્રોત બનવાની ક્ષણોને કવિ આ રીતે આલેખે છે.

'ગુન ગુન ગુન ગુંજાર કમલ-લય,
ભૃંગરંગ કેસર કેસરમય,
કોણ મધુપ ? કયું પદ્મ ? કોણ ત્યાં
અવલોકે અવગાહે ? --'

(સંગતિ, પૃષ્ઠ- ૨૨)

આમ પ્રભુ માટેનું તીવ્ર ઝંખન, દર્દીલો પુકાર પ્રભુમાં ય સ્પંદ પ્રગટાવે છે. જે નિકટતા સર્જે છે. પછી તો એકરૂપતાની ધન્ય ક્ષણો પ્રાપ્ત થાય છે.

'મધુર લીલા'માં તેઓ કાનાનું વિવિધ મુખે વિવિધ વાણીમાં ચરિત્રશ્રવણ કરે છે. નવા નવા લોકોમાં કાનાની લીલાને નિહાળે છે. નિત નવા લોકોને મળે છે. કોઈ નજીકથી દૂર જાય છે તો કોઈ બીજું નજીક આવે છે, અને એમને તો આનંદ ઉજાણી છે. તેઓ સહુમાં એનો પ્રેમ અને મદીલા રંગ વાંચે છે. સહુમાં એનો સાદ સુણી ને મધુરલીલા માણે છે. લખ આવે ને લખ જાય છે એમાં અલખ કાનાની લહાણી કવિને દેખાય છે. એમને આશ્ચર્ય એ વાતનું છે કે --

'કેટલાં વિવિધ મુખ ને વળી
કેટલી વિવિધ વાણી !'

(સંગતિ, પૃષ્ઠ- ૨૩)

કવિને જીવનમાં એક પ્રેમનો ભાવ જ આવડ્યો છે. એમાં પ્રભુનો રાતો રંગ એમને જડ્યો છે. સહુમાં પ્રભુનો સાદ કવિ સાંભળે છે. અને લાખોના મેળામાં -લક્ષ લક્ષ જન્માંતરોમાં તેઓ કાન્હાઈની અલખ લાહણીની મધુર લીલા માણી રહે છે.

'ભાગ બડો'માં નટવરની અકલિત કલા નિરખીને સમજી સમજીને ચુપ રહેવાનું તેઓ કહે છે કેમ કે આ કલા જોવા- સમજવા મળી છે ને મોટા ભાગ્યની વાત છે. નીરવ અંધારી રાતમાં શ્યામનું સ્મરણ કરતાં બધા જ દુઃખો સહી જઈએ અને પ્રીતમનો પોકાર સંભળાય ત્યારે બિહડ વાટમાં ય વહી જવામાં ભાગ્યની બલિહારી છે. 'સાદ પડે ત્યારે'માં કવિ પણ એ જ વાત કહે છે--

'સુનકારે બધું સહીશું, પ્રીતમ!
સાદ પડે ત્યારે આવશું દોડી.'

(સંગતિ, પૃષ્ઠ- ૨૬)

એમનો પ્રભુ પ્રાપ્તિનો માર્ગ યોગસાધનાનો માર્ગ છે. સુનકારમાં થતા બધા અનુભવોને સહીને સાદ પડે દોડી જવાની પ્રતીક્ષામાં બેઠા છે. ક્ષણાર્ધના યોગમાં થતું મિલન કાળના દરિયામાં ડૂબકી દાવની રમત જેવું છે. કોઈ સમયે હાથમાં હાથ મિલાવી તેઓ જાય છે, તો કોઈ સમયે ભારે વેદનાને સહે છે. આ વેદનાની માળમાં તળ, વિતળ, પાતાળ ખૂંદીને આખરે અજાણ્યા કિનારે આવી હોડ મિલાવીને અમીરસના ઘૂંટડા પીવાની તેઓ શ્રદ્ધા ધરી બેઠા છે. કવિ દિલદાદિલ છે. પ્રીતની ચાદરને માણવાના. જિંદગીમાં ખેલવાના તેમને કોડ છે. સુનકારમાં યાદના દીવા બાળીને સાદ પડે ત્યારે તેને ઓળખી લેવા તત્પર છે. શૂન્યના સાગરમાં ડૂબી સ્મરણની જ્યોતથી દર્શનને પામવાનો એમનો પ્રયત્ન છે.

'મધપૂડાનું છિદ્ર' માં કવિ ક્ષણને મધપૂડાનું છિદ્ર ગણાવે છે. ક્ષણોની કાંટાળી વેલના ચણીબોરનું રૂપક આપનાર આ કવિ હવે ક્ષણને મધપૂડાનું છિદ્ર ગણાવે

છે. ક્ષણને રિક્ત રાખો, આંખો મીંચો જે ધ્યાનાવસ્થાનું દર્શન છે તેમાં પૂર્વારૂપી ફૂલ અમલ રંગથી ફૂટે છે. એના મૂલ કોઈએ મન મેલીને મધુર બનાવ્યાં છે છતાં ય કોઈને આ વૈભવ દેખાતો નથી. આખું ય ભુવન આ મધુરતાના વૈભવથી સભર છે છતાંય લોકોનું જીવન દરિદ્રતામાં વીતે છે. ક્ષણના ગુંજારવે કાળ પણ કાન માંડે તો --

'બિંદુ બિંદુ ઉછળે તારા
સિંધુનું આહ્વાન :'
(સંગતિ,પૃષ્ઠ- ૨૭)

ક્ષણને જે પારખી લે છે એ જ સદાય પવિત્ર બને છે. ક્ષણનો મધુર રાગ બિંદુમાં સાગરને ઉછળતો કરે છે. વિશ્વની કુંઠિત ચેતના જાગૃત થાય તો પરમ પારાવાર ઉછળતો રહે છે. પણ જ્ઞાનિનો આ ક્ષણને ઝીલી લેવાનો એમનો આદેશ છે.

'મનના ખેલ' એમનું મન ક્યારેક ઘરની ઉપર ફરે છે, ક્યારેક મહેલ ચણે છે, ભયમાં મોરલાની જેમ ગાઈ રહે છે, હૃદયશિખરે પડદાઓ પડી જાય છે પણ તેઓ મનનાં જાળાં ઝાપટી મનની બારી બંધ કરી, પ્રભુ જે આપે તે બંધ આંખે ઉચકી લેવાનો નિર્ણય કરે છે તો અંતરમાં પ્રીતમના રસની રેલમછેલ જોઈ રહે છે આમ એમના મૂરખ મનના ખેલ પણ વિચિત્ર છે.

'હળવા ટકોરા'માં અધરાતનો દીવો ઓલવાયો દિનચર્યાની ઝુલણ ખાટ થંભી ગઈ ત્યારે કોઈ જાણે વાટ જોતું હોય એમ હેતના હળવા ટકોરા બારણે પડે છે. કવિ આગળો ખોલતાં એ વિચારે અટકે છે કે એ કોણ હશે, એની વાણી કેવી હશે. અજાણ્યા સાથે આમ અચિંતા જ આખરે પરિયાણ કરવાં પડશે ત્યારે બારણે આવેલ અગમ દેશના અતિથિને પળવાર થોભી જવા કહે છે. પોતે છેલ્લીવાર ઘરને જોઈ લે પછી બારણાં ખુલ્લાં મૂકીને નીકળી પડે. કવિ આ અગમના અતિથિ સાથે આખરનું પરિયાણ કરવા તૈયાર જ છે પરંતુ એ અતિથિને પારખી શકતા નથી. કેવળ મલકતું મુખ અને ઝળહળતી મશાલ તેઓ જુએ છે, ઝાઝું જોવાની ઝંખના પણ નથી. કવિ અનુભવે છે આવો અપૂર્વ આનંદ--

'મનનો ઊડે મત્ત ગુલાલ '
હૈયે રે હિલોળા એના હેતના.'
(સંગતિ,પૃષ્ઠ- ૨૬)

'ઉગમણી વાટમાં' કવિનું જડાયેલું ગીત છે. ગાઢ વનમાં ઘેરાયેલી અંધારી રાતમાં તેઓ ઉગમણી વાટમાં આવેલી તેજલ દેશની વાટ ચીંધવા કોઈ ગુણી જનને તેઓ કહે છે --

'તોડી જગતાળાં,
ભાંગી ભ્રમજાળાં,
કોઈ હવે કરીને અખંડ અજવાળાં રે --'
(સંગતિ,પૃષ્ઠ- ૩૧)

કવિની જીવનનૈયા સંસારનો સાગર ખેડતી જાય છે. એના જળઉપર ઉગમણી વાટમાં કંકોળેલો કેડો છે. એ જ કેડીએ ચાલી તેઓ મુક્તિના ધામે પહોંચી શકે છે. એમને આનંદધામની મુક્તિની મીઠી ફોરમ અંતરમાં વાગતી સંભળાય છે. આમ એમની દશા જીવનમુક્તની છે.

'અભય નયન'માં આકાશના લક્ષલક્ષ તારા અંધાર ચીરતા આવે છે અને કોઈ સીમા નથી. એ તો માત્ર તમારું મટકું માગે છે. એ તેજ સાથે એકી ટશે જોઈ રહે છે તો હૃદયનાં અંધારાં દૂર થઈ જાય છે. અંધારેથી ડરી હીબકાં ભરવાને બદલે નભાગી સામે જોતાં લક્ષલક્ષ નયનમાં એક મટકું જ મૂકવાની જરૂર છે ; ક્યાંયથી ય પણ જ્યોતિ તમને મળી જશે. 'મૃત્યુની ઘાટીઓમાં' મૃત્યુનું નવું જ રૂપ તેઓ રજૂ કરે છે. તે કહે છે --

'મૃત્યુની ઘાટીઓમાં ભર્યું હાસ ;
જિંદગી શ્વાસ વીત્યા પછી શ્વાસ .'
(સંગતિ, પૃષ્ઠ- ૩૫)

મૃત્યુની પાર પણ જિંદગી છે. મુક્તિની પાંખ પર માણ આકાશને માપો ન વળે, સરિયામ રસ્તે કોઈ ન મળે ત્યાં સુધી જિંદગી પછી જિંદગી છે જ.

'ભાંગી જશે ભયંકર રાત'માં કવિએ કાનોકાન સાંભળ્યું છે, રાત આખી જાગીને જોયું છે . તે મુક્તિનો માર્ગ એમના મોત બડભાગીને બતાવે છે. જેનાથી અંધારની ભયંકર રાત ભાંગી જશે. એમને શિર પર હાથ મૂકી આકાશે ઝળીને આશીર્વાદ આપ્યા છે. અંધારનદે તેજની ભરતી-ઉછાળ આવી રહ્યો હોય ત્યારે અર્થાત્ સવારે બ્રહ્મમુહૂર્તમાં ઘટમાં -પંડમાં મુનમુન બની બેસવાનો , આનંદિત સૂર પહેલાં તો નહીં જાગે . અચળ અઘોર તિમિરગુહામાં કિરણોની તીક્ષ્ણ ધાર પળે પળે પડીને વીંધીને . આઘાતે આઘાતે ભયંકર રાતને ભાંગશે, અસહ્ય વેદનાના કારાગારમાંથી મુક્તિ મળશે . આનંદના આકાશ ભરીને ખુલી જશે. આમ કવિ યોગસાધનાનો માર્ગ મુક્તિ માટે ચીંધે છે.

'મારી બંસીમાં' ગીતના લયમાં જુદા જુદા ભાવોને વણી લેતું કાવ્ય છે. એમને જિંદગીના બધા જ રંગો માણવા છે. બંસીનાં સાત કાણાં છે તો એક સૂર શા માટે વહાવવો ? પ્રીતમનાં ઠામ ઠામ થાણાં છે તો કવિને કોઈ ઠામ બાકી મૂકવું નથી. અપાર રૂપરંગના મેળામાં વાડ બાંધવાને બદલે એમને સહુમાં સોંસરવો જાય એવો નિર્બંધ મેરને સાધવો છે. અનહદ નિત નવાનવા રૂપે આવે છે. એમનામાં તો મોજે મોજે એવો સાગર લહેરાય છે કે ભરપૂર હોવા છતાં પ્યાસો છે. એમના ઘૂંટડા પીઓ પીઓ એટલી પ્યાસ વધે છે. એમને તો બધાં જ ચોઘડિયે અમર ગાણાં છે. તો કોઈ ઘડી ઠેલવાની ક્યાં જરૂર છે ? તેઓ એક સૂરને સાંધે ત્યાં લાખ લાખ સૂરની રેલી વરસે છે. એકને ચાહે છે તો કવિની સુરતા અનંતમાં ઘૂમી રહે છે. અંધારામાં ઉજળું વહાણું વાય છે અને આયખું ઘેલું બની ગયું છે. કવિને સર્વ રૂપે સર્વ રીતે પ્રભુને પામવા છે. એક જ રાગ ગાવામાં એમને રસ નથી.

'ઈંડાનું મંથન'માં કવિ આકારને શોધતા અંધકારમાં બફાતા ઈંડાની વ્યથામાં સનાતન નિયમનું આલેખન કરે છે. જે મહાક્રૂર આગમાં ઓરે છે એ જ નહથી ફૂટે છે. એ જ કોઈ કૂજન જગાડી જાય છે. 'નયન અને અંધ'માં તેઓ નોંધે છે કે નયન અંધ બને તો જ ઉજળી આંખોની પાર કંઈ પારખી શકાય છે માટે કવિ નયન બંધ કરી માણસે નિજના અતળ તળે ડૂબવા કહે છે. દુનિયા આથમે ત્યારે કવિનો આતમ રામ જાગે છે . એમાં ભરાય છે કોઈ નવું તેજ , નવી તાજગી , નવી ખુશબો. તેઓ ઇચ્છે છે કે નયન અંધ બને શ્રવણ બંધ થાય , માત્ર અશ્રુત બંસી જરા બજી રહે. 'વહેતા કાળમાં' એમને વહેતા કાળમાં ડૂબવું નથી, નભમાં અચલ ગભીર ચેતના બની નિજ બળે નોંધ્યો પર ઊડવું છે. 'ભગવાનનો પુકાર'માં ભગવાન માનવ બની અવતરવા અંતરે અંતરે ભિક્ષા માગતો હોવાની તેઓ કલ્પના કરે છે. 'તન ભાળો'માં પ્રકૃતિના જુદાં જુદાં

તત્ત્વોમાં જુદા જુદા રૂપે વાલમાનો ઝાંખી કરે છે. તીખાં ઝૂનો કટારી, ઉનો વગડાનો લ્હાય, પીળો રૂનો પથારી, શીળો સાંઝાનો છાંય, વાંકો વનવનનો ઢાળો, આવજનો હૈયે ટુક, સૈયરનો સોદો પાટો, કોયલનો મીઠો ટુક, ઉંચો આભનો પડઘો, નીચો ઝાંઝરનો ઝુમ - બધું જ વાલમ છે. ભાળો ભાળોને કવિ ભૂલે છે અને ગોતો ગોતોને ગુમ થાય છે એવાં અજબ રૂપો વાલમનાં છે.

'પામે પૂર્ણવિરામ'માં કવિના જીવનનો અદ્દભુત ગતિ પ્રભુ તરફ દૃષ્ટિ પરોવતાં પૂર્ણવિરામ પામે છે. નિજનું સત્યાનુસંધાનમાં પૂર્ણવિરામ છે. 'દરિયાની હવા'માં દરિયાની હવા પાંખ પસારી લાખ મસારી લાવે છે જેનો કવિને કેફ ચઢે છે. દરિયો રગરગમાં સમાઇ જાય છે. દરિયો ને દિલ એક બનો જાય છે ત્યારે અદ્દલ ખુશહાલ ખુવારીને ખેડવા તેઓ તત્પર બનો ઉઠે છે. 'મને ગતિ ગમે'માં અબાધ અવિરામ સ્થિરતા સમી ગતિ એમને ગમે છે. ભમરડા જેવી અચંચલ જતી, અંધારેથી પ્રકાશ તરફ જતી જડત્વને સુકુમાર સંવેદન આપતી ગતિમાં સદાય અકિંચન ઝરણાનો ઘોષ નર્મ રેખાના રસે સ્થિરમતિ થઇ વિહરવું એમને ગમે છે.

'તમે ઓઢાડો દો'માં તેઓ કહે છે --

'તમે ઓઢાડો દો ઘન તિમિરનો ચાદર વણી,
જગાડો છો ત્યારે શત નિહિત સૂર્યોદય ભણી.

(સંગતિ,પૃષ્ઠ- ૫૭)

'હવે આવ્યા કેડા'માં અગમના કેડા હવે આવ્યા છે જેમાં કવિ પોતાના હાથે સભર બધું જ અગ્નમાં શ્રીફળની જેમ હોમી આગળ પાછળ જોયા વિના ચાલી નીકળે છે. જીવન નૈયાને મઝધારમાં મુકાવી છે પણ શ્રદ્ધા છે કે

'રહેશે પૂર્ણત્વ તરતો પરકૃતિ મુજ તરી.'

(સંગતિ,પૃષ્ઠ- ૫૮)

'કહે, કલ્યાણી'માં આત્મકલ્યાણના માર્ગે જનો સંગતિ છે. કલ્યાણીને કવિ પૂછે છે કે સ્વપ્નમાં પણ વિચાર્યું ન હોય એવું અચરજભર્યું આ [illegible] રીતે બને છે, ઘનતિમિરના કદડ [illegible] ફૂલ કયાંથી પ્રગટ્યાં? કેવા કિરણમય આનંદ મુકુટમાં સકળ ઉજાસથી સંતાઇ ગયું છે? એના ઉત્તરમાં કવિને ભાસે છે કે કલ્યાણીનો તિમિરમય કટાળ ધરણી જ્યોતિના કણ કણથી ભરેલો હતો તે નક્ષત્રોને પડ ખળખળતાં એમાંથી નેહનો ઝરણો વહી આવી, અને આ રીતે મઝમય બનેલો મુદા જાગી ઉઠી. એટલે આ તો --

'પંદ પુષ્પો, માથે મુગટ, નિજને ભેટ નિજની.' -- છે.

(સંગતિ,પૃષ્ઠ- ૬૧)

કલ્યાણીના માર્ગમાં જ્યોતિમય કણો ભરેલા હતા, જે પ્રેમ ઝરણથી ફૂટયા અને પંદ પુષ્પ ને માથે તેજમુકુટ [illegible]

'કુંજની કતાર'માં શ્યામમાં ધૂપે ઉડતી કુંજ પંખીઓની કતારમાં વાલમનો સંદેશો વાંચનાર પડઘાના બોલ તેઓ સાંભળે છે. હવે સાહિલના આરાનો ભાર લાગતો નથી કેમકે ઝંઝાની જેમ કવિના પ્રાણ ઝૂલવાના છે. કુંજની કતાર સાથે કવિનું મન સાહિલના કિનારાને ખોળી રહે છે. 'આસ્વાદ'માં બિંદુમાં સમુન્દરના સાગરનો સ્વાદ અને અનંતનો પળપળની પેશીમાં અદકેરો સ્વાદ અનુભવાય છે. કવિ મનના તર્ક-વિતર્કના છાલ - છોતરાં છોડી જ્યાં અસ્તિત્વ એક બને છે તેવા રસભર ગર્ભાણાં અંતરને ચાહે

છે. જે ઉપરથી આઘાત કરે છે તે જ ઊંડે આહ્લાદ પહોંચાડે છે. કણના અગણિતના ઝંકાર જાણમાં અપરંપાર કાળના કિરણોનો સંચય અને હોઠ ઉપર લાખ લાખ યુગનો મૂક મધુર સંવાદ તેઓ અનુભવે છે.

'થાકું ચેતન'માં અગાધ પ્રાણપિપાસાથી ઇન્દ્રિયોની તીવ્ર ઉત્કંઠા જગતના ચૈતન્યને રસ પાન પાન થાઈ છે. જડની સાધનાના જૂઠ ઉપર ખુવાણ ઠોકણ પાડે છે. મહજનો સંબંધ તૂટી જાય છે. સત્યાનાશનું હેત હવાઈ જાય છે. અંગ તકલાદિન અને આંખ સૌંદર્ય-અંધ બને છે ત્યારે એમનો ભર્યો ભર્યો પ્રાણ પોકારી ઊઠે છે--

'થાકું છું, ઘડીકે ન થશો પણ આ ચૈતન્ય-થાકો મન.'

(સંગતિ, પૃષ્ઠ- ૬૮)

'ભૂખ્યાળી યાદ' માં કવિ કબીરની જેમ જીવનરૂપી ચાદરને જતનથી ઓઢી જેવી મળી હતી એવી સહજ પાછી આપી જગમાંથી જવાની ઇચ્છા વ્યક્ત કરે છે. પણ મહાસિંધુ પ્રભુની રમત પણ અગમ્ય છે. હિમથી ધવલ ચાદરે જે દુઃખે કજળી રહ્યું છે મલિન ધૂળમાં પટકાયું છે તેને પાછી લેવામાં તેઓ પોતાની ચાદર સહજ ગણે છે. ત્યારે એમને લાગે છે કે એ અમલ ધવલ બની હશે અને પ્રભુના હૈયે અમાણી ઉજળી બની હશે.

'મને લાગે : થશે અમલ લઈ ને આજ ધવળી,
--મને લાગે હૈયે પણ અમાણી રહ ઉજ્જ્વળ હશે.'

(સંગતિ, પૃષ્ઠ- ૭૪)

દુઃખીની મદદ કરવામાં જીવનનું શ્રેય શોધતા કવિનો એક નવો જ રંગ આપણને જોવા મળે છે. 'અસીમ શુચિ શાંતિમાં' કાવ્ય પરમ અનુભૂતિની પળનું દર્શન કરાવે છે. અસીમ શુચિની શાંતિમાં વિહરતા, જરી જની ભરપૂર સુગંધનો નશો છવાય છે. અવકાશમાં પૃથ્વી સરતી જણાય છે. ગ્રહો અને અગણિત તારકો સહપ્રવાસી જેવા બન્યા છે અને અણદીઠ પરમ જ્યોતિપુંજ નજરમાં ઝૂમે છે. 'હવે ઘપટો ધૂળનો ભાર શો?' કવિને માટીના શરીરનો ભાર લાગતો નથી. આત્મા ઊંચે ઊડે છે કિરણોમાં કિરણો નાખી દે છે. કવિના સ્વપ્નો કે યથાર્થની સમજ પડતી નથી પણ યથાર્થથી મીઠું સ્વપ્ન છે જે પાંખ પસારી રહ્યું છે. ગાત્ર જડબંધનોને તોડી પિંજર હટાવી પળવારમાં ગંધની જેમ, ધૂળની જેમ હવાથી હળવું બની નીકળ્યું છે. આ શું છે તેનું નામ ખબર નથી. 'અનામી પણ નામ એનું જડ્યું' કવિ ઝિલાય નહીં એવા આ તત્ત્વને લઈ સર્ગમાં સંચરે છે. આખર એમને બધે ઘર મળ્યાની તૃપ્તિ છે.

'ઝિલાય નહિ, તત્ત્વ એ જ લઈ સર્ગમાં સંચરું,
રહ્યું ઘર ન તો મને ઘર મળ્યું બધે આખરે.'

(સંગતિ, પૃષ્ઠ- ૭૯)

વિશ્વમાંગલ્યની કામના કરતાં સૌંદર્યના ગાનને સદા દીઠે રહેવાની પ્રાર્થનાથી જ કવિએ તેમની કાવ્યયાત્રાનો પ્રારંભ કર્યો છે. આત્મકલ્યાણાર્થે યોગના માર્ગે વળેલા આ સાધકને શ્રદ્ધા છે કે પ્રકૃતિના બળે અરવ રહી ને ખુલ્લા અંતર જેવું તેમનું મન, આકાશી તત્ત્વો તણ ઘનુંપાદ સુષુપ્તિમાં પડી રહીને પણ શાંત નિસ્પંદમાંથી ધરા પર ઉચ્ચલ પાયલ સજી શકશે. 'ખુલ્લો અંતર જેમ'માં કવિ આ વિચાર વ્યક્ત કરતાં કહે છે કે રહસ્ય સાધનો નિત્ય સહારથી તપસાધના દ્વારા પૃથ્વી પર અવનવા સૌંદર્ય સજી શકાશે. વિશ્વમાં સૌંદર્ય-સિદ્ધિનો કવિનો તમન્નામાં જ

પાતાળપાણી ખળભળશે, સૂર્ય ભૂમિને ખેડશે અને ચંદ્ર આનંદની વાવણી કરશે. આખી સીમ ભરી ધુધવતો મોલ-પ્રેમ આનંદનો -વધશે માટે કવિ સાક્ષાત્ જીવનને એ કાર્યમાં જોડાવા આહ્‌વાન કરે છે. ચોંકેલા ચરેચર ખુલ્લા કરી, ઝંઝાવાત ભલે વિંઝાય, ઠર્યા વિના અંગ ઉપર ઉપરણાં નવા નવા રંગે રંગવાને બદલે જે છે તે રંગ ગ્રહણ કરવા, વિષય રૂપી ઝાંઝવા સાથે સામે જોયા વગર નિરાવરણની ભભૂતિ શરીરે ચોળી ખુલ્લાં ખેતરની જેમ નિશ્ચલ ખરી મંઝિલે પહોંચવા અનુરોધ કરે છે. વિશ્વમાંગલ્ય માટેની કવિની આ સાધના પ્રશસ્ય છે. વિશ્વ સૌંદર્યની તેમની કામના અવિરત છે એનું અહીં પ્રમાણ સાંપડે છે.

'સંસારની ઘન શિલા પર'માં કવિને કહેવું છે કે સંસારની ઘન શિલા પર હંમેશા જિંદગીની મેલાં સુવર્ણ સિક્કા પટકાય છે પણ અનંતની ટંકશાળ અંતરધાતુનો ખરો સિક્કો પ્રગટાવે છે.

'શી ટંકશાળા રણકે અનંતની!
અંતે ખરો અંતરધાતુનો ધ્વનિ.'
(સંગતિ, પૃષ્ઠ- ૭૮)

'ધન્ય'માં આભ અને ધરણીના અમતોમ સંબંધને તેઓ ધન્યતા પાડવે છે. આભની પ્રીત વાદળના નીર સીંચે છે તો ધરતી તેને આંખ મીંચી પીએ છે. હેતના તરલ તડકે ચડી હાસ્ય- તોફાનના તોરમાં હાંચે છે. આભના સૌમ્ય નક્ષત્રોની શાંતિમાં ધરા વિશ્રાંતિનો શ્વાસ લે છે. પછી તેજઝરતા પ્રભાતે નિજરૂપનું કમલ આભની કાંતિમાં જુએ છે, આભ ઘનઘોર હોય ત્યારે ધરા ભાનભૂલી હોય છે. આભ સ્વચ્છ હોય તો ધરા સાવ ખુલી હોય છે અને બસ --

'આભને સંગ ભુંજાય ભીંજાય ને
આભના અંગમાં ફાલીફૂલી ધરા.'
(સંગતિ, પૃષ્ઠ- ૭૯)

આવું આભ અને આવી ધરા ધન્ય છે. અહીં તો પ્રેમીઓની સમાન ભૂમિકા છે.

'સમયના હાથથી'માં સમયના હાથે દૂરત્વની સેર ગૂંથવી, સભર સૌંદર્ય ત્યાજી આપણે કંઈ જ બચાવી શકતા નથી. જિંદગી-એપ મરણથી જન્મીને આખર મરણમાં પાછી જાય છે માટે સમય સ્નેહનો હાથ લંબાવે છે તો આપણે પણ જરા હાથ લંબાવતા જઈએ એમ તેઓ જણાવે છે. જિંદગીમાં સ્નેહ વર્ષાવી જવું એ જ જીવનની ધન્યતા છે.

જો તમે ચરાચરમાં વિસ્તરીને ચરા-ચરને હૃદયમાં ધારી શકો તો જ પ્રભુને પ્રગટાવી શકો એવું 'તો જન્મશે ઈશ્વર'માં જણાવે છે. કવિ કહે છે કે જ્વાળામુખીના ધગધગતા લાવાને અને ફૂલની સેજમાં ફરકતા રંગને હૃદયમાં ધારી શકે ઘોંઘાટિયા ગગનના એકાદ ભૂલ્યા સ્વરને તું જો ભરી શકે, માઝમરાતે જે શાંતિ શમી છે તેને બધાના ઘરમાં વિખેરી શકે, ચરાચરના સહજમાં તારી સવારી ચિત્ત-વિચિત્રલીલા વીણીને બાંધે પણ શૂન્ય સંચરે એવો ચીલા વગરનો સ્પષ્ટ પ્રવાસ આદરી શકે તો જ કવિ કહે છે તારામાં ઘાટવિહોન દેહે પૂર્ણ સ્નેહે ઈશ્વર જન્મશે.

'હરિને હાડહાલો'માં કવિ પ્રિય પ્રાણને બ્રહ્માંડના વિપુલ ભાર નીચે દબાઈ જવાને બદલે તારા થકી જ વિશ્વસૌંદર્ય મ્હોરી રહ્યું છે તે નિહાળવા કહે છે. પ્રાણ જ વિશ્વનું ધન, વિરાટની પ્રથમ કામના, કરુણાર્દ્ર માતા છે. અનંત નિજને તારા જ નેત્ર ધારણ કરીને જુએ છે અને તારામાં જ ભરપૂર શાંતિ પામે છે, કેમકે --

'ઓ પ્રાણ, તું અખિલ અંબરનો ખુશાલો,
આ કુંજે કુંજે હરિને મન હાલ્હાલો.'

(સંગતિ, પૃષ્ઠ- ૮૨)

વિશ્વસૌંદર્યના પ્રાગટ્યનું કારણમાત્ર પ્રાણ જ છે.

'શિકાર શિવનો'માં પ્રભુના રુદ્ર-સૌમ્ય વિવિધ રૂપનો તેઓ પરિચય કરાવે છે. ત્યાં નટરાજ શિવનું રૂપ પ્રગટ થાય છે.

'જેને પ્રચંડ ભરખો જતી રુદ્રજ્વાલા,
એને કરે અધિક જીવિત મુંડમાલા.'

(સંગતિ, પૃષ્ઠ- ૮૩)

'ઈશુનો ઉક્તિ'માં આપણા માર્ગમાં આવતા કંટકોને જોઈ ઢીલા થવાને બદલે એને પ્રેમથી ઈશ્વરનો અપૂર્વ ભેટ ગણી સ્વીકારવા કહે છે.

'ખોટો બધી ખાલ હટાવી ક્ષેમની,
એ ભેટ ભોંકાય અપૂર્વ પ્રેમનો'.

(સંગતિ, પૃષ્ઠ- ૮૪)

'જલદ આસવ'માં કવિ જિંદગીને અનંતનો આસવ ગણાવે છે. આ આસવને પુરો ચાહે છે, તે જ તાલ ચૂકયા વિના જિંદગીમાં સંવાદ સર્જી પાનખરમાં સ વસંતનો પ્યાલો ભરી શકે છે. અદમ્ય ઈચ્છાશક્તિથી પ્રાણના પ્રાગટ્યને સંભવ કરનાર આ આસવ છે, માટે જ તેઓ ચારે દિશાઓના પથ્થર, ભીંત, જાળાં, એક અટ્ટહાસ્યથી તોડી ઉલ્લાસના પગલાં ભરી જિંદગી રૂપી દેવતાનો ધગધગતો જલદ આસવ પીવા કહે છે. દુઃખોથી બળીને પ્રાણનો વિશુધ્ધ પ્રભાને પ્રગટવા તેઓ ચાહે છે.

'ઝીણી વાતું'માં મર્મની ઝીણી -સૂક્ષ્મ -ગૂઢ - વાતોમાં અમરતનો આસ્વાદ મળે છે: સાંભળતાં મનમાં મોતી ઠરે છે એમ કવિ નોંધે છે. જ્ઞાનરૂપી મોતી મનની છીપમાં આ રીતે પાકે છે. રૂપરંગ વગરનો ફૂલકટોરી કોઈની અમથી નજરથી અંગે અંગ ફૂલી જાય એમ એમનું મન ગૂઢ જ્ઞાનથી ભરાઈ ગયું છે. એમના તનમાં એ તેજ માતું નથી અને જ્ઞાનસૌરભ ભુવનોમાં વિસ્તરે છે. એ અંધારમાં ઘનઘોર ઘટામાં બેઠેલું પાંખ વિનાનું પંખી અપરંપાર ટહુકા કરે છે. અહીં એમના મનપંખીની રટણાનો સંકેત છે. પંખીને ગાન જ નહીં સોનલ પાંખો પણ મળી છે. એના ટહુકે વ્હાલું, નવલું બને છે. એજ રીતે એક ખંડેરમાં ખાખ પૂતળી કોઈના પગલે મનભર મહાલવા લાગી છે. અહીં એમની શૂન્ય આંખોનો કીકીઓનો સંકેત છે. કવિનું મર્મજ્ઞાન આ પ્રમાણે છે--

'તમે ઘૂંટો વેદન ઘટમાં રે
વિકલ વરતો સ્હેજે વરે.--'

(સંગતિ, પૃષ્ઠ- ૮૬)

'આવો, પ્રશાંત' 'માં વંટોળ પછી ઊગતા સૂર્યનું દર્શન એમને સંહારની અસિધાર પર નિર્ભય, અવધ્ય મંત્રનું ગુંજારણ કરતા અડોલના સ્થિરાસન પર નિત્ય શાંતિપુંજ પર પ્રગટતા સત્યરૂપે લાગે છે અને કવિ એને આવકારે છે.

'આવો, પ્રશાંત' ચિર ત્રસ્ત મનુષ્ય - ભાલે.'

(સંગતિ, પૃષ્ઠ- ૮૮)

'લો, બંસી!'માં કવિ રાજત્વને પામેલા કૃષ્ણની ખોવાઈ ગયેલી બંસી ફરી કાઢવા માટે રાજત્વના સુવર્ણદંડનો ચોરી કરી, તેને ઓગાળી તેમાંથી નિગૂઢ શારના મર્મવાળી સુવર્ણ બંસીનું નિર્માણ કરવા કહે છે. પછી સિંહાસન દોરદમામ તમને ડારી શકશે નહીં.

જલપૂર્ણ નેત્રોથી એ બંસીમાં ગાન ગજવો તો બધા નિયમો અશ્રુની જલધારામાં તણાઈ જશે. નિયમો - જડત્વને પ્રેમના આંસુથી ઓગાળી નાંખવાનો તેઓ મંત્ર બતાવે છે. એ જડતાને દૂર કરવા પાગલ મિત્ર બંસીધરને આવવાનું ઈજન આપે છે.

'ઓ આવ, બંસીધર ! પાગલ મિત્ર મારા !
આ ખંડ ખંડ કરીએ જડદંડ સારા .'
(સંગતિ,પૃષ્ઠ- ૮૯)

એમની જડતાને ઓગાળી ચેતનાને પ્રગટાવવાની - સૌંદર્યને સાકાર કરવાની સ્થિર ઈચ્છાનો અહીં પરિચય મળે છે. 'સાફલ્ય'માં જીવનનાં કટુતા અને તાપ સહીને જમીનમાં અંધારમાં ઊંડે ઊતરતા મૂળની જેમ આગળ વધતાં રહી સમય પાકયે મધુસંચિત તાજગીને પામવી એને જ તેઓ જીવનની સફળતા ગણે છે. પણ આ અમરતા ગ્રહણ કરવામાં નહીં સઘળું સહી સહી પ્રિય પોતાને જ ગ્રહી લે એમ કહી જવામાં રસ છે.

પ્રીતિના માર્ગે પ્રભુપ્રાપ્તિનો સંદેશ લઈને આવે છે 'બંસીના બોલ સુણી' કાવ્ય. પ્રભુમિલનનો તલસાટ આ પંક્તિઓમાં પૂર્ણ પણે પ્રગટ થાય છે.

'બંસીના બોલ સુણી દોડું દોડું ને
વળી જમુનાનાં નીર જોઈ થોભું .'
(સંગતિ ,પૃષ્ઠ- ૯૧)

'ભીનું અજવાળું' અન્ય કાવ્યની જેમ કવિની ઉપલબ્ધિનો આલેખ છે . અંધારને વીંધીને એમની આતમ ભોમ ઉપર ભીનું અજવાળું પથરાય છે. સૂરજ અને સોમને આછેરા કાજળમાં ઓગાળી દેતું , દિવસ-રાતની કાળની ગતિને થંભાવી દેતું, કાળની પેલે પારથી બોલાવતી પ્રીતનું અજવાળું વાદળિયા ધૂપની ધૂણીમાંથી કવિને લાધે છે. ધૂપના ધુમાડાના વાદળમાંથી કવિને જે પેલેપારથી પ્રીતની ઉપલબ્ધિ થાય છે તેનો સાક્ષાત્કાર અહીં સાંપડે છે.

'કાળાં તે વાદળાંને વીંધીને સીંચતું
ભીનું અજવાળું મારી ભોમ .'
(સંગતિ,પૃષ્ઠ- ૯૩)

એમના આત્મા ઉપર સીંચાતા પ્રેમના ભીના તેજ, ધૂપના ઊઠતા વાદળગોટાને ચીરીને પથરાય છે. 'જીવન નેત્ર સામે'માં કવિ મૃત્યુ પામી, મડદું બની જલી જવામાં નહીં પણ નવલાં મુકામે આગળ વધવામાં જિંદગીની સાર્થકતા જુએ છે. એટલે જ પ્રાણને કહે છે--

'ઓ પ્રાણ , તું તો કિરણો પલાણે ,
ને પ્રાણ , તું પોઢી જશે મસાણે ?'
(સંગતિ,પૃષ્ઠ- ૯૪)

'વનમાં રે ટહુકયા' અધ્યાત્માનુભૂતિને સાકાર કરતું સુંદર ગીત છે . વનમાં મીઠા મોરલા ટહુકયા એનાથી કવિના સાત ભવનના ખંડ ગુંજી ઊઠયા. ગગન ભરીને વાદળ ઊમટ્યા એ બ્રહ્માંડમાં જઈ પહોંચ્યા, વનમાં કદંબ , કેવડા મહોર્યા એનાથી એમના અધખુલ્યા આવાસ મહેકી ઊઠયા. કાંટે કાંટે - બધી બધી દિશાની કેડીઓમાં ફોરમ ફેલાઈને પ્રીતમની પાસે પહોંચી પમરી ઊઠી છે. વનમાં ઊગેલ ચાંદલો વનના ઘેઘૂર પડછાયામાં ઘેરાય છે. કવિના આંગણામાં એવા કોઈ આવીને ઊભા છે કે ઘરમાં અજવાળાનાં પૂર ઊમટે છે. અદીઠની અનુભૂતિ એમના આત્માને પ્રકાશથી ભરી દે છે. સર્વ પ્રાકૃતિક સંચલનમાં એમને જે ઉન્નત આત્માનુભૂતિ થાય છે તે આત્મામાં-પરમના પ્રાગટ્યનું કારણ બને છે.

'સઘન વ્યથા'માં જીવનમાં મુક્તિ મેળવવા અને જિંદગીને હળવાશથી નરવી આંખે જોવા કવિની વ્યથા આનંદની શુભ પાંખે ઊડતી ચાલે છે. 'ભીતરનો સુર'માં એમને મન દુનિયાનાં સુખ કરતાં ભીતરના સૂરનું મૂલ્ય વધારે છે .ભીતરનો સૂર - પ્રભુનો સૂર સહેજ મળે તો દુનિયાનો સૂર આપોઆપ દૂર જાય છે. એકાંતમાં આતમનું બીન કોઈનો સંગાથે તાર બાંધે છે. લાખવાર એ તૂટે તો ય ફરી ફરી સાંધે છે. ઊંડા અંધારના મૌનમાં નાદનાં નૂર સાંપડે છે. કવિ આમ એકાન્તમાં પરમ સાથે આત્માનો તાર સાંધે છે. બીજાસાથે પરમાત્માની વાતોમાં એ જ ગુંથાતો હોય છે. તેઓ અંતરની બહાર જુએ છે તો જગતમાં વિષાદ, શંકા , દેખાય છે. પણ અંતરનો સૂર પરમાત્મા સાથે સેતુ બની સામેથી સ્નેહની સગાઈ બાંધે છે. હવે તો કવિને છે આનંદ આઠો જામ .

'આંકડા ભીડીને અહીં આવે આનંદમાં ,
સૂરના સંબંધ ભરપૂર .'
(સંગતિ,પૃષ્ઠ- ૯૯)

એમના પરમપ્રાપ્તિના અભરખા ઠેર ઠેર પ્રગટે છે અને જાત જાતનાં પ્રતીકો લઈને આવે છે. 'કે આજ મારી માછલીને 'માં એમની અભિવ્યક્તિ નોંધનીય છે --

'માછલીને માનસર જાવું !
પંકમાં પોઢેલ એની આંખો જાગીને હવે
આભમાં અસીમ પથરાવું -- '
(સંગતિ,પૃષ્ઠ- ૧૦૧)

પાંખોની ઝંઝાનો સ્પર્શ લાગતાં એણે માનસર જતા હંસોનો હાર જોઈ લીધો છે. કવિને આત્મકલ્યાણના માર્ગે જતા આત્માઓનો સ્પર્શ થયો છે. પ્રયત્નો આદરી દીધા છે . ઊડી ઊડીને શતવાર પછડાય છે , માછલીને કીડા અને કાદવનો સંગ અસહ્ય અકળામણ આપે છે. માછલીનું માનસર જવાનું સ્વપ્ન એ કવિના આતમ પંખીને પરમધામ પહોંચવાનું પ્રતીકાત્મક નિરુપણ છે .

'જોગવી જવું 'માં અભાવને છોડી અણમોલ જીવન મળ્યું છે તો કંઈક કરવા જેવું કાર્ય - આત્મકલ્યાણનું - જગતને પ્રેમનું - કરી જવા કવિ અનુરોધ કરે છે. જે મળ્યું તે જોગવી જવાથી જ --

'નીડમાં આખું આભ આવે ને
આભ બની જાય નીડ રે વીરા ! '
(સંગતિ,પૃષ્ઠ - ૧૦૨)

એવી અનુભૂતિ પ્રાપ્ત થાય છે.

'ભીનો આલાપ' એ આમતો પ્રકૃતિ વર્ણનનું કાવ્ય પહેલી નજરે જણાય છે. ચોખ્ખા આકાશમાંથી અચાનક ફરફરતાં ફોરાંનો વરસાદ એમની સાથે એક ભીનો આલાપ કરી જાય છે. આ વરસાદ પહેલાં તો એક એક બુંદ, ઝરમરતા ઝૂલતા દોરે અને પછી તો ધારધારાએ ઘોર અંધારું પાથરતો આવે છે. તીખા તાપને બાજુએ ધકેલી મેઘના મોરાં મુકે છે. કવિને લાગે છે કે આજે આખું આકાશ એમની આંખોમાં આવ્યું છે છતાંય આઘેનું કાંઈ દેખાતું નથી. એમની આંખમાં આખું આકાશ એક ઘેલું પારેવું બની ઘુમરતી પાંખે ઘુઘવે છે. જુગ જુગના તાપથી તપેલા કોરા છજાને આ ભીનો આલાપ ભીંજવતો જાય છે. તેઓ આવા મેઘને આવકાર આપે છે. બધા રંગોની દુનિયાને કાળી કામળીમાં સમેટી , માટીની ગંધને લપેટી માટીની અંધ ક્યારીમાં ઓગળી ઉરની ધરતીને ધન્યતા

અપાવવા આભ ઓઝે આવ્યું છે. અહીં વરસાદ ધરતીની પ્યાસ બુઝાવી એને ધન્ય બનાવે છે. એ જ રીતે કોઈ હરિ રસનો હેલી એમનો ચિત્તની કોરી ધરતીને પણ ધન્ય કરી જાય છે.

'જીવન ફળે'માં તેઓ જીવનરૂપી ફળનું વર્ણન કરે છે. મકરંદ દવે જીવનરૂપી ફળનો સોનલ રંગ અને મધુર રસ શોધે છે. એમને જીવન સુવર્ણ જેવું પાવન અને રસ જેવું મધુર બનાવવું છે. મૂળમાં જાગતી પ્યાસ એ આત્મકલ્યાણની ઝંખના છે. જળથી સભર હાસ્યને ધારણ કરતી શાખા એ પ્રેમને વહાવતું કવિઉર છે. શ્વાસે શ્વાસમાં મૂળ અને માટીનો સઘન ગહન સૂર જામતો જાય છે. હૃદયમાં સહજ આનંદ ઝૂલી રહે છે. હૃદયપદ્મની પાંખડી ધીમે ધીમે ખૂલતી જાય છે અને ફોરમ ઝરતા ફૂલે રસથી ભરપૂર ફળનો ચાંદ ઝળુંબી રહે છે. આ ઊગતો પળે, મનસાના અકળ તપે કવિને સકલ જીવન સફળ થયું લાગે છે ત્યારે --

'ટગલી ડાળે તરતું સોણું
મૂળથી નથી દૂર.'
(સંગતિ, પૃષ્ઠ- ૧૦૮)

'ઝીણી ઝરે'માં જે અદીઠનો એમને ચાહના છે તેનો આછો ઝાંખો અનુભવ થાય છે, તેની પ્રતીતિ મળે છે.

'ઝીણી ઝરે ને ક્યાંક છૂપે
સુગંધ કોઈ ઝીણી ઝરે ને ક્યાંક છૂપે!
કોણ અહીં બેઠું છે આડમાં લપાઈને
અધખૂલા અનરિયા રૂપે? --'
(સંગતિ, પૃષ્ઠ- ૧૦૯)

આ ઝરતી પરાગનું પાન કરીને આંખોમાં ચમકનું ચાંદરડું ઊગે છે. પ્રાણનો ઉજાસ આછી ફોરમ બનીને ફેલાય છે. આવી અરૂપ અને અણદીઠી ચાહના કોઈ રૂપે પ્રગટ થાય એમ તેઓ ઇચ્છે છે. એ ચાહના ફળીભૂત કરવા કવિ વાંકી વાટ અને વેરણ રાતને પણ ગણકારતા નથી. ઘટમાં ઘેલી સુગંધ રમે છે અને નયનોમાં એક નૈયા તરે છે જેમાં બેસીને એમને આગના સાગરનો પાર પહોંચવાનું છે. ધૂપની સુગંધના સઢ પર સહેલાણી થઈને પ્રગટ પ્રાણાગ્નિના સાગરને તરી જવો છે. આમ થોડી પ્રગટ, થોડી અપ્રગટ એવી પરમની પ્રતીતિ એમને થાય છે.

'અદીઠો સંગાથ' પણ અધ્યાત્મની ભાવસ્થિતિને પ્રગટાવતું કાવ્ય છે. અનુભૂતિનો વ્યાપ કેવો વિરાટ છે એનો પરિચય પ્રથમ પંક્તિમાં જ મળે છે:

''પગલું માંડું હું અવકાશમાં
જોઉં નીચે હરિવરનો હાથ,
(સંગતિ, પૃષ્ઠ- ૧૧૦)

તેઓ અવકાશને આંબવા પગલું માંડે છે ત્યારે હરિવરનો હાથ તેમને સાહી લેવા નીચે લંબાયેલો છે. આમ અજંપાની સૂની શેરીમાં તેઓ અદીઠા સંગાથને ગાતો આવતો અનુભવે છે. આમ જાગીને જુએ તો લાગે છે કોઈ એકલું નથી એટલે પંથમાં આગળ જવાનો ય કોઈ ભય નથી. કવિતો કહે છે કે ભયને ભુજા નથી અને સંશયને પાંખ નથી. સાચો જે ભય રાખ્યા વિના ભરોસો રાખીને ચાલે છે તેને રોમે રોમ આંખ ફૂટે છે, માર્ગ જડતો જ જાય છે. જે ઊંઘતા છે તેમના માથે મોતનો ઓળો ભમે છે, જગતના બંધનોની જેલ તેમના પગમાં છે પણ કોઈ આઘાતથી ભ્રમજાળની ભોગળોને ભાંગી નાંખે

અને આંસુથી અમરવેલ વાવે તો અદીઠો સંગાથ તેને મળી રહે છે.

'સંગતિ' એ કાવ્યસંગ્રહનું અંતિમ શીર્ષક કાવ્ય છે. કવિની કવિતા સાથે આ સંગ્રહના પાને પાને એક બીજો કંઠ પણ ભળેલો છે. કવિની કવિતા અને જીવનમાં સુંદરના વધુને વધુ પ્રાગટ્ય માટે જેને કવિના અંતરના અગ્નિને સદા પ્રજ્જ્વલિત રાખ્યા કર્યો છે એનો ઋણ સ્વીકાર કવિએ સંગ્રહના પ્રારંભે કર્યો છે. એના સ્વીકાર સાથે જ કવિએ 'બે નાવ શાં પાર કરો અમોને ' એ પ્રાર્થના કાવ્યસંગ્રહના આરંભમાં મૂકી છે. આત્મકલ્યાણના માર્ગે યાત્રા કરતાં અનેક જન્મોમાં જેણે કવિની સંગતિ સાધી છે તે કલ્યાણીને કવિ પૂછે છે - અતીતનું સ્મરણ થાય છે? જ્યારે ઉજ્જયિની નગરીનાં રાજપથ પર સુવર્ણ રથમાં તું જતી હતી ત્યારે તું રાજકન્યા, આશ્રમકન્યા નહીં પરંતુ શ્રેષ્ઠીકુલમાં જન્મેલી હતી. ગાંધર્વ-અલકા જેવો તારો મહેલ. નૃત્યસંગીતના કલહાસ વચ્ચે તારું વ્યથાપૂર્ણ રાગે બજી ઊઠતું બીન. રાજસભામાં શીશ નમાવતા સમ્રાટો તને દાન, માન આપતા એ દૃશ્ય, મહાકાલના મંદિરેથી સંધ્યાઆરતીનાં દર્શન કરી પાછા વળતાં અતિથિ પાસે તારા પળવાર થંભી જતાં પગલાં, નયનમાં નયનભરી અજાણ્યા દ્વારનું ખૂલી જવું અને રાત્રે ઉત્તાલ તરંગે લયલીન બીનનું બજી ઊઠવું- આ બધું યાદ આવે છે? ત્યાર પછી રાજયસભામાં દરિદ્ર-મલિનવેશે કવિનો પ્રવેશ. રાજાનું સત્યપૂત નવીન નિર્ભય વાણી સુણી અભિભૂત થવું પરંતુ કલ્યાણીનું માત્ર માથું ધુણાવી રહી જવું. કવિના ધૂળને માર્ગે ચાલ્યા જતાં પગલાં અને ત્યારે જ ક્યાંકથી એ આવી ચઢી અને કવિકર લઈને કહી રહી:

'પ્રિય , મને મુક્ત કર ' મને મુક્ત કર
સ્વર્ણકારાગાર થકી , ધૂલિનું તિલક મારે ભાલે
કરી આપ ! આપણાં ચરણ એકતાલે
બંધનવિહીન પથે સંગતિને સૂરે ચાલે ચાલે .'

(સંગતિ.પૃષ્ઠ- ૧૧૩)

કવિ કહે છે કે આ તો અતીત છે. પરંતુ એ ચરણો આજે ય સંગતિમાં ચાલી રહ્યાં છે. અઘોર નિઃસ્વની અટવિમાં એનો પદધ્વનિ બાજે છે. જનમ જનમની મૌન વાણીને વીંધીને એ પગલાં સંભળાય છે. કવિ પૂછે છે--

'સાંભરી આવે છે કાંઈ ? કહે તો , કલ્યાણી ! '

(સંગતિ.પૃષ્ઠ- ૧૧૩)

આમ આત્મકલ્યાણના માર્ગે જેની સંગતિમાં કવિ પગલાં માંડી રહ્યા છે એના જન્મોજન્મના સંગાથની પ્રતીતિ કરાવે છે.

' સંગતિ'ના અંતે 'મિતાઈ-ગીતિ'નાં પંદર કાવ્યોમાં કવિએ યોગસાધનાના જુદા જુદા માર્ગો પૈકી જલની સાધનામાં પ્રેમ દ્વારા પ્રભુ પ્રાપ્તિના ક્રમિક સોપાનોનું વર્ણન કર્યું છે. આ સાધનામાર્ગ અંગે વિગતે ચર્ચા આગળ 'ભૂમિકા'માં કરેલી છે. 'મિતાઈ-ગીતિ'માં 'પ્રવેશ' થી પ્રારંભ કરી મૌનમાં પરિણતી પામતી પ્રેમયોગની યાત્રાનાં સોપાનો વર્ણવાયાં છે. સૌ પ્રથમ 'પ્રવેશ'માં કવિ પોતાની હૃદયની ગીતિ સંભળાવે છે. નિત્ય વૃન્દાવન, નિત્ય નૂતન, નિત્ય અમલ પ્રીતિનું ગીત, જેમાં વિષાદ કે વેદનામાં પણ પરમની છાયાની પ્રતીતિ છે. આથી શંકા અને ભય છોડી માધવનું મુખ જોવા તૈયાર થવા અનુરોધ કરે છે. આ છે સૌથી પહેલું પ્રેરણાનું પગથિયું. ત્યાર પછી બીજા ક્રમે 'પ્રથમ પ્રીતિ'જાગે છે ત્યારે સંઘર્ષનો સામનો કરવો પડે છે. ધર્મના નિયમો - કર્મો ધૂળમાં મળી જાય છે. હૈયું ધરમૂળથી હચમચી ઊઠે છે. એવો વંટોળ દૂર દિશાઓમાંથી વીજળીવેગે ઊઠે છે અને ઉર પીળું પાંદ થઈ થથરે છે. આ જલની સાધનાના માર્ગે સાધકમાં આવતા પરિવર્તનનો સંકેત છે. પ્રેમની આંધી ઊઠે છે ત્યારે

માણસમાં ભૂખ, તરસ, નિદ્રા ઓછાં થઇ જાય છે. નામસ્મરણ ભાવસ્થિતિનું સર્જન કરે છે. શરીર ફિક્કું પીળું પડી જાય છે. શરીરના પૃથ્વી તત્વો અને જળ તત્વો સૌ પ્રથમ શોષાઇ જાય છે. આથી શરીરમાં ફિક્કાશ આવી જાય છે. આ વાત દર્શાવતાં તેઓ કહે છે --

'ટગલી ડાળીએ ઉર તો જાણે
થથરે પીળું પાંદ.'(સંગતિ. પૃષ્ઠ- ૧૧૮)

પણ આ આંધી પાછળ પ્રભુનું રૂપ ધીમે ધીમે પ્રગટતું જાય છે.

'આંધી પાછળ ઊગતો આવે
આછો કાનાઈ ચાંદ.'(સંગતિ.પૃષ્ઠ-૧૧૮)

પ્રેમના માર્ગે ભગવત્પ્રાપ્તિના આ માર્ગમાં ત્રીજા ક્રમે જાગે છે 'ઉદ્‌ભ્રાન્ત ઝંખના'. આંધીમાં થતી ઝાંખી ભક્તની ઝંખનાને તીવ્ર બનાવે છે. આંખો આંસું સારે છે ત્યારે ભક્તની સ્થિતિનું વર્ણન એમણે આ શબ્દોમાં કર્યું છે --

'હાસનું પંખી વસે છે રુદન માળે,
ગગન ભરતું ગાન જાગે એનું
' અગન ઝરતી જ્વાળે.'
(સંગતિ.પૃષ્ઠ-૧૧૯)

ભક્ત હ્રુદયમાંથી પોકાર ઊઠે છે 'ઓ રે મિતાઇ કેવી આ કરુણા ક્રૂર?' ભ્રાન્તિએ એનું મુખ્ય લક્ષણ છે . કાનો નયને નયને વસેલો છે છતાં દૂર છે. ભક્ત સાધકનો સંકલ્પ અહીં હસતાં - ખેલતાં હળવાશથી ઘરભણી જવાનો છે. ઇન્દ્રિયો પરનું સંપૂર્ણ નિયંત્રણ આપો આપ આવી ગયું છે. એનો અહેસાસ સાધકને આ તબક્કે થાય છે.

'સંધ્યાવેળાએ જાણ્યું કે હાય રે ,
હારી બેઠી નીલમણિ.'
(સંગતિ,પૃષ્ઠ- ૧૧૯)

અહીં નીલમણિ એટલે ઇન્દ્રિયોનો પ્રભાવ હરાઈ જાય છે. ચોથા ક્રમે 'શૂન્ય એકાન્ત' માં કાનાના વેણ ઝીણા ઝબકી રહે છે. સાધક બહારનું ભાન ભૂલી પોતાની ભીતરમાં ઊંડે ઊતરતી જાય છે. શરદપૂનમની રાત એને ઘોર અમાસની રાત લાગે છે. સર્વત્ર ખાલી ખાલી લાગે છે. પ્રભુ વિણ એને કશાયમાં રસ પડતો નથી. એકમાત્ર લક્ષ્ય હવે પ્રભુ જ બની રહે છે. તો પાંચમાં ક્રમે ' મનની અમૂંઝણ ' તે અનુભવે છે. એને શું કરવું તે સમજ પડતી નથી. કાનાના વેણ તે સાંભળે છે ને તે ખોટાં તો હોઇ જ ન શકે. ઘનઘેરી વનકુંજમાં મોહી ગુપત ગુંજ એણે સાંભળી છે અને મનની અમૂંઝણ વધી છે. વેણ સાંભળતાં એની સ્થિતિ--

' હસતાં મારું ભોર થયું ને
રડતાં ઢળી રેણ.(સંગતિ,પૃષ્ઠ- ૧૨૧)

એવી થઇ રહે છે. એની મૂંઝવણ એ છે કે શેરીમાં જઇને સાદ પાડે તો લોકો સાંભળે છે પણ કાનો ક્યાં છે એની મૂંગી ચીસ કલ્પાંત કરી રહી છે.

છઠ્ઠા ક્રમે હવે તો 'અસહ હાહાકાર' મચી રહે છે. દ્વિધાજડિત હ્રુદય ઘડીઘરમાં તો ઘડી બહાર એમ ઘર અને બહારની ખેંચતાણમાં તે ભીંસાય છે. કાના કાજે એ પ્રાણ પણ ઓવારી દેવા તૈયાર છે. હ્રુદય આંધળું બની ગયું છે . બંધ નયન અન્ય કંઇ જ જોવા તૈયાર નથી. ત્યારે સાતમા કાવ્યમાં ' વાટે વિમાસણ' તે અનુભવે છે. અધવાટે અટકેલાં ચરણ નથી ઘેર પાછાં વળી શકતાં કે નથી ઘાટે જઇ શકતાં . સાધનાના માર્ગે આટલે આવીને સાધકની સ્થિતિ આવી થાય છે. પાછા વળી શકાતું નથી અને પરમઘાટે પહોંચી શકાતું નથી. ત્યારે અડધી પડધી પ્રાપ્તિ થાય છે. અધફૂટયાં વેણની ઝાંય

તરતી જણાય છે. નયણાં એનાં પોતાનો તરફ આવકાર આપે છે અને હાથ તરછોડીને એ પાછો દૂર જતો રહે છે. છતાંય કાનાને કપટી કહેવાને બદલે તે પોતાનો જ વાંક જુએ છે. 'માગી મરમશૂલ'એ આઠમાં કાવ્યમાં સર્વે સુખોને સાટે ગોપી મોઢે ચઢીને મરમશૂલ માગે છે. જે સ્વપ્નમાં પણ જોયું નહોતું તે એને માર્ગમાં મળી જાય છે. કાળજું બહું ગુમાની હતું તે અમથું અમથું ઢળી જાય છે. અહીં પ્રેમભક્તિ સાધનાનું લક્ષણ પ્રગટ છે. જયારે મર્મભેદન થાય છે ત્યારે અહંકાર ઓગળી જાય છે અને નમ્રતા આવે છે --

'કોઈ જાણે ના દરદ મારું,
કોઈ ન જાણે દુઃખ,
મીઠું મીઠું મારતું મને
કાનાઈ, તારું મુખ.'(સંગતિ,પૃષ્ઠ-૧૨૪)

પ્રીત કરવાથી પીડા થાય છે તેતો ભક્તોએ ઢંઢેરો પીટાવીને ગાયું છે. પણ હવે શું? પ્રેમ કર્યા પછી હવે તો કોઈ ઉપાય જ નથી. 'કાંઈ શું વળે?' નવમા કાવ્યમાં ભક્તની આવી મનોદશાનું વર્ણન છે. પ્રેમ ન કર્યો હોત તો એવો જીવ બાળવાનો કોઈ અર્થ નથી. આપણું કર્યું કશું જ ચાલતું નથી. ભગવાન સાતમે પાતાળ પોઢેલા હશે તો પણ તેમને પ્રેમના તાંતણે ખેંચાઈને તીર પર આવ્યા વિના છૂટકો નથી. પ્રેમસાધનાનું આ મુખ્ય લક્ષણ છે. પ્રભુ ક્રમશઃ ભક્તની નિકટ આવે છે અને અંતે હૃદયસ્થ બની એકરૂપ બની રહે છે. એટલે જ અહીં કવિ કહે છે --

'સાત પતાળે માછલો પોઢ્યો
આવે તીર તણાઈ.'(સંગતિ,પૃષ્ઠ-૧૨૫)

માધવ સાથે મમતા છે અને એના ઉપર રોષ છે. પણ એનો દોષ કાઢીને ય એનાથી છૂટી શકાવાનું નથી તે સત્ય છે. સાધનાના દશમા ક્રમે આવતા તો પ્રાણ પરવશ બની જાય છે. 'પરવશ પ્રાણ'માં તેઓ નોંધે છે કે હવે તો બાજી મારા હાથમાં રહી જ નથી. પ્રાણ પરવશ બની જાય છે. જો બાજી મારા હાથમાં હોત તો હું આથે થી તને વંદના કરી રાજી રહેત પરંતુ હવે તો સાચવી રાખેલા સૂર ઊંડા જળમાં - પ્રેમસાગરમાં - તણાતા જાય છે. પ્રીતની પાગલ બંસી પાગલ પ્રીતનાં પૂર વહાવે છે. હવેતો પ્રાણ કંઠે આવી ગયા છે ત્યારે સાધક મરણાસન્ન સ્થિતિ અનુભવે છે.

'ડૂબવા લાગ્યું આજ તો જીવન,
ઘુંટાય ઘેરા શ્વાસ,
કાનાઈ, મારા પ્રાણ ન મૂકે
તો ય ઘેલો વિશવાસ.'(સંગતિ,પૃષ્ઠ-૧૨૬)

શ્રધ્ધાનો દીવો તો છેક સુધી જલતો રાખવો એ જતનો સાધનામાં મહત્ત્વનું છે. કાનો પ્રાણ ન મૂકે છતાં ય તેના ઉપરની શ્રધ્ધા અતૂટ રહે છે. એ પ્રેમ સાધનાનું લક્ષણ છે.

પ્રાણ પરવશ બને છે અને નયન બાવરાં બને છે.અગિયારમા કાવ્ય'બાવરાં નયન'માં કવિ કહે છે કે સાધકને હવે કયાંય ચેન પડતું નથી. આખું જીવન જાળવ્યાં તે નયન હવે બાવરાં બની ગયાં છે. એમાંથી છૂટકારો મેળવવા તે ઘટમાં જ ઘોટી જાય એવું ઘેન ઘોળી દેવા કહે છે. આ બાવરાં બનેલાં નયન હરિનાં નેણમાં ઠરે છે. બારમા કાવ્ય 'હરિના નેણમાં' કવિને વિશ્વાસ છે કે પૂરણકામ પ્રભુ એમનાં લથડતાં પગલાંને દોરશે. તણખલાં જેવા એના તનને અને મીણ જેવા એના મનને જીવનધન જાળવી લેશે. અહીં પણ પ્રેમભક્તિસાધનામાર્ગે પળેલા સાધકનાં લક્ષણો પ્રગટ છે. શરીર વિરહાગ્નિમાં બળીજળીને તણખલું બની જાય છે. મન પ્રેમભાવપૂર્ણ મીણ જેવું નમ્ર અને મૃદુ બની જાય છે. પ્રભુ જ એને મન જીવનધન છે. અન્યનું એને મન કોઈ જ મૂલ્ય નથી. હવે તો એક લક્ષ્ય છે;

હરિના નેણમાં નેણ ઠરે છે.

'એક હરિનાં નેણમાં ઠર્યાં
નેણનાં મીટ નિશાણ.'(સંગતિ,પૃષ્ઠ- ૧૨૮)

હરિનાં નેણમાં નેણ ઠર્યાં પછી એક જ રૂપ મનભાવન લાગે છે. ' મનભાવન ગોપાલ'માં કવિ કહે છે એ મારી નાખે , સીધી વાત ન કરે , સીધાં નેણ તાકે નહીં ,તેની છેતરાઈને છાકે હૈયું છેતરાતું જાય તો ય એની મધુર બાંકી મૂરત પર ઉર નિહાલ છે . મૂર્તિમાં ઉર નિહાલ થયા પછી તો સાકારમાંથી નિરાકાર રૂપ પણ પ્રગટતું જાય છે. પ્રેમપાગલ ભકત-ને હવે મૂર્તિમાં જ નહીં અત્ર તત્ર સર્વત્ર એ રૂપ પ્રગટતું લાગે છે. ' અરૂપ રૂપ'માં તેઓ આ ભાવસ્થિતિનું વર્ણન કરતાં જણાવે છે કે સામેની વનકુંજમાં પીળું વસ્ત્ર ફરકતું દેખાય છે. ભકત દુઃખમાં ડૂબી જાય ત્યારે અંદર કોઈ નૈન હસાવે છે. તો સુખમાં મધભર્યાં વેનમાં એ આભમાં ઊડવા લાગે છે. હવે તો સ્થૂળ જગતના સ્થાને એક ભાવજગત સ્થાય છે. અને રૂપની અરૂપ છોળમાં હૈયું ભીંજાતું રહે છે. ' મિતાઈ-ગીતિ'નું અંતિમ કાવ્ય છે 'મૌન' . અહીં કવિ પ્રેમસાધનાની અંતિમસ્થિતિ દર્શાવે છે. જે રહસ્ય તેને સાંપડયું છે તે ગાંઠે બાંધી કોઈની આગળ પ્રગટ ન કરવાનો તે સંકલ્પ કરે છે. ઘડીક આંખો રેડે છે. ઘડીક હાસ્ય ફૂટે છે . આવી ભાવસ્થિતિનું જીવન એ જ તેની દિનચર્યા બને છે. પણ ત્યારે તેના હૃદયકમલમાં તેજ પથરાઈ ચૂકયું હોય છે.

'કોણ છે મારા કમલવનની
એક ઉજાસ ઉજાસ?'(સંગતિ,પૃષ્ઠ- ૧૩૧)

હવે તો અંધકારને ભેદીને અનુરાગનો લાલ રંગ ફૂટી ચૂકયો છે. બધું હારીને ભકતને મોહનની મોરલી જ માત્ર હવે સંભળાય છે. માત્ર બ્રહ્મનાદને સાંભળી રહેલું સાધકનું હૃદય સાધકની પરાકાષ્ટાએ પહોંચી મૌનમાં ઢળે છે. કવિનું હૃદયગાન પણ પ્રીતિની પ્રેરણાથી પ્રવેશ પામી પ્રેમસાધનાના એક એક સોપાન ચઢતાં ચઢતાં મૌનમાં પરિણતિ પામે છે - શમે છે.

આમ ' સંગતિ'માં કવિ શબ્દની શોધ માટે - પરમની પ્રાપ્તિ માટે પંડના પાતાળ પાણીને ખોદી કાઢી પ્રેમની ગંગા વહાવવાનો માર્ગ - જલસાધનાનો માર્ગ . ભીતરનો ભગવો લહેરાવી યોગવૈરાગ્યને માર્ગે પ્રાણાગ્નિ જાગૃત કરી તેજના પુંજને પામવાનો માર્ગ - વાયુની સાધનાનો માર્ગ . ડુંગરા ઉપર જઈ તપ કરવાનો માર્ગ - પૃથ્વીની સાધનાનો માર્ગ . કર્મથી લેપાયા વિના ઊજળી ચાદર લઈને જીવન જીવવાનો માર્ગ - આકાશની સાધનાનો માર્ગ અને જિંદાદિલ થઈ મૃત્યુના મુખમાં પ્રવેશ કરી નચિકેતાની જેમ અગ્નિની સાધનાનો માર્ગ કાવ્યોમાં દર્શાવે છે. યોગપથની સાધનામાં આમ પૃથ્વીની સાધનાનો તપનો , જલની સાધનાનો પ્રેમનો , વાયુની સાધનાનો યોગનો , અગ્નિની સાધનાનો જ્ઞાનનો અને આકાશની સાધનાનો કર્મની નિર્લેપતાનો - એમ વિવિધ માર્ગો ચીંધી બતાવે છે.

## અમલપિયાલી

સુરેશ દલાલ સંપાદિત મકરંદ દવેનાં કાવ્યોના સંચય 'અમલપિયાલી'માં ' સંગતિ' પછીનાં કાવ્યો સંગૃહિત છે. આ ૩૩ કાવ્યો પૈકી બે -ત્રણ કાવ્યો માત્ર નગરજીવન અને પ્રકૃતિની વિકૃતિને સ્પર્શી છે . એ સિવાયનાં બધાં જ કાવ્યો કવિના અધ્યાત્મચિંતનને પ્રગટ કરે છે.

'જયાં લગની છે' કાવ્યની અંતિમ પંકિત 'જયાં લગની છે ત્યાં લાજ નથી' કાવ્યનો ધ્વનિ પ્રગટ કરે છે. દરિયાની મોજ કયા માર્ગે કેમ ઉછળશે એનો કોઈ અંદાજ લગાવી શકાતો નથી કારણકે એ કોઈની મુહતાજ નથી, સ્વતંત્ર - સ્વાધીન છે. એમ કવિ પોતાની મસ્તીમાં જીવનસિતાર કોઈ બજાવી રહ્યું છે એ બજવૈયા પાસે સૂર કે સાજ નથી એવું સંગીત સાંભળે છે. ઘડી બે ઘડી એનો છબો નયનોમાં ઝબકી જાય છે એ ઝબકાર કાલ અને આજ એવી કાળની ગતિને ભૂલાવી દે છે. કવિ હજાર ગફલતમાં પ્રીતમને ભૂલી જાય છે છતાં ય એમના જીવનમાં જે કંઈ છે તે સર્વસ્વ પ્રીતમને કાજ તો છે. પૂર્ણ શરણાગતિ સ્વીકારી એમણે નૂરવિહોણી દુનિયામાં એક જ નૂર ને સદા જોયું છે. પંખી ટહુકે તો કવિને લાગે છે કે પ્રભુ નારાજ નથી. હૃદયનો વિરહાગ્નિ એટલો તો પ્રબળ છે કે તેને છડેચોક ભાનભૂલીને પોકાર કરે છે એ વાતનો સ્વીકાર કરતા તેઓ કહે છે--

'આ આગકટોરી ફૂલોની
પરદા ખોલી પોકાર કરે,
ઓ દેખ નમાઝી! નેન ભરી,
જયાં લગની છે ત્યાં લાજ નથી.'
(અમલપિયાલી.પૃષ્ઠ- ૬૬)

પ્રભુની બંદગી કરનારને પ્રભુની લગની લાગી જાય તો એનો વ્યવહાર દુનિયાથી જુદો જ હોય છે. પ્રભુ માટે કંઈ પણ કરવાની એની તત્પરતા હોય છે.

'વિદાય લેતા આત્માની વાણી'માં કવિ મૃત્યુ પામતી વેળાએ નેહવિભોર નજરના બે વ્હાલેરા બોલ વીણી જવાની ઈચ્છા વ્યકત કરે છે. આત્મા વિદાય લેતો હોય એ ઘડી કવિ હરખની ઘડી ગણાવે છે. એ સમયે એ વ્યકિતની જે કથા અને વ્યથા લોકજીભે ચાલતી હોય છે. સૂના પડી ગયેલા દેહરૂપી ગઢમાં મેના, પોપટ, મોર બોલે છે. અર્થાત્ મધુર સ્વરોનો ગુંજાર હૃદયમાં ઊઠે છે. 'ઊંચે માઢ- મેડીએ દીવડા ઝોલા ખાય.' આકાશના તારાઓની દીપ્તિનો ઝળકાટ છે. 'નીચે નદીનાં નીર ઘાટ હારે અફળાય' અર્થાત્ જનમ - મરણના ઘાટ ઉપર જીવનની નદી અફળાય છે. મૃત્યુના ઘાટેથી આગળ વધી એ જન્માંતરની વાટે ચાલી જશે. અંધકારમાં અંધ બની પ્રકાશ ભમતો લાગે છે. ત્યારે જીવને જીવનકર્મોની ગઠડી બાંધી પગ ઉપાડવા કવિ કહે છે. પણ દૂરેથી થતી સતની ઝાંખીના ભણકારનું પોટલું કેમ ઊંચકવું તે સમજાતું નથી. મૃત્યુ- સમયનું ખાંપણ કોરું છે પણ ભવની કોર ભીની છે, એટલે તો કવિ આઘેરા લોકનું તેડું આવતા પ્રાણને ઘડીભર રોકાઈ જવા કહે છે. કેમકે એ નેહવિભોર નજરોના વાલાના વ્હેણની ભીનાશ એમને વીણી લેવી છે.

'રખડુને નેસ'માં કવિનો અલમસ્ત સ્વભાવ જે પીડાને ઘોળીને પી ગયા છે એ પ્રગટ થાય છે. કવિ કહે છે કે પીડા રખડુને નેસ આવી છે તો ખુશીથી રાતવાસો રહે. એમને એની સામે જોવાની નવરાશ નથી. એમની નજર તો ફાનિકાના તેજસ્વી ઝુમ્મર તરફ છે. તેજ પ્રાપ્તિની સાધનામાંથી નવરા પડાશે તો પીડાનો ય તમાશો ઘડીવાર કવિ જોઈ લેશે. પણ પીડાના બંધાયા એ બંધાવાના નથી. પીડા ઘરને ધુમાડાથી ભરી દેશે તો કવિની આંખ આંગણામાં રમતી થશે. કવિ તો કોઈ ખેરખટ્ટાનો સૂર સાંભળતા સૂરને હલેસે સહી જાય છે. પીડાના મોં સામે જોઈ બેસી રહેતા નથી.

'ઘાસ' કાવ્ય 'તરણાં'-થી આદરેલાં જિંદગીના જયને પામી રહેવાનો સંકલ્પ લઈને આવતી કવિની તૃણપ્રીતિને પ્રગટ કરે છે. ઘાસ જેવી જિંદગી કવિને પ્રિય છે. જીવન પ્રેમની સૌરભથી ભરેલું હોય અને મૃત્યુ તેજકાંતિથી ભરેલું હોય --

'ઘાસની જિન્દગી લીલવરણી અને
ઘાસનું મૃત્યુ તો સોનવરણું.'
(અમલપિયાલો. પૃષ્ઠ-૧૦૨)

આવું ઘાસ કવિચિત્તને આકર્ષે છે અને પ્રેરણા આપે છે. ઝુલતા ઘાસની મેડીએ દીવા બુઝાઇ ગયા છે. પ્રાણ ચાલ્યા ગયા છે છતાં કેડીએ કેડીએ ચોગમ વિખરાયેલા સોનેરી વાળમાં - સુકાયેલાં ઘાસમાં- ક્યાંક લજ્જાળ, નમણું મુખ ઢાંકીને પડેલી લીલી સળી કવિને તેડો લેવો છે. મૃત્યુની સુવર્ણકાંતિમાંથી પ્રેમની લીલાશ તેઓ શોધે છે. ટેકરી ઉપર હેમંતનો પવન વાય છે. ત્યારે ઘાસના બીડની સોનાછડી ક્યાંક અડી જાય છે. હરણાજૂથમાં આજ આ ઘાસ હરણું બની ચરતું જાય છે. અહીં ઘાસને ચરતા હરણની સાથે ઘાસનું હરણરૂપ બની જવું એ આત્માની પરમાત્મા સાથેની એકરૂપતાનો નિર્દેશ કરે છે. કવિને આ ખંડનો વિસ્તાર ઝગમગતો લાગે છે. ઢોળાવ ઊતરી ઘર માર્ગે જતાં અંધારામાં પગ લથડે તો આ એક તરણું દીપ બનીને માર્ગદર્શન કરશે એવી કવિને શ્રધ્ધા છે. પરમતેજની દીવાદાંડી બની આવતું આ તુચ્છ તરણું ડૂબતાને સહાય માટે પર્યાપ્ત છે. કવિની તરણાંપ્રીતિ અહીં પ્રગટે છે. સાથે સાથે તુચ્છ અને શુષ્ક, નીરસ, પ્રાણશૂન્ય વસ્તુ પણ જીવનના અંતિમ સત્યનું ધોતક કવિને લાગે છે.

'વણજ તિહારી'માં મનને તેઓ વેપારી કહે છે અને તેના ન્યારા વેપારનું વર્ણન કરે છે. ધૂળમાં ખેલીને ભરી બજારે હાથ ખંખેરી નાંખ્યા અને હાટ સંકેલી લીધા જે સોદો કરવા બેઠા તે સર્વે હારી ગયા. અને કેટલાક રતનપદારથ પામવા માર્યા માર્યા ફર્યા કરે છે. આવા સૌની સાથે હળીને તે ખાલી હાથ પસારી વણઝારોની સાથે તારીપ વણઝાર હાંકી મેલી . કવિ જીવનમાં ફોગટ કાર્યોમાં સમય ગુમાવો વણઝારોની સાથે પોતાની ય વણઝાર હાંકી મૂકનાર વેપારી મનની કટાક્ષમાં પ્રશંસા કરે છે. કવિ આવા વેપારી મનને ચેતવે છે કે આગળ વિરાન મુલક છે તો કયા ઘાટે પાણી આવશે . ક્યાંક તારા માટે દ્વાર ખુલશે તો ક્યાંક દરવાણી તને કાઢી મુકશે. જિંદગીમાં નજર પડે હેતની નગદ કમાણી તેં કરી હશે તો તારી સંગ સંગ રંગભરી સુરતાની સાહેલી ચાલી આવશે. ત્યાં નફાનો નશો નથી. ખોટની લાચારી નથી. એવી સ્થિરસ્થિતિને પ્રાપ્ત કરીને ગઠરી ખભે ઉપાડી મનને કવિ ચાલી નીકળવા કહે છે. કેમકે તો જ પૂરી ખેપ પરિપૂર્ણ બનશે. જીવન સાર્થક થશે .

'પૂરણ ખેપ બની પરિપૂરણ . કોણ કહે છે છેલ્લી ?
(અમરપિયાલો ,પૃષ્ઠ- ૧૦૫)

જીવન સફળ થયું એટલે સફર પૂરી થઇ એમ નથી. આ સફર તો જીવન -મરણના ઘાટે ઘાટે ફરતી ચાલુ જ રહેવાની છે.

'રામજી માલમ'માં તેઓ અલખને આંગણે પ્રાણને અજવાળીને બેઠેલા ઘરડી ઝીણી આંખો કોઇ નશીલા બેટની લીલી નજરું માંડી પી રહેલા રામજી માલમનું શબ્દચિત્ર આંકી આપે છે. રામજી માલમના નસમાં , શ્વાસમાં , કાળજે અને રોમેરોમ દરિયો વ્યાપેલો છે. એના પગલાં નીચે ય દરિયાની મોજાંળી ભોમ છે. આ સર્વત્ર ચૈતન્ય સાગરને અનુભવતા એક જીવનમુક્તનું દર્શન છે. કવિ કહે છે આવો રામજી માલમ જ્યારે ગામમાં હરતો ફરતો ત્યારે હેતથી મીઠી બે વાતો કરતો, ક્યારેય કોઇની સામે એની કોઇ ફરિયાદ ન હતી .દૂરથી આવતાં પ્રભુની પ્રીતિ-વાંસળીના સૂર એ સાંભળતો અને સ્થૂળ જગત તેની સામેથી અલોપ થઇ જતું . હૃદયમાં ભાવાવેગની ભરતી ચઢતી અને નયનના કૂવામાં સમુંદર ઊભરાતો . કવિએ આ રામજી માલમની બુઝાતી મીટને વારંવાર

જોઇ છે. મેશ ખંખેરી . મોગરો ખેરવો બોલનો બંસી વારંવાર અદીઠને આરે પહોંચી જતી. મેશ એટલે હૃદયના દોષ અને મોગરો એટલે અહંકાર . જ્યારે નાશ પામે છે ત્યારે પ્રાણની જ્યોત શુધ્ધ તેજથી ઝળહળી ઊઠે છે અને અદીઠના કાંઠે તેના જપમંત્રોનો હોડો સરી જાય છે. કવિ રામજી માલમને પૂછે છે-તારો રાંક દીવો અજવાળતો. સૂકો ધરતો ઉપર ફોણમોજાં શી ઝૂકી જતી શકિત કોણ છે? આવી સાધનાના પંથે કોઇ દિલાસો આપે છે તો કોઇ ઉપહાસ કરે છે પણ રામજી માલમ અકારો મુલક ભેદીને પેલે પાર ઊતરે છે ત્યારે આવા રામજી માલમને કવિ માર્ગ પૂછી રહે છે --

'હે રામજી માલમ. નેજવું માંડો કયાંક
ધરડો તારી આંખથી પીતો .કયાંક નશીલા બેટનો લીલો ઝાંય ?'
(અમલપિયાલી ,પૃષ્ઠ- ૧૦૬)

'વણજું'માં કવિ કહે છે મનના મછવા વ્હાલનો વણજું કરવા હાલ્યા છે. કરાલ કાળની ખેપમાં નીકળી એ તો પૂર્ણના માર્ગે વિકસ્યા છે.

'મનના મછવા હાલ્યા રે વણજું કરવા વ્હાલનો હો જી
ઈ તો પૂરણ ફાંટે ફાલ્યા રે ખેપે કાળ કરાલનો હો જી.'
(અમલપિયાલી ,પૃષ્ઠ- ૧૦૭)

આ મછવા પાસે સામગ્રી બધી સાવ જૂની છે. સાવ જૂના સાધનો છે પણ એના ઉપર માર્કો ધણીનો લગાડેલો છે. એટલે તો એ જણસ જેટલાં મૂલ્યવાન છે. આ વેપારમાં લખલૂટ ઘરાકો છે અને લેવાલની કોઇ ખોટ નથી. લેણદેણમાં અહીં અપાય છે અને લેવાય છે ખોબે ખોબે હેત. કોઇ ફિટકારે કે કોઇ ફજેત કરે એની પરવા કર્યા વિના લાભ હોરા. મોતીની કણ પણ તમે વ્હોરી શકો એ ધન્યતાનું પર્વ છે. આવા વેપારની ખેપમાં નીકળેલા મછવા તરતા રહેશે કે અધવચમાં ડૂબી જશે એની ખબર નથી પણ ખાલિકનાં ખેલ અને ખૂબી બસ હવે જાણી લીધાં છે. એટલે દુનિયાનું બધું જ્ઞાન -વ્યવહાર જ્ઞાન-સૌ પ્રથમ દરિયે પધરાવી માત્ર વ્હાલનો વણજ કરવા જ મનના મછવા નીકળી પડે છે. જ્યારે પ્રેમનો માર્ગ પરમની સાધનાનો માર્ગ બને છે ત્યારે હાલહવાલ થયેલું પોથીઓનું જ્ઞાન નકામું બની જાય છે. પછી તો હૃદયના ધબકારનું જ સામ્રાજ્ય ચાલે છે. પ્રેમનું અમીઝરણું સર્વત્ર વહાવવું અને પ્રેમરૂપ પ્રભુને પ્રાપ્ત કરવો એ જ મનના મછવાનો વેપાર છે.

'ઉપરણા'માં કવિ પરમના માર્ગે આગળ વધવામાં પોતાને નડતી મુશ્કેલી પ્રગટાવતા કહે છે કે જૂનો ડગલો અંગ ઉપરથી ઉતરતો નથી અને નવો ચઢતો નથી. જૂના વિચારો -ઇન્દ્રિયજ્ઞાન -અહંકાર ઇત્યાદિ હઠે નહીં ત્યાં સુધી તેજના વસ્ત્રોને ધારણ કરવું શકય નથી. કોઇ અસીમ શકિત તેજનાં ઉપરણાં વણે છે પણ વાસી રંગ એમને વળગેલો છે. તેજ હૃદયની કાળાશને-દોષોને જ ઝગમગાવે છે. તેમાંથી છૂટવાનો માર્ગ સૂઝતો નથી. મહાન બનવાનો કે તુચ્છ બનવાનો એકે ય માર્ગ એને ફાવતો નથી.

' જૂનો રે ડગલો જુદો નવ પડે .
નવો મારે ચડે નહીં અંગ ,
ઉપરણાં વણે તું નવ નવ તેજનાં .
મને અહીં વાસી વળગે રંગ -
કિરણો વરસે ને કાળપ ઝગમગે .'
(અમલપિયાલી . પૃષ્ઠ- ૧૦૮)

કવિની તૃણપ્રીતિમાં તરણાંનો હળવાશ. નિરહંકારતા. લીલાશ. તેજ અને પ્રેમની નિર્મળતા આકર્ષણના કેન્દ્રો છે. કવિને તેજોજ્જવલ સૂરજ કરતાં તુચ્છ તરણામાં દીપ્તિનો-જીવનનો જય -દેખાય છે . કવિ કહે છે --

' આભમાં જોઉં તો ઠપકો આપતો
સૂરજ તપી તપી જાય .
નીચે રે જોઉં તો તરણું નાચતું
ભાઈ , એનું હસવું નો માય --
અમે રે માણસ , મારગ કયાં મળે ? '
(અમલપિયાલો ,પૃષ્ઠ- ૧૦૮)

પણ અહીં તો માણસની દશા બહુ જ કફોડી છે. જે તેજસભર પ્રતિભાવંત છે. તે પ્રકોપની આગ વરસાવતા ઠપકો આપે છે. તો નાનું તણખલું ય જીવનના રહસ્યને પામી ચૂકયું છે; પોતાની આનંદમસ્તીમાં નાચી રહ્યું છે. તે કવિ પ્રત્યે ઉપાલંભમાં હાસ્ય કરતું જણાય છે. માણસને સૂરજ સમ મહાન કે તરણાંની જેમ તુચ્છ બનતાં આવડતું નથી. માટે જ તો એને જીવનના જયનો માર્ગ જડતો નથી. માણસની નિયતિ તો અધવાટે ઊભેલા અંધ પૂતળા જેવી છે. એક જ ફૂંકમાં એનો ખેલ ખલાસ થઇ જાય છે. પળે પળ ઊડી શકે એવી પાંખ કે મૂળના મુકામ એને લાધ્યાં નથી. ' અંગાર ઝગે ત્યાં રાખ ફરી વળે ' છે. આમ તેજના ઉપરણાને કવિ અંગીકાર કરવા જાય છે ત્યાં જ પુરાણી ટેવોની રાખ ફરી વળે છે. એમાંથી છૂટવાનો મથામણ કવિ અહીં આ રીતે પ્રગટ કરે છે.

'અંધારી વાટ'માં આશા ,ખુશી અને મસ્તીનું ગાન ગાતા પરમ રહસ્યને પામી જનાર માણસ પ્રેમનો તેજલ જાજમ સર્વત્ર બિછાવી રહે છે એની વાત તેઓ કરવા માગે છે--

'આ ખાકના પૂતળાની ખુદા યા , મજાલ જો ,
એક નૂરની આલમ શી બિછાવી છે બિચારે ! '
(અમલપિયાલો,પૃષ્ઠ- ૧૦૯)

ખાકના પૂતળા જેવા બિચારા માનવોની અપાર શકિતનો અહીં પરિચય છે.

કવિનો વ્યવહાર દુનિયાના વ્યવહારથી જુદો છે. 'મોટો લેખણે'માં કવિને કહેવું છે કે મોટો લેખણે આલેખેલી વસ્તુ કંઈ મોટી નથી થઈ જતી. દુનિયાના ભાવ-તાલ સાથે કવિ સંમત થતા નથી. તેમને તો જિંદગીમાં પોતાનામાં ઊઠતા ચૈતન્ય-તરંગના મૂળ સુધી પહોંચવું છે.

'માઝં બનીને એક , મોજું વીખરાય ને
મોજાનું જોવું કયાં મૂળ ? '
(અમલપિયાલો ,પૃષ્ઠ- ૧૧૦)

કવિ વ્યવહારજગતના લોકોને ચેતવણી પણ આપે છે કે રજ - રજ વેરતાં જિંદગી ખરડાઈ ન જાય તેનું ધ્યાન રાખવું જરૂરી છે.

'તમે જિન્દગીમાં રજ રજ વેરો તે
જિન્દગી રજોટી ન થાય , મારા ભેરુ !'
(અમલપિયાલો ,પૃષ્ઠ- ૧૧૦)

'ટહુકાનું તોરણ'માં પોતાના હૃદયના અમૂર્ત ભાવોને તેઓ પ્રતીકાત્મક રીતે મૂર્ત કરે છે. એમના હૃદયનો ઉઘાડ ,તેમના પ્રાણનો ઉજાસ પ્રગટાવતાં તેઓ નોંધે છે કે --

' ઊગતી પરોઢને બારણે --
આ તેજની સાવારી કોને કારણે ?'
(અમલપિયાલી . પૃષ્ઠ- ૧૧૧)

આત્માનો અનંત સાથે નાતો છે. સૃષ્ટિનું સર્વવ્યાપી ચૈતન્ય - સંચાલન એવું તો શાશ્વત અને સનાતન છે કે તેમાં એકાદ તાર પણ ઢીલો પડે તો આખું બ્રહ્માંડ હચમચી ઊઠે છે. તેજલ તારાથી પંખીના પારણા સુધીના આ સાચની સગાઈ છે . મનપંખીના સૂરને આકાશ સાથે સંબંધ છે. મનપંખીના આવા મીઠા ટહુકામાં ઊગતા સૂરજની લાલીને કવિ પીએ છે અને અંગઅંગ ખુશાલી છવાઈ જાય છે. આદિ અને અનાદિનો આનંદ ભૂલ્યા -ભુલાયાના સંભારણે આજ ઝૂલે છે. જે પરમ પુરાતન છે છતાં જે અજન્મા છે , જેનું કોઈ મૂળ નથી એવું પરમ બ્રહ્મરૂપ આનંદના ઝૂલે ઝૂલી રહ્યું છે. જે પોતાની ભીતર રહેલા પોતાના રૂપને કવિ ભૂલી બેઠા હતા તે રૂપનું સ્મરણ થતાં આનંદમગ્નતાનો અનુભવ કરે છે. તેજની સવારી પરોઢના બારણે પંખીના ટહુકાનું તોરણ બાંધે છે, એવી સુંદર ભાવાભિવ્યક્તિ કવિની સહજ કવિત્વશક્તિની પ્રતીતિ કરાવે છે.

વાયુની સાધના એ પ્રાણની યોગસાધના છે ' પરમ ભેદ'માં આવી પ્રાણ સાધનાનું તેઓ વર્ણન કરે છે. પ્રાણનો પરમ ભેદ કોઈ જાણે છે અને કોઈ જાણતું નથી . પ્રાણયોગની પ્રક્રિયાનું સુંદર કાવ્યમય વર્ણન અહીં વ્યક્ત થતું જણાય છે. પ્રાણ અને અપાનવાયુ શરીરમાં પ્રાણશક્તિ પૂરવાનું અને કચરો બહાર હાંકવાનું અનુક્રમે કાર્ય કરે છે. આ વાયુમાં શરીરના અને ચિત્તના સર્વદોષો ભરેલા છે. એ દોષોને ગાળીને ચિત્તશુદ્ધિ કરવી ; પ્રાણ શુદ્ધિ કરવી એ પ્રથમ કાર્ય છે. જેમ જેમ ચિત્ત શુદ્ધ થતું જાય છે તેમ તેમ આત્માની પ્યાસ વધતી જાય છે. પરમની અપ્રાપ્તિનું દુઃખ પારાવાર થાય છે. આ ભાવને તેઓ નીચે પ્રમાણે વ્યક્ત કરે છે--

'પવન પૂતળી રમતી આવે
ધૂળનાં પહેરી ચીર,
પાંચ ખોબાનો વીરડો ગાળે
નભગંગાને તીર.
ઘૂંટડે ઘૂંટડે પ્યાસ વધે ને
ખોબલે ખોબલે ખેદ --'
(અમલપિયાલી ,પૃષ્ઠ - ૧૧૨)

પાંચ ખોબાનો વીરડો ગાળવો એટલે શરીરનાં પાંચેય તત્ત્વો - પૃથ્વી , જલ- પ્રાણ -અગ્નિ- આકાશ- ની શુદ્ધિ કરવી. પ્રાણ પણ પાંચ પ્રકારના છે. પૃથ્વી ચક્રમાં - મૂલાધારમાં - રહેલા અપાનવાયુને ગાળી ગાળીને ઉપર આવતાં નભ અર્થાત્ યોગીઓનું ગગન બ્રહ્મરંધ્ર -સહસ્રારમાં આકાશ તત્ત્વ સુધી પહોંચાડવું, એ મુખ્ય કાર્ય છે. ખોબે ખોબે વીરડો ગળાતો જાય છે તેમ પાણી- પ્રાણ - ઉપર આવશે - નભ ગગનને તીરે - સહસ્રારમાં પહોંચે છે. એ અમૃતનું ઘૂંટડે ઘૂંટડે પાન કરતાં પ્યાસ બુઝાવાને બદલે વધારે પ્રદીપ્ત થાય છે અને ખોબે ખોબે પૂર્ણતાને પામવનો ખેદ પ્રગટી રહે છે. પ્રાણયોગની આગળની સ્થિતિમાં ત્રીજું નેત્ર ખુલે છે ; જ્ઞાનના દ્વાર ઊઘડે છે અને ચિત્ત સૂક્ષ્મ જગતમાં પ્રવેશ કરે છે અને ત્યાંના અવનવા અનુભવો મેળવે છે. રણની રેતીની જેમ તપ્ત શ્રવણના દ્વારે મૌનના મીઠા સૂર રેલાઈ રહે છે. આમ નવા પગલાંમાં નવી કેદ મળે છે , હવે ચિત્ત એ મનભાવન રૂપની કેદમાં બંધાઈ જાય છે. હૈયું એ જ છબીના દર્શન માટે હાર પરોવતું બેસી રહે છે. જીવનના બધાં જ આંક ખોટા પાડતું કોઈક ફૂલે ફૂલે ફોરમ થઈને વહી રહે છે. કવિના શબ્દોમાં--

'આંખનો બારી ઊઘડી , ચડયું
પડછાયાનું પૂર ,
શ્રવણનો રણ- રેતમાં ડૂબ્યા
મૌનના મોઠા સૂર
પગલું માંડયું કોઈ નવું કે
પગલે નવી કેદ --
હૈયું હાર પરોવતું બેઠું
કોઈ છબીને કાજ.
ફૂલે ફૂલે ફોરમ થઈ થઈને
કોણ વહી ગયું આજ ?
કોણ આ મારા આંકના સકળ
રોજ ઉડાડતું છેદ ? '
(અમલપિયાલી, પૃષ્ઠ- ૧૧૨)

કવિને જે ગમ્યું છે અને એમણે જે માણ્યું છે તેને ખોબે ખોબે લૂંટાવવાનો તો તેઓ લ્હાવો માને છે. મુક્તિની પળોમાં કવિ જે આનંદ માણે છે તે સહજ આનંદને ખોબે ખોબે લૂંટાવવા ચાહે છે પરંતુ પાછા દેહના બંધનના આરે આવી ઊભા રહે છે ત્યારે આનંદવિહોણા અકિંચન બની રહે છે પૂછે છે 'શું આપું?'આવો કવિભાવ વ્યકત કરે છે 'ખોબે ખોબે આપું 'કાવ્યમાં. કવિ ઇચ્છે છે પ્રકૃતિની સર્વ સુંદરતા , શીતલતા,મધુરતા લૂંટાવવા . એ જે પામ્યા છે એનાથી જ ધરતી આજે સુંદર બની છે . કવિ કહે છે--

'ને જન્મતણું વરદાન સહજરૂપે ઝીલી
આ ખુશ્બો જે ખીલી ખીલી ,
તે ખોબે ખોબે આપું . '
(અમલપિયાલી ,પૃષ્ઠ- ૧૧૩)

ભીંસી દેતી દીવાલોને ભેદી મેદાનમાં કેદી ફરી આવ્યો, બંધન, રૂંધન, ક્રંદન સર્વેનું મૂળમાંથી ઉચ્છેદન થઇ ગયું અને --

' લો ફરી જેલના બંધ ભયાનક દરવાજે
આવીને ઊભો છે આજે
ને કહે . કહો શું આપું ? '
(અમલપિયાલી ,પૃષ્ઠ- ૧૧૩)

'શબ્દ' પરમની પ્રાપ્તિના સરસ અનુભવને સાકાર કરે છે. કવિ યોગની પરાકાષ્ઠાએ થતાં અનુભવોનું કાવ્યમય નિરૂપણ અહીં કરે છે. મૌન શિખરેથી શબ્દ સંભળાય છે. ત્યારે કવિ એ શબ્દને હૈયામાં ઝીલીને હોઠ બંધ કરી દે છે અને આકાશના ખભા ઉપર માથું ઢાળી રહે છે. જેમ જેમ શબ્દ -બ્રહ્મજ્ઞાન-ઊગે છે તેમ તેમ સ્થૂળ શરીરનું શમન થતું જાય છે. હવે દિવસ ઝાંખો બને છે કેમકે બ્રહ્મતેજના પ્રકાશથી ચિત્ત ઝળહળી ઊઠે છે. રોમરોમમાં પથરાયેલો આ પ્રકાશ દેહને દેદિપ્તમાન બનાવે છે. રાત પાંખી લાગે છે.દરેક દરેક વસ્તુમાં રહેલા ચૈતન્યનો અનુભવ થતાં તે વસ્તુઓ ચૈતન્યબ્રહ્મના બિંબરૂપ લાગે છે. ભ્રમ-ભેદ ભાંગી જાય છે. સ્થૂળ અને સૂક્ષ્મ જગત વચ્ચેનો ભેદ-ભ્રમ તૂટી જાય છે. ત્યાં પછી તો પિંડમાં પળ પળ ગુંજતો પિંડ આકાર ધરે છે; આત્મામાં પરમાત્મા રમી રહે છે. આવી સઘન અનુભૂતિમાં અમીરસ ઝરતી મીંડ -સ્વરોના લયની ક્ષણિક વિરામ એક સરસ અનુભવ આપી જાય છે.

'એવો મુલક'માં કવિ જીવનના કપરામાં કપરા સમયમાં પણ પ્રભુ આપણી સાથે જ રહીને પંથને પ્રેરી રહે છે એનો અહેસાસ રજૂ કરે છે. નપાણિયા મુલકમાં પાણાના દૂધ પીને, ઝાડ સૂકાઈ ગયાં છે એવા વેરાનમાં મુશ્કેલીની એક એક ઝાટકી રોડી દૈવતના દાણા અમે લીધાં; દાનવોના માથા ડોકાતાં હતાં અને હૃદયમાંથી દયાભાવ પરવારી ગયો હતો ત્યારે એક સોનાનું તીર સળક્યું અને કિરણે કોળેલો પંથ સીધો મળી ગયો. ઘોર મુશ્કેલીમાં પણ પ્રભુ આમ જ પથદર્શન કરે છે. એવે વખતે કોઈ આપણી સાથે સતત હતું જ એવો અહેસાસ બધાંને થાય છે.

'કદાચ'માં કવિ કદાચ આજ મરી જાયતો લોકોનો પ્રતિભાવ કેવો હશે તેનું વર્ણન કર્યા પછી પોતાના જીવન પ્રત્યેનો પ્રતિભાવ વ્યક્ત કરે છે--

'હરેક પળમાં જીવ્યો'તો એ ખૂબ પ્રાણ ભરી,
છતાં એ ચાહતો હતો સદા ચિરંતનને.'
(અમલપિયાલી, પૃષ્ઠ- ૧૧૭)

'ક્યાંક જતા રંઈ'માં કવિએ નગરજીવનની ભીડ છોડી ગામડે જતા રહેવાની ઈચ્છા વ્યક્ત કરી છે. તો 'નકામની નદી'માં કામમાં સતત વ્યસ્ત આ જગતમાં કવિનું જીવન નકામની નદી જેવું વહી રહ્યું છે. નિરાંતે પગવાળીને બેસવાની, પ્રેમની બે મીઠી વાતો કરવાની, પંખીના ટહુકાને કંઠમાં વાવવાની વાતો, વ્યવહારજગત ના લોકોના મનમાં બેસતી નથી. એટલે કવિને કોઈક વાર સાથેસાથ નકામની નદીને ઓળંગી પેલે પાર કામના ઊંચા ગામમાં જઈ હેતનો હવાલો આપી આવવાનું મન થાય છે. કાલે તો જ્યાં જંગલી ફૂલો હતાં ત્યાં આજ ગામ છે એવી વાત કોઈ માનવા તૈયાર નથી. કવિને જીવનની આ વ્યર્થ વ્યસ્તતા ગમતી નથી.

'તેનું નામ'માં કવિ ફકીરની વ્યાખ્યા કરે છે --

'તન તરકટ, તન તીર છે,
મન મરકટ, મન મીર,
તન-મનને ફેંકી ફરે
તેનું નામ ફકીર.'
(અમલપિયાલી, પૃષ્ઠ- ૧૨૦)

યોગમાર્ગે સાધના કરતાં મંત્ર એકવાર જાગૃત થયા પછી એ જલદ તેજાબ-ની જેમ અંતરમાં ઊતરતો જાય છે. સ્થૂળ શરીર અને સૂક્ષ્મ શરીર વચ્ચે રહેલી ગ્રંથિઓને છેદવાનું કાર્ય તે આરંભી દે છે. પ્રાણશક્તિની સ્થૂળ અને સૂક્ષ્મમાં આવજા શરુ થાય છે. પ્રાણમાં મંત્રશક્તિની પ્રતિષ્ઠા થયા પછી હૃદયમાં જે પ્રકાશ પડે છે, તે આ ભૂમિકાએ અનુભવી શકાય છે. આ દિવ્ય ચક્ષુનો ઉઘાડ છે. હૃદયગ્રંથિના ભેદનથી હૃદયમાં પ્રકાશનાં મોજાં ઊછળે છે. હૃદયમાં પ્રકાશ એ પ્રાણશક્તિનું વિસ્ફોટન છે. માનવીય જગતની સીમામાંથી તે સાધકને બહાર ધકેલી દે છે. છાતીની જમણી બાજુએ આવેલા આધ્યાત્મિક હૃદયમાં સમગ્ર શક્તિ કેન્દ્રિત થતાં તે માટીના મનુષ્યને પ્રકાશનાં કિરણોથી શોભતો દેવ મનુષ્ય કરી દે છે. સાધારણ રીતે મનુષ્યનું શરીર પ્રાણવાયુને વશ બની વર્તે છે. પણ જ્યારે મનુષ્ય પ્રાણવાયુને વશ કરે છે ત્યારે સ્થૂળ શરીરનાં બંધનો શિથિલ બની જાય છે. પ્રાણવાયુ ત્યારે કંઠમાં રહેલા ઉદાનવાયુને જીવનની દોરી સોંપી દે છે. ત્યારે મરણાસન્ન સ્થિતિ સાધક માટે સર્જાય છે. ઉદાનનું કાર્ય સૂક્ષ્મ શરીરને બહાર લઈ જવાનું છે. પરમતત્ત્વ રમણીનું આ ઊર્ધ્વગમન કરવું, આ ધક્કો સહન કરવો એ પરા વૈરાગ્ય અને પરાભક્તિ માગી લે છે. સૂક્ષ્મ જગતમાં પ્રવેશી જે સત્યદર્શન થાય છે તે જ

પરમધામ છે. અહીં ઈચ્છાઓ નિરીચ્છામાં પલટાઈ જાય છે. કામપુરુષ અ-કામ, આપ્તકામ પૂર્ણકામ બને છે અને અત્યંત વિશાળ વિવિધતાથી ભરપૂર વિશ્વપ્રકૃતિ એક તેજોબિંદુથી વિંધાઈ જાય છે. આ પરમ ઉજ્જવળ શિવશુક્ર છે, પ્રજ્ઞાનું બિંદુ છે, જે પોતે શૂન્ય થઈને પૂર્ણ બની રહે છે. પ્રકૃતિરૂપ જીવભાવ જ્યારે આ શિવતત્ત્વથી ભેદાઈ જાય છે ત્યારે સાધકનો નવજન્મ થાય છે. સહસ્રદલમાં પ્રાણનો લય એ સાધકનો પ્રજ્ઞાલોકમાં પરમ આનંદ રૂપ નવો અવતાર છે. સાધનાની એક પછી એક ભૂમિકાને આ રીતે ઓળખી શકાય : પ્રાણનો લય પ્રકાશમાં, પ્રકાશનો લય પ્રજ્ઞામાં, પ્રજ્ઞાનો લય પ્રેમમાં અને પ્રેમનો લય આનંદમાં થઈ જાય છે. પ્રેમનું બીજું નામ જ આનંદ છે. આવી આનંદલહરીનો સમુંદર કવિના ઘટમાં લહેરાય છે ત્યારે કવિ 'ઘટમાં' કાવ્યમાં તેનું સુંદર વર્ણન કરે છે.

'સાંયાજી, કોઈ ઘટમાં ગહેકે ઘેરું,
બાવાજી, મુંને ચડે સમુંદર લે'રું.'
(અમલપિયાલો, પૃષ્ઠ- ૧૨૧)

પ્રાણ જ્યારે બ્રહ્મરંધ્રમાં પહોંચે છે ત્યારે તેજોજ્જવલ પ્રકાશપુંજ પ્રગટે છે, પ્રેમનું પ્રાગટ્ય થાય છે અને સુંદર મૂર્તિનાં દર્શન થાય છે.એ અનુભૂતિ કવિ આ રીતે શબ્દસ્થ કરે છે.

'ચકર ચકર ચંટોળ ચઢ્યો જી
ઈ તો ચઢ્યો ગગનગઢ ઘેરી,
નવલખ તારા ડૂબ્યા દમરિયે ને
તરી રહી એક ડેરી,
ઓહો સાંયાજી, મારું હેત વધે ને માંહી
સુંદર મૂરતિ હેરું.'
(અમલપિયાલો, પૃષ્ઠ- ૧૨૧)

ધૂળનાં ફૂલો જેવા દેહમાં રહેલો આત્મા આજે ખુશ થયો. સૂક્ષ્મ શરીરનો લય અને સૂક્ષ્મમાં પ્રવેશને બતાવતાં કવિ કહે છે--

'એક ઘણોએ લગાય ધક્કા
ચૂર ચૂર મકરન્દા.'
(અમલપિયાલો. પૃષ્ઠ-૧૨૧)

હવે શરીરનું રોમે રોમ પ્રકાશિત થઈ ઊઠ્યું છે. શ્વાસે શ્વાસે મહેર વરસી રહી છે. સકળ જ્ઞાન આજ કવિને લાધ્યું છે, જેના આશ્ચર્યનો કોઈ પાર નથી.

'અકલ કલા મારે હિરદે ઊગી
અચરત રોજ અપારા.
મુઠ્ઠીભર રણકજમાં રમતા
અલખ અલખ લખતારા.'
(અમલપિયાલો, પૃષ્ઠ-૧૨૧)

હવે તો મુઠ્ઠીભર માટીના ઉરમાં પણ અલખના લાખ લાખ તારાઓનું તેજ ઊભરાયું છે. પ્રભુ ને સાધક એક જ બની ગયા છે. સાધક ભગવતભાવને પામી ચૂકયો છે એટલે પ્રભુનું પગેરું હવે એના પગલામાં જ છે.

'ઓહો સાંયાજી. મારે પગલે પગલે
પિયાનું હવે પગેરું.
(અમલપિયાલો, પૃષ્ઠ- ૧૨૧)

' હું તો ઝુલું 'માં કવિનો વિરાટને પામવાનો ઉમળકો અભિવ્યક્ત થાય છે.

'થોડું ભાળું તો મુંને લાગે છે થાક,
અને ઝાઝું ભાળું તો જીવ કોળે ! '
(અમલપિયાલી ,પૃષ્ઠ- ૧૨૨)

કવિને નાનકડા ખોરડાની કાચી ભીંતોની ભીંસ લાગેછે. આ માટીના દેહની કાચી દીવાલો છે, એમને ખુલ્લા આકાશ તળે ખાલી થઇ જવું છે અને એ ખાલીપામાં વાંસળી વાગે છે. એ વાંસળીના જુગ જુગના સૂર સરતા આવે છે અને કવિ પ્રેમંડના ઝૂલે ઝુલી રહે છે. યોગીઓનું ગગન છે સહસ્રાર . ચિત્તાકાશમાં સાધક આ અવસ્થાએ પહોંચી સર્વ કામનાઓ, અહંકાર, અને દેહભાવથી મુકત બને છે; ખાલી થઈ જાય છે ત્યારે નાદબ્રહ્મનો ઘેરો સૂર સંભળાય છે અને આનંદનો સાગર લહેરાય છે. કવિ પાખંડી સાધુઓ અને પોથી પંડિતોને છોડી પોતે જ સાધનાના દરિયામાં ઝંપલાવે છે તો ચૈતન્યરૂપ સમગ્ર સૃષ્ટિનું દર્શન થાય છે.

'ખાડા- ખાબોચિયાં તો દરિયા બન્યા'તા ને
મેંઢક બન્યા'તા મોર મોટા .
દરિયામાં ઝંપલાવી જોયું કે વોચ , બધાં
જળચર તો જળના લિસોટા : '
(અમલપિયાલી , પૃષ્ઠ- ૧૨૨)

કવિ પણ ચૈતન્ય સાગરનું તરંગ બની એક એક મોજાની છોળે આનંદ ભરતીને માણે છે.

'મોજું બનીને હું તો માણું જુવાળ હવે
એક એક મોજાની છોળ. '
(અમલપિયાલી ,પૃષ્ઠ- ૧૨૨)

આ મળેલા અનોખા જીવતરને કાંટાની વાડ કરી સાચવી રોપાતું નથી. કાયા તો આખરખી છે. તેને સાચવવામાં જ ફરી ફરી જન્મીને મોતની પછાટો ખાધી છે. આમ કવિને જીવતરનો રંગ રંગીન જીવન જીવવામાં નહીં પણ મોતને ઉજાળવામાં ખીલતો જણાય છે.

આ સંગ્રહનાં અન્ય કાવ્યોમાં જીવનદર્શન , નગરજીવન અને પ્રકૃતિના વિચ્છેદને વિષય કરતાં કાવ્યોમાં 'ટેકરીનો વિસામો '. ' ખાલી આવે ને જાય '.' ફરી ફરી'.' દરિયા પછી '.' અમૃતભોનાં સ્વજનો','ગીત સાચું ',' એમ પણ નથી'.'કે પછી?', 'હે આસોપાલવ ' ',' જંગલની મંજરી',' રેહેશે',' ઝણ વાગે રે ' ઈત્યાદિ કાવ્યો ગણાવી શકાય .

આમ 'સંગતિ'પછીનાં કાવ્યો 'અમલપિયાલી'માં મહદઅંશે કવિની અધ્યાત્મસાધનાની ચરમ અવસ્થાનું રૂપ પ્રગટ કરે છે. શબદ રમતો આવી કવિના ઉરમાં આનંદ સાગર હેલારી ઊઠે છે. કવિ અનંત ચેતનામાં તરંગ બની ઊછળે છે. અનંતમાં રસાયણ બની ઓગળી જવાનો અને એકરૂપ બની રહેવાનો અનુભવ કવિની કવિતામાંથી સહજ પ્રગટી રહે છે.

**હવાબારી**

નવી તાજગી અને ઉજાસ લઈને આવે છે મકરંદ દવેનો ગઝલ સંગ્રહ 'હવાબારી'. 'સંગતિ' કાવ્યસંગ્રહ ૧૯૬૮માં પ્રગટ થયા પછી કવિનાં કાવ્યો

સામયિકોમાં પ્રગટ થતાં રહ્યાં હતાં તે બધાંને સંગ્રહસ્થ કરી નવો કાવ્યસંગ્રહ પ્રકાશિત કરવો અથવા તો સમગ્ર કવિતાનું પ્રકાશન કરવું આ બે ય વિચારોને પડતાં મૂકી કવિએ ખેડેલા જુદા જુદા કાવ્યપ્રકારો અનુસાર જુદાં જુદાં પુસ્તકો પ્રગટ કરવાનો ઉપક્રમ અપનાવ્યો. એ મુજબ બાળકાવ્યો 'ઝબુક વીજળી ઝબુક' (ભાગ ૧-૨) માં ગ્રંથસ્થ થઈ ગયાં પછી કવિએ ગઝલ, અનુવાદ, સૉનેટ, છન્દોબધ્ધ અને લયબધ્ધ કાવ્ય, વિવિધ ઢાળનાં ગીત , ભજન ,પદ , તથા મુકતકના અલગ અલગ સંગ્રહો પ્રગટ કરવાનું વિચાર્યું . એ શ્રેણીમાં ૧૯૯૩માં પ્રગટ થયેલો ગઝલસંગ્રહ 'હવાબારી' ગઝલમાં પ્રવેશ કરાવનાર એમના પરમ મિત્રો ગાફિલ અને ઘાયલને સમર્પિત છે. સંગ્રહમાં ૧૨૦ ગઝલો સમાવિષ્ટ છે. જેમાંની ત્રણ-ચાર ગઝલ સુરેશ દલાલ સંપાદિત 'અમલપિયાલી'માં સંગૃહિત છે અને એક ગઝલ મકરંદ દવેએ અમૃત 'ઘાયલ' સાથે સંપાદન કરેલ 'છીપનો ચહેરો' ગઝલસંગ્રહમાં પ્રગટ છે. મકરંદ દવે કહે છે તેમ ગઝલ એટલે ગોષ્ઠિ અને અધ્યાત્મનું રસાયન તો એની વાણીમાં વણાયેલું જ હોય છે. એ મુજબ જોઈએ તો ૧૨૦ ગઝલોમાં કવિની ગોષ્ઠિ મહદઅંશે જિંદગી સાથે , જગત સાથે , મિત્રો સાથે અલખ નિરાકાર અવિનાશી તત્ત્વ સાથે હોવાનું જડે છે. કવિનો જિંદગીનો મસ્ત રંગ, દિલેર મિજાજ, શહેરી જીવનની ભીંસ ,સ્વાર્થ ,પ્રકૃતિ વિચ્છેદ બધાની પીડાના ભાર સાથે પોતાના જીવનના આગવા જ આંક કવિ અહીં આંકી આપે છે. ચાલીસેક ગઝલો કવિના અધ્યાત્મ-પરક ચિંતન- અનુભવો પ્રગટ કરે છે, તો અન્ય ગઝલોમાં મોટું પ્રમાણ જિંદગીને જુદી જુદી રીતે વિષય બનાવતી ગઝલોનું છે. જોકે સંગ્રહના આરંભમાં કવિ ગઝલરૂપે તેમની ગઝલના વિષયોની યાદી આપી દે છે.

સંગ્રહની પ્રથમ ગઝલની પ્રથમ આરંભની પંકિતઓમાં જ એમના જીવનનો ઉદ્દેશ અને પ્રાપ્તિ પ્રગટ છે.

'અનાદિ મથામણ છે મારી ગઝલમાં ,
નશીલું નિવારણ છે મારી ગઝલમાં . '
( હવાબારી ,પૃષ્ઠ-૧)

કવિની અનાદિ મથામણ અને 'એનું નશીલું નિવારણ'માંથી પ્રગટતા વર્તુળનો વિસ્તાર અને વ્યાપ માપી શકાય તેમ નથી. જે અનાદિ છે તે શબ્દ - બ્રહ્મ , એને પામવાની મથામણ અને શબ્દના પ્રાગટયમાં - કવિતાના લયમાં - સાધનાની સિધ્ધિમાં કવિને જે નિવારણ જડે છે એનો નશો કાંઈ ઓછો નથી. આ છે કવિની ગઝલનો એક વિષય પરબ્રહ્મની પ્રાપ્તિનો,પરમ ધ્યેય અને ધન્યતાને પામવાનો , ત્યાર પછી કવિ જે કંઈ ગઝલમાં પ્રગટાવે છે -જીવનમાં પામે છે , એ બધું જ કોઈ અકળ અનામીની થાપણ છે. એણે જે આપ્યું છે . કવિને સોંપ્યું એ કયારે પાછું લઈ લેશે એની ખબર નથી. થાપણરૂપે મળેલી જિંદગીનું ખાંપણ પણ કવિની ગઝલમાં મળે છે. 'અભાગીનું ખાંપણ' દુઃખીને આશ્વાસનનો પ્રબોધ કરાવે છે.

કવિની અકિંચન સ્થિતિ અને જિંદગીની જિંદાદિલી પણ તેમની કવિતાના મુખ્ય વિષયો છે.

'ઉઘાડા ગગનનો શિરે આશરો છે ,
ને ધરતીનું ધાવણ છે મારી ગઝલમાં.'
(હવાબારી ,પૃષ્ઠ-૧)

કવિને નગરજીવનની વ્યવહારિકતા, માનવીના દંભ, સ્વાર્થી લોભ, દ્વેષ અને ખોટા ભભકા પ્રત્યે ખૂબ જ અણગમો છે. એમને તો બાળક જેવી નિર્દોષ નજર ગમે છે. એવું સહજ સ્વાભાવિક સૌંદર્ય કવિને આકર્ષે છે. સહજના કિનારે પાંગરીને પમરતી ફૂલની સૌરભ જેવા વ્યક્તિત્વને તેઓ સર્વત્ર ઝંખે છે. પણ જગત તેમની ઝંખનાથી જુદું જ લાગે છે ત્યારે એ પણ તેમની જાત સાથે ગોષ્ઠિમાં ગઝલરૂપ ધારણ કરે છે. આ વાત કવિ આ રીતે રજૂ કરે છે --

'નથી જેની માસુમ નજર નંદવાણી,
કુંવારું એ કામણ છે મારી ગઝલમાં.'
(હવાબારી, પૃષ્ઠ-૧)

અણજોટ ઇચ્છાઓની વાત કવિએ આગળ પણ કરી છે. ભીતરમાં બેઠેલાને પામવાનો ઉપક્રમ તો તેમના જીવનનું ધ્યેય છે. એમનું અધ્યાત્મચિંતન અને સાધના અન્યને પણ ઉપકારક છે. આવો અધ્યાત્મબોધ ગઝલની વાણીમાં વણાઇને આવે છે.

'તમારી જ ભીતર બિરાજે છે તેની,
ભવોની ભલામણ છે મારી ગઝલમાં.'
(હવાબારી, પૃષ્ઠ- ૧)

જીવનની કુંઠાને ખંખેરી નાખે, માણને જાગૃત કરે અને ઉત્સાહને પ્રેરી રહે: એનું કારણ પણ એમની ગઝલમાં છે.

' ફરી દિલની પાંખો ફફડશે સુણીને,
કંઇ એવું કારણ છે મારી ગઝલમાં.'
(હવાબારી, પૃષ્ઠ- ૧)

આમ કવિની શબ્દબ્રહ્મની શોધનું નિવારણ લાવતી, જિંદગીનો જય ગુંજારતી, ફકીરી અને જિંદાદિલીને પ્રગટાવતી, સહજની લીલાને ચાહતી, ભીતરના પ્રિય સાથે ભવ કાપવાની ભલામણ કરતી, જીવનમુક્તિના માર્ગે પાંખો ફફડાવવા બળ પ્રેરતી ગઝલ કવિના વ્યક્તિત્વના અનેકવિધ પાસાંઓનું પ્રભાવતુળ રચી રહે છે. આવો પ્રભાવ પ્રગટાવતા છૂટા છવાયા શેર કવિના વ્યક્તિત્વની કેલિડોસ્કોપીક આકૃતિઓ પ્રગટાવે છે. દા.ત. પ્રભુની પૂર્ણ શરણાગતિ સ્વીકારીને કવિ ગઝલ-૨ માં કહે છે--

'અણદીઠ સુકાનીની ઇચ્છાનો પાર હું પામું શી રીતે ?
મઝધાર તુફાને ચાહીને ફેંગોળે છે, સંભાળે છે.'
(હવાબારી, પૃષ્ઠ- ૨)

ગઝલ - ૩ માં હજાર રૂપમાં પ્રભુના અસલ અણસારને ન પામી શકતા કવિ મૂંઝવણમાં મુકાય છે.

' હવામાં જોઉં છું મારી હયાતી પણ મળી જતી,
સપન આભાસને આરે તને સાકાર ક્યાં ગોતું ?'
'હવે ઊભી ઇશારા નોતરે સાંજલ સિતારાના,
સરાઇ છે, જવું પડશે, સફરનો સાર ક્યાં ગોતું ?'
(હવાબારી, પૃષ્ઠ- ૩)

આમ સફરનો સાર શોધતાં કવિનો પ્રવાસી પ્રાણ ગઝલ-૪ માં મરણ પથારીએ તલસી રહ્યો છે પણ કવિને વિશ્વાસ છે કે છેલ્લા શ્વાસની સવારી પર કવિને અવ્યક્તને બ્રહ્માંડ આખું ભજે છે તે મળી જશે, તો અનાદિની મથામણ પ્રગટાવે છે ગઝલ-૫માં. કવિ પરમતત્ત્વને પામવા પ્રયત્ન કરે છે ત્યારે તે પણ સામેથી નિકટ આવે છે. જીવની ખેરાત

કરવાનો અભરખો ગઝલ- ૮માં આ રીતે વ્યક્ત થાય છે --

'માગણ તો મોતનો મને પુકારતો નથી ?
લો જીવનો ખુશીથી હું ખેરાત લઉં કરી.'
(હવાબારી ,પૃષ્ઠ-૮)

જીવની ખેરાત કરીને મોતથી ય કવિને મહાન બનવું છે. આત્મરૂપની બારી ખોલી સકળ રૂપે વ્યાપેલા અરૂપને પામવું છે અને હળવા પાનના કંપનમાં એની વાણી સાંભળવી છે. ગઝલ -૧૦માં કાળી રાતે ટમટમાતી શમા પાસેથી જિંદગીનો ભેદ પામે છે. કવિને જીવનઉદ્દેશની પ્રાપ્તિ થઇ ચૂકી છે અને એનો સંતોષ છે. ગઝલ- ૧૨માં કવિ નશીલો આનંદ. ધૂળને સોનામાં પલટો દે એવો ઇલમ અને અદીઠ સાથેની ગુફ્તેગુ પામ્યા છે આથી જનમ સફળ થઈ ગયો છે. પરમપ્રાપ્તિના માર્ગ અંગેના વિતંડાવાદને કવિ ગઝલ -૧૩માં આ રીતે રજૂ કરે છે.

'અમારી કાળી નિશા નિહાળી
મશાલચી તો અનેક આવ્યા ,
પરંતુ સૌની મશાલ વચ્ચે
હજુય ચકમક ઝર્યા કરે છે.'
(હવાબારી ,પૃષ્ઠ- ૧૩)

જિંદગી એટલી તો મૂલ્યવાન છે કે પ્રભુપ્રાપ્તિની તન્મયતા નિરંતર બની રહે એ જરૂરી છે. ગઝલ-૧૪માં માનતા બનેલી જિંદગીમાં સુરતા સુહાગણી બની હોવાનો કવિ ઉલ્લેખ કરે છે.

'હરેક દિલમાં છે એક દેરી .
હરેક દિલમાં છે એક મૂરત ,
ફળે ન તોપણ તમામની
જિન્દગી અહીં માનતા બની છે.'
(હવાબારી ,પૃષ્ઠ- ૧૪)

વ્યવહારની વ્યસ્તતામાં કે સાંસારિક હિશાબ-કિતાબમાં કવિને રસ નથી. ગઝલ -૧૬માં એ કહે છે --

'રોજ પૂછો છો કામનું ? રોજ પૂછો કમાણીનું ?
એવી નકામી મુજ કને માહિતી મારા સમ , નથી.'
(હવાબારી ,પૃષ્ઠ- ૧૬)

કવિને તો ગઝલ -૧૭માં જણાવ્યા પ્રમાણે અગનની ગોદમાં જંપી જવું છે. પ્રેમથી છલકતું ઉર કવિને માટે સૌથી મૂલ્યવાન ચીજ છે. બસ એ તો એક ગમતી ચીજ છે, જે ગુલાલની જેમ ઉડાડવા માગે છે અને એનો નશો એ જ એમનું જીવન છે. ગઝલ-૧૮માં કોઈક અજાણ્યે એક છલોછલ જામ આપ્યો'તો અને બે માયાળુ વેણ કહ્યાં'તા પરંતુ એ કોણ હતું તેની કવિને જાણ નથી. તો ગઝલ -૨૪માં કવિ ચમત્કારોની દુનિયામાં કદમ ભરતા છલકતા જામમાં જન્મો જનમ નિહાળે છે. સાકીરૂપે પ્રભુની ખુશી નિહાળીને તરબતર તેજ-પ્યાલો કવિએ પીધો છે. હવે સાકીનો - પ્રભુનો - પરમતત્વનો મર્મ કવિને જિંદગીની રોશનીમાં સમજાવા લાગ્યો છે. ગઝલ-૨૫માં કવિએ મર્મને પામી લીધો છે એટલે એક નવીજ દુનિયા કવિ સમક્ષ ઊઘડી છે. ખયાલમાં કવિને લખહજાર રૂપે પ્રગટતું પરમાત્માનું રૂપ દેખાયું છે.

તૃણપ્રીતિ કવિના હૃદયધબકારમાં વણાયેલી લાગે છે. ધરતીનો રસ પ્રગટાવતું નાનકડું તરણું અને આકાશનું તેજ પ્રગટાવતો નાનકડો તારો જીવનની જીતની નિશાનીઓ કવિ ગણાવે છે ગઝલ -૨૬માં. કવિને અધ્યાત્મનો નશો છે ખુદાઈ નૂર સમી બંદગીમાં જ એમને રસ છે. ગઝલ -૨૮માં એ કહે છે --

'ઘટાક ઘૂંટ લઈ જે નિહાળી પ્યાલીમાં.
ખુદાઈ નૂર સમી બંદગીની વાત કરો''
(હવાબારી, પૃષ્ઠ- ૨૮)

યોગસાધનાનો અવધૂતી અનુભવ વ્યકત કરતી ગઝલ-૩૨માં કવિ પ્રાણના આરોહણની, સહસ્રારમાં મૌનશિખરમાં પહોંચ્યો નાદબ્રહ્મના આનંદસાગરની લહેરોની અવધૂતી દુનિયાનો ખજાનો ખાલી હાથમાં મેલી ચાલ્યા છે. કવિની સાધના સહજ ઊગી આવતા શબ્દોની જ છે. તેમની કવિતા આવેગોનો આલેખ છે, કલાનો કસબ નથી, એ વાતનો સ્વીકાર કરતા કવિ ગઝલ -૩૬માં કહે છે --

'મને તો શબ્દ તણી આ રમત નથી ગમતી,
છતાં રમાડી રહ્યું કોણ આમ અક્ષરમાં?'
'ખરું. મેં એમને ચાહ્યા છે અંધ આવેગે,
અને ઉજાસ બન્યા એ અનંત અવસરમાં.'
(હવાબારી, પૃષ્ઠ- ૪૦)

શબ્દ શરીરના અણુએ અણુમાં શાંત બને છે ત્યારે જ મૌનશિખરેથી રોમેરોમને ઝણઝણાવતો ધ્વનિ-કંપ ઊઠે છે. કવિને શબ્દ સાથે રોજનો ઝઘડો છે, સિસૃક્ષાની પળોનો સંઘર્ષ. પરંતુ ભીતરમાં શબ્દ એકાકાર બની ગયો છે. ઓમકારનો શબ્દબ્રહ્મ ભીતરમાં એકરૂપ બની ગયો છે, એટલે તો કવિનું ચિત્ત પ્રાણપલાણીને સવાર થઈ ચાલ્યું છે.

સહજના કિનારે જે સુખ અને ઉપલબ્ધિ છે એની વાત કવિ ગઝલ -૪૧માં કરે છે. કવિને વિશુધ્ધ સ્વાભાવિકતામાં રસ છે. વિકૃતિના વમળો એમને પીડે છે. લક્ષ્ય અને અલક્ષ્ય બંનેનો પરિચય છે એટલે ઉપાસનામાં જ કવિને જીવનની ધન્યતા લાગે છે. સાકારની સૌંદર્યલાલીથી ભેખધારી ભભૂત ભરી, ધરતીનો પ્રેમ અને ગગનની આરત ભરી કવિ લેખ અને અલેખની નજર મિલાવે છે. ખીલતી કળી જેવા મોતને પામે છે અને મનેખની - મનુષ્યજીવનની મજલ હજી મહોરતી ભાળે છે ગઝલ -૪૩માં, તો ગઝલ-૪૪માં કવિને શ્વાસોચ્છ્વાસની ગતિ ભલે ચાલ્યા કરે પણ શ્વાસે શ્વાસે પ્રભુની નિકટતા અનુભવાય એવી ઈચ્છા છે. પ્રભુની પરમકૃપા અને સાંનિધ્યનો કવિને જિંદગીમાં હરપળે અનુભવ થયો છે એટલે ગઝલ -૪૫માં કવિ એના ગુણગાન ગાતાં મોતમાં પણ પ્રભુના પુકારને ઝંખે છે. પ્રભુની સૃષ્ટિમાં સર્વત્ર ફર્યા પછી પ્રભુની શરણાગતિ સ્વીકારતા કવિ ગઝલ-૪૬માં કહે છે કે 'તારાજ તકિયે કોઈ મમતમાં નથી રહ્યો'.

કવિએ અધ્યાત્મના ચરમબિંદુએ પહોંચીને સાધક જીવનમાં જે ઉપલબ્ધ કર્યું છે તે પાટ પર બેઠાં બેઠાં વાગોળ્યું છે ગઝલ -૫૨માં. કવિ સિધ્ધ છે, હવે અજપાજપનું નિરંતર નામસ્મરણ, હવામાં અનુભવાતી એની હસ્તી, પ્રીતિના અણફુટ જામ, કામવગરના કવિની શૂન્યતા, સૂર્યના સાતેય અશ્વોમાં મુકામ, જિંદગી અને મોતના બે સખારામનું પ્રેમાન્વિત આલિંગન. એકાંતમાં નૈષ્કર્મ્યમાં જગત પ્રત્યેની સ્થિતપ્રજ્ઞ દૃષ્ટિ આ બધું કવિની ઉપલબ્ધિ છે અને પાટ એ કવિની જિંદગીની ઉપલબ્ધિઓની પાટ છે. ગઝલ-૫૫ પણ કવિની યોગસાધનાની ગૂઢ અધ્યાત્માનુભૂતિને રજૂ કરે છે. નામસાધનામાં ઈષ્ટ રૂપમાં પ્રાણપ્રતિષ્ઠા કર્યા પછી મંત્રચેતના જાગૃત થતાં રૂપ પ્રગટ

થાય છે પરંતુ ત્યાંથી આગળના તબક્કે રૂપ વિસ્તરતું વિસ્તરતું અરૂપમાં પરિણમે છે. એકરૂપતાનો અનુભવ થતાં સકળ એક જ રૂપે રહેલું ભાસે છે. આ પ્રેમમાર્ગની સાધનામાં વિધાતા કરોડો જુગમાં પણ ઘડી ન શકે એવું પૂર્ણ રૂપ આંખમાં ઠરે છે અને અનંતમાં હજારરૂપે વિસ્તરેલા આ રૂપનું દર્શન સાકારરૂપ પાછું નિરાકારમાં ભળી જાય છે. દરેક સાકાર વસ્તુની ભીતરનાં એક જ રૂપને સાધક જોઈ રહે છે. સંપૂર્ણ ગઝલ આ ભાવને સુંદર રીતે પ્રગટ કરે છે.

ગઝલ -૫૮માં પૃથ્વીના ગુરુત્વાકર્ષણને નીચે ધકેલી પ્રાણને ઉપર ઉઠાવવાના સાધકના પ્રયાસને એક જ પંકિત અભિવ્યકત કરે છે.

'ઓ પિંડ નમો નીચે નીચે , ઓ પ્રાણ. તું ઊંચી ગરદન કર.'

(હવાબારી ,પૃષ્ઠ- ૬૦)

કવિએ યોગસાધનાની ચરમ ભૂમિકામાં જે આકાર અને નિરાકાર રૂપના અભેદનું દર્શન કર્યું છે તે ગઝલ -૫૯માં જોવા મળે છે, તો ગઝલ-૭૩માં કવિને 'હું' ની આડ દૂર થાય, અહંકાર ઓગળી જાય તો જ પ્રભુ-દર્શન થાય છે, પરમતત્ત્વની શોધ થાય છે. મધુર પીડાને અંતે પ્રભુદર્શનનું સુખ મળે છે , ચિત્તશુધ્ધિના અંતે સુંદરતા સાંપડે છે એ ભાવ ગઝલ - ૭૫-માં જોઈ શકાય છે . પ્રભુની ઓળખ નથી પણ તેના અસ્તિત્વની અનુભૂતિ છે. કવિને નક્કર વાસ્તવિક મુલ્ય આંકી આપે એવું મળ્યું નથી પણ પ્રભુ મળ્યા છે તે ઓછી ભેટ નથી , એવો ભાવ ગઝલ -૭૬માં પ્રગટે છે. ગઝલ -૮૦માં ધ્યાનક્રિયાની જડતામાંથી કરૂણાનું જલ સાધકને ઉગારી શકે છે એ વાત પ્રતીત થાય છે. તપની સાધનામાં એનું શ્રુતિજ્ઞાન થાય છે અને પ્રેમના વિસ્તારમાં એનું દર્શન થાય છે એ સત્ય કવિ ગઝલ -૮૧માં રજૂ કરે છે. જ્યારે મન નિરંતર ભીતરમાં સ્થિર બને છે ત્યારે નાદબ્રહ્મના સૂરો રોમેરોમમાં બાજી ઊઠે છે. મોરલીના સૂરે ડોલતી સાપણમાં જ મોરલીનો સૂર બજવા લાગે છે. યૌગિકક્રિયામાં કુંડલિનીના ઉત્થાનનો નિર્દેશ પણ અહીં મળે છે.

સાકારરૂપ નિરાકાર બનતું જાય છે એ દર્શાવતાં ગઝલ-૮૧માં કવિ કહે છે.

'આંખથી એને અરીસામાં ગયા ભરતા અમે .
ને ઝલક તો ચાલતી થઈ નિત્ય વેરાગણ મહીં .'

(હવાબારી ,પૃષ્ઠ- ૮૩)

અમૃત ન મેળવી શકનારને અમૃતનો દોષ જોવાની જરૂર નથી એની આંખોથી પોતે કેટલા દૂર છે તે જોવાની જરૂર છે. ગઝલ -૮૨માં કવિને ભકતની ભોળી નજરના ભરોસામાં સાક્ષાત્ પ્રભુનાં દર્શન થાય છે. અને એ સાક્ષાત્કારમાં કવિનું પિંડ સુગંધ બની સરી રહ્યું છે. એ પણ પ્રભુરૂપ કપુર છે . ગઝલ -૮૪ પણ કવિના અતલ અધ્યાત્મના અમૃતને પ્રગટાવે છે. ભગવત્ભાવને પામેલા સાધકના ગુણ લક્ષણોને આ ગઝલના શેર સુપેરે રજૂ કરે છે. રામભણી જતાં રસ્તા ઉપર પાંસરો ચાલી શકે એટલાં માટે આવાં જ ભગવત્ભાવને વરેલા સંતો - ભકતો - સાધકો પદાર્થપાઠ શીખવતા હોય છે. જેણે આત્મદર્શન કર્યું છે એનો તો દેહભાવ દૂર થઇ ગયો છે. દીવાના પ્રકાશમાં સાકારરૂપની ઝંખના કરવાને બદલે આંખને આંજી દે એવા નિરાકાર તેજ રૂપની કવિને ઝાંખી છે. શેણી અને હોરની પ્રેમવ્યથા પણ પ્રભુ પ્રાગટ્યનું જ કારણ બની શકે . કોઈ જ્ઞાની ગુરુના અલેખની ધૂણીમાં પણ માર્ગ જડશે , માટે મોટપને મુકી ગીરના સતાધારના ટોંચે પહોંચી જવા અનુરોધ કરે છે. આમ પ્રભુનો પંથ ઉંબરા ઉપર પડ્યા પછી. નેણમાં એની ખુમારીને ભર્યા પછી માર્ગ ભલે તપનો હોય. યોગનો હોય. પ્રેમનો હોય. ભકિતનો હોય. જ્ઞાનનો હોય કે વૈરાગ્યનો હોય એ જ પરમનો માર્ગ છે.

ગઝલ -૮૬-૮૭માં કવિ પ્રચ્છન્ન પ્રભુના અસ્તિત્વની અનુભૂતિ પ્રગટ કરે છે અને એ ભાવ ગઝલ -૮૬ માં પરમ સાથેના પોતાના એકરૂપ અસ્તિત્વને કવિ પ્રગટાવતાં આ રીતે રજૂ કરે છે --

'આ ફૂલમાંથી કોણ ઉપાડી ગયું મને ?
મારી હવે તો હસ્તી તરે છે પરાગ પર .'
(હવાબારી .પૃષ્ઠ- ૯૧)

ફૂલમાંથી ઉડીને ફરતી થઈ ગયેલી પરાગરજરૂપ પોતાના અસ્તિત્વને નિહાળતાં કવિ સ્થૂળમાં સૂક્ષ્મ બની મુક્તિને વરતા આત્માનો આલેખ સુંદર રીતે આ પંક્તિઓમાં ધ્વનિત કરે છે.

'દરિયાનું ફીણ ફીણ બનાવી ફના કરે
એવોય એક ચાંદ ઊગે છે સુહાગ પર .'
(હવાબારી .પૃષ્ઠ - ૯૧)

અમૂર્તને મૂર્ત કરતાં પ્રતીકોનો ધ્વનિ પણ શબ્દાતીત લાગે છે અહીં . કવિને તો પોતાની અધ્યાત્મ પ્રાપ્તિની ગાંઠ બાંધીને જવું હતું પણ અનાયાસ ઉરમાં ફૂટતી કવિતામાં એ બધું પ્રગટ થઈ ગયું . ગઝલ-૯૦માં કવિ આ ભાવ વ્યકત કરે છે.ગઝલની ગોષ્ઠીમાં કવિએ પોતે પામેલા બધા ગૂઢાર્થો પ્રગટ કરી દીધા છે.

ગઝલ -૯૧ એક ભારતીયની અસ્મિતાને પ્રગટાવતી ગઝલ છે. એમાં જીવન-મુકત બનેલા કવિનો સ્વપરિચય પણ આપણને મળે છે.

'રજકણો સૂર્યો બની ફરતા હતા જે દેશમાં ,
સૂર્યના અશ્વોયે પણ થામી ગયા તે આપણે.'
(હવાબારી .પૃષ્ઠ- ૯૩)

ગઝલ- ૯૯માં કવિના એકાત્મભાવની આનાથી સુંદર ધજા ફરકતી બીજે કયાં મળશે?

'વહેતી મોજ પરે કલગી હું કિરણ કેરી ,
હું નૃત્ય તારે ચરણ થનગન્યું , ઢળ્યું ન ઢળ્યું .'
(હવાબારી ,પૃષ્ઠ- ૧૦૧)

આત્મા અને પરમાત્માના સાયુજયને ગઝલ -૧૦૩માં આવી જ સુંદર રીતે કવિ પ્રગટ કરે છે. આ પથ્થર કે પાણી પૈકી કોને હું બિરદાવું કેમકે આ જળ પણ હું છું અને જળને ઝીંકીને જે કલકલ વાણીને ઝનકારે છે તે પણ હું છું . જેણે જીવનમાં ભકિત-સાધના સિવાય બીજું કંઈ કર્યું જ નથી એને પ્રભુ-દર્શન આડે આવતા દાણી કે દરવાણીને શા માટે સાંખી લેવો જોઈએ .

કવિ જીવનના ઉદ્દેશને સિધ્ધ કરી ગયા છે,ઈપ્સિત સર્વે પામી ગયા છે જેનો પરિચય ગઝલ -૧૦૧માં મળે છે. આપણે પૂરો પ્રાણ લઈને આવ્યાતાં અને પ્રાણ પલાણીને જઈશું. જુઠ્ઠી જાદુગરીમાં પણ કાયે દોરે નયનબંધીથી પ્રભુનાં નયનમાં જ પોતાના નયનને ઠરવા દઈ કાયમનો કેદને તેઓ પિછાણી ગયા છે. મકરંદ કહીને જેને સૌ બોલાવે છે એતો દુનિયાનો રંગભૂમિ પણ વેષ ભજવતાં નટ રૂપે કવિએ એણે જાણી લીધો છે. સકલ વિશ્વ જયારે પ્રભુનો લીલા છે ત્યારે પોતાને જ વેષ ભજવતાં જોવો અને જાણવો એ કવિની એ જીવનસાધનાની ફલશ્રુતિની પ્રતીતિ કરાવે છે. કવિ આવી ફલશ્રુતિને પામ્યા પહેલાનો અદમ્ય તત્પરતા પણ ગઝલ -૧૦૪માં ઉતારે છે. અંતે કવિનું તપ ફળ્યું ખરું કેમકે પ્રેરણાનો બીજ કવિ હૃદયમાં ઊગી ચૂકી હતી. કવિનો પરમધામમાં પહોંચવાનો સંકલ્પ કેટલો દ્રઢ છે તેનો પરિચય ગઝલ -૧૦૬માં થાય છે,

તો ગઝલ -૧૧૧માં એક સુંદર શેર છે જે ચિત્તશુદ્ધિથી પ્રભુદર્શનનો માર્ગ ચીંધે છે.

'ખુદાઈનો મારગ ઘડીપલમાં ખૂલે ,
તમો જો તમારા ગુનાહોને પૂછો. '
(હવાબારી ,પૃષ્ઠ- ૧૧૫)

એકવાર પ્રભુમિલનની આશ ઉરમાં જામી છે તો છેટું પડયાનો અફસોસ કરવાની જરૂર. નથી. પ્રભુ ભકતનો પ્રેમલ છોળે છલકતો આવશે ગઝલ - ૧૧૩માં . તો ગઝલ -૧૧૪માં સાધકના પ્રાણ સુષુમણાના તારઉપર ઝંકાર ગજવતા પરમ ધામ - સહસ્રારમાં પહોંચવા આવે છે ત્યારે જે મરણાસન્ન સ્થિતિનો અનુભવ કરે છે તેનું નિરુપણ છે. ભકિત-માર્ગમાં પણ પ્રિયતમનું ઘર નજીક આવતાં આતુરતા અતિ અકારી બની જાય છે પણ અહીંતો કવિ યોગક્રિયાની અસરોનું સુપેરે નિરુપણ કરે છે.

'ઘર નિહાળું ઢૂંકડું ને આકરું લાગે ,
ગામઝાંપે લડથડું ને આકરું લાગે. '
(હવાબારી,પૃષ્ઠ- ૧૧૮)

ઘર બ્રહ્મરંધ્ર છે તો કંઠે આવેલો પ્રાણ ગામ-ઝાંપે લથડી રહ્યો છે. હવે અનેક સિદ્ધિઓના કાંટાઓમાંથી પરમાત્મા ભણી - મોક્ષ પ્રાપ્તિ ભણી જતાં સીધા માર્ગે જતાં વાસના અને ઈચ્છાઓના કાંટા વેડી આગળ વધવાનું છે .

'શ્વાસના રસ્તા પરે પણ આટલા કાંટા !
બોલતાં બેસી પડું ને આકરું લાગે . '
(હવાબારી ,પૃષ્ઠ- ૧૧૮)

આભને ભેટવાની - ગગનમાં - સહસ્રારમાં પ્રાણની વિહરવાની અવસ્થા પહેલાં ઉદાનવાયુના હાથમાં સોંપાયેલી જીવનની તેજસ્વી દોર જે ગૂંગળામણનો અનુભવ કરાવે છે તેને કવિ આ રીતે રજૂ કરે છે.

' આભને ભેટો પડયાનો ગર્વ શું કરવો ?
શેરીથી એ સાંકડું ને આકરું લાગે . '
(હવાબારી ,પૃષ્ઠ- ૧૧૮)

કયાંક પાછો પ્રાણ ઉપર ઊઠવાને બદલે સુનો વાસના પગથિયા પર ફરી આવી ચઢે છે. કવિ કહે છે આ હવાના મહેલમાં જ એ દર્શન થયું છે છતાંય નિરંતર પ્રાપ્તિના ઓરતા તેઓ ઘડી રહ્યા છે જે અગાગમતું છે. એમણે જે ઝાંખા પ્રકાશનું સાન્ધ્યદર્શન કર્યું છે એનું સૌંદર્ય કવિને આકર્યું છે. અર્થાન્તરે 'ધૂંધળો ગોરજ તણું મુખડું' એ નિસ્તેજ ઈન્દ્રિય-વૃત્તિઓનું દર્શન પણ લઈ શકાય. કવિને આ દર્શન અકારું લાગે છે એટલે તો ભાંગેલ ખુરશી જેવી ખૂણામાં પડેલી ઈન્દ્રિય વૃત્તિઓનો અમથો સ્પર્શ પણ અકારો થઈ પડે છે. બંધ મેડીની નીરવતામાં પારેવડાનો ઘૂઘવાટ કવિને આકરો લાગે છે. મૌનના શિખરેથી ઊઠતો ધ્વનિ કવિને રોમરોમ ઝંકૃત કરી જાય છે, ત્યારે દેહભાવને છોડીને સૂક્ષ્મ જગતનો પ્રવેશ જીરવવો અકારો લાગે છે.

ગઝલ -૧૧૫માં પણ પ્રેમથી પ્રભુ પ્રાપ્તિનો માર્ગ દર્શાવતો સુંદર શેર મળે છે. --

'મારી સમગ્ર હસ્તી ડુબી ગઈ ભલે પણ
ઓ મોત . એને દ્વારે તારી તો ટેર પહોંચી . '
(હવાબારી ,પૃષ્ઠ- ૧૧૯)

કવિ પણ પ્રભુની જેમ કેવા પ્રચ્છન્ન છે એનો પરિચય ગઝલ -૧૧૭માં મળે છે.

'હવે એક એવી કબરમાં હું પોઢું,
ન પૃથ્વી બિછાવું ન આકાશ ઓઢું,
અને મારાં કેન્દ્રોને એવાં ફગાવું.
ન ગોત્યું જડે કોઈને મારું મોઢું.'
(હવાબારી, પૃષ્ઠ- ૧૨૧)

જન્મજન્માંતરના પોતાના આત્મપરિચયને ભૂંસી નિરંજન નિરાકારમાં ભળી મોક્ષ પામવાનો અહીં શુભસંકલ્પ છે. ગઝલ-૧૧૮માં કવિ કહે છે કે પોતે કાળના ડંખથી પર, વરાળ જેવા સૂક્ષ્મ અને નિર્ભય બની ગયા છે, કેમકે પ્રીતમના બાગની એક ડાળ એમના ઉપર ઝૂકી છે, કંટોલો કોટવાળ બની મિત્રભાવે પ્રભુ જ એમનું રક્ષણ કરે છે, અને કવિએ પોતાનો બધો ભાર સોંપી દીધો છે અને એ જ બંદાની બધી દેખભાળ રાખે છે ત્યારે કવિને કંઈ ફિકર નથી. ગઝલ -૧૨૦માં કવિ હળવી હવા શાં. વ્હાલની ઝડી વરસાવતાં. આશ્વાસન આપતાં અને મૌનમાં પ્રેરણા આપતાં ચિંતાહીન આંખોમાં નિરંતર બેઠેલાને પામી ગયાની ખાનગી વાતો ગઝલની ગોષ્ઠિમાં કહી બેઠા છે તેને સમેટી લેવા ઇચ્છે છે પ્રિયતમની આંખ પાછી રુઠી ન જાય એ બીકે --

'હવે લો. આપણી આ ખાનગી વાતો નથી કરવી,
કહે છે આંખ કોની કે પિયા. હું તો લડી નહોતી.'
(હવાબારી, પૃષ્ઠ- ૧૨૪)

આમ કવિની કાવ્યગોષ્ઠિ કવિના અધ્યાત્મવ્યક્તિત્વને સર્વાંગે પ્રગટાવે છે.

## ૪.3 અધ્યાત્મવિશેષ

કવિ મકરંદ દવેની સમગ્ર કવિતાનો અભ્યાસ કરતાં તેમાંથી પ્રગટતા અધ્યાત્મવિશેષના દર્શનીય અને રસકીય પરિમાણને તારવવા સાથે કવિની આધ્યાત્મિક અનુભૂતિના સ્વરૂપને પામવાનો હવે આપણે પ્રયત્ન કરીશું.

### દર્શનીય પરિમાણ

સાધક કવિ મકરંદ દવેની કવિતામાંથી પ્રગટતા દર્શનીય પરિમાણનો વિચાર કરતાં ભક્તિરસની ભજનગંગા અને જોગીનો આહલેક, હૃદયના પુનિત પ્રેમમાં વહેતી સંતવાણીનો ઝીણો સૂર અને ગોરખનાથના ઘૂઘરાનો ઘેરો રવ સંભળાય છે. માર્ગી સંપ્રદાયનું દર્શન અને બાઉલ સંતોની ફકીરીનો મસ્ત મિજાજ પણ પકડાય છે. મકરંદ દવેને નાનપણથી જ ભજનોમાં રસ છે. ભજનો ગાવા અને ભજનિકોની સૂરગંગાની છોળમાં નાહવું એ જ એમને મન જીવનનું પરમકાર્ય છે. કોઈ પણ નવું ભજન મળી જાય તો એમને અદ્ભુત ખજાનો મળ્યા જેટલો આનંદ થાય છે. તેમના વિશાળ વાચનમાં પણ એમના ભજનરસની ઝાંખી થાય છે. તેમણે સંશોધિત કરેલા ભજનો, તેમણે લખેલાં 'ભજનરસ', 'સત કેરી વાણી' જેવાં પુસ્તકો તેના પ્રત્યક્ષ પુરાવાઓ છે. વળી 'સ્વામી અને સાંઈ'માં સ્વામી આનંદ સાથેના ૨૦ વર્ષના દીર્ઘ પત્રવ્યવહારમાં ભજનગીતોની આપ-લે અને વિમર્શ જોઈ શકાય છે. ભજનપ્રવૃત્તિ માટે જ તેમણે નંદિગ્રામ આશ્રમની સ્થાપના કરી છે. આપબળે અભ્યાસ કરી મકરંદ દવેએ અપાર વિદ્વત્તા અને વિદગ્ધતા પ્રાપ્ત કરી છે. વૈદિક.

ઔપનિષદીય, પૌરાણિક અને સંતપરંપરાનું લોક સાહિત્ય પણ કવિએ આત્મસાત કરેલું છે ત્યારે તેમની કવિતામાંથી પ્રગટતું દર્શનીય પરિમાણ મર્મીળા માનવીની આતમની ફોરતી સાચુકલી વાણીનું દર્શન પ્રગટ કરે છે. આત્માના અતલમાંથી આ વાણી વાર્તાલાપરૂપે ભજન-ગીતરૂપે કે કર્મમાં પ્રગટતી આત્મપ્રભાના જીવંત મૂક જીવનરૂપે - એમ ગમે તે રૂપે પ્રગટતી હોય. કવિ એ ઉચ્ચરિત, અનુચ્ચરિત કે શબ્દસ્થ વાણીમાંથી આત્મતેજના ઝળકારનો સ્પર્શ પામી જાય છે. કવિના રહસ્યમય અનુભવોમાં પણ કોઇ અગમ્યવાણી તેમને અધ્યાત્મવિકાસપંથે પ્રેરતી રહી છે જે તેમના જીવનમાં થયેલા આધ્યાત્મિક વિસ્ફોટ: શકિતપાતનો અનુભવ, પૂર્વ જન્મોનું જ્ઞાન અને અન્ય રહસ્યમય અનુભવોનાં આધારે જાણી શકાય છે.

કવિ મકરંદ દવેની કવિતાના દર્શનીય પરિમાણમાં સમગ્ર ભારતીય ધર્મ-દર્શનપરંપરાનું સમન્વયી રૂપ જડે છે. એમ છતાં ય આતમની વાણીને ઉજાગર કરતી ભજનવાણીનો સ્પર્શ તેમની કવિતામાં તારસ્વરે ઝિલાયો છે. ગુજરાતી કવિતામાં ભજન-પરંપરાનાં કવિ તરીકે તેમનું સ્થાન આગલી હરોળમાં મૂકી શકાય છે આ ભજનવાણીના ત્રણ મુખ્ય ઘાટ છે . ૧. મહામાર્ગ ૨. નાથયોગ ૩. સંતપરંપરા[૮] કવિ મકરંદ દવેની કવિતા આ ત્રણેય ઘાટે વહેતી, આનંદમસ્તીની છોળ ઉડાડતી, અમૃતરસથી આત્માને ભીંજવતી અને પરમતૃપ્તિના અપૂર્વ આનંદની લ્હાણ કરતી જાય છે.

હિન્દુધર્મની નાની આવૃત્તિ જેવા મહાધર્મના મૂળ ઘણાં ઊંડા છે. નિરંજન જ્યોતિ સ્વરૂપ, આદ્ય શિવશકિત અને રામદેવ પીરની અવતારપૂજા સુધી તેનો વ્યાપ જોઇ શકાય છે. મહામાર્ગમાં જુદી જુદી કોમના અને જુદા જુદા ઇષ્ટદેવોને માનતા લોકો બીજમાર્ગી છે. અતીત ( ગોંસાઇ) , નિમ્બાર્ક મતના વૈષ્ણવસાધુઓ (માર્ગીસાધુઓ), હરિજનોના સાધુઓ તથા નાથ સંપ્રદાયના સાધુઓ પાઠપૂજામાં માનનારા બીજમાર્ગી સાધુઓ છે.[૯] જેમ વૈદિક ઉપનયન સંસ્કાર દ્વિજત્વની દીક્ષા છે તેમ આ માર્ગમાં માનવદેહમાં આતમબીજની વાવણી સમાન ગુરુએ આપેલો મંત્ર નાદબિંદુની યોગકલાને અનુસરે છે. મહાધર્મમાં આંતરિક પ્રાણાગ્નિને જાગૃત કરી વાસનાઓને અને અહંને મારી નવજન્મ પામવાનું મહત્ત્વ હોઇ આ બીજધર્મ કહેવાય છે.[૧૦] આ વિશાળ મહામાર્ગના ત્રણ મહત્ત્વનાં અંગો છે.[૧૧] ગુરુમંત્રથી જ સાધનાનો આરંભ થતો હોઇ ગુરુકૃપા અને ગુરુચરણભાવ એનું પ્રથમ મહત્ત્વનું અંગ છે. નાદબિંદુની યોગકળા પર આધારિત હોઇ આ માર્ગમાં અજપાજપ એ એનું બીજું મહત્ત્વનું અંગ છે. વળી આ માર્ગનું બધું જ જ્ઞાન દર્શન ભજનોમાં પ્રગટતું હોઇ ભજનરૂપી ગંગા એ એનું ત્રીજું મહત્ત્વનું અંગ છે. મહાધર્મના જ્ઞાન વૈરાગ્યનાં ભજનો, પ્રભાતિયાં, ગરબીઓ પણ લોકસંતોએ આપી છે. લખીરામનો પિયાલો, જીવણની કટારી , ભોજાના ચાબખા અને મૂળદાસની ચૂંદડી પ્રખ્યાત છે. મહાધર્મની સાધના એ સજીવે અજરપિયાલો જીરવવાની સાધના છે. આત્મા લિંગભેદથી પર છે.આથી દ્વંદ્વ કે ભેદવૃત્તિથી ઉપર ઊઠયા વિના આત્મસ્થ થવાતું નથી. સંસારમાં રહીને સમત્વની ભાવનાને સિધ્ધ કરવાની છે. વિષયવાસનાથી ભાગીને નહિ પરંતુ તેની વચ્ચે રહીને ઉપર ઊઠવાની કળા એ શીખવે છે. આપપણું ટળે અને ભીતર જાગે તો સર્વ

---

૮. સત કેરી વાણી , સંપા. મકરંદ દવે, ૧૯૯૧. પૃષ્ઠ- ૫.
૯. એજન.
૧૦. એજન. પૃષ્ઠ- ૭
૧૧. એજન. પૃષ્ઠ- ૬

પ્રત્યે આત્મીયતા આપોઆપ જાગે એવો મર્મ મહાધર્મ દર્શાવે છે. મહાધર્મના આવા મર્મને ઝીલતી મર્માળી વાણી મકરંદ દવેની કવિતામાં જોઈ શકાય છે.

આ માર્ગી સાધના બંગાળી બાઉલ સાધનાને બહુ મળતી આવે છે. માર્ગી સાહિત્ય જેમ ભજનોમાં દર્શાવાયેલું છે તેમ બાઉલ પણ એમના ગાન દ્વારા જ એમનું જ્ઞાન-દર્શન પ્રગટ કરે છે. સંપ્રદાયમુકતતા અને પ્રેમમાં અગાધ આસ્થા એ બાઉલના પ્રધાન લક્ષણો છે. તે માને છે કે પ્રેમમાં એવી શકિત છે કે તે વ્યકિતગત પ્રકૃતિ અને વિશ્વ મનુષ્યનું સંધાન કરાવી શકે છે. તેમનું દર્શન જીવાત્માના સુંદર સ્વરૂપ એટલે કે આંતર તત્ત્વ અને આદિમ પ્રકૃતિની પ્રાણશકિત વચ્ચેનો સનાતન સંઘર્ષ સમજાવે છે અને સમાવે છે. જીવાત્મા એ વ્યકિતગત અને વિશ્વમયનું મિલન બિંદુ છે. સાંત અને અનંતનું સંગમ સ્થાન છે. બાઉલ જે જીવનને કિનારે પહોંચવા માગે છે તે ભૌતિક જીવન કરતાં જુદું જ છે. બાઉલ માને છે કે પ્રેમની આંખે જ જ્ઞાનનું ખરું સ્વરૂપ નજરે થઈ છે એથી તો સર્વ-દેશીયને વ્યકિતગતમાં શોધે છે. મનુષ્યનું એક સામાન્ય સ્વરૂપ . અસલી સ્વરૂપ જે દરેકના દિલમાં વસે છે એ સર્વદેશીય તત્ત્વમાં જ વ્યકિત અને સમષ્ટિને ઉધ્ધારતો અને સંવાદ સાધતો આંતરિક મુકિત માટેનો ચાવો છે. આ માટે પોતે જ પોતાનું એક વિશ્વ બની પોતાની અંદર અને પોતાનામાં સમાયેલી વિશ્વ પ્રકૃતિમાં સર્વસ્વની પ્રાપ્તિ કરી અને મનુષ્યતાને પણ વિશ્વ-પ્રકૃતિના એક સ્વાભાવિક સ્વરૂપ તરીકે જ જોવું જોઈએ. આ શાશ્વત પ્રકૃતિને એ સહજ કહે છે.[12] સર્વ ભૌતિકતાથી દૂર આ સહજના કિનારે જ કવિ મકરંદની કવિતા પણ પ્રેમની પુનિત ગંગાની છોળ ઉડાડે છે. મકરંદ ઉપર આ બાઉલ સાધુઓ અને એમના ગીતોની મોટી અસર છે. તેમની કવિતા પણ મોકળા મને પ્રેમના માર્ગે ચાલવાનો સંદેશ લઈને આવે છે. કવિનો 'તરણાં' કાવ્યસંગ્રહ તો આવા સર્વદેશીય વ્યકિતત્વને શોધતા સહજ માનવ-પ્રેમને પ્રગટાવતી કવિતાઓનો જ સંગ્રહ છે. સહજ પ્રેમના સૌંદર્યનું ગાણું જ કવિને જીવનમાં અને મૃત્યુ ટાણે પણ હોઠે રાખવું છે. બાઉલ સંતોની ફકીરી અને પ્રેમની આસ્થાનો દસ્તાવેજ તેમની કવિતાઓમાં આલેખાયો છે.

મહામાર્ગે જ્ઞાન, ભકિત અને યોગ એ ત્રણેય અધ્યાત્મસાધનાના માર્ગો સ્વીકાર્યા છે, એટલે તો આ 'નિજિયા ધરમ' જોગી- જતિ - સાંઈ બધાને નિજનાં ગણ્યાં છે. નવનાથ અને ચોર્યાસી સિધ્ધો એમાં આવી જાય છે. ગુરુભકિતની જયોત મધ્યમાં રાખીને માર્ગીસંતોએ જ્ઞાન અને યોગને અપનાવી લીધાં તો યોગક્રિયાને કેન્દ્રમાં રાખીને જ્ઞાનભકિતની જયોત જલાવી નાથપંથે. મહામાર્ગની જેમ નાથપંથના આદિ પ્રવર્તક પણ ભકિત અને યોગના પ્રણેતા શિવ છે. આ આદિનાથથી આરંભાયેલી યોગીપરંપરામાં આપણે ત્યાં મછંદરનાથ, ગોરખનાથ, ભૈરવનાથ વગેરે જોગન્દરોનાં પડછંદા પાડતાં ગિરનારી ભજનો ગવાય છે.[13] બૌધ્ધોના શૂન્યને પડકારી શંકરાચાર્યે બ્રહ્મની સ્થાપના કરી પરંતુ શંકરાચાર્યનું જ્ઞાન જીવનના તેજ વિના શુષ્ક બની ગયું ત્યારે ગોરખનાથે યોગ-ક્રિયાથી જીવંત કરી, બૌધ્ધોના શૂન્યમંડલમાં પણ પરમાત્મ સ્વરૂપની સ્થાપના કરી ચેતનવંતુ બનાવ્યું. જીવનમાં આનંદથી ખેલતા રમતા જોગીની વાણીનો આલેખ જગાવવાનાં અને શબદને સાધવાના તથા શબદને ખાંડાના ખેલમાં ઉતારવાના આ માર્ગનો પ્રભાવ કવિ મકરંદ દવેની કવિતામાં ઝિલાય છે. જ્ઞાનને યોગ સાથે સાંકળવા

---

૧૨. અંજન. પૃષ્ઠ- ૧૪ - ૧૫
૧૩. અંજન. પૃષ્ઠ- ૩૧

પૂરતો. દેહ અને ચિત્તશુદ્ધિ માટે એના સોપાનોને અનુસરવા પૂરતો કવિનો સંબંધ નાથસંપ્રદાય સાથે છે. જીવનનાં મેદાનમાં ખેલતા, રમતા જોગીનો વાણીનો સ્પર્શ, કવિનો જિંદાદિલ મિજાજ અને મકરંદી મસ્તી ઘણાં કાવ્યોમાં જોઇ શકાય છે.

કવિ મકરંદ દવેની કવિતા ભારતની ભૂમિ પર ફરી ફરીને ખંડથી અખંડમાં, હદથી બેહદમાં, લક્ષથી અલક્ષમાં, કાલથી અકાલમાં કે મૃત્યુથી અમૃતમાં જવાની કલા શીખવતી સંતોની વાણીનો વારસો પણ જાળવે છે. આતમનો સૂક્ષ્મ બોધ બતાવતા અભણ પણ મરમી સંતોની વાણીનું તો મકરંદને ભારે આકર્ષણ છે. નાથયોગની જ્ઞાનક્રિયામાં માનવહૃદયની ભાવુકતા કચડાઇ ગઇ હતી ત્યારે શુષ્ક જ્ઞાન અને જોગજુગતિની મરુભૂમિમાં રામાનુજાચાર્યે ભક્તિનો મીઠો વીરડો ગાળો. મધ્યયુગના ભક્તિજુવાળના ઊત્તુંગ મોજા ઉપર રામાનંદ સ્વામી હતા અને તેમના શિષ્ય પૈકી કબીર અને રૈદાસ મકરંદને પ્રિય છે. મકરંદનું વ્યક્તિત્વ કબીરનું છે. કબીરની જેમ એમનામાં જોગીની અક્કડતા અને પ્રેમીનું હૃદય બંનેને સાંકળતું રસાયણ સાંપડે છે. આમ ગોરખ-ભરથરી-ગોપીચંદના યોગાગ્નિ સાથે કેટલીય ગિરનારી ધૂણીઓ ચેતી તો કબીર-દાદુ-રજ્જબની નિરંજન નિરાકારની ભક્તિનો પ્રાણ ભાણ-રવિ-હોથીરૂપે પણ પ્રકાશી ગયો.[૧૪] આ સંત પરંપરાના ભારતીય અધ્યાત્મપ્રવાહને આત્મસાત કરી સહજ સ્ફુરતી વાણીનું ઊરગાન વહાવે છે મકરંદ એમની કવિતામાં.

આમ મહામાર્ગનો મર્મ, બાઉલમસ્તીની ગુંજ, નાથપંથની યૌગિકક્રિયા, સંતવાણીનો નિર્મળ ભક્તિની સરવાણી કવિના હૃદયનો સ્પંદ બની સ્ફુરી ઊઠેલી જોઇ શકાય છે મકરંદની કવિતામાં. અનેક ભાવોને પોતાનામાં સમાવી લેતું એક સર્વાંગી અને સમન્વયકારી ભાવસ્વરૂપને પ્રગટાવતું ''સરભંગી' વ્યક્તિત્વ મકરંદ દવેની કવિતામાંથી ઊપસે છે.

## રસકીય પરિમાણ

'સોરઠી સંતવાણી'ની પ્રસ્તાવનામાં ઝવેરચંદ મેઘાણી લખે છે: 'કોઇ કોઇ સ્થળે આ વાણી દાર્શનિકતાના ઊત્તુંગ શિખરોને સાદામાં સાદા શબ્દે સર કરી જાય છે.' આ વિધાન મકરંદ દવેની કવિતા માટે સંપૂર્ણ સત્ય છે. મકરંદ દવેની કવિતા એટલે સંવેદનાના સૂરની કવિતા, અધ્યાત્મના ગેરુઆ રંગની કવિતા, જિંદગીના જિંદાદિલ લયની કવિતા. અનાયાસે તૃણની જેમ ઊગતી વાણીમાં લહેરાતો સચ્ચાઇનો મર્મ જ તેઓને મોટું ગજું દાખવતા કવિની હરોળમાં મૂકી આપે છે અને છતાં ય મકરંદ દવેએ કવિ બનવા પ્રયત્ન તો ક્યારે ય કર્યો નથી. કવિતા ગમી એટલે માણી અને સ્ફુરી એટલે લખી એથી વિશેષ કવિકર્મ મકરંદ દવેની કવિતારચના માટે કહી શકાતું નથી. જો કે કવિ સંસ્કૃત છંદો બાળપણમાં જ શીખ્યા છે અને ભજનવાણીનો તેમનો અતલ રસ તેમને પણ કાવ્યક્ષેત્રે અર્પણ કરવા સંજોગો રચી આપે છે. એટલે મકરંદ દવેમાં કાવ્યસર્જનના આવશ્યક અંગો 'શક્તિ', 'અભ્યાસ' અને 'નિપુણતા' પૈકી પ્રથમ તત્ત્વ 'શક્તિ'તો નિહિત છે જ. વિશાળ વાંચન અને અનુભવોની વિદગ્ધતા પણ છે. પરંતુ 'શક્તિ'નો વિનિયોગ સાધવા માટે જરૂરી ' અભ્યાસ ' નથી. મકરંદ દવે જેટલી અધ્યાત્મસાધના કરે છે તેટલી કાવ્યસાધના કરતા નથી. આથી તેમની કવિતાઓ મકરંદી મસ્તીને ઝીલે ત્યાં નિખરી ઊઠે છે.

---

૧૪. અંજન, પૃષ્ઠ- ૫૩

અન્યથા સપાટ અને બોલકી બની રહે છે.

કાવ્યના સ્વરૂપ અંગે વિચાર કરતાં મકરંદ દવેમાં વૈવિધ્ય બહુ સધાયું નથી.મકરંદ છંદોબધ્ધ રચનાઓ પણ આપે છે. પરંતુ ભજન અને ગઝલ આ બે સ્વરૂપો મકરંદમાં આંખે ઊડીને જડી આવે છે. ગુજરાતી સાહિત્યની ભજન પરંપરાની કવિતાની વાત કરવી હોય તો બેશક મકરંદ દવેનું નામ યાદીમાં અગ્રેસર રાખવું પડે. ગાંધીયુગીય પરંપરાપ્રભાવમાં તેમણે સોનેટરચનાઓ પણ આપી છે પરંતુ છાંદસ કવિતામાં સોનેટ-રચનાની ધીરતા તેમની કલમમાં નથી. અંગ્રેજ કવિ વર્ડ્ઝવર્થની કાવ્યવિભાવનાનુસાર હૃદયના સ્વયં સ્ફુરિત આવેગને તેમની કવિતા ઝીલે છે અને છતાંય સોનેટ રચના પણ તેમણે કરી છે એ વિલક્ષણતા ગણાવી શકાય. મકરંદ દવે ધીરતા અને શિષ્ટતાના કવિ છે જ નહીં. તેમનો સાચુકલો નિખાર તેમના ભજનગીતોમાં જ છે. સોરઠી બોલીના તળપદાં રૂપકોમાં કવિ અધ્યાત્મની જે ઊંચાઇ સર કરે છે તેમાં તેમની સાધનાસિધ્ધિ અને તત્ત્વજ્ઞાનનું રસાયન ઊતરે છે. અનહદની મસ્તીની છોળ ઉડાડતી તેમની કવિતામાં ભજનરસનું સંગીત આસ્વાદ્ય અને લોકભોગ્ય છે. ભજનની જૂની અધ્યાત્મરંગી પરંપરાને સાચવવામાં આ સહેલાણી કવિની ખૂબી સવિશેષ છે. 'કાળની કાંટા ડાળીએ લાગ્યાં ક્ષણનાં ચણી-બોર' અને 'ગમતાનો કરીએ ગુલાબ' જેવા સહજ ઉદ્ગારોમાં જ મકરંદી મુદ્રા ઝળકી ઊઠે છે. જોકે આવા આયાસયુક્ત ઉદ્ગારો પણ મળે છે જયાં કવિતાને સહન કરવું પડે છે.

કવિની સોનેટ રચનાઓમાં બ.ક.ઠાકોરની અસર ગણાવી શકાય, તો બીજી છાંદસ રચનાઓ પરંપરાગત ગુજરાતી કવિતાની અસર ઝીલે છે. વેદ,ઉપનિષદ્, રામાયણ, મહાભારત ઉપરાંત બંગાળી સાહિત્યમાં ટાગોર, વિદ્યાપતિ ચંડીદાસ ઈત્યાદિનું પરિશીલન તેમની કવિતાની પશ્ચાદ્ ભૂમિકામાં છે. બાઉલ ગીતોની ફકીરી અને અલગારી મિજાજ કવિ પ્રગટાવે છે. મકરંદ દવેએ ટાગોરના સર્જનાત્મક અનુવાદો આપ્યા છે. આથી ટાગોરની ભાવનાઓ મકરંદની કવિતામાં ઝિલાતી જણાય એ સ્વાભાવિક છે. ટાગોરની કવિતાની જેમ મકરંદની કવિતામાં પણ પ્રાણશુધ્ધિ - ચિત્તશુધ્ધિ માટે ઉત્કટતા પ્રયોજાતી ઘણીવાર જોઇ શકાય છે. પ્રાચીન ભજન પરંપરા અને સંતવાણીનો સવિશેષ પ્રભાવ તો મકરંદની કવિતામાં જણાય જ છે સાથે સાથે કવિના મિત્રો ઘાયલ, સરોદ અને મનુભાઈની સંગે ઉર્દૂ ગઝલમાં કવિની ઘુંટાયેલી સંવેદના પણ કવિતામાં છલકાય છે. કવિ 'હવાબારી' નામે આખો ગઝલસંગ્રહ આપે છે - તો અન્ય કાવ્યસંગ્રહોમાં પણ ગઝલ-સ્વરૂપ ખેડાયેલું જોઇ શકાય છે.

મકરંદનો શબ્દ આતમના ઊંડાણમાંથી નીકળેલાં તેજના તીર જેવો છે; તે છૂટે છે એટલી ત્વરાથી અને સોંસરવો ઊતરી જાય છે. સોરઠની લોકબોલીના શબ્દો અને ઉર્દૂ ગઝલના રંગે રંગાયેલા શબ્દો ય મકરંદમાં મળે છે. સોરઠી ભાષા પ્રયોગમાં મેઘાણી સાથે મકરંદની કવિતાનું અનુસંધાન છે. એમની ભાષામાં સરળતા અને સ્પષ્ટતા છે. સાથે સાથે અમૂર્તને મૂર્ત રૂપ આપવાની કલા પણ મકરંદ પાસે છે. 'પંખીના ટહુકાનાં તોરણ' જેવા કલ્પનોમાં મકરંદનું વ્યક્તિત્વ નિખરી ઊઠે છે. પશુપંખીના પ્રતિરૂપ કે કલ્પનો અનેક સ્થળે યોજાયેલા મળે છે. વેદોપનિષદ્, ટાગોર, અરવિંદ, કબીર, તુલસી જેવા સંતો, ભક્તોનું સાહિત્ય અને યોગસાધનાને આત્મસાત કરેલી ભાવાનુભૂતિઓને લીધે જ શબ્દના ઊંડાણ અને મૌનનો મર્મ દર્શાવતી કવિતા તેઓ આપી શકે છે. ગેરૂવા રંગના કલ્પનો અને જૂની પરંપરાનાં પ્રતીકો હોવા છતાં મકરંદની કવિતામાં સુગેયતા, ભાવલાલિત્ય, ધ્વનિમાધુર્ય અને શબ્દતેજ જેવા ગુણો કલાસિધ્ધિનું સ્થાપન કરવામાં

ઉપકારક છે. વૈવિધ્ય બહુ સધાયું નથી છતાં ય ઢાળ, લય અને રૂપકોનો ચમત્કારિક વિનિયોગ સાધી જીવનના અર્થને પ્રગટાવતી કવિતા મકરંદ દવેએ આપી છે.

સહજ ફોરતી વાણીને એ કાવ્યમાં ઊતારે છે. કવિતાને મઠારવાની માથાકૂટમાં તેઓ પડતા નથી. આથી તેમનાં ઘણાં કાવ્યો સર્વાંગ સુંદર બની શક્યાં નથી. સ્વરૂપ અને શૈલીનું વૈવિધ્ય બહુ નથી. ક્યારેક કવિતા ખૂબ જ મુખર બની જાય છે. એમની કવિતા પણ તેમના વ્યક્તિત્વનાં બેફિકરાઈના ગુણોને જ પ્રગટ કરે છે. તેમનું અલગારીપણું કાવ્યસર્જનની પ્રેરણાની અવસ્થાને સુવ્યવસ્થા સુધી પહોંચવા દેતું નથી. ઘણીવાર કવિતા શબ્દના સોધા ખુલાસા જેવી, તો વિશેષણો અને સંવેદનાના શબ્દોની પ્રાસ-યોજનાથી આગળ વધતી નથી. દા.ત.'ગોરજ'ની 'જાગૃત થા!' કાવ્યમાં શબ્દશક્તિના માધ્યમે પ્રાર્થનાની ભાવાનુભૂતિને આર્જવતાથી, તીવ્રતાથી ઝીલી શકાઈ નથી. પ્રાસને દોરવાને બદલે પ્રાસથી દોરવાઈ જવાય છે એ મર્યાદા ગણી શકાય. કવિતામાં મુખરતા સહજ હોવા છતાં એ કાવ્યસૌંદર્યને ઉપકારક નથી. મકરંદ દવેને ભાવપ્રગટ કરવામાં જેટલો રસ છે તેટલો ભાવાભિવ્યંજના જન્માવવામાં, રસઘન શબ્દવિન્યાસ સર્જવામાં કે રસભાવને સૂચકતા કે આયોજનપૂર્વક પ્રગટ કરવામાં રસ નથી. આથી જ તેમની દીર્ઘકૃતિઓ પણ કલાકારના કસબનો નમૂનો બની શકતી નથી. એટલે જ એ પંક્તિઓમાં વિસ્તરે છે એટલી ભાવાભિવ્યક્તિમાં વિસ્તરતી નથી. મકરંદની કવિતામાં ભાવસંવેદનની સચ્ચાઈને સર કરતા કાવ્યનાં સ્ફુલિંગો મળે છે પરંતુ સર્વાંગસુંદર કાવ્યકૃતિઓ ઓછી મળે છે. બીજું મકરંદ દવેની કવિતામાં ચિત્રાત્મકતાનો સદંતર અભાવ છે એમ કહી શકાય. બે ચાર કાવ્યો સિવાય ચિત્રાત્મક વર્ણનની છટા ક્યાંય જોવા મળતી નથી. તેમની કવિતાનું બળ ભાવસંવેદનના નિરૂપણમાં પ્રગટે છે, એના વર્ણનમાં નહીં. જો કે એમ પણ કહી શકાય કે સાધનાને જ જીવનનું પરમકાર્ય સ્વીકારી લેનાર કવિનો નાતો સાકાર કરતા નિરાકાર સાથે વધુ છે. અમૂર્ત ભાવોને વ્યક્ત કરવામાં એમને જેટલો રસ છે એટલો સૃષ્ટિના ઈન્દ્રિયગ્રાહ્ય અનુભવોને વર્ણવવામાં નથી. મકરંદ શબ્દના સાધક છે. એટલા શબ્દના સાધક નથી. પરમતત્ત્વની ખોજમાં જે શબ્દ મળ્યો છે તે પરમતત્ત્વની અભિવ્યક્તિમાં ઊણો ઊતરે છે. જુદે જુદે રૂપે પુનરુક્તિ પણ ભાવકને કઠે છે. મકરંદ ઊર્મિકવિની છાપ ઉપસાવે છે પરંતુ સ્થાપત્ય સૂઝનો અભાવ પણ જણાઈ આવે છે.

આમ છતાં સાહજિકતાની સાથે સચ્ચાઈ, સરળતા, સ્વચ્છતા, પારદર્શકતા જેવા ગુણો પણ કાવ્યકલાના પક્ષમાં જોઈ શકાય છે. મકરંદ આત્મલક્ષી કવિતા આપે છે. પ્રસંગ, કથા કે પાત્રને આધારે રચાયેલી કવિતામાં પણ સૌથી ઉપર ઊઠતો તો કવિની નિજસંવેદનાનો જ સૂર હોય છે. મકરંદનો જીવ પરિવ્રાજકનો છે. આથી વ્યવહાર જગતની આંટીઘૂંટીઓ તેમને ફાવતી નથી. કવિતામાં વેપારની પરિભાષામાં જીવનના વેપારી અભિગમ પ્રત્યેનો અણગમો જ તે વ્યક્ત કરે છે. મકરંદની કવિતા એટલે સહજનું ગાન, આનંદ માંગલ્યનું ગાન. જીવનના સૌંદર્યનું ગાન છે, જિંદગીની જિંદાદિલી અને કષ્ટ-સંઘર્ષમાંથી ઘડાતા તેજોમય રૂપનું ગાન છે. તેમની બેફિકરાઈ પણ સમજપૂર્વક સ્વીકારેલી છે. હૃદયની સચ્ચાઈ અને ઊર્મિનો આવેગ જ તેમના સહજ ફોરતા શબ્દને કાવ્યત્વ બક્ષે છે. લયભર્યા ઉદ્ગારની રણકતી છટા, મકરંદનું આગવું કાવ્યસૌંદર્ય બનીને આવે છે. આમ ફૂલની જેમ ફોરમતી વાણી, માટીની સોડમ ભરી આવતો શબ્દ, સ્વયં સ્ફુરિત છંદ કે લય અને મર્માળી વાણીથી ભાવાભિવ્યક્તિને સ્પર્શી જાય છે એનો અલગારી મિજાજ. એ તો કહે છે --

'લે'ર આવે તો ઝીલું,
નકર વઈ જાવા દઉં વાણ.
શાહો ડબોળ્યે શું વળ્યું ?
મારો સાચો સારંગપાણ.'

(સંજ્ઞા, પૃષ્ઠ- ૧૦૮)

ભકિતસાધના એ જ એમના જીવનમાં પ્રધાન કાર્ય છે. કાવ્યરચનાનું કામ દ્વિતીય છે. એમની કવિતા જ્ઞાન, યોગ અને ભકિતના માર્ગે વિહરે છે. એમના જીવનની રહસ્યમય ઘટનાઓને પણ આલેખે છે. યોગક્રિયાના સંવેદનો ઝીલે છે. મેઘદર્શનમાં સાંઇ કે શ્યામનાં દર્શન પણ કરે છે પણ કવિ ગાતા નથી એમનાથી ગવાઇ જાય છે અને એટલે એમની કવિતા શબ્દોથી છલકાય છે. એ શબ્દોમાં સંગીત એના શ્વાસરૂપે છે. સાદી સીધી સોંસરવી વાત કરે છે પણ એ વાત સંવેદનાથી સભર છે. નાનકડાં ગીતમાં ય ભાવનું ઊંડાણ અને વ્યાપ એને સિધ્ધિની ચરમસીમાએ પહોંચાડે છે. આમ મકરંદ દવેનું ગુજરાતી અધ્યાત્મકવિતામાં અર્પણ થોડું પણ મહાપ્રસાદ જેવું મિષ્ટ અને શ્રેયસ્કર ફળ આપતું છે. મકરંદની વાણી એ સંતોની વાણી જેવી ભાષા, ભાવ અને અભિવ્યકિતમાં પરંપરિત છતાં ય નિરાળું વ્યકિતત્વ અને અનુભૂતિની સચ્ચાઇનો રણકાર જન્માવે છે. પ્રચલિત પદ- ઢાળ, રૂઢિપ્રયોગો, રૂપકો, અલંકારો અને રોજિંદા જીવનના પ્રસંગોમાંથી ભાષાને વળગ્યા વિના જીવનને જીતવાનો મર્મ પ્રગટાવી જાય છે. કળા, કારીગરી, કુશળતા કે ચમક- દમક વિના અનુભવની આતમવાણીનો તાતો તિખારો ઊઠે છે મકરંદની કવિતામાંથી. જીવનના બીજમંત્ર સમી વાણીનું ઐશ્વર્ય છલકે છે. એ સહજ સૌંદર્યથી પાંગરે છે અને પ્રેમોલ્લાસથી વિસ્તરે છે.

## આધ્યાત્મિક અનુભૂતિ

સાધક કવિ મકરંદ તો પ્રથમથી જ સાધનાને પંથે પળેલા છે. તેમના કાવ્યનો ઉઘાડ અગોચર ખૂણામાં પડેલાં 'તરણાં'ના સ્તુતિગાનથી આરંભાય છે. અદીઠ ખૂણામાં પડેલા, ઉપેક્ષિત અને તુચ્છ અણુ જેટલા લઘુકાય તરણામાં ચેતનાનો સાગર ઉછળતો કવિ જુએ છે. 'તરણાં' કવિ માટે ધરતીપ્રેમ, માનવપ્રેમ કે વ્યાપક પ્રેમનું પ્રતીક બની આવે છે. પ્રેમના પ્રાગટ્યમાં જ આત્મકલ્યાણ અને વિશ્વકલ્યાણનો માર્ગ કવિ જુએ છે. 'મોરલીવાળો', 'શ્યામની છબી' ઇત્યાદિમાં કવિ કૃષ્ણપ્રેમનો નિર્દેશ, તો 'જય હો'- માં કવિ માની સ્તુતિ કરે છે. એ સિવાય કવિના કાવ્યો માત્ર પ્રેમની ભાષા જ બોલે છે. 'મિલનમેળા', 'નવા ઘાટ' ઇત્યાદિમાં જન્મમરણનું તત્ત્વજ્ઞાન પ્રગટે છે. 'મેઘદર્શન'માં નૂતન મેઘને જોઇને કવિને સાંઇનું સ્મરણ થાય છે. 'નયણાંનાં નૂર', 'ભીતરના તેજ', 'સાચાં સિંગાસન', 'ગેબી ગુંજતો'માં રહસ્યમાર્ગે કવિ ચાલે છે. 'ભીતરની ગોઠડી'માં કવિ એમના આધ્યાત્મિક વિસ્ફોટની ક્ષણોનું નિરુપણ કરે છે. 'વંદના'માં બ્રહ્માંડમાં વ્યાપેલા ભવ્ય, દિવ્ય, જ્યોતિમય પ્રેમ-આનંદરૂપને કવિ વંદન કરે છે. આમ પ્રેમ, તેજ અને આનંદમાં કવિ પ્રભુનો પર્યાય શોધે છે. 'જયભેરી'માં મહાકાળીને તાંડવનૃત્ય કરવા પ્રાર્થના કરતા કવિ ભીષણમાં સૌંદર્યને નિહાળે છે. 'ગોરજ'માં મહાકુંડલિની પરાશકિતની આરાધના કરે છે અને આતમધેનુંને ગોરજ ટાણે અસીમના આરે તેજનો ચારો ચરવા પહોંચવાની શ્રધ્ધા ધરાવે છે. 'સૂરજમુખી'માં તાપથી બળીઝળી સુવર્ણકાંતિએ હૃદયપુષ્પ ખીલવવાનો સંદેશ કવિ પાઠવે છે . તો 'સંજ્ઞા'માં કવિ ભકિતયોગના માધ્યમે તત્ત્વજ્ઞાન પ્રગટ કરે છે.

છે. તેમાં જે પ્રિય છે તેને કવિ 'મિતાઈ' કહે છે. પણ કોઈ ઈષ્ટદેવનું પ્રગટરૂપ કવિતામાં ક્યાંય જડતું નથી. 'સંગતિ'માં કવિ યોગસાધના અને ભક્તિસાધનાથી પરમપ્રાપ્તિના સોપાનોનું વર્ણન કરે છે. 'સંગતિ' પછીના કાવ્યો 'અમલપિયાલી'માં સંગૃહિત છે તેમાં પણ યોગસાધનાના માર્ગનું જ નિરુપણ છે.'હવાબારી'ની ગઝલોમાં પણ કવિની રસાયનરૂપ બ્રહ્મની પ્રાપ્તિનો આલેખ મળે છે. કવિએ કંઈક મેળવ્યું છે તેની પ્રતીતિ થાય છે પણ તેનું સ્વરૂપ પ્રગટ થતું નથી. આમ કવિની શ્રધ્ધા કોઈ સાકારરૂપમાં નથી. પરંતુ નિરંજન. નિરાકાર બ્રહ્મરૂપમાં જ છે. 'સોહમ'ના મંત્રની સિધ્ધિ પૃથ્વીથી આકાશ સુધીની સાધનાનાં પાંચે માર્ગોએ સિધ્ધિના પગથિયાં કવિ જાણે છે અને કદાચ એના ચરમશિખરે પહોંચ્યા પણ છે. કવિને કોઈ સંપ્રદાયની કંઠી પહેરવામાં રસ નથી. તેઓ તો જન્મ-મરણના ફેરામાંથી છૂટવાનો માર્ગ શોધે છે. આમ મકરંદ દવેની શ્રધ્ધાભૂમિ પણ સાકારરૂપ નથી. નિરાકાર અનુભૂતિ માત્ર છે.

મકરંદ દવેની કવિતામાં અધ્યાત્મઅનુભૂતિ સાધનાના માર્ગે વિશેષતઃ થતી જોવા મળે છે. કવિ પ્રેમની વાણી બોલતા અગમની ઊંડી ગૂંજ ગજવે છે. આ સાધકકવિની પ્રીતિ જાગે છે અનહદની સાથે. તેઓ બેહદની બારાખડી વારે વારે ઘૂંટે છે, તેમના હૈયામાં અબોલ બોલો ઊઘડે છે. કવિના શબ્દો અગાધ શૂન્યમાં વેરાય છે અને એ શૂન્યને શબ્દ જ કવિ મ્હોરી ઊઠે છે. સતના સોગઠાથી જીવનની ચોપાટ ખેલતા કવિએ જીવણને ચોરી લીધા છે. અર્થાત્ જીતી લીધા છે કે ચિત્તમાં ધરી લીધા છે. આમ અનહદ, આનંદી, અવિનાશી તત્ત્વ સાથે જ એમનો સતત અને અતૂટ સંબંધ કવિતાના માધ્યમે પ્રગટ થાય છે. પોતાના જીવમાં જ જીવણને પામતા કવિની અધ્યાત્માનુભૂતિ આપણા સંત. ભક્ત કે યોગીની અનુભૂતિથી જુદી નથી.